આનન્દઘન ચોવીશી

સંપાદક:- પ્રભુદાસ બેચરદાસ પારેખ

શ્રી આનન્દ-ઘનજી મહારાજ વિરચિત-

શ્રી-આનન્દ-ઘન-ચોવીશી.

અવતરણો: શીર્ષક: શબ્દાર્થ: ગાથાર્થ: ભાવાર્થ:
ટીપ્પણુ: સંક્ષિપ્ત સૂચન: ક્વચિત્ પ્રમાણો:
વિગેરેથી સુગમ: અને સંક્ષિપ્ત:—

પ્રભુદાસ બેચરદાસ પારેખની પ્રમોદા
નામની વિવેચના યુક્ત]

માંગરોળ નિવાસી:—શેઠ કેશવજીભાઇ નેમચંદભાઇ
તરફથી તેમના સ્વર્ગસ્થ સુપુત્ર નરોત્તમદાસ
ભાઇના શ્રેયોઽર્થે વાત્સલ્ય પૂર્વક
શ્રી ચતુર્વિધ જૈન સંઘને ભેટ.

મૂલ્ય: પારમાર્થિક જ્ઞાન પ્રાપ્ત કરવામાં તત્પરતા:

પ્રકાશકઃ-
પ્રભુદાસ બેચરદાસ પારેખ
રાજકોટ.

પ્રથમ આવૃત્તિ　　　　　　　　　　　　　　　　પ્રત ૧૦૦૦

વીર સંવત્ ૨૪૭૬ : વિક્રમ સંવત્ ૨૦૦૬ : સન ૧૯૫૦

મુદ્રક :
ગોવિન્દલાલ મોહનલાલ જાની :
શ્રી દીક્ષા પ્રિન્ટરી : રતનપોળ : અમદાવાદ :

ધર્મનિષ્ઠ શેઠશ્રી કેશવજીભાઈ નેમચંદના
સ્વર્ગસ્થ સુપુત્ર

ભાઈશ્રી નરોત્તમદાસ

જન્મઃ વિ. સં. ૧૯૭૮ ચૈત્ર સુદી ૫ રવીવાર
સ્વર્ગવાસઃ વિ. સં. ૨૦૦૩ પ્રથમ શ્રાવણ વદી ૧૨ મંગળવાર

પ્રાસઙ્ગિક :

પૂજ્યપાદ શ્રી આનન્દઘનજી મહારાજની ચોવીશી ઉપર પંડિતજીએ શબ્દાર્થ: ભાવાર્થ: આદિ જે કાંઈ લખ્યું છે, તે વર્તમાન કાળે આરાધક આત્માઓ માટે નિઃશઙ્કપણે અતિશય ઉપયોગી છે. યોગીરાજના સ્તવનને નામે જુદા જુદા વિવેચનકારો જ્યારે પોતપોતાને ઇષ્ટ માન્યતાની સિદ્ધિમાં આ સ્તવનોનો કેટલો દુરુપયોગ કરતા જણાઈ આવે છે, એ સંજોગોમાં આ અર્થો એક શ્રદ્ધાળુ મહાશયના હાથે સ્તવનોના મૂળ આશયને સ્પર્શીને બહાર પડે છે, એ વિશેષ ઇચ્છવા યોગ્ય છે.

કેટલાક લેખકોનું મન્તવ્ય એવું છે, કે "શ્રી આનન્દઘનજી મહારાજ નિશ્ચય નયનેજ સાચો માને છે, અને વ્યવહાર નયને સર્વથા અસત્ અને ઔપચારિક માને છે." તે મન્તવ્ય મૂળ સ્તવનોની કડીઓ જોતાં જ ખોટી ઠરે છે. જેમકે:—

"સુ-વિધિ જિનેશ્વર પાય નમીને *શુભ-કરણી એમ કીજેજી."

---

* આજે કેટલાક અણસમજુ લોકો—શુભ:: અને શુદ્ધ: ની ભાંજગડમાં લોકોને ઉતારી, તેને સન્માર્ગેથી ચલિત કરે છે. તેઓ કહે છે, કે—'શુભથી તો માત્ર પુણ્યબંધજ થાય. અને શુદ્ધથી ધર્મ થાય. માટે શુભનું આચરણ જરૂરનું નથી. વિગેરે." શાસ્ત્રોમાં જુદી જુદી અપેક્ષાએ—નયવાદની અપેક્ષાએ ધર્મની જુદી જુદી અનેક વ્યાખ્યાઓ આવે છે. અને દરેક યથાસ્થાને સંગત પણ

આ આખું સ્તવનઃ કેવળ નિશ્ચય નયનેજ પારમાર્થિક માનનારાઓએ ખાસ ધ્યાનપૂર્વક વાંચવા જેવું છે, અને

હોય છે. અંતિમપુદ્દગલ પરાવર્તનમાં જીવ પ્રવેશ કરે ત્યારથી પણ તેને ધર્મી કહ્યો છે. પહેલું ગુણ સ્થાનક છતાં પહેલી દૃષ્ટિ યોગની દૃષ્ટિ કહી છે. માર્ગાનુસારીને પણ અપેક્ષાએ ધર્મી કહ્યો છે સમકીતીને પણ અપેક્ષાએ ધર્મી કહ્યો છે, એજ પ્રમાણે દેશ વિરતિધરને સર્વ વિરતિધરને, અ-પ્રમત્ત સર્વવિરતિધરને, શ્રેણિ આરુઢને, અમોહીને, ક્ષીણ મોહીને, કેવળીને, અયોગીને શૈલેશી કરણગતને અને છેવટે સિદ્ધ ભગવંતનેજ જે જે અપેક્ષાએ ધર્મી કહ્યા છે, તે તે અપેક્ષાએ તેની પૂર્વની અવસ્થાવાળા જીવો ધર્મી નથી, પણ અધર્મી છે. એમ અર્થાત્ કહેવામાં હરકત નથી.

એજ પ્રમાણે—શાસ્ત્રકાર ભગવંતો એકજ વિચાર જુદી જુદી અનેક શૈલિ અને અનેક પરિભાષાઓથી એની એ વસ્તુ સમજાવે છે. કેમકે—ભિન્ન ભિન્ન રુચિ અને લાયકાતવાળા શ્રોતાઓને ઉદ્દેશીને જુદી જુદી ઉપદેશ શૈલી અને પરિભાષા મારફત રજુઆત કરવામાં આવે છે, અને તેમ હોવું જોઇએ, એ સ્વાભાવિક છે. આનું નામ નયવાદ છે. તેને અનુસરીને—આત્માનો વિકાસક્રમ-૧૪ ગુણ સ્થાનકઃ ૭ લેશ્યાઃ અશુભભાવઃ શુભભાવઃ શુદ્ધભાવઃ વિગેરે અનેક શૈલિથી સમજાવેલ છે. તો અશુભઃ શુભઃ અને શુદ્ધઃ નો વિચાર જૈન શાસ્ત્રોમાં ચોક્કસ આવે છે.

પરંતુ, શાસ્ત્રકાર મહારાજાઓનો આશય સમજ્યા વિના હાલમાં આવો એક અપૂર્ણ સ્વરૂપમાં વિચાર પ્રવાહ કેટલાક જૈનોમાં ચાલુ થયો છે.

શાસ્ત્રકાર મહારાજાઓનો આશય એ છે, કે-અનાદિકાળથી ભવાંતરો પસાર કરતો કરતો જે જીવ અશુભ ભાવમાંથી નીકળીને શુભભાવમાં આવેલો છે. તેને શાસ્ત્રકાર મહારાજાઓ સમજાવે છે,

એનું ખુબ જ મનનઃ ચિંતનઃ અને નિદિધ્યાસનઃ કરવા જેવું છે. વ્યવહાર નયને પુષ્ટ કરે એવી ઘણી કડીઓ આ

કે–"બાપુ! તું અશુભમાંથી શુભમાં આવ્યો છે, તે સારી વાત છે. પરંતુ, "આત્મ વિકાસનો માર્ગ અહીં પૂરો થાય છે. અને તારે જે પ્રાપ્ત કરવાનું છે, તે તેટલાથી પ્રાપ્ત થઇ ચૂક્યું છે." એમ રખે માનતો. તેના કરતાં પણ એક આગળની ત્રીજી ભૂમિકા છે, અને તે શુદ્ધ ભાવની છે. એ ભુમિકા ઉપર ચઢ્યા પછી પણ તેની પરાકાષ્ઠાએ પહોંચીશ ત્યારેજ તારો મોક્ષ થશે." એમ કહીને શુદ્ધ ભાવની ભૂમિકાને પાત્ર જીવને તે ભૂમિકા ઉપર ચઢાવવા માટે તેનાથી ઉતરતી શુભ ભાવની ભૂમિકા કેટલી ઉતરતી છે? શુદ્ધ કરતાં કેટલી દૂષિત છે? તેનું ફળ પણ શુદ્ધ ભાવના ફળની અપેક્ષાએ કેટલું અલ્પ અને નજીવું છે? તે સમજાવે છે.

ત્યારે, અશુભમાં રાચીમાચી રહેલા જીવોને ઉદ્દેશીને જે નયની દેશના આપવામાં આવે છે, તેમાં પાપથી મળતા વિશાળ નરકના દુઃખોનું વર્ણન કરવું પડે છે, અને તે જીવને અશુભમાંથી શુભમાં લઇ જવા માટે પુણ્યથી મળતાં સ્વર્ગના સુખોનું વર્ણન વિગત વાર કરવું પડે છે. અને શુભમાંથી શુદ્ધમાં જવાની લાયકાતવાળાની આગળ પુણ્યના ફળોની નિર્ભત્સના અને વિશુદ્ધ આત્મિક સુખના પરમ આનંદની અદ્ભૂત વાતો વર્ણવે છે. આમ દેશના ભેદ છે. તેથી જે જાતની દેશના જે જાતના જીવો આગળ આપવી વ્યાજબી હોય, તેને બદલે એક રીતે સાચી હોય, છતાં તે દેશના જેને જે વખતે ન દેવા જેવી હોય, તેને તે વખતે દેવાથી એજ દેશના નયાભાસ બની જાય છે.

આજે જેઓના શુભનું ઠેકાણું નથી. માર્ગાનુસારિતાનું ઠેકાણું નથી. અને લગભગ જાણ્યે અજાણ્યે અશુભમાં સબડે છે. તેવા બહુલકર્મી જીવોની સામે શુદ્ધઃ ની દેશના આપીને તેમને શુદ્ધઃ તો સાંપડે તેવી હજુ પરિસ્થિતિ નથી., તે સ્થિતિમાં શુભથી પણ વંચિત

સ્તવનોમાં મળે છે, છતાં, એનો એકાંતે અપલાપ કરી, માત્ર નિશ્ચય નયને પુષ્ટ કરતી કડીઓ જ આગળ કરવી, એ જાણ્યે અજાણ્યે જૈન શાસનના મૂળ–માર્ગમાં ઘા કરવા બરાબર છે. અને શ્રી આનન્દઘનજી મહારાજશ્રીને અન્યાય

રાખવા, અને અશુભમાં સબડતા રહે, તેવી સ્થિતિમાં મૂકવા, એ કેટલું જોખમ કારક છે? તેનો કોઈ પણ વાચક સ્વયં વિચાર કરશે. વાસ્તવિક રીતે આવો ઉપદેશ એ નયાભાસ હોવાથી અનર્થકારક છે. અને તે એકાંત દેશના છે.

આધ્યાત્મિકવાદી ભારતમાં આજે ભૌતિકવાદનો પ્રચાર ખૂબ થઇ રહ્યો છે, બચપણથી શિક્ષણ પણ તેજ જાતનું અપાય છે, જાહેર જીવન અને વ્યવહારો પણ તે જાતના વિસ્તાર પામતા જાય છે. લોકોની રહેણી કરણી, જીવન પ્રણાલીકા, ઘરના રીત રીવાજ, ઘરની રીતભાત, ખાન પાનઃ રૂઢિ વિગેરે એ માર્ગે ધમધોકાર વળી રહ્યા છે.

પૂર્વના મહાન્ આચાર્ય મહારાજાઓ તથા બીજા મહાપુરુષોના અથાગ પરિશ્રમઃ તપશ્ચર્યાઃ ત્યાગઃ અને મહાન્ ચારિત્રના પ્રભાવે જે કેટલાક સુરીવાજો જૈન કુળોનાં ઘર કરીને બેઠા હતા. અને બીજી કોઈ સમજ ન હોય છતાં, એ રીવાજો પણ તેને ધર્મમાર્ગમાં સ્થિર રહેવામાં અને આગળ પ્રગતિ કરવામાં ઉપયોગી થતા હતા. તે આજે નાબુદ થતા જાય છે. અને તેમાં વળી, "અરે ભાઈ! પુદ્ગલનું કામ પુદ્ગલ કરે છે, અરે ભાઈ શુધ્ધને વળગો. શુભ પણ સોનાની બેડી છે. તેથી તો માત્ર પુણ્યજ બંધાય છે. તેથી નિર્જરા રૂપ ધર્મ થતો નથી." આવી આવી વાતો વહેતી મૂકાય છે, અને તેમાં પણ સાપેક્ષ પણે રચાયેલા નિશ્ચયનયનું શાસ્ત્રીય પદ્ધતિથી નિરૂપણ કરનારા ગ્રંથોનું એકાંતથી અને નિરપેક્ષપણે વિવેચન કરી તેનો આધાર લેવામા આવે, અને તેના વાક્યોની મહોર છાપ મારવામાં આવે,

કરવા બરાબર છે. નિશ્ચયનયની પારમાર્થિકતા જે રીતે અને જે જાતના સાધકો માટે છે, તેનો અપલાપ કરી શકાય નહીં, કરવો જોઇએ નહીં. પરંતુ, જૈન શાસનના વ્યવહારોને ઉડાવવા માટે જ તેની પારમાર્થિકતા એકાંતથી આગળ કરવામાં આવે, તો તે પ્રવૃત્તિ જૈન દર્શનના મૂળમાં સ્પષ્ટ રીતેજ ઘા કરનાર છે. વિશેષ ખુબી તો એ છે,

---

પછી બાકીજ શું રહે? એક તો વાંદરો હોય, ને દારુ પીધો, અને પછી વીંછી કરડે, તેના કુદકામાં કાંઇ ખામી રહે?

આવી સ્થિતિ બાળ જીવોની પણ થાય, તેમાં નવાઇ શી?

અન્ય દર્શનીયની–ગીતા ગ્રન્થમાં પણ કહ્યું છે, કે—

अज्ञानां बुद्धि-भेदं न जनयेत्.

"બાળ જીવોની બુદ્ધિને ચુંથવી નહીં."

એક સમાજ શાસ્ત્રજ્ઞ વિદ્વાને સરસ જ કહ્યું છે, કે–'નિઃસ્વાર્થી મહાપુરુષોએ જગતના હિતને માટે જાણેલા ઉત્તમ સિદ્ધાંતો અને તેના ઉપદેશનો અમલ એકા એક થઇ શકતો નથી. કેમકે–દરેક તેના રહસ્યો સમજી શકતા નથી હોતા. પરંતુ તેને આચારોના રૂપમાં ગોઠવવા પડે છે, અને પછી તેને લોક જીવનમાં રૂઢ કરવા પડે છે, અને એકજ વસ્તુ જુદા જુદા આકારમાં રૂઢ થાય છે, તે રૂઢિ અનુસાર વર્તીને લોકો તેનો લાભ ઉઠાવે છે. અને એ રીતે પરંપરાએ મહાપુરુષોના હિત માર્ગનુંજ આલંબન લે છે, અને તેના સિદ્ધાંતોનોજ યથાશક્ય અમલ કરતા હોય છે. સદ્વિચારોને જીવનમાં ઉતારવા માટે રૂઢિ વિના બીજો ઉપાય જ નથી."

પરંતુ, આજના જડવાદી જીવન તત્ત્વો આપણી પ્રજાના જીવનમાં ઉતારવા માટે—આધ્યાત્મિક પાયા ઉપર રચાયેલી રૂઢિઓને કુરૂઢિઓ કહીને ખસેડવાનું અને જડવાદના પાયા ઉપર રચાયેલી કુરૂઢિઓને જીવનમાં ઘાલી દેવાનું કામ આજ હિંદમાં મોટા પાયા

કે–સ્થળે સ્થળે નિશ્ચય: અને વ્યવહાર: એમ ઉભય નયને યથાસ્થાને યોગ્ય રીતે નિરુપિત થયેલા છે. તેમ છતાં આજે કેટલાક અજ્ઞ જીવોઃ—

"અહો અહો હું મુજને કહુંઃ–" નમો મુજ રે,
નમો મુજ રે."

શ્રી શાન્તિનાથ ભગવાનના સ્તવનમાંનો સ્તવનકારનો આશય સમજ્યા વીના આ કડી આગળ કરી, વ્યવહારનયનો

ઉપર ચાલી રહ્યું છે. રૂઢિ ચૂસ્તો તેનો વિરોધ કરે છે, ત્યારે સુધારકો તેમ કરવા મક્કમપણે આગળ વધે છે. આ એક ભયંકર ગૂઢ લડાઈ ભારતમાં ચાલી રહી છે. જેના મૂળ પ્રેરક વિદેશીઓ છે.

આથી, ઉપરની શુભની વિરોધિ દેશના પરિણામે જડવાદને ટેકો આપનારી છે. એકાંત નિરાત્મવાદીના જેમ એકાંત નિશ્ચયવાદીની પણ દેશના આજે મહામિથ્યાત્વ રૂપ બને છે. તેવી દેશના અશુભમાં વધારે સ્થિર કરે છે, શુભથી વંચિત રાખે છે. અને શુદ્ધની માત્ર વાતજ થાય છે. જીવન વધુ ને વધુ આજે ભૌતિકવાદી બનતું જાય છે. તે તેના ધ્યાનમાં રહેતું નથી.

એકંદર, શુભની દેશનાને યોગ્ય પાત્રોને શુભથી વંચિત રાખવાની દેશના નયાભાસ છે, ખોટી છે. તેમાં વળી, જો પરંપરાએ પણ અજાણતાં હાલના સંજોગોમાં ભૌતિક વાદના પોષણમાં પરિણમી જાય, તો તેના અનર્થનીપરાકાષ્ઠાની સીમા રહે કે ?

જેઓના દિલમાં જીવન વ્યવહારગત આધ્યાત્મિક રૂઢિઓ તરફ હાલના શિક્ષણથી અણગમો કેળવાયો હોય છે. અને હાલની ભૌતિકવાદી રૂઢિઓ તરફ શિક્ષણથી તથા સંજાગોથી પ્રેમ કેળવાયો છે, અથવા જાણતાં અજાણતાં તે તરફ જીવનનો ઝોક વળી રહ્યો છે, તેવા કેળવાયેલા ગણાતા વકીલાદિ તથા હાલની જરૂરીઆતોના દાસ બનેલા કોઇ શ્રીમંતોને

ઉચ્છેદ તારવે છે, પરંતુ પંડિતજીએ કરેલો અર્થ જો તેમની સમજમાં ઉતરી જાય, તો તે બિચારા સ્વ–પર આત્મહિત ઘાતક ગેરસમજમાંથી જરૂર બચી જાય.

સાપેક્ષ વ્યવહાર નયઃ એ શુદ્ધ વ્યવહાર છે. અને નિરપેક્ષ વ્યવહાર એ જુટ્ઠોઃ અસતુ: અને સંસારવર્ધક: છે.

તથા કેટલાક સામાન્ય બાળ જીવોને એવી દેશના પસંદ પડે, એ સ્વાભાવિક છે. અને એવો વર્ગ એકાંત નિશ્ચય નયની વાતોના પડદા પાછળ જડવાદ તરફ ધસડાઈ રહ્યો છે. આથી કરીને શુદ્ધ ભાવની વાતો કરવા છતાં તે વર્ગ યત્કિંચિત્ પણ શુભમાં હતો. તેથી વંચિત થઈને પરિણામે અને વાસ્તાવક રીતે અશુભની ગર્તા તરફ ધકકેલાઇ રહ્યો છે. આટલાજ માટે એકાંત નિશ્ચય વાદીને પૂર્વ પુરુષોએ નાસ્તિકની કોટિમાં ગણ્યો છે.

આ જડવાદના સંજોગોનાં પણ કુટુંબગત રૂઢિથી પણ સીધે રસ્તે ચાલ્યા જતા અનેક જૈન કુટુંબોમાંની વ્યક્તિઓનો બુદ્ધિભેદ થયા પછી, તેના વારસામાં એ વસ્તુ જવાથી, તેના ભાવિસંતાનોના હાથમાં શુદ્ધ ભાવ ખરેખરા રૂપમાં આ કાળે આવે નહીં, અને શુભથી પણ વંચિત રહે, એ સ્થિતિમાં તેના વારસદાર સંતાન પરંપરાનું શું ?

અને કદાચ અનાર્ય ધર્મોના અને તેની રૂઢિઓના અસાધારણ પ્રચારના બળથી, અહીંના ધર્મથી વંચિત થયેલા એ ભાવિ સંતાનો કદાચ તે ધર્મોમાં પ્રવેશ કરે, કે કોઈ પણ પ્રકારના ધર્મ રહિત, કે ધર્મનેજ ન માનનારા, ધર્મ તરફ અણગમો ધરાવતા, થાય, તો તે બિચાર જીવોના અ–કલ્યાણની–માર્ગ ભ્રષ્ટતાની જવાબદારી કોની ?

આજે શ્રી સંઘને આ બાબતથી ભાવ પ્રજાના ધર્મ સંસ્કાર-વિષે ચિંતા થઈ રહી છે. તેમાં સૌએ મળીને વિચાર કરીને યોગ્ય

એજ પ્રમાણે નિરપેક્ષ નિશ્ચયનય પણ નિશ્ચયાભાસ છે. ત્યારે સાપેક્ષ નિશ્ચયનય એજ પરમાર્થ સત્ય છે. આ

માર્ગ શોધી પરસ્પર સહાનુભૂતિ અને સહકાર આપવો જોઈએ. તેને બદલે તે વિષમ સ્થિતિમાં ઓર વધારો કરવા માટે પોતાની માન્યતાને કેવળ આગળ લાવવાની ટુંકી બુદ્ધિથી બહાર પડે છે. આને પણ મહામિથ્યાત્વ નહીં તો બીજું શું કહી શકાય? કેમકે આધ્યાત્મિક માર્ગને પોષણ, તે સમકિત. ખામીવાળો આધ્યાત્મિક માર્ગ, તે મિથ્યાત્વ. અને જડવાદને પોષણ તે મહા મિથ્યાત્વ. એ સ્પષ્ટ છે. અને આધ્યાત્મિક વાદના પડદો આગળ ધરીને મહામિથ્યાત્વનું પોષણ થાય, તો તેને અતિ મહામિથ્યાત્વ કહેવામાં હરકત શી?

હવે, શાસ્ત્રકાર ભગવંતોનો અશુભઃ શુભઃ અને શુદ્ધઃની પરિભાષા ઘડવામાં આશય શો છે; તે વિચારીને લઈએ.

પહેલા ગુણ સ્થાનકથી માંડીને બારમા ગુણ સ્થાનક સુધી અશુભનો ઉદય હોય છે, અને ૧૪ મા સુધી પુણ્યનો ઉદય હોય છે. પરંતુ, પાપનો બંધ પહેલાથી દશમા સુધી હોય છે. તેજ પ્રકારે પુણ્યનો બંધ પહેલાથી ૧૩ મા સુધી હોય છે. દાખલા તરીકે—

૧૦ મે ગુણ સ્થાનકે—૧૭ પ્રકૃતિનો બંધ છે. તેમાં.

૧. ૧૪ પાપ પ્રકૃતિ બંધાય છે. ૫ જ્ઞાનાવરણીય ૫ અંતરાય ૪. દર્શના વરણીય.
૨. ૩ પુણ્ય પ્રકૃતિ બંધાય છે.
૩. ૧૦૩ કર્મ પ્રકૃતિઓ બંધાતીજ નથી. એટલે તેટલો સંવર હોય છે.
૪. જે કર્મો ઉદયમાં હોય છે, તેનો ક્ષય થતો હોય છે, તેટલી અકામ નિર્જરા થતી હોય છે.
૫. અને માત્ર સંજવલન લોભના ઉદય શિવાય તમામ મોહનીય પ્રકૃતિનો ઉદય નથી હોતો. તેથી સમ્યગ્ દર્શનઃ સમ્યગ્ જ્ઞાનઃ

વાતનો ખુલાસો સ્તવનકાર મહાત્માએ ૧૪ મા ભગવાનના સ્તવનમાં—

અને સમ્યક્ ચારિત્રની જ્યોતિ જાગતી હોવાથી અનેક કર્મોની ઉદીરણા, સંક્રમ, અપવર્તન, ઉપશમના વિગેરે તીવ્ર-સ્વરૂપમાં થતા હોવાથી તથા સ્થિતિ અને રસમાં પણ અનેક પ્રકારના પરિવર્તનો થતા હોવાથી સકામ નિર્જરા પણ ચાલુજ હોય છે.

આ જ પ્રમાણે પહેલે ગુણઠાણે પણ આ પાંચેય વસ્તુઓ ચાલુ હોય છે.

પરંતુ ફરક માત્ર એટલોજ છે, કે—વત્તા ઓછા પણાનો હોય છે. ૧૦ મે સકામ નિર્જરા વધુ, ત્યારે પહેલે પાપ બંધ વધુ

આથી કરીને—ગુણ સ્થાનક તથા કર્મ બંધન વિગેરેના અને અધ્યવસાયોની તરતમતાનું સૂક્ષ્મજ્ઞાન જેણે ન પ્રાપ્ત કર્યું હોય, તેવા બાલ જીવોની સમજ માટે અશુભઃ શુભઃ અને શુદ્ધઃ એ સંક્ષેપમાં પરિભાષા નક્કી કરી.

તેથી પહેલા ત્રણ ગુણસ્થાનકમાં અશુભની મુખ્યતા. ત્યાં પણ શુભ અને શુદ્ધ હોય જ છે.

ચોથાથી પાંચમા સુધી કે સાતમા સુધી શુભની મુખ્યતા પરંતુ તે વખતે પણ અશુભ અને શુદ્ધ હોય જ છે.

૮માથી ૧૪મા સુધી શુદ્ધની મુખ્યતાઃ તેમાં પણ ૧૦ મા સુધી શુભ અને અશુભ પણ હોય છે ઉપરના ગુણઠાણે પણ અંશતઃ શુભ હોય છે.

આ રીતે-ગૌણ મુખ્ય વ્યવસ્થા કરવામાં આવી છે. તેથી પહેલે ગુણઠાણે અંશતઃ શુદ્ધભાવ સંભવે છે, પરંતુ, તે અલ્પ હોવાથી, તેની ગણતરી ધ્યાનમાં લીધી નથી. તેજ પ્રકારે ૧૦મે પણ અશુભ હોય છે. પણ તે અલ્પ હોવાથી તેની ગણતરી ધ્યાનમાં લીધી નથી.

"વચન-નિરપેક્ષ વ્યવહાર જુઠો કહ્યો." વિગેરે દ્વારા સરસ રીતે કરેલો છે.

તેજ પ્રકારે, ૪થાથી ૭મા સુધી પુણ્ય બંધના ગુણઠાણા મુખ્ય છે. તેમાં તેમાં પણ અશુભ ભાવ: અને શુદ્ધભાવઃ ન હોય, એમ માનવાનું નહીંજ.

આમ છતાં શાસ્ત્રકારોનો આશય સમજ્યા વિના કેટલો અનર્થ ચાલી રહ્યો છે, તે હવે સ્પષ્ટ સમજાશેઃ

એ રીતે-પહેલા ગુણ સ્થાનકે પણ શુદ્ધની પણ જે નાની ચિણગારી હોય છે, તે વિકસિત થતી થતી અનુક્રમે પરમ શુદ્ધભાવ રૂપે પરિણમી શકે છે

મોટે ભાગે કોઈપણ અધ્યવસાય-ઉપર જણાવ્યા પ્રમાણે પાંચરંગથી મિશ્રણ થયેલા ચિત્રવિચિત્ર અધ્યવસાય હોય છે. જેને આધારે નવા કર્મો બંધાય છે.

એકજ અધ્યવસાયથી પુણ્ય બંધાય છે, પાપ બંધાય છે. તે વખતે સંવર પણ હોય છે, તેજ વખતે અકામ અને સકામ નિર્જરા પણ હોય છે.

સંવર અને નિર્જરાનો પ્રેરક શુદ્ધભાવ ગણવામાં આવે છે. પાપ બંધાવનાર અશુભભાવ કહેવાય છે. અને પુણ્ય બંધાવનાર શુભ ભાવ કહેવાય છે. છતાં સમગ્રમય ચિત્રવિચિત્ર એકજ અધ્યવસાય હોય છે:

પુણ્યબંધ અને શુભની વાતો કરવા છતાં કર્મ ગ્રંથ કે જે જૈન પદાર્થો માપવા માટે માપનું કોષ્ટક છે, તેનો ઉપયોગ ન આવડે, તો ન કરવો. એ ઠીક, પરંતુ "તેમાં શું પડ્યું છે?" એમ બોલવુ યોગ્ય નથી.

અર્થાત્ મોટે ભાગે શુદ્ધ વખતે પણ શુભ અને અશુભ ઓછે વધતે અંશે હોય છે. અને એજ પ્રમાણે-અશુભની મુખ્યતા વખતે પણ ઓછે વધતે અંશે શુદ્ધ હોય છે.

આ શિવાય, કર્મ-બંધને લગતા પ્રકૃતિઃ સ્થિતિઃ રસઃ અને પ્રદેશઃ આદિને લગતી કેટલીક સ્થૂલ વિચારણા

આથી શુભ : અને શુદ્ધ : ની વાતો આગળ કરી ને કેટલાક જૈનોને ધાર્મિક ક્રિયાઓથી વંચિત રાખવાનો પ્રયત્નો થાય છે, તે જૈનશાસન સાથે સંગત નથી. એમ સ્પષ્ટ સમજાશે. આ તત્ત્વ શ્વેતાંબર-દીગંબર સ્થાનકવાસી એમ ત્રણેયને સંમત છે. કોઇપણ નવીવાત પહેલાં સારી લાગે છે, પરંતુ પછી તે નુકશાનકારક થાય છે, ત્યારે બોજા રૂપ લાગે છે.

મૂર્તિપૂજાનો અતાત્ત્વિક વિરોધ સ્થાનકવાસી મત પ્રચારકોએ કર્યો, તો આજે તેના અનુયાયિઓ મૂર્તિ પૂજા કરવા તૈયાર થતા જાય છે, અને જૈન ધર્મના પ્રાણ સમાન શ્રી જિનાગમોનો વિરોધ કરતા થયા છે. દીકરો લેવા જતાં દાઢીવાળો ગુમાવાય છે, ગર્ભિત રીતે કે સ્પષ્ટ રીતે પણ જિન મૂર્તિ પૂજા તરફના જે અનેક પ્રમાણો મળે છે, તેને આધારે દેવ તત્ત્વની આરાધનાના મહાન્ પ્રતીક સમાન જિન મૂર્તિનો અને તેની પૂજાનો વિરોધ ન કરતાં તેનો યથા યોગ્ય સ્વીકાર કરીને જિનાગમ તરફની શ્રદ્ધા ટકાવી રાખવી વધારે હિતાવહ છે. નહીંતર ઉંડે ઉંડે રહેલી મૂર્તિ પૂજાની વૃત્તિ મૂર્તિ પૂજ્યા વિના રહેવા દેશે નહીં, અને જિનાગમના પ્રત્યનિક બનાવશે, તે જુદું.

તેજ પ્રમાણે નવો મત કાઢનાર કોઇ પણ વ્યક્તિએ એટલું તો વિચારવું જોઇએ, કે—

" પરિણામે, જીવો ધર્મ રહિત, કે ભળતા ધર્મમાં ભળીજઇ પરમાત્મા જિનદેવના શાસનથી નિરપેક્ષ તો બની જશે નહીં ને ? "

આ વિચાર કરવોજ જોઇએ.

આજે પ્રજાનો અનેક રીતે બુદ્ધિ ભેદ થઇ રહ્યા છે, તેમાં ધર્મને નામે અને ધાર્મિક સિદ્ધાંતોને નામે બુદ્ધિભેદનો ઉમેરો ન

પણ આ સ્તવનોમાં કરવામાં આવી છે.

આ સ્તવનોના ભાવ જો ગુરુમુખે સમજવામાં નહી

કરવો જોઇએ એ શાસનને વફાદાર પ્રત્યેક જૈન વ્યક્તિની ફરજ છે. અને તે વફાદારી જાળવવી જોઈએ.

આનન્દ ઘનજી મહારાજ પણ "જે શુભ કરણી કરશે, તે લેશે આનન્દઘન ધરણીરે " જે શુભ કરણી કરશે, તે મોક્ષ પામશે" એમ કહે છે. અર્થાત્ " જિન પુજા વિગેરે ૪થા વિ૦ ગુણ સ્થાનકની પ્રવૃત્તિ પણ જેમ શુભ ભાવનું કારણ છે, તેમ શુદ્ધ ભાવનું પણ કારણ છે. અને તેથી જ પરંપરાએ પરમ શુદ્ધ ભાવ અને મોક્ષનું પણ કારણ છે." એમ કહેવાનો તેમનો આશય છે. તથા શુભ કાળે ઓચ્છે વધતે અંશે શુદ્ધ હોય છે, કેમકે—

પૂર્વના પુર્વધર મહાશ્રુત પુરૂષોએ કહો કે-ગણધર ભગવંતોએ કહો, ત્રીજા વૈદ્યના ઔષધની ગોળી જેવી આવશ્યકાદિકની તથા બીજી જે જે ધાર્મિક વિધિઓ ગોઠવી છે, તેમાં કોઇ એવો વિધિ નથી કે, જેમાં તેની સાથે સંવર તથા તપશ્ચર્યાદિક નિર્જરાની ક્રિયા ન જોડી હોય. શાસ્ત્રીય ઢબના તાત્ત્વિક પૃથકકરણ વિના લોકો તેને વિષે ગમે તેમ બોલ્યા કરે છે, તે ઉચિત નથી.

જૈન દર્શનમાં દ્રવ્યાનુયોગ જેટલો વ્યવસ્થિત છે, અને બુદ્ધિ ગમ્ય રીતે નિરૂપિત છે, તેજ પ્રમાણે ચરણાનુયોગ પણ તાત્ત્વિક અને બુદ્ધિગમ્ય વ્યવસ્થાના આધાર ઉપર નિરુપિત છે. અને તેજ જૈન દર્શનનો આધાર સ્તંભ છે, કારણકે-મોક્ષ અપાવનાર એ છે, તેના વિશેષ નિરુપણ માટેજ દ્રવ્યાનુયોગનું તો આનુષંગિક નિરુપણ છે. અને દ્રવ્યાનુયોગથી સિદ્ધ પદાર્થોનો મોક્ષ પામવાના કામમાં-સફળતા પૂર્વકનો એવં ભૂતનયની અપેક્ષાએ ઉપયોગ કરવાની ગોઠવણ, તેનુંજ નામ ચરણાનુયોગ છે. શાસ્ત્રોમાં ચાર અનુયોગને અનુક્રમે લોઢાની, રૂપાની, સોનાની, હીરાની ખાણ કહ્યા છે. સંપાદક.

આવે, અને પોતાની સ્વચ્છંદબુદ્ધિ મુજબ વાંચવામાં આવે, તો અનર્થકારક થવા સંભવ છે. એ પણ સુજ્ઞ વાચકોએ ખૂબજ ધ્યાનમાં રાખવાનું છે.

પંડિતજીએ લખેલો ઉપસંહાર: ચરમાવર્તિ નાટક: અમરલેખ: તથા સ્તવનના અર્થો: હું જોઇ ગયો છું. મારા ટુંક અભ્યાસ મુજબ મને તે શાસ્ત્ર-અવિરોધી લાગ્યા છે. તેમ છતાં, એમાં પંડિતજીના મતિદોષના કારણે કાંઈ સ્ખલના રહી ગઈ હોય, અને તે સ્ખલના મારા મતિ-દોષને કારણે જોવામાં કે જાણવામાં ન આવી હોય, તો મિચ્છામિ દુક્કડં દેવા પૂર્વક વિરમું છું.

લી૦

સિદ્ધાન્ત મહોદધિ-પૂજ્યપાદ-આચાર્ય મહારાજ શ્રી વિજયપ્રેમસૂરિ સામ્રાજ્યવર્તી: પૂજ્યપાદ-આચાર્ય મહારાજ શ્રી-વિજય-રામ-ચન્દ્ર-સૂરિ-વિનેય: મુનિ મુક્તિવિજય:

અમર-લેખ:

શ્રી આનન્દઘનજી મહારાજ: અને તેનું સાહિત્ય: અને ખાસ કરીને આનન્દઘન ચોવીશી: જૈન: જૈનેતર: વિદ્વાનોમાં તેમજ સામાન્ય પ્રજાજનોમાં પણ એક જાણીતી વસ્તુ છે.

તેઓશ્રીના શબ્દોમાંજ કોઇ અજબ જાદુ ભર્યો છે. એ નિર્વિવાદ છે.

આ ચોવીશીમાં-આટલો-વિષય ભર્યો છે, તેની ભાગ્યેજ આજ સુધી આપણને કલ્પના પણ હતી. આટલો સંગત: એક ધારો: ક્રમિક અને મુદ્દાસર: જૈન શાસ્ત્રોકત આત્મ-વિકાસનો માર્ગ આટલી વિશદ રીતે ચર્ચ્યો છે એમ આજ સુધી કોઇનાયે તરફથી જાણવા મળ્યું નહોતું.

"આનંદઘન ચોવીશી બહુ સુંદર છે. તેમાંના સ્તવનો ખૂબ ભાવવાહી છે. ભાષા તથા રચના સુંદર છે. તેના અર્થો ગહન છે." આવી આવી મોઘમ વાતો સાંભળવામાં આવતી હતી.

જ્ઞાનસારજી મહારાજના પ્રાચીન ટબા ઉપરથી, કે-જૈન ધર્મ પ્રચારક સભા-ભાવનગર તરફથી છપાયેલ ભાવાર્થ: પરમાર્થ: વિગેરે વાંચતાં પણ ઉપરની વિશિષ્ટતાનો ખ્યાલ આપણને આવતો નહોતો.

ભગવાનની સ્તવના-કીર્તનાના ગાન સાથે: વર્તમાન ચોવીશીના પ્રત્યેક તીર્થંકર પરમાત્માને નિમિત્ત બનાવી સાધકના

આત્માના પરમાત્મભાવના પ્રાકટ્યની વ્યવસ્થિત સરણિ બતાવવામાં કળાનો ભારે ઉપયોગ કર્યો છે. તે વસ્તુઃ આ ચોવીશીના આ પુસ્તકમાં આપેલા અર્થ, ભાવાર્થ, તથા પાછળના ઉપસંહારઃ વિગેરે વિવિધ વિવેચનાઓમાંથી વાચકો બરાબર ખ્યાલમાં લઇ શકશે, એવી આશા છે. છતાં, આ પુસ્તકમાં આપેલા અર્થો દિશા-સૂચન માત્રજ છે. તેના ઉપર એક એક કડી સાથે સંબંધ ધરાવતી વસ્તુઓનો શાસ્ત્રીય પદ્ધતિ ઉપરના વિવેચનથી અને પ્રમાણો તથા અન્ય પૂરાવા ટાંકીને, તેમજ, તેની સાથે જોડાયેલા વિકાસમાર્ગના પારિભાષિક શબ્દોનું સ્વરૂપ ધરાવતા તથા એક એક કડીના એક એક પદમાં અને એક એક શબ્દમાં ગર્ભિત રીતે શ્રી આનન્દઘનજી મહારાજાએ શોશો-ધ્વનિ અને ભાવ ભર્યા છે? તથા કેવી કેવી વ્યઞ્જનાઓ નિપજાવી છે? તે સઘળું વિવેચન આ ચોવીશીનો બીજો ભાગ લખવાની તક મળે, તોજ આ ચોવીશીનો પેટ ભરીને લગભગ ખ્યાલ આપી શકાય. આ દૃષ્ટિથી જોતાં આ પુસ્તકમાં જે જે ખામીઓ દેખાય, તે સઘળી અમારે કબુલ મંજુર છે. અને હાલ તુરતને માટે અમારી એ ત્રુટીઓ માટે સુજ્ઞ વાચક મહાશયો અમને ક્ષમા કરે. એવી નમ્રભાવે વિજ્ઞપ્તિ પણ છે.

આત્મા છે. તેનો વિકાસ થાય છે. આત્માઃ એ અનાદિ અનંતકાળની વસ્તુ છે. તેના વિકાસનો માર્ગ જગત્‌માં અનાદિ કાળથી છે, અને અનંતકાળ સુધી હશે. તેનું સ્વરૂપ આ ચોવીશી સમજાવે છે. તેનો વિષય એક વૈજ્ઞાનિક વિષય છે. અને એ રીતે તત્ત્વ જ્ઞાનરૂપ વિષય પણ છે. જગત્‌માં સદા

કાળ આ વસ્તુઓ સંભવિત છે. તે અમર છે. માટે આ ચોવીશીનો વિષય પણ સ્વયંસિદ્ધ અમર છે. અને તે હિસાબે આ ચોવીશી પણ એક અમર લેખઃ છે.

આ ચોવીશી ઉપર પૂજ્ય ઉપાધ્યાય મહારાજ શ્રી યશોવિજય મહારાજનું વિવેચન હોવાનો નિર્દેશ મળે છે. પણ હજુ તે નિર્દેશ માત્ર છે. વસ્તુ પ્રાપ્ત થઇ નથી. તેમાં તેઓશ્રીએ શા શા અગમ્ય ભાવો ભર્યા હશે ? તેની તો આજે આપણે કલ્પના પણ કરી શકતા નથી.

શ્રી આનન્દઘનજી મહારાજશ્રીનું જીવન ચરિત્રઃ તેમની કૃતિઓઃ તેમના જીવન સાથે સંબંધ ધરાવતી બીજી અનેક ઘટનાઓઃ વિગેરેનો ઉલ્લેખ કરવાનું અમોએ અહીં છોડી દીધું છે.

તેના કારણુ નીચે પ્રમાણે છેઃ—

૧. તેમની ઘણી વિગતો બીજા લેખકોએ લખી છે. તેમાંથી વાચકો મેળવી શકે તેમ છે.

૨. તેમાંની લખેલી ઘણી હકીકતો સાથે અમારે મતભેદ છે. તેથી-

૧ અમારી દૃષ્ટિના સાચા ઐતિહાસિક પ્રમાણોથી અમારે બધી વસ્તુ રજુ કરવી જોઇએ.

૨. અને જેમાં મતભેદ છે, તેની તુલના માટે ચર્ચા કરવી પડે. અને પૂરાવા આપવા પડે.

તે સર્વનો અત્રે અવકાશ નથી. તેમ તેટલી સ્વતઃ

શોધખોળ પણ હજુ અમે સ્વતંત્ર રીતે કરી પણ નથી. કદાચ અમે પણ અમારા મંતવ્યોમાં ભૂલતા હોઇએ, એમ પણ બને.

હમણાંજ ગાડીમાં મુસાફરી કરતાં, પ્રણામી સંપ્રદાયના એક સ્વામિજી મળ્યા હતા. તેમણે જણાવ્યું હતું, કે-"અમારા સંપ્રદાયના સ્થાપક પ્રાણુલાલજી મહારાજના જીવન ચરિત્રમાં લખેલું છે કે:-"પ્રાણુલાલજી મહારાજ મેડતા સંવત્ ૧૭૩૧માં ગયા હતા અને ત્યાં આનંદઘનજી ઉપનામ ધારી જૈન મુનિ લાભાનંદજીનો તેમને મેળાપ થયો હતો. અને તેજ વર્ષમાં તેમનો કાળ ધર્મ થયો હતો." આ મતલબની વાત કરી હોવાનું યાદ છે.

પૂજ્ય શ્રીઉપાધ્યાયજી મહારાજ શ્રીયશોવિજયજી મહારાજનો કાળ ધર્મ-

સંવત્ ૧૭૪૩ લગભગ છે. એટલે આનન્દઘનજી મહારાજ ઉપાધ્યાયજી મહારાજના પૂરોગામી સમકાલીન ઠરે છે.

આ ચોવીશીમાં તેમણે જે જે વસ્તુઓનો નિર્દેશ કરેલો છે, તે જોતાં તેમનુ જૈન શાસ્ત્રોનું મનન ઘણુંજ સૂક્ષ્મ માલુમ પડે છે.

પૂર્વાચાર્યોના ગહન ગ્રંથોનો તેમનો અભ્યાસ તથા મનન બહુજ ઉંડા જણાઈ આવે છે. અને વસ્તુની રજુઆત કરવાની કળા તો કોઇ અજબજ છે.

"દેખણદે રે સખિ દેખણ દે." જેવી કવિતા ગોઠવીને પ્રભુ દર્શનની તાલાવેલી પ્રકટાવે છે તથા ઘણે સ્થળે પ્રભુ સાથે સંવાદોમાં ઉતરે છે.

કલ્પિત પાત્રો ગોઠવી. હાસ્યરસ જમાવે છે. કોઇ મહત્ત્વની સૂચના આપ્યા વિના છોડતા નથી તીર્થંકર પરમાત્મા મંગળમય છે. તે સાતમા સુપાર્શ્વનાથ પ્રભુ સાત મહાભયને ટાળનારા છે. એમ કહીને તેમની જગત્ ઉપરની અગમ્ય વ્યાવહારિક સુઅસર કલ્યાણકારિતા પણ સૂચિત કરેછે.

ચરમાવર્તિ જીવના વિકાસમાંનું નિરૂપણ કરવાનો વિષય હાથ ધરવા છતાં ચરમાવર્તમાં આવેલા જીવના આખા સંસારની સ્થિતિનું વર્ણન ન આપે, તો વિષયની અપૂર્ણતા રહેવા પામે. તે દોષ ટાળવા, ૮ મા સ્તવનમાં નિગોદથી માંડીને સર્વ પ્રકારની જીવરાશિનું સૂચન કરીને "આત્મા કયાં કયાં ભટકયો છે ?" તેનું–ચરમાવર્તીપુદ્ગલપરવર્તનગતઃ જીવની અનાદિની ભવ ભ્રમણની સાંકળ પણ રજુ કરી દીધી છે. અર્થાત્–અનાદિથી મોક્ષ સુધીની અનંતકાળ સુધીની આત્માની સ્થિતિ સૂચિત કરી દીધી છે. ૨૨ મા સ્તવનના વિરોધાભાસ: ૨૦ મા સ્તવનમાં આત્મસ્વરૂપ વિષેની દર્શનાંતરીય માન્યતાઓનું ખંડન છે, ને તે દર્શનોનું પાછું ૨૧ મા સ્તવનમાં જૈન દર્શનના અંગભૂત ગણાવીને મંડન અને સંગતિનું પ્રતિપાદન છે. શાંતિનાથ પ્રભુના સ્તવનમાં "શાંતિ એટલે શું ?" આવો પ્રશ્ન જેના મનમાં ઉપજે, તે આત્માને પણ ધન્ય છે. કેમકે–ભવ્ય અને ચરમાવર્તિ જીવ શિવાય આ પ્રશ્ન કોઇને દિલથી ન ઉઠે. માટે તે જીવ ભવ્ય અને અવશ્ય મોક્ષ ગામી છે, માટે તેને ધન્યવાદ ઘટે છે." આવા સૂક્ષ્મ ઘણા ઘણા સૂચન રૂપ અનેક ગુણ-ગણ ચોવીશીમાં ભરેલા છે. તેનું કેટલુંક વર્ણન કરી શકાય?

કર્મ જેવી ચીજ જગત્માં ન હોત તો, આત્માના વિકાસનો વિચાર કરવાનો પ્રસંગજ ઉપસ્થિત થતો નથી. વિકાસમાં વિઘ્નભૂત કર્મને આત્માની પરમાત્મ અવસ્થા વચ્ચે અંતર પાડનાર તરીકે જણાવીને કર્મ જન્ય સમગ્ર વિશ્વ વૈચિત્ર્યનો ખ્યાલ આપી દીધો છે.

"ગચ્છના ભેદ નયણ નિહાળતાં" વિગેરે ગાથાઓના ભાવ બીજા કેટલાક ભાઈઓ જે રીતે ઘટાવે છે, તેના કરતાં અમે જુદી રીતે ઘટાવ્યા છે. અને સ્તવનોના ક્રમના સંદર્ભને તે રીતે અમને વધુ બંધબેસતા લાગે છે.

ખરી વાત તો એ છે, કે–ગચ્છના ભેદ વિગેરે શબ્દો ઉપરથી શ્રી આનંદઘનજી મહારાજ વિષે " શાસનથી જીવોને ઉભગાવે તેવો આ તેમનો શાસન ઉપરનો કટાક્ષ છે." અમારા મનમાં એક જાતનો અણુગમો હતો. પરંતુ તે અણુગમો જેમ સ્તવનોનું મનન વધતું ગયું, તેમ ઉડતો ગયો અને તેઓશ્રી પરમ શાસન ભક્ત: જૈન શૈલિના જ્ઞાતા: પૂર્વાચાર્યોના ગુણાનુરાગી: પ્રવચન વત્સલ: જણાયા. શુષ્ક આધ્યાત્મિક કે માત્ર એકાંગી ન જણાયા.

કેટલાક શુષ્ક અધ્યાત્મવાદીઓએ કે તેમના અંધરાગી ભક્તો જેવા કેટલાક લોકોએ શ્રી આનંદઘનજી મહારાજને શુષ્ક અધ્યાત્મી જેવા ચિતર્યા છે, તેમજ તેવા કલ્પ્યા છે. તેમજ કેટલીક તેમના જીવનની જીવન ઘટનાઓ તે દૃષ્ટિથી રજુ કરી છે. એ બધું જોતાં તેઓશ્રીને અન્યાય થયો છે, એમ અમને લાગે છે. એટલુંજ નહી, પરંતુ, પરમાત્માના અવિચ્છિન્ન પ્રભાવશાળી શાસનપ્રણાલીકાઓ ઉપર આક્ષેપ

કરી શુષ્ક આધ્યાત્મિકપણાનું પોષણ કરવા તેમના નામનો ઘણાએ ઉપયોગ કર્યો હોય, એમ અમને ભાસે છે.

શ્રી આનંદઘનજી મહારાજના જીવન સાથે અનેક દંતકથાઓ વણાઇ ગઇ છે. કોઇના પ્રસંગે બનેલી હકીકત આનંદઘનજી મહારાજશ્રીને નામે ચડી જવાની એટલીજ સંભાવના છે. શ્રી નંદી સૂત્રમાંની ચાર બુદ્ધિને લગતી કથાઓમાંની ઘણી કથાઓ બિરબલ અને બાદશાહને નામે પ્રચારમાં છે તેથી તેમાંથી ઘણી છાંટછુટ કર્યા વિના તેમના જીવનની શુદ્ધ ઘટનાઓ શોધી કાઢવામાં મુશ્કેલી છે. આનંદઘનજી મહારાજ પૂરા આત્માર્થી આધ્યાત્મિક પુરુષ હોવા ઉપરાંત ત્યાગી અને નિરપેક્ષ પુરુષ હોય, તેતો ગુણરૂપ છે. દોષરૂપ નથી. પણ તે ક્યારે ? જો સાપેક્ષપણે શાસન પ્રણાલીને વફાદાર હોય, તો. પહેલા મને નહોતા જણાતા, તે તેમના સ્તવનોના મનન બાદ બરાબર વફાદાર જણાયા છે. અને આજસુધી તેથી એ મહાત્મા પુરુષની મારાથી આશાતના થઇ છે, તેનું મિથ્યાદુષ્કૃત દઉં છું.

ઉત્સૂત્ર–ભાષણ ઉપરનો તેમનો કટાક્ષ. શાસ્ત્રવચન અનુસાર ક્રિયા કરનારનું સાચું ચારિત્ર. (૧૪)

પંચાંગી અને પરંપરાના અનુભવની પ્રામાણિકતા પ્રમાણ સિદ્ધ માનવી. (૨૧)

પરમયોગીઓની ધ્યાન પ્રક્રિયાની ક્રિયાની આમ્નાય ન મળવાનો ખેદ. (૨૧)

ક્રિયા–અવંચક યોગનો સ્વીકાર.

એ અને એવા ઘણા બીજા વાકયો અવિચ્છિન્ન પ્રભાવશાળી જૈન શાસનની સાપેક્ષ પૂર્વાચાર્યોની સર્વ શૈલિનો હાર્દિક સ્વીકાર તેઓશ્રીના અંતરાત્મામાં છે. એમ સચોટ રીતે કહી શકાય છે.

તેઓ શાસન નિરપેક્ષ શુષ્ક અધ્યાત્મી ન હોતા જ.

વળી "આધ્યાત્મિક આનંદઘનજી" એવું વિશેષણ આપવું, તે પણ ઉચિત નથી. કેમકે-જૈન દર્શન સ્વયં આધ્યાત્મિકતામય જ છે. તેથી આધ્યાત્મિક મુનિઃ અને અનાધ્યાત્મિક મુનિઃ એવા ચોકા પાડવા, એજ જૈનશાસન માટે અસંગત છે. પ્રજા જીવનમાં ધર્મોના ટકાવ માટે તેના વ્યાવહારિક આચારોના પ્રચાર ધર્મના પ્રાણ રૂપ છે. તેને પ્રજાના જીવનમાંથી દૂર કરવા, કરાવવા માટે એકાંત આધ્યાત્મિક એટલે કે નિશ્ચય નયની એકાંતથી વાતો આગળ કરવામાં મહાદોષ લાગેછે. કેમકે-આત્માને ન માનનાર નાસ્તિક પણ જેમ મિથ્યાત્વી કહેવાય. તેજ પ્રમાણે એકાંતથી નિશ્ચયનયના પ્રતિપાદકને પણ જૈન શાસ્ત્રકારોએ નાસ્તિકની કોટિમાં મૂકેલા છે. કેમકે-અન્નય મોક્ષ માર્ગના ઉત્પાથક અને બાળ જીવોનું લક્ષ્ય તેના તરફથી ચૂકાવનારા હોય છે. તથા એકાંતથી પ્રતિપાદન કરનારા હોવાથી તેમ હોય એ સ્વાભાવિક છે. તેથી શ્રીઆનન્દઘનજી મહારાજ શુષ્ક આધ્યાત્મિકઃ કે એકાંતથી નિશ્ચય નયનું પ્રતિપાદન કરનારાઃ નહોતા. છતાં, અરનાથ પ્રભુના સ્તવનમાં સાપેક્ષપણે શુદ્ધ નિશ્ચયનયનું પ્રતિપાદન કર્યું છે. તે વર્ણન પણ સાપેક્ષ છે. તેનો

પુરાવો એજ કે–બાકીના સ્તવનોમાં અન્ય અન્ય વિષયોનું પ્રતિપાદન કરવામાં આવેલું છે, તે છે.

શ્રી ઉપાધ્યાયજી મહારાજ જેવાને તેમના તરફ માન હોય, અને એવા સમર્થ જ્ઞાની પ્રત્યે શ્રી આનંદઘનજી મહારાજની વાત્સલ્યતા હોય, એ બન્નેય સંભવિત છે.

છતાં, ઉપાધ્યાયજી મહારાજની અષ્ટપદી શ્રી આનંદઘનજી મહારાજની સ્તુતિ રૂપે હોય, એમ હજુ મારું મન કબુલ કરતું નથી. પરંતુ, આત્મા રૂપ આનંદઘનનાજ કોઇ આધ્યાત્મિક સ્વરૂપનું જ તેમાં વર્ણન મને ભાસે છે. પછી શબ્દશ્લેષથી કદાચ આનંદઘનજી મહારાજની સ્તુતિ હોય, તો કોણ જાણે. પણ મને હજુ એ ભાસ થતો નથી. મારી સમજની પણ ભૂલ હોય પરંતુ સ્તુતિનું સ્વરૂપ એ ભાસ ઉત્પન્ન કરતું નથી. છતાં જ્ઞાની પરમાત્મા જાણે.

શ્રી આનન્દઘન ચોવીશી—

ગુજરાતી ભાષાનું ભાષા દૃષ્ટિથી પણ એક અણમોલ રત્ન છે. ગુજરાતી ભાષામાં આધ્યાત્મિક તત્ત્વવિવેચક ઉત્તમ ગ્રન્થ રત્ન છે. કાવ્યસાહિત્યની દૃષ્ટિથી પણ એક આહ્લાદક વસ્તુ છે. સંગીતના રણકારથી ગુંજતો સંગીતના ઉત્તમ નમૂના રૂપ પણ છે.

કલકત્તામાંના થોડા નિવાસ દરમીયાન ભાઈ કનૈયાલાલજી વેદના પરિચય પછી આ ચોવીશીનું મનન કરવા તરફ મારું લક્ષ્ય વધુ ગયું. કેમકે–તે પોતે હમેશાં બાબુજીના બગીચામાં પ્રભુની પૂજા વખતે કાયમ ઘણેભાગે આ ચોવીશીના સ્તવનો તન્મય થઇને બોલે છે.

એકાદ બેવાર મનન કર્યું. એકાદ બે વખત તેના ઉપર કાંઈક લખ્યું. પૂજ્ય મુક્તિવિજયજી મહારાજશ્રીને તે વંચાવ્યું. તેઓશ્રીએ કેટલીક સૂચનાઓ કરી. તેના ઉપર ખ્યાલ રાખી, તેમાંથી લેવો જોઇતો સાર લઈ ફરીથી લખ્યું. તેના ઉપર સુધારા વધારા કરી ફરીથી નકલ કરી, તેમાં પણ ફરીથી સુધારા વધારા થયા, અને પ્રેસમાં છાપવા મોકલી.

ત્યાર પછી પણ જુદા જુદા ચાર વિદ્વાન્ મુનિ મહારાજશ્રીને છાપેલા ફરમા મોકલીને તેમના અભિપ્રાયો મેળવીને, તેમાંથી પણ જે કાંઈ જાણવા જેવું જણાવ્યું, તે સાર રૂપે પાછળ આપેલ છે. છતાં, કાંઈ ગેર સમજથી ઉલટું લખાયું હોય, તો અભ્યાસી તે સુધારશે.

આ ચોવીશીમાં આવતા શાસ્ત્રીય પારિભાષિક શબ્દો અને તેનો ટુંક ખ્યાલ તથા વિશિષ્ટ શબ્દોનો કોષ આપવાની ઈચ્છા છતાં પુસ્તક મોટું થઇ જવાના ભયથી તે ઇચ્છાને રોકવી પડી છે. તેજ પ્રકારે ૧૬ મા સ્તવનમાં બતાવેલી સમતારૂપી શાંતિની વ્યાખ્યા વિષે ઇતર દર્શનોની તુલના તથા તે પાછળની જૈન દર્શનની ખુબી વિષે ભાવાર્થનો ભાગ લંબાણ થવાથી તૈયાર છતાં આપવો બંધ રાખ્યો છે.

પ્રથમ હિંદી ભાષામાં વિવેચન છપાવવાની ધારણા રાખી હતી. પરંતુ ગુજરાતી ભાષામાં રીત સર થયા પછી હીંદી કોઇ સારા ભાષાશાસ્ત્રી પાસે કરાવવું, એ વિચારથી પ્રથમ ગુજરાતી ભાષામાં આ રીતે વાચકોના કરકમળમાં ચોવીશી રજુ થાય છે.

તેની ૧૦૦૦ નકલના કાગળો, છપામણી તથા બાઇંડીંગનો ખર્ચ શેઠ કેશવજી નેમચંદ માંગરોળવાળા

કલકત્તા તરફથી મળેલ છે, અને ૨૫૦ નકલનો એજ રીતે ખર્ચ શા. જીવણલાલ અમજી વઢવાણવાળાના પુત્ર ભાઈ શ્રી રતિલાલ જીવણ તરફથી થયેલો છે. જેમ બને તેમ વેળાસર છપાવી આપવામાં ભાઈ શ્રી પંડિત મફતલાલ ઝવેરચંદની પૂરતી સહાનુભૂતિ મળી છે

અને યોગ્ય દિશા સૂચન જે જે પૂજ્ય મુનિ મહારાજાઓ તરફથી મળેલ છે, તેમની કૃપાની પ્રસાદીથી મિશ્ર ચોવીશીની આવિવેચના છે.આ વિવેચનામાં ઘણા દોષો હોવાનો સંભવ છતાં, સુજ્ઞ સજ્જનોને આનંદ આપશે, તેથી તેનું નામ પ્રમોદા રાખવામાં આવેલું છે પ્રમોદા કેટલો પ્રમોદ આપે છે? તે તો વાચક મહાશયો કહેશે, ત્યારેજ જણાશે.

આનન્દઘનજી મહારાજ જેવા પુરુષના ગહન આશયોનો પાર પામવો મારા જેવા પામરને માટે અશકય છે. તેથી તેમાં રહેલી ખામીઓ દરગુજર કરી તે મહાત્માના મહાન્ આશયનો લાભ આત્માર્થી બંધુઓ ઉઠાવશે, તો મારો પ્રવાસ સફળ માનીશ અને મને ધન્ય માનીશ.

પરમપૂજ્ય મુનિમહારાજશ્રી શ્રી શ્રી ધુરંધરવિજયજી મહારાજશ્રીની કૃપાથી પ્રાપ્ત થયેલ કેટલાક અર્થાન્તરો તથા કેટલાક ઉપયોગી સૂચનો તથા પરમપૂજ્ય પન્યાસજી મહારાજ શ્રીશ્રીશ્રી ૧૦૦૮ શ્રી કાંતિવિજયજી મહારાજશ્રીની કૃપાથી પ્રાપ્ત થયેલ શુદ્ધિપત્રક પાછળ આપવામાં આવેલ છે.

રાજકોટ
મહાવદી ૮
૨૦૦૬

પ્રભુદાસ બહેચરદાસ પારેખ.

અનુક્રમણિકા

ક્રમ.	સ્તવન.	પૃષ્ઠ.
૧	મઙ્ગલમ્	૨
૨	શ્રી ઋષભદેવ જિન સ્તવન	૩
૩	શ્રી અજિતનાથ જિન સ્તવન	૧૧
૪	શ્રી સંભવનાથ જિન સ્તવન	૧૯
૫	શ્રી સુમતિનાથ જિન સ્તવન	૩૪
૬	શ્રી પદ્મપ્રભ જિન સ્તવન	૪૦
૭	શ્રી સુપાર્શ્વનાથ જિન સ્તવન	૪૯
૮	શ્રી ચન્દ્રપ્રભ જિન સ્તવન	૫૬
૯	શ્રી સુવિધિનાથ જિન સ્તવન	૬૨
૧૦	શ્રી શીતલનાથ જિન સ્તવન	૭૦
૧૧	શ્રી શ્રેયાંસનાથ જિન સ્તવન	૮૦
૧૨	શ્રી વાસુપૂજ્ય જિન સ્તવન	૮૮
૧૩	શ્રી વિમલનાથ જિન સ્તવન	૯૬
૧૪	શ્રી અનંતનાથ જિન સ્તવન	૧૦૪
૧૫	શ્રી ધર્મનાથ જિન સ્તવન	૧૧૯
૧૬	શ્રી શાન્તિનાથ જિન સ્તવન	૧૨૯
૧૭	શ્રી કુંથુનાથ જિન સ્તવન	૧૪૪

૧૮ શ્રી અરનાથ જિન સ્તવન ૧૫૩

૧૯ શ્રી મલ્લિનાથ જિન સ્તવન ૧૬૮

૨૦ શ્રી મુનિસુવ્રત જિન સ્તવન ૧૮૦

૨૧ શ્રી નમિનાથ જિન સ્તવન ૧૯૨

૨૨ શ્રી નેમિનાથ જિન સ્તવન ૨૧૦

૨૩ શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન ૨૨૯

૨૪ શ્રી મહાવીર વર્ધમાન જિન સ્તવન ૨૩૪

ઉપસંહાર.

૧ સ્તવનકારનું લક્ષ્ય. ૨૮૧

૨ સ્તવન બોલનારનું લક્ષ્ય. ૨૮૪

૩ આત્મ વિકાસનો ક્રમ. ૨૮૬

૪ ચરમાવર્તિ નાટક. ૨૯૪

૫ આનન્દ-ઘન-સોપાન. ૩૨૯

૬ અર્થાંતર અને શુદ્ધિ પત્રક. ૩૩૨

આનન્દ-ઘન-ચોવીશી-મૂળ

સ્તવનોના મૂળ પાઠ વિષે:

મૂળ સ્તવનોના પાઠો સામાન્ય રીતે હસ્ત લિખિત પ્રતો સાથે મેળવવા કોષીશ કરી. જેમ બને તેમ કર્તાની રચના જાળવવાનો પ્રયાસ કર્યો છે. પરંતુ જુદી જુદી પ્રતોમાં જુદા જુદા અનેક પાઠભેદો માલૂમ પડવાથી છેવટે અર્થના અનુસંધાન પ્રમાણે અમને ઉચિત લાગ્યા તે પાઠ કાયમ રાખ્યા છે. છતાં-હજુ જુદી જુદી હસ્તલિખિત પ્રતો મેળવી ખરા પાઠો નક્કી કરી લેવાના પ્રયત્નને પૂરો અવકાશ છે. તેથી કોઈ વિદ્વાને આ પ્રયત્ન કરવાનો બાકી રહે છે.

આજ સુધી છપાયેલા અર્થ બિકાનેરવાળા જ્ઞાન-સાગરજી મહારાજના છે. છતાં તેના કરતાં જુદા અર્થોવાળી જ્ઞાનવિમળજી સૂરિજી મહારાજના ટબાઓની પણ હસ્ત-લિખિત પ્રતો મળે છે. જનસમાજને તેનો પરિચય કરાવવા જેવો ખરો

તેમાં પણ, પાઠ ભેદો: અને તેને અંગે અર્થભેદ: પણ ઘણા જોવામાં આવે છે

અત્રે આપેલા સ્તવનોના મૂળ પાઠોમાં અને આગળ અર્થમાં અપાયેલા મૂળ પાઠોમાં પણ ક્યાંક ક્યાંક ફરક જણાશે, ચિન્હોનો ભેદ પણ જણાશે. પરંતુ તેની એક વાક્યતા હવે તો બીજી આવૃત્તિમાં થઇ શકશે.

ચિહ્નોની સમજ

સ્તવનોના અર્થ સમજવામાં સુગમતા લાવવા માટે મૂળ સ્તવનોમાં જુદા જુદા ચિહ્નો મૂકવામાં આવેલા છે. તેની સામાન્ય સમજ નીચે પ્રમાણે છે:—

જ્યાં વાક્ય પૂરું થાય છે, ત્યાં (.) પૂર્ણ વિરામ.

, પેટાવાક્ય, ગૌણ વાક્ય, કે મિશ્ર વાક્ય હોય ત્યાં અલ્પ વિરામ.

- આવી પદવિભાજક નાની લીટી સમાસમાંના શબ્દો છુટા છુટા પાડવા માટે વપરાયેલ છે, છુટા પદો અને સમસ્ત પદો સમજવામાં ફેરફાર થાય, તો અર્થ પણ ફરી જાય છે.

—આવી મોટી લીટી નિર્દેશ કરવા માટે – આગળની વાતનો નિર્દેશ કરવા વપરાયેલ છે.

! ઉદ્ગાર ચિન્હ સંબોધન : આશ્ચર્ય : કે એવી કોઇ લાગણી બતાવવા વપરાયેલ છે.

? પ્રશ્નાર્થ ચિહ્ન તરીકે પ્રસિદ્ધ છે.

“ ” કોઇની કહેલી વાત જુદી બતાવવા માટે વપરાયેલ છે.

: આ ચિન્હ તરફ ધ્યાન આપવું ખૂબ અગત્યનું છે. આવા ચિહ્નને સર્વત્ર વિસર્ગ તરીકે સમજવાની ભૂલ કોઈએ કરવી નહી.

આ ચિહ્ન—

૧ ઘણા વિશેષણોમાંના દરેક વિશેષણને છુટા છુટા જણાવવા માટે વપરાયેલ છે.

૨ જુદા જુદા વિભાગો તથા જુદી જુદી વસ્તુઓ ગણાવવા–બતાવવા વપરાયેલ છે.

જેમકે–અંગ: અગ્ર: ભાવ: પૂજા.

૩ જે શબ્દના અર્થ સ્તવનમાં જ આપવામાં આવ્યો હોય, તે મુખ્ય શબ્દને બતાવવા માટે વપરાયેલ છે. જેમકે–ભય : ચંચળતા હો પરિણામની. રે

૪. દ્વન્દ્વ સમાસની શરૂઆતમાંનો કે છેવટનો જે શબ્દ દ્વન્દ્વ સમાસના બીજા પદો સાથે જોડતા હોય, તે દરેક બીજા પદોની બાજુમાં વપરાએલ છે. જેમકે–વિશુદ્ધ: દ્રવ્ય: ક્ષેત્રાદિ એટલે વિશુદ્ધ: વિશુદ્ધ ક્ષેત્ર: વિશુદ્ધ કાળ: વિશુદ્ધ ભાવ: એ પ્રમાણે છેવટના શબ્દના પણ ઉદાહરણો સમજી લેવા.

૫ વિભક્તિનો એક જ પ્રત્યય જેટલા શબ્દોને છેડે આવતો હોય, તે દરેક શબ્દોની બાજુમાં કવચિત વપરાયેલ છે જેમકે–દ્રવ્ય: ક્ષેત્ર: કાળ: ભાવ: ની સમજ, દ્રવ્યની સમજ: ક્ષેત્રની સમજ: વિગેરે.

૬. કોઈ સ્થળે જુદા જુદા વિશેષણો બતાવવા આ ચિહ્ન વપરાવેલ છે. અને કોઈ સ્થલે પૂર્ણ વિરામ મૂકીને જુદા જુદા વાક્ય તરીકે પણ બતાવેલછે દા૦ત૦

શ્રી સુપાસ જિન વંદિયે. જે સુખ સંપત્તિનો હેતુ છે. શાંત સુધારસ જળનિધિ છે. જે ભવસાગરમાં સેતુ સમાન છે. આમ પૂર્ણ વિરામ મૂકીને છુટા છુટા વાકયો બતાવ્યા છે

સુખ સંપત્તિનો હેતુ: શાંત સુધારસ જળનિધિ: ભવ સાગરમાંહે સેતુ: શ્રી સુપાસ જિન વંદિયે.

આ રીતે વિશેષણ તરીકે બતાવવામાં: આ ચિહ્નનો ઉપયોગ કર્યો છે આ ચિહ્નનો ઉપયોગ અમે અમારા ગુજરાતી ભાષાના લખાણોમાં વધુ છુટથી કરેલો છે.

આ પ્રમાણે કોઈ ઠેકાણે ચિહ્ન ભેદ જણાય, તો ઉપર પ્રમાણે યથાયોગ્ય રીતે સમજી લેવું.

શ્રી આનન્દઘન ચોવીશી

૧ શ્રી-ઋષભ-દેવ-જિન-સ્તવન.

[રાગ-મારુઃ કરમ પરીક્ષા કરણ કુમર ચાલ્યો—એ દેશી.]

ઋષભ-જિનેશ્વર પ્રીતમ માહરો રે ઓર ન ચાહું રે કંત.
રીઝ્યો-સાહિબ સંગ ન પરિહરે. રે ભાંગે-સાઽઽદિ-અનંત. ઋ૦૧
પ્રીત-સગાઇ રે જગમાં સહુ કરે. રે પ્રીત-સગાઇ ન કોય
પ્રીત-સગાઇ રે નિરુપાધિક કહી. રે સોપાધિક ધન ખોય. ઋ૦૨
કોઈ કંત-કારણ કાષ્ઠ-ભક્ષણ કરે. રે "મિલશું કંતને ધાય."
એ મેળો નવિ કહીયે સંભવે. રે મેળો ઠામ ન ઠાય. ઋ૦ ૩
કોઇ પતિ-રંજન અતિ-ઘણો તપ કરે. રે પતિ-રંજન તન-તાપ."
એ પતિ-રંજન મેં નવિ ચિત્ત ધર્યું. રે રંજન ધાતુ-મિલાપ. ઋ૦૪
કોઈ કહે-"લીલા રે અ-લખ અ-લખ તણી. રે લખ પુરે મન આશ,
દોષ-રહિતને લીલા નવિ ઘટે. રે લીલા દોષ-વિલાસ. ઋ૦ ૫
ચિત્ત-પ્રસન્ને રે પૂજન-ફલ કહ્યું. રે પૂજા અ-ખંડિત એહ.
કપટ-રહિત થઇ આતમ-અરપણા. રે આનન્દ-ઘન-પદ-રેહ. ૬

૨ શ્રી-અ-જિત-નાથ-જિન-સ્તવન.

[રાગ-આશાવરીઃ મારું મન મોહ્યું રે શ્રી વિમલાચલે રે-એ દેશી]

પંથડો નિહાળું રે બીજા જિનતણો. રે
અ-જિત અ-જિત-ગુણ-ધામ.
જે તેં જીત્યા. રે તેણે હું જિતિયો. રે
પુરુષ કિશ્યું મુજ નામ? પંથડો૦ ૧
ચરમ[1]-નયણ કરી મારગ જોવતાં. રે ભૂલ્યો સ-યલ-સંસાર.

---

૧ ચર્મ—પાઠાન્તર.

જેણે નયણે કરી મારગ જોઇએ, રે
નયણ તે દિવ્ય વિચાર. પંથડો૦ ૨
પુરુષ–પરંપર–અનુભવ જોવતાં, રે અંધો–અંધ પુલાય.
વસ્તુ–વિચારે રે જો આગમે કરી, રે
ચરણ–ધરણ નહીં ઠાય. પંથડો૦ ૩
તર્ક–વિચારેરે વાદ–પરંપરા. રે પાર ન પહોંચે કોય.
અભિમત–વસ્તુ–વસ્તુ–ગતે કહે. રે
તે વિરલા જગ જોય. પંથડો૦ ૪
વસ્તુ–વિચારે રે દિવ્ય–નયણુતણો રે વિરહ પડ્યો નિરધાર.
તરતમ–જોગે રે તર–તમ—વાસના--રે
વાસિત–બોધ આધાર. પંથડો૦ ૫
કાળ–લબ્ધિ લહી પંથ નિહાળશું. રે એ આશા અવલંબ.
એ જન જીવે રે જિનજી! જાણજો. રે
આનન્દ–ઘન–મત–અંબ. પંથડો૦ ૬

૩. શ્રી-સંભવ–નાથ–જિન–સ્તવન.

[રાગ–રામગ્રી: રાતલડી રમીને કિહાંથી આવિયારે—**એ દેશી**]

સંભવ–દેવ તે ધુર સેવો સવે. રે લહિ પ્રભુ–સેવન–ભેદ.
સેવન–કારણ પહેલી ભૂમિકા રે અભય: અદ્વેષ: અખેદ.સં૦ ૧
ભય: ચંચલતા હો જે પરિણામની. રે દ્વેષ: અ-રોચક–ભાવ.
ખેદ: પ્રવૃત્તિ હો કરતાં થાકીયે. રે દોષ: અ–બોધ લખાવ સં૦ ૨
ચરમા-ऽऽવર્તે હો ચરમ–કરણ: તથા–રે ભવ–પરિણતિ.પરિપાક.
દોષ ટળે. વળી. દૃષ્ટિ ખીલે ભલી રે પ્રાપ્તિ પ્રવચન–વાક્. સં૦૩
પરિચય પાતિક- ઘાતક સાધુ શું. રે અ–કુશલ–અપચય ચેત.
ગ્રન્થ-અધ્યાતમ-શ્રવણ–મનન કરી. રે પરિશીલન નય-હેત. સં૦ ૪

"કારણ-જોગે હો કારજ નીપજે." રે એમાં કોઇ ન વાદ.
પણ, કારણ વિણ કારજ સાધિયે રે એ-નિજ-મત-ઉન્માદ. સં૦ ૫
મુગ્ધ " સુગમ " કરી સેવન આદરે. રે સેવા અ-ગમ અનૂપ.
દેજો કદાચિત્ સેવક-યાચના રે
આનંદ-ઘન-રસ-રૂપ ! સંભવ૦ ૬

૪. શ્રી-અભિનંદન-જિન-સ્તવન.

[રાગ-ધનાશ્રી: સિંધુઓ: આજ નિહેજોરેદીસે નાહલો-એ દેશી.]

અભિનંદન-જિન ! દરિસણ તરસીએ. દરિસણ દુર્લભ દેવ.
મત-મત-ભેદેરે જો જઈ પૂછીએ, સહુ થાપે-" અહમેવ."
અભિનંદન૦ ૧
સામાન્યે કરી દરિસણ દોહિલું. નિર્ણય સકલ-વિશેષ.
મદમેં ઘેર્યોરે અંધો કેમ કરે રવિ-શશિ-રૂપ-વિલેખ! અભિ૦૨
હેતુ-વિવાદે હો ચિત્ત ધરી જોઈએ, અતિ-દુર્ગમ-નય-વાદ.
આગમ-વાદે હો ગુરુ-ગમ કો નહીં, એ સબલો વિષ-વાદ.અભિ૦૩
ઘાતિ-ડુંગર આડા અતિ ઘણા તુજ દરિસણ જગ-નાથ !
ધીઠાઇ કરી મારગ સંચરું, સેંગુ કોઇ ન સાથ. અભિ૦ ૪
" દરિસણ દરિસણ" રટતો જો ફિરું, તો રણ-રોઝ-સમાન.
જેહને પીપાસા હો અમૃત-પાનની,કિમ ભાંજે વિષ-પાન?અભિ૦૫
તરસ ન આવે હો મરણ-જીવનતણો, સીઝે જો દસિરણ-કાજ.
દરિસણ દુર્લભ, સુલભ કૃપાથકી આનંદ-ઘન-મહા-રાજ અભિ૦૬

૫. શ્રી-સુમતિ-નાથ-જિન-સ્તવન.

[રાગ-વસંત: તથા કેદારો:]

સુ-મતિ-ચરણ-ક-જ આતમ-અ-રપણો દરપણ જિમ અ-વિકાર.
મતિ-તરપણ: બહુ-સમ્મત જાણિયે: સુજ્ઞાની૦

પરિસરપણુ સુ·વિચારઃ સુજ્ઞા० સુમતિ० ૧
ત્રિ·વિધ સકલ–તનુ·ધર–ગત–આતમા બહિરાતમ ધુરિ ભેદ. સુ०
બીજો અંતર આતમા.તીસરો० પરમા–ऽऽતમ અ·વિચ્છેદ.સુ०સુ० ૨
આતમ–બુદ્ધે કાયા·ऽऽદિક ગ્રહ્યો. બહિરા·ऽऽતમ અઘ·રૂપ. સુ०
કાયા·ऽऽદિકનો હો સાખી·ધર રહ્યો,અંતર–આતમ–રૂપ.સુ०સુ०૩
જ્ઞાનાऽऽનન્દેહો પૂરણઃ પાવનોઃ વર્જિત–સકળ–ઉપાધ. સુ०
અતીન્દ્રિયઃ–ગુણ·ગણ·મણિ·આગરુઃ એમ પરમા–ऽऽતમ સાધ.સુ०૪
બહિરા·ऽऽતમ તજી, અંતર–આતમા–રૂપ થઇ થિર·ભાવ, સુ०
પરમા·ऽऽતામનું હો આતમ ભાવવું,આતમ અરપણ દાવ.સુ०સુ०૫
આતમ·અરપણ–વસ્તુ વિચારતાં, ભરમ ટળે–મતિ દોષ. સુ०
પરમ–પદા·ऽર્થ–સંપત્તિ સંપજે, આનન્દ·ઘન·રસ પોષ. સુ०સુ०૬

૬. શ્રી·પદ્મ પ્રભ·જિન·સ્તવન.

[રાગ–મારુઃ સિન્ધુઓઃ ચાંદલિયા સંદેશો કહેજે માહરા
કંતનેરે–એ દેશી]

પદ્મ·પ્રભ–જિન તુઝ–મુજ–આંતરુ. રે ! કિમ ભાંજે ભગવંત !
કર્મ–વિપાકે કારણ જોઇને,રે કોઇ કહે મતિમંત. પદ્મ·પ્રભ० ૧
પયઇઃઠિઇઃ અણુભાગઃ પ્રદેશથીઃ રે મૂલ–ઉત્તર·બહુ–ભેદઃ
ઘાતીઃઅ·ઘાતીઃ હોબંધોદયઃ ઉદીરણાઃ રે સત્તાઃકર્મઃ વિચ્છેદઃ પદ્મ०૨
કનકોપલવત્ પયડિ–પુરુષ તણી,રે જોડી અનાદિ–સ્વ·ભાવ.
અન્ય-સંજોગીજિહાં લગે આતમા,રે સંસારી કહેવાય.પદ્મપ્રભ०૩
કારણ–જોગે હો બાંધે બંધને. રે કારણ મુગતિ મુકાય.
આશ્રવઃસંવરઃ નામ અનુક્રમે રે હેયઃઉપાદેયઃસુણાય. પદ્મપ્રભ०૪
યુઞ્જ–કરણે હો અંતર તુઝ પડયો. રે ગુણ–કરણે કરી ભંગ.
ગ્રન્થ-ઉક્તે કરી પણ્ડિત જન કહ્યો રે અંતર·ભંગ સુ·અંગ.
પદ્મપ્રભ० ૫

તુજ મુજ અન્તર-અન્તર ભાંજશે, રે વાજશે મંગલ-તૂર.
જીવ-સરો-વર અતિશયવાધશે,રે આનંદ-ઘન-રસ-પૂર.પદ્મપ્રભ૦૬

૭. શ્રી-સુ-પાર્શ્વ-નાથ જિન-સ્તવન.

[રાગ-સારંગ: તથા મલ્હાર: લલનાની દેશી.]

શ્રી-સુ-પાસ-જિન વંદીયે. સુખ-સંપત્તિનો હેતુ: લલના
શાન્ત-સુધા-રસ-જલ-નિધિ: ભવ-સાગરમાંહે સેતુ: લલના
શ્રી સુપાસ૦ ૧

સાત-મહા-ભય ટાલતો સપ્તમ-જિન-વર-દેવ. લ૦
સા-વધાન-મનસા કરી, ધારો જિન-ऽપદ-સેવ.લ૦ શ્રી-સુ૦ ૨

શિવ: શંકર: જગદીશ્વરુ: ચિદા-ऽऽનંદ: ભગવાન. લ૦
જિન: અરિહા: તીર્થંકરુ: જ્યોતિ: સ્વ-રૂપ: અસમાન: લ૦
શ્રી-સુ૦ ૩

અ-લખ: નિર-ऽञ्जन: વચ્છલુ: સ-કલ-જન્તુ-વિશરામ: લ૦
અ-ભય-દાન-દાતા સદા: પૂરણુ: આતમ-રામ:લ૦ શ્રી-સુ૦ ૪

વીત-રાગ: મદ-કલ્પના-રતિ-અરતિ-ભય-શોગ-લ૦
નિદ્રા-તંદ્રા-દુરંદશા-રહિત: અ-બાધિત-યોગ: લ૦ શ્રી-સુ૦ ૫

પરમ-પુરુષ: પરમऽऽતમા: પરમેશ્વર: પરધાન, લ૦
પરમ-પદા-ऽરથ: પરમેષ્ઠી: પરમ-દેવ: પરમાન: લ૦ શ્રી-સુ૦ ૬

વિધિ: વિરંચિ: વિશ્વંભરુ: હૃષિકેશ: જગનાથ: લ૦
અઘ-હર: અઘ-મોચન: ધણી: મુક્તિ: પરમ-પદ-સાથ:લ૦ શ્રી-સુ૦૭

એમ અનેક અભિધા ધરે અનુભવ-ગમ્ય-વિચાર. લ૦
જે જાણે, તેહને કરે, આનંદ-ઘન-અવતાર. લ૦ શ્રી૦-સુ૦૮

---

૮. શ્રી–ચન્દ્ર-પ્રભ–જિન–સ્તવન.

[રાગઃ કેદારોઃ તથા ગોડીઃ
કુમરી રોવે આક્રંદ કરે, "મુને કોઇ મૂકાવે"–દેશી]

દેખણુ દે રે ! સખિ ! મુને દેખણુ દે
ચંદ્ર–પ્રભ–મુખચંદ. સખિ૦
ઉપશમ-રસનો કંદઃ સ૦
સેવે સુર–નર–ઇંદઃ સખિ૦
ગત–કલિ–મલ–દુઃખ–દંદઃ સખિઃ મુ૦ ૧

સુહુમ–નિગોદે ન દેખિયો. સખિ૦
બાદર અતિહિ વિશેષ. સખિ૦ મુને૦
પુઢવી–આઉ ન લેખિયો. સખિ૦
તેઉ–વાઉ ન લેશ. સખિ ! મુને૦ ૨

વનસ્પતિ અતિ–ઘણુ–દીહા. સ૦
દીઠો નહીં ય દીદાર. સખિ મુને૦
બિ–તિ–ચઉરિંદિઃ જલ–લિહાઃ સ૦
ગત–સન્નિઃ પણુ–ધારઃ સખિ ! મુને૦ ૩

સુર–તિરિ–નિરય–નિવાસમાં સ૦
મનુ–જ અના–ઽઽરજ સાથ. સખિ ! મુને૦
અ-પજ્જત્તા પ્રતિભાસમાં સ૦
ચતુર ન ચઢિયો હાથ. સખિ ! મુને૦ ૪

એમ અનેક–થલ જાણિયે સ૦
દરિસણુ–વિણુ જિન–દેવ. સખિ ! મુને૦
આગમથી મત જાણિયે. સ૦
કીજે નિર્મલ–સેવ. સખિ ! મુને૦ ૫

નિર્મળ–સાધુ–ભગતિ લહી, સ૦
યોગ–અ–વંચક હોય. સખિ ! મુને૦
કિરિયા–અ–વંચક તિમ સહી. સ૦
ફલ–અ-વંચક જોય. સખિ ! મુને૦ ૬
પ્રેરક અવસર જિન-વરુ. સ૦
મોહનીય ક્ષય જાય. સખિ ! મુને૦
કામિત–પૂરણ–સુર–તરૂ સ૦
આનંદ–ઘન–પ્રભુ–પાય. સખિ ! મુને૦ ૭

૯. શ્રી–સુ–વિધિ-નાથ–જિન-સ્તવન.

[રાગ–કેદારો: "એમ ધન્નો ધણને પરચાવે." એ દેશી]

સુ-વિધિ-જિણેસર-પાય નમીને, શુભ–કરણી એમ કીજે. રે
અતિ–ઘણો ઉલટ અંગ ધરીને, પ્રહ ઉઠીને પૂજીજે. રે સુવિધિ ૧
દ્રવ્ય–ભાવ–શુચિ–ભાવ ધરીને, હરખે દેહરે જઈએ. રે
દહ–તિગ પણ–અહિગમ સાચવતાં એક–મના ધુરિ થઈએ. રે ૨
કુસુમઃ અ-ક્ષતઃ વર–વાસઃ સુ-ગંધિ–ધૂપઃ દીપઃ મન-સાખી. રે
અંગ–પૂજા પણ–ભેદ સુણી-ઇમ, ગુરુઃ મુખઃ આગમ-ભાખીઃ રે ૩
એહનું ફલ દોય–ભેદ સુણીજે અનન્તર ને પરં–પર. રે
આણા-પાલણઃ ચિત્ત-પ્રસન્નીઃ મુગતિઃસુ-ગતિ સુર-મંદિર. રે સુ૦ ૪
ફુલઃ અક્ષતઃ વર–ધૂપઃ પઈવોઃ ગંધઃ નૈવેદ્યઃ ફલઃ જલ ભરી. રે,
અંગ–અગ્ર–પૂજા મળી અડ-વિધભાવે ભવિક શુભ-ગતિ વરી. રે સુ૦ ૫
સત્તર–ભેદઃ એક-વીશ-પ્રકારેઃ અટ્ઠોત્તર-શત-ભેદે. રે
ભાવ–પૂજાઃ બહુ–વિધ નિરધારી. દોહગ–દુર્ગતિ છેદે. રે સુ૦ ૬
તુરિય-ભેદઃ પડિવત્તિ–પૂજાઃ ઉપશમઃ ખીણઃ સ-યોગીઃ રે
ચઉ–હા-પૂજા ઇમ ઉત્તર-ઝ્ઝયણે ભાખી કેવલ-ભોગી. રે ૭

ઈમ પૂજા બહુ-ભેદ સુણીને, સુખ-દાયક શુભ-કરણી, રે
ભવિક-જીવ કરશે, તે લેશે આનંદ-ઘન-પદ-ધરણી. રે સુ૦ ૮

૧૦. શ્રી-શીતલ-નાથ-જિન-સ્તવન.

[રાગ-ધન્યાશ્રીઃ ગૌડઃ માંગલિક-માલા ગુણહ વિશાલા-એ દેશી.]

શીતલ-જિન-પતિ લલિત-ત્રિ-ભંગીઃ વિવિધ-ભંગી મન મોહે.રે
કરુણા-કોમલતાઃતીક્ષણતાઃ ઉદાસીનતાઃ સોહે. રે શીત૦ ૧
સર્વ-જંતુ-હિત-કરણી કરુણા. કર્મ-વિદારણ તીક્ષણ. રે
હાના-ઽઽદાન રહિત-પરિણામીઃ ઉદાસીનતા વીક્ષણ.રે શી૦ ૨
પર-દુઃખ-છેદન-ઈચ્છા કરુણાઃ તીક્ષણઃ પર-દુઃખ રીઝે. રે
ઉદાસીનતા ઉભય-વિલક્ષણઃ એક ઠામે કેમ સીઝે? રે શી૦ ૩
અ-ભય-દાનઃ મલ-ક્ષય કરુણાઃ તીક્ષણતા ગુણ-ભાવે. રે
પ્રેરક-વિણ-કૃત ઉદાસીનતાઃ ઈમ વિરોધ મતિ નાઽઽવે.રે શી૦૪
શક્તિઃ વ્યક્તિઃ ત્રિ-ભુવન-પ્રભુતાઃ નિર્ગ્રન્થતાઃ સંયોગે. રે
યોગીઃ ભોગીઃ વક્તાઃ મૌનીઃ અનુપયોગીઃ ઉપયોગે.રે શી૦૫
ઇત્યાદિક-બહુ-ભંગા ત્રિ-ભંગી. ચમત્કાર ચિત્ત દેતી. રે
અચરિજ-કારીઃ ચિત્ર-વિચિત્રાઃ આનન્દ-ઘન-પદ લેતી. રે શી૦ ૬

૧૧. શ્રી-શ્રેયાંસ-નાથ-જિન-સ્તવન.

[રાગ-ગૌડીઃ અહો મતવાલે સાજના! એ દેશી.]

શ્રી-શ્રેયાંસ જિન અંતર જામીઃ આતમ-રામીઃ નામીઃ રે
અધ્યાતમ-મત પૂરણ પામીઃ સહજ-મુગતિ-ગતિ-ગામી. રે ૧
સયલ-સંસારી ઇન્દ્રિય-રામી મુનિ-ગણ આતમ-રામી. રે
મુખ્યપણે જે આતમ-રામી, તે કેવલ નિઃકામી.રે શ્રી-શ્રે૦૨
નિજ-સ્વ-રૂપ જે કિરિયા સાધે, તેહ અધ્યાતમ લહીએ. રે
જે કિરિયા કરી ચઉ-ગતિ સાધે, તે ન અધ્યાતમ કહીએ. રે ૩

નામ-અધ્યાતમઃ ઠવણુ-અધ્યાતમઃ દ્રવ્ય-અધ્યાતમઃ છંડોરે,
ભાવ-અધ્યાતમઃ નિજગુણુ સાધે, તો તેહશું રઢ મંડો. રે ૪
શબ્દ-અધ્યાતમ-અરથ સુણીને, નિર્વિકલ્પ આદરજો. રે;
શબ્દ-અધ્યાતમ-ભજના જાણી, હાન-ગ્રહણુ-મતિ ધરજો. રે ૫
અધ્યાતમીઃ જે વસ્તુ વિચારી. બીજા જાણુ લબાસી. રે,
વસ્તુ-ગતે જે વસ્તુ પ્રકાશે, આનંદ-ઘન-મત-વાસી. રે શ્રી-શ્રે૦ ૬

૧૨. શ્રી·વાસુ·પુજ્ય·જિન-સ્તવન.

[રાગ:-ગોડીઃ તથા પરજ તુંગિયાગિરિ શિખરે સોહે એ દેશી.]
વાસુ-પૂજ્ય-જિન! ત્રિભુવન-સ્વામીઃ ઘનનામીઃ પરનામીઃ રે;
નિરા-ઽઽકારઃ સા-ઽઽકારઃ સ-ચેતનઃ કરમઃ કરમ-ફલ-કામીઃ રેવા૦ ૧
નિરા-ઽઽકારઃ અ-ભેદ-સંગ્રાહક. ભેદ-ગ્રાહક સા ઽઽકારોઃ રે
દર્શનઃ જ્ઞાનઃ દુ-ભેદ-ચેતના વસ્તુ-ગ્રહણુ-વ્યાપારો. રે વા૦ ૨
કર્ત્તાઃ પરિણામિઃ પરિણામો. કર્મઃ જે જીવે કરિયે. રે
એક-અનેક-રૂપઃ નય-વાદે નિયતે નર અનુસરિયે. રે વા૦ ૩
દુઃખ-સુખ-રૂપ કરમ-ફલ જાણો. નિશ્ચયઃ એક આનન્દો. રે
"ચેતનતા-પરિણામ ન ચૂકે ચેતનઃ"-કહે જિન-ચંદો. રે વા૦ ૪
પરિણામી ચેતન પરિણામોઃ-જ્ઞાનઃ કરમઃ ફલઃ ભાવી. રે
જ્ઞાનઃ કરમઃ ફલઃ ચેતન કહીએ. લેજો તેહ મનાવી રે વા૦ ૫
આતમ-જ્ઞાની શ્રમણુ કહાવે. બીજા તો દ્રવ્ય-લિઙ્ગી. રે
વસ્તુ-ગતે જે વસ્તુ પ્રકાશે, આનન્દ-ઘન-મતિ-સંગી. રે વા૦ ૬

૧૩. શ્રી વિમલ-નાથ·જિન-સ્તવન.

[રાગ મલ્હારઃ ઇડર આંબા આંબલીરે એ દેશી]
દુઃખ-દોહગ દૂરે ટળ્યાઃ રે સુખ-સંપદશું ભેટઃ
ધીંગ-ધણી માથે કિયો રે કુણુ ગંજે નર-ખેટ ?

વિમલ-જિન ! દીઠાં લોયણ આજ.
મ્હારાં સીધ્યાં વંછિત-કાજ. વિમલ૦ ૧
ચરણ-કમળ-કમલા વસે રે નિર્મલ-થિર-પદ દેખ.
સ-મલ-અ-થિર-પદ પરિહરીરે પંક-જ પામર પેખ.વિ૦ દી૦૨
મુજ મન તુજ પદ-પંકજે રે લીનો ગુણ-મકરંદ.
રંક ગણે મંદર-ધરાઃરે ઈંદ્રઃ ચંદ્રઃ નાગેન્દ્રઃ વિ૦ દી૦ ૩
સાહિબ ! સમરથ તું ધણીઃ રે પામ્યો પરમ-ઉદારઃ
મન-વિશરામીઃ વાલ્હો રે આતમચો આધારઃ વિ૦ દી૦ ૪
દરિસણ દીઠે જિનતણું રે સંશય ન રહે વેધ.
દિન-કર-કર-ભર પસરંતા રે અન્ધ-કાર-પ્રતિષેધ. વિ૦ દી૦૫
અ-મિય-ભરી મૂરતિ રચી રે ઉપમા ન ઘટે કોય.
શાન્ત-સુધા-રસ ઝીલતી. રે નિરખત તૃપ્તિ ન હોય.વિ૦દી૦ ૬
એક-અરજ સેવક તણી રે, અવધારો જિન-દેવ !
કૃપા કરી મુજ દીજીયે રે આનંદ-ઘન-પદ-સેવ. વિ૦ દી૦ ૭

૧૪. શ્રી-અનંત-નાથ-જિન-સ્તવન.

[રાગ-રામગિરિઃ કડખાઃ પ્રભાતીઃ]

ધાર તરવારની સોહિલી. દોહિલી ચઉદમા જિનતણી ચરણ-સેવા.
ધાર પર નાચતાં દેખ બાજીગરા. સેવના-ધારપર રહે ન દેવા. ધા૦૧
એક કહે "સેવીએ વિવિધ-કિરિયા કરી."
ફલ અનેકાંત લોચન ન દેખે.
ફલ અનેકાંત-કિરયિા કરી બાપડા.
રડવડે ચાર-ગતિમાંહે લેખે. ધાર૦ ૨
ગચ્છના ભેદ બહુ નયણ નિહાળતાં
તત્ત્વની વાત કરતાં ન લાજે.

ઉદર-ભરણા-ऽऽदि-નિજ-કાજ કરતાં થકાં.
મોહ-નડિયા કલિ-કાલ-રાજે. ધાર૦ ૩
વચન-નિર-ऽपेक्ष-વ્યવહાર જૂઠો કહ્યો.
વચન-સા-ऽपेक्ष-વ્યવહાર સાચો.
વચન-નિર-ऽपेक्ष વ્યવહાર સંસાર-ફલ.
સાંભળી, આદરી કાંઈ રાચો. ધાર૦ ૪
દેવઃ ગુરુઃ ધર્મઃની શુદ્ધિ કહો કિમ રહે?
કિમ રહે શુદ્ધ શ્રદ્ધાન આણો.
શુદ્ધ-શ્રદ્ધાન-વિણુ સર્વ-કિરિયા કરે,
છાર પર લીંપણું તેહ જાણો. ધાર૦ ૫
પાપ નહીં કોઈ ઉત્સૂત્ર-ભાષણ જિશ્યો.
ધર્મ નહીં કોઈ જગ-સૂત્ર-સરિખો.
સૂત્ર-અનુસાર જે ભવિક કિરિયા કરે,
તેહનું શુદ્ધ-ચારિત્ર પરીખો. ધા૦ ૬
એહ ઉપદેશનો સાર સંક્ષેપથી
જે નરા ચિત્તમાં નિત્ય ધ્યાવે,
તે નરા દિવ્ય બહુ-કાળ સુખ અનુભવી,
નિયત આનન્દ-ઘન-રાજ પાવે. ધાર૦ ૭

૧૫. શ્રી-ધર્મ-નાથ-જિન-સ્તવન.

[રાગ-ગોડીઃ સારંગ રશીયાની દેશી.]

ધર્મ-જિનેશ્વર ! ગાઉં રંગશું.
ભંગ મ પડશો હો પ્રીત. જિનેશ્વર૦ !
બીજો મન-મંદિર આણું નહીં.
એ અમ કુલ-વટ-રીત. જિ૦ ધર્મ૦ ૧

"ધરમઃ ધરમઃ" કરતો જગ સહુ ફિરે.
ધરમ ન જાણે હો મર્મ જિ૦
ધરમ–જિનેશ્વર–ચરણ ગ્રહ્યા પછી,
કોઇ ન બાંધે હો કર્મ. જિ૦ ધર્મ૦ ૨
પ્રવચન–અઞ્જન જો સદ્ગુરુ કરે,
દેખે પરમ નિધાન. જિ૦
હૃદય–નયણ નિહાલે જગ-ધણી.
મહિમા મેરુ–સમાન જિ૦ ધ૦ ૩
દોડત દોડત દોડત દોડીયો,
જેતી મનની રે દોડ. જિ૦
પ્રેમ–પ્રતીત વિચારો ઢુંકડી.
ગુરુ–ગમ લેજો રે જોડ. જિ૦ ધ૦ ૪
એક-પખી કેમ પ્રીતિ પરવડે ?
ઉભય મિલ્યા હોય સંધિ. જિ૦
હું રાગીઃ હું મોહે ફંદિયોઃ
તું નીરાગીઃ નિરબંધઃ જિ૦ ધ૦ ૫
પરમ–નિધાન પ્રગટ મુખ આગળે.
જગત ઉલ્લંઘી હો જાય. જિ૦
જ્યોતિ–વિના જુઓ જગદીશની.
અંધોઅંધ પુલાય. જિ૦ ધ૦ ૬
નિર્મલ-ગુણ–મણિ-રોહણ-ભૂધરા
મુનિ–જન–માનસ–હંસ. જિ૦
ધન્ય તે નગરીઃ ધન્ય વેલાઃ ઘડીઃ
માતઃ પિતાઃ કુલઃવંશઃ જિ૦ ધર્મ૦ ૭

મન-મધુ-કર-વર કર જોડી કહે,
　　　પદ-ક-જ-નિકટ-નિવાસ.　　જિ૦
ઘન-નામી આનંદ-ઘન સાંભળો,
　　　એ સેવક—અરદાસ.　　જિ૦ ધર્મ૦ ૮

૧૬. શ્રી-શાન્તિ-નાથ-જિન-સ્તવન,

[રાગ-મલ્હાર: ચતુર ચોમાસું પડિક્કમી. એ દેશી]

શાન્તિ જિન! એક મુઝ વિનતિ સુણો ત્રિ-ભુવન-રાય. રે
શાન્તિ-સ્વ રૂપ કિમ જાણિએ? કહો "મન કીમ પરખાય" રે? શાં૦ ૧
"ધન્ય તું આતમા. જેહને એહવો પ્રશ્ન-અવકાશ રે?
ધીરજ મન ધરી સાંભળો-કહું શાન્તિ-પ્રતિભાસ. રે શાં૦ ૨
ભાવ અ-વિશુદ્ધઃ સુ-વિશુદ્ધઃ જે કહ્યા જિન-વર-દેવ. રે
"તે તિમ" અ-વિતથ સદ્દહે, પ્રથમ એ શાંતિ-પદ-સેવ. રે શાં૦ ૩
આગમ-ધરઃ ગુરુ સમકિતિઃ કિરિયા સંવર સાર. રે
સંપ્રદાયીઃ અવંચક સદાઃ શુચિ-અનુભવા-ઽઽધાર. રે શાં૦ ૪
શુદ્ધ-આલંબન આદરે તજી અવર-જંજાલ. રે
તામસી-વૃત્તિ સવિ પરિહરે. ભજે સાત્ત્વિક-શાલ. રે શાં૦ ૫
ફલ-વિસંવાદ જેહમાં નહીં, શબ્દ તે અર્થ સંબંધી. રે
સકલ-નય-વાદ વ્યાપી રહ્યો, તે શિવ-સાધન-સંધિ. રે શાં૦ ૬
વિધિઃ પ્રતિષેધઃ કરી આતમા-પદા-ઽરથ અ-વિરોધ. રે
ગ્રહણ-વિધિ મહા-જને પરિગ્રહ્યો. ઇસ્યો આગમે બોધ. રે શાં૦ ૭
દુષ્ટ-જન-સંગતિ પરિહરી, ભજે સુ-ગુરુ-સંતાન. રે
જોગ સામર્થ્ય ચિત્ત-ભાવ જે ધરે મુગતિ-નિદાન. રે શાં૦ ૮
માન-અપમાન ચિત્ત સમ ગણે. સમ ગણે કનક-પાષાણ. રે
વન્દક-નિન્દક સમ ગણે. ઇસ્યો હોય તું જાણ. રે શાં૦ ૯

સર્વ-જગ-જંતુને સમ ગણે સમ ગણે તૃણ-મણિ-ભાવ. રે
મુક્તિ સંસાર બિહુ સમ ગણે. મુણે ભવ-જલ-નિધિ-નાવ રે શાં૦ ૧૦
આપણો આતમ-ભાવ જે એક ચેતના-ઽઽધાર. રે
અવર સવિ સાથ સંયોગથી. એહ નિજ-પરિકર સાર. રે" શાં૦ ૧૧
પ્રભુ-મુખથી એમ સાંભળી. કહે આતમ-રામ. રે
"તાહરે દરિશણે નિસ્તર્યો, મુજ સીધાં સવિ-કામ. રે શાં૦ ૧૨
અહો અહો હું મુજને કહું,-"નમો મુજ નમો મુજ. રે"
અ-મિત-ફલ-દાન-દાતારની જેહને ભેટ થઈ તુજ. રે" શાં૦ ૧૩
શાન્તિ-સ-રૂપ સંક્ષેપથી. કહ્યો નિજ-પર-રૂપ. રે"
આગમમાંહે વિસ્તર ઘણો. કહ્યો શાન્તિ જિન-ભૂપ. રે શાં૦ ૧૪
શાન્તિ-સ-રૂપ એમ ભાવશે. ધરી શુદ્ધ-પ્રણિધાન. રે
આનંદ-ઘન-પદ પામશે. તે લહેશે બહુ-માન. રે શાં૦ ૧૫

૧૭. શ્રી-કુંથુ-નાથ-જિન-સ્તવન.

[રાગ-ગુર્જરીઃ રામ-કલિ અંબર દેહો મોરારી હમારો-એ દેશી.]

મનડું કિમહિ ન બાઝે! હો! કુન્થું-જિન મનડું કિમહિ ન બાઝે!
જિમ જિમ જતન કરીને રાખું, તિમ તિમ અલગું ભાંઝે હો. કું૦ ૧
રજની-વાસરઃ વસતી-ઉજડ-ગયણઃ પાયાલેઃ જાય.
"સાપ ખાયને મુખડું થોથું." એહ ઉખાણો ન્યાય. હો! કું૦ ૨
મુગતિતણા અભિલાષીઃ તપીયાઃ જ્ઞાનઃ ને ધ્યાનઃ અભ્યાસેઃ
વયરીડું કાંઈ એહવું ચિંતે નાંખે અવળે પાસે હો ! કું૦ ૩
આગમ આગમ-ધરને હાથે નાઽઽવે કિણ-વિધ આંકું.
કિહાં કણે જો હઠ કરી હટકું. તો વ્યાલતણીપરે વાંકું હો.! કું૦ ૪
જો "ઠગ" કહું તો ઠગ તો ન દેખું. શાહુકાર પણ નાંહી.
સર્વમાંહે ન સહુથી અલગું. એ અચરિજ મનમાંહી. હો! કું૦ ૫

જે જે કહું, તે કાન ન ધારે. આપ-મતે રહે કાલો.
સુર-નર-પણ્ડિત-જન સમજાવે. ન માહરો સાલો. હો ! કું૦ ૬
મેં જાણ્યું "એ લિઙ્ગ નપુંશક." સકલ-મરદને ઠેલે.
બીજી વાતે સમરથ છે નર. એહને કોઇ ન જેલે. હો ! કું૦ ૭
"મન સાધ્યું, તેણે સઘળું સાધ્યું." એહ વાત નહિ ખોટી.
એમ કહે, સાધ્યું નવિ માનું. એક હિ વાત છે મ્હોટી. હો ! કું૦ ૮
"મનડું દુરા-ઽઽરાધ્ય તેં વશ આણ્યું." તે આગમથી મતિ આણું.
આનદ-ઘન-પ્રભુ ! માહરું આણો. તો સાચું કરી જાણું. હો ! કું૦ ૯

૧૮ શ્રી-અર-નાથ-જિન સ્તવન.

[રાગ-પરજઃ તથા ઋષભનો વંશ રયણાયરુ-એ દેશી]

ધરમ પરમ અર-નાથનો, કિમ જાણું ભગવંતરે,
સ્વ-પર-સમય સમજાવીએ. મહિમાવંત મહંતરે ધર. મ૦ ૧
શુદ્ધા-ઽઽતમ-અનુભવ સદા. સ્વ-સમય એહ વિલાસ. રે
પર-પડિછાંયડી જે પડે. તે પર-સમય નિવાસ. રે ધ૦ ૨
તારાઃ નક્ષત્રઃ ગ્રહઃ ચંદ્રઃની, જ્યોતિ દિનેશ મોઝાર. રે
દર્શનઃ જ્ઞાનઃ ચરણઃથકી. શક્તિ નિજા઼ઽ-ઽતમ ધાર. રે ધ૦ ૩
ભારીઃ પીળોઃ ચીકણોઃ. કનક અનેક-તરઙ્ગ. રે
પર્યાય-દૃષ્ટિ ન દિજીએ. એક જ કનક અ-ભઙ્ગ. રે ધ૦ ૪
દરશનઃ જ્ઞાનઃ ચરણ. થકી, અ-લખ સ-રૂપ અનેક. રે
નિર્વિકલ્પ-રસ પીજીએ. શુદ્ધ-નિરઞ્જન એક રે. ધ૦ ૫
પરઽમા-ઽરથ-પંથ જે કહે, તે રંજે એક-તંત રે
વ્યવહારે-લખ જે રહે, તેહના ભેદ અનન્ત. રે ધ૦ ૬
વ્યવહારે લખ દોહિલો. કાંઈ ન આવે હાથ. રે
શુદ્ધ-નય-થાપના સેવતાં. નવિ રહે દુ-વિધા-સાથ. રે ધ૦ ૭

એક-પખી લખ પ્રીતિની. તુમ સાથે જગ-નાથ. રે
કૃપા કરીને રાખજો, ચરણુ-તળે ગ્રહી હાથ. ! રે ધ० ૮
ચક્રી ધરમ-તીરથતણો. તીરથ-ફલ તત્ત-સાર. રે
તીરથ સેવે, તે લહે. આનન્દ-ઘન નિરધાર રે ધ० ૯

૧૯. શ્રી-મલ્લિ-નાથ-જિન-સ્તવન.

[રાગ-કાફીઃ સેવક કિમ અવગણિયે ?]

સેવક કિમ અવગણીયે ? હો ! મલ્લિ-જિન !
એહ અબ શોભા સારી ?
અવર જેહને આદર અતિ દીયે; તેહને મૂલે નિવારી. હો ! મ० ૧
જ્ઞાન-સ્વ-રૂપ અના-ऽऽદિ તમારું. તે લીધું તમે તાણી.
જુઓ અ-જ્ઞાન-દશા રીસાવી. જાતાં કાંણુ ન આણી. હો ! મ० ૨
નિદ્રાઃ સુપનઃ જાગરઃ ઉજાગરતાઃ તુરીય-અવસ્થા આવી.
નિદ્રાઃ સુપનઃ દશા રીસાણી, જાણી, ન નાથ મનાવી. હો ! મ० ૩
સમક્તિસાથે સગાઇ કીધી. સ-પરિવાર શું ગાઢી.
મિથ્યા-મતિ અપરાધણ જાણી, ઘરથી બહિર કાઢી. હો ! મ० ૪
હાસ્યઃ અ-રતિઃ શોકઃ દુગઞ્છાઃ ભયઃ પામર *કરસાલી;
નો-કષાય ગજ-શ્રેણિ ચડતાં, શ્વાનતણી ગતિ ઝાલી. હો! મ० ૫
રાગઃદ્વેષઃ અ-વિરતિઃની પરિણુતિ. એ ચરણુ-મોહના યોદ્ધા.
વીત-રાગ-પરિણુતિ પરિણુમતાં, ઉઠી નાઠા બોધા. હો ! મ० ૬
વેદોદય કામા પરિણામા, કામ્ય-કરમ સહુ ત્યાગી,
નિઃકામીઃ કરુણા-રસ-સાગરઃ અનંત-ચતુષ્ક પદ-પાગી. હો ! મ० ૭ ભાગી
દાન-વિઘન વારી, સહુ-જનને અ-ભય-દાન-પદ-દાતા.
લાભ-વિઘન જગ-વિઘન નિવારક, પરમ-લાભ-રસ-માતા હો. મ० ૮

---

* ધુરસાલી પાઠાન્તર.

વીર્ય-વિઘન પણ્ડિત-વીર્યે હણી, પૂરણ-પદવી-યોગી.
ભોગોપભોગ દોય વિઘન નિવારી,પૂરણ-ભોગ-સુ-ભોગી હો! મ૦૯
એ અઢાર દૂષણ-વર્જિત-તનુ મુનિ-જન-વૃંદે ગાયા.
અ-વિરતિ-રૂપક દોષ નિરુપણ, નિર્દૂષણ મન ભાયા. હો ! મ૦ ૧૦
ઇણ વિધ પરખી, મન-વિશરામી, જિન-વર-ગુણ જે ગાવે-
દીન બધુની મ્હેર-નજરથી આનન્દ-ઘન-પદ પાવે. હો ! મ૦ ૧૧

૨૦ શ્રી-મુનિ-સુ-વ્રત-જિન-સ્તવન.

[રાગ-કાફી: આધા આથ પધારો પૂજ્ય-એ દેશી]

મુનિ-સુ-વ્રત- જિન-રાય ! એક મુઝ વિનતિ નિસુણો.
"આતમ- તત્ત્વ કયું જાણું જગત-ગુરુ ! એહ વિચાર મુઝ કહિયો.
આતમ-તત્ત્વ જાણ્યાવિણ નિર્મલ-ચિત્ત-સમાધિ નવિ લહિયો
મુ૦ ૧ એ આંકણી.

કોઈ "અ-બંધ આતમ-તત્ત." માને. કિરિયા કરતો દીસે.
"કિરિયાતણું ફલ કહો કુણ ભોગવે ?" ઇમ પૂછયું, ચિત્ત રીસે. મુ૦
જડ:ચેતન: એ આતમ એક જ સ્થાવર: જંગમ: સરિખો-
સુખ-દુ:ખ-સંકર-દૂષણ આવે. ચિત્ત વિચારી જો પરીખો. મુ૦ ૩
એક કહે " નિત્યજ આતમ-તત્ત " આતમ-દરિસણ-લીનો.
કૃત વિનાશ: અકૃતાઽઽગમ-દૂષણ;નવિ દેખે મતિ હીણો મુ૦૪
સૌગત-મત-રાગી કહે વાદી:-"ક્ષણિક એ આતમ જાણો."
બંધ:મોક્ષ: સુખ: દુ:ખ: નવિ ઘટે. એહ વિચાર મન આણો.મુ૦ ૫
ભૂત-ચતુષ્ક-વર્જિત-આતમ-તત્ત સત્તા અલગી ન ઘટે "
અંધ શકટ જો નજરે ન દેખે, તો શું કીજે શકટે ? મુ૦ ૬
એમ અનેક-વાદિ-મત-વિભ્રમ-સંકટ પડિયો, ન લહે-

ચિત્ત-સમાધિ. તે માટે પૂછું. તુમવિણુ તત્ત કોઈ ન કહે."મુ૦ ૭
"વલતું જગ-ગુરુ ઈણિપરે ભાખે-પક્ષ-પાત સબ છંડી.
રાગ-દ્વેષ-મોહ-પખ-વર્જિત આતમશું રઢ મંડી. મુ૦ ૮
આતમ-ધ્યાન કરે જો કોઉ, સો ફિર ઈણુમે નાડડવે,
વાગ-જાલ બીજું સહુ જાણે, એહ તત્ત્વ ચિત્ત ચાવે. મુ૦ ૯
જિણે વિવેક ધરી એ પખ ગ્રહિયો, તે તત્ત-જ્ઞાની કહિયે.
શ્રીમુનિસુવ્રત કૃપા કરોતો,આનંદ ઘન-પદ લહિયે. મુ૦૧

૨૧. શ્રી-નમિ-નાથ-જિન-સ્તવન.

[રાગ-આશાવરી: ધન ધન સંપ્રતિ સાચો રાજા: એ દેશી]

ષડ્-દરિસણ જિન-અંગ ભણીજે, ન્યાસ ષડ-ડઙ્ગ જો સાધે.
નમિ જિન-વરના ચરણ-ઉપાસક ષડ્-દરિસન આરાધે રે ષ૦૧
જિન-સુર-પાદપ-પાય વખાણું સાંખ્ય: જોગ: દોય ભેદે. રે
આતમ-સત્તા-વિવરણ કરતાં, લહો દુગ અંગ અ-ખેદે. રે ષ૦૨
ભેદ: અ ભેદ: સૌ-ગત-મીમાંસક: જિન-વર દોય કરી ભારી રે,
લોકા-ડ-લોક-અવલંબન ભજીયે, ગુરુ ગમથી અવધારી. રે ષ૦૩
લોકાયતિક: કુખ જિન વરની, અંશ વિચારી જો કીજે. રે
તત્ત્વ-વિચાર-સુધા-રસ-ધારા ગુરુ-ગમવિણુ કમિ પીજે? રે.ષ૦ ૪
જૈન: જિનેશ્વર-ઉત્તમ-અંગ, અન્તર-ડઙ્ગ-બહિર-ડઙ્ગે. રે
અક્ષર-ન્યાસ-ધરા-આરાધક. આરાધે ધરી સંગે. રે ષ૦ ૫
જિન-વરમાં સઘળા દરિસણ છે. દરિસણમાં જિન-વર-ભજના.રે૦
સાગરમાં સઘળી-તટિની સહી, તટિનીમાં સાગર-ભજના રે ષ૦૬
જિન સ્વરૂપ થઈ જિન આરાધે, તે સહી જિનવર હોવે રે,
ભૃંગી ઇલિકાને ચટકાવે. તે ભૃંગી જગ જોવે. રે ષ૦ ૭

ચુર્ણિ: ભાષ્ય: સૂત્ર: નિર્યુક્તિ: વૃત્તિ: પરંપર-અનુભવ. રે
સમય-પુરુષનાં અંગ કહ્યા એ. જે છેદે તે દુર્ભવ. રે ષ૦ ૮
મુદ્રા: બીજ: ધારણા: અક્ષર: ન્યાસ: અરથ-વિનિયોગ. રે,
જે ધ્યાવે, તે નવિ વંચિજે. ક્રિયા-અવંચક ભોગે. રે ષ૦ ૯
શ્રુત-અનુસાર વિચારી બોલું. "સુ-ગુરુ તથા વિધ ન મિલે. રે
કિરિયા કરી નવિ સાધી શકિયે." એ વિષ-વાદ ચિત્ત સઘળે. રે ષ૦૧૦
તે માટે ઉભો કર જોડી, જિન-વર આગલ કહીયે. રે
"સમય-ચરણ-સેવા શુદ્ધ દેજો, જેમ આનંદ-ઘન લહીયે. રે ષ૦૧૧

૨૨ શ્રી-નેમિનાથ-જિન-સ્તવન.

[રાગ—મારુણી: ધણરા ઢોલા—એ દેશી]

અષ્ટ-ભવંતાર વાલહી. રે તું મુઝ આતમ-રામ. મનરા વાલા!
મુગતિ-સ્ત્રીશું આપણે. રે સગપણ કોઈ ન કામ. મ૦ ૧
ઘર આવો હો વાલમ! ઘર આવો! મારી આશાના વિશરામ!
રથ ફેરો હો! સાજન! રથ ફેરો માહરા મનો-રથ-સાથ. મ૦ ૨
" નારી-પખો શો નેહલો રે, સાચ કહે જગ-નાથ "
ઈશ્વર અર્ધાંગે ધરી રે તું મુઝ ઝાલે ન હાથ, મ૦ ૩
પશુ-જનની કરુણા કરી રે આણી હૃદય-વિચાર.
માણસની કરુણા નહિ. રે એ કુણ ઘર આચાર? મ૦ ૪
પ્રેમ-કલ્પ-તરુ છેદીયો. રે ધરિયો જોગ-ધતૂર.
ચતુરાઈરો કુણ કહો રે ગુરુ મિલિયો જગ-સૂર? મ૦ ૫
મારું તો એમાં કાંઈ નહિ રે આપ વિચારો રાજ!
" રાજ-સભામાં બેસતાંરે કિસડી બધસી લાજ? " મ૦ ૬
પ્રેમ કરે જગ-જન સહુ. રે નિર્વાહે તે ઓર.

પ્રીત કરીને છોડી દે. રે તેહશું ન ચાલે જોર. મ૦ ૭
જો મનમાં એહવું હતું. રે નિસપત કરત ન જાણ.
નિસપત કરીને છાંડતાં, રે માણુસ હુવે નુકસાન. મ૦ ૮
દેતાં દાન સંવત્સરી, રે સહુ લહે વંછિત પોષ.
સેવક વંછિત નવિ લહે, રે એ સેવકનો દોષ. ૯
સખી કહે-"એ શામળો." રે હું કહું "લક્ષણ" સેત
ઇણ-લક્ષણ સાચી સખી. રે આપ વિચારો હેત. મ૦ ૧૦
"રાગી શું રાગી સહુ. રે વૈરાગી શ્યો રાગ!"
રાગ વિના કિમ દાખવો રે મુગતિ-સુંદરી-માગ? મ૦ ૧૧
એક-ગુહ્ય ઘટતું નથી, રે સઘળોયે જાણે લોક.
અનેકાંતિક ભોગવો રે બ્રહ્મ-ચારી ગત-રોગ મ૦ ૧૨
જિણ જોણે તુમને જોઉં, રે તિણ જોણે જુવો રાજ!
એક-વાર મુઝને જુઓ. રે તો સીઝે મુજ કાજ. મ૦ ૧૩
મોહ-દશા ધરી ભાવના. રે ચિત્ત લહે તત્ત્વ-વિચાર.
વીત-રાગતા આદરી રે પ્રાણ-નાથ નિર-ધાર. મ૦ ૧૪
સેવક પણ તે આદરે રે તો રહે સેવક-મામ. મ૦
આશય સાથે ચાલીએ. રે એહી જ રૂડું કામ. મ૦ ૧૫
ત્રિ-વિધ-યોગ ધરી આદર્યો રે. નેમિનાથ ભરતાર.
ધારણ: પોષણ: તારણો: રે નવ-રસ-મુગતા-હાર મ૦ ૧૬
કારણ-રૂપી પ્રભુ ભજ્યો રે. ગણ્યું ન કાજ-અકાજ
કૃપા કરી મુઝ દીજીએ રે આનન્દ-ઘન-પદ-રાજ મ૦ ૧૭

૨૩. શ્રી–પાર્શ્વ–નાથ–જિન–સ્તવન.

[રાગ–સારંગ રસીઆની દેશી]

ધ્રુવ-પદ-રામી! હો: સ્વામિ! માહરા! નિઃકામી-ગુણ:રાય સુ-જ્ઞાની.
નિજ–ગુણ–કામી: હો! પામી તું ધણી, ધ્રુવ–
આરામી હો! થાય. સુજ્ઞાની ધ્રુ૦ ૧

સર્વ–વ્યાપી કહો સર્વ–જાણગપણે. પર–પરિણમન-સ્વ-રૂપ. સુ૦
પર- રૂપે કરી તત્ત્વપણું નહીં સ્વ–સત્તા ચિદ્-રૂપ. સુ૦ ધ્રુ૦ ૨

જ્ઞેય અનેકે હો! જ્ઞાન–અનેકતા–જલ–ભાજન રવિ જેમ. સુ૦
દ્રવ્ય-એકત્વપણે ગુણ-એકતા નિજ-પદ રમતા હો! ખેમ સુ૦ ધ્રુ૦ ૩

પર–ક્ષેત્રે ગત જ્ઞેયને જાણવે, પર–ક્ષેત્રે થયું જ્ઞાન. સુ૦
"અસ્તિપણું નિજ–ક્ષેત્રે" તુમે કહ્યું, નિર્મલતા ગુણમાન. સુ૦ ધ્રુ૦ ૪

જ્ઞેય–વિનાશે હો! જ્ઞાન વિનશ્વરુ, કાળ–પ્રમાણે રે થાય. સુ૦
સ્વ–કાળે કરી સ્વ–સત્તા સદા, તે પર રીતે ન જાય. સુ૦ ધ્રુ૦ ૫

પર–ભાવે કરી પરતા પામતાં, સ્વ–સત્તા–થિર–ઠાણ. સુ૦
આત્મ-ચતુષ્કમયી પરમાં નહીં, તો કિમ સહુનો રે જાણ સુ૦. ધ્રુ૦ ૬

અ-ગુરુ-લઘુ: નિજ–ગુણને દેખતાં, દ્રવ્ય સકલ દેખંત. સુ૦
સાધારણ–ગુણની સાધર્મ્યતા, દર્પણ-જલને દૃષ્ટાંત. સુ૦ ધ્રુ૦ ૭

શ્રી પારસ-જિન પારસ–રસ સમો, પણ ઇહાં પારસ નાંહિ સુ૦
પૂરણ-રસિયો હો! નિજ–ગુણ–પરસનો
આનંદ-ઘન મુજ માંહિ. સુ૦ ધ્રુ૦ ૮

૨૪. શ્રી–મહા–વીર–વર્ધમાન–જિન–સ્તવન.

(રાગ–ધનાશ્રીઃ)

વીરજીને ચરણે લાગું. વીરપણું તે માગું. રે
મિથ્યા-મોહતિમિર ભય ભાગ્યું જિત-નગારું વાગ્યું રે વી૦ ૧
છઉમત્થ-વીર્ય લેશ્યા-સંગે અભિસંધિજ મતિ-અંગે. રે
સૂક્ષ્મ-સ્થુલ–ક્રિયાને રંગે, યોગી થયો ઉમંગે. રે વી૦ ૨
અ-સંખ્ય–પ્રદેશે વીર્ય–અસંખ્યે, યોગ અ-સંખિત કંખે. રે
પુદ્ગલ–ગણ તિણે લે સુ-વિશેષે યથા-શક્તિ-મતિ–લેખે. રે વી૦૩
ઉત્કૃષ્ટ–વીર્ય–નિવશે યોગ–ક્રિયા નવી પેસે. રે
યોગતણી ધ્રુવતાને લેશે આતમ–શક્તિ ન ખેસે. રે વી૦ ૪
કામ–વીર્ય-વશે જિમ ભોગી, તિમ આતમ થયો ભોગીરે
શૂરપણે આતમ–ઉપયોગીઃ થાય તેહ અ–યોગી. રે વી૦ ૫
"વીરપણું: તે આતમ–ઠાણે" જાણ્યું તુંમચી વાણે. રે
ધ્યાન-વિન્નાણે શક્તિ-પ્રમાણે નિજ-ધ્રુવપદ પહિચાણે રે વી૦ ૬
આલંબન–સાધન જે ત્યાગે,–પરિણ-તિને ભાગે. રે
અક્ષય-દર્શન-જ્ઞાન વૈરાગ્યે આનન્દ-ઘન––પ્રભુ જાગે. રે વી૦૭

---

૧ ઉત્કૃષ્ટ ક્રિયા નય દેશે પાઠાન્તર. ૨ દ્રવ્ય તણી પાઠાન્તર.

સ્વર્ગસ્થ ભાઈશ્રી નરોત્તમદાસ કેશવજીભાઈની જીવનરેખા.

સ્વર્ગસ્થ ભાઇ નરોત્તમદાસનો જન્મ સદ્‌ભાગ્યે જૈન કુળની મહત્તા સમજનાર અને શ્રીમંત કુટુંબમાં થયો હતો. પૂર્વ જન્મના પુણ્યાનુસાર પ્રાપ્ત થયેલી સામગ્રીનો સદુપયોગ ધર્મરુચિમાં પરિણમ્યો, સ્વ. ભાઇ નરોત્તમદાસઃ—

“ સુવિધિનાથ તુમ ગુણ કુલનકો
મેરો દીલ હે બાગ.
જશ કહે—“ ભ્રમર હોય રસિક, તાકે
લીજે ભક્તિ પરાગ.”
મૈં કીના નહિં તુમ બીન ઓરશું રાગ.

એ ઉક્તિ અનુસાર દેવાધિદેવ વીતરાગ પરમાત્માની ભક્તિમાં તલ્લીન બન્યા હતા. સંગીતની બક્ષીસ કુદરતી હતી. વાયોલીન ઉપરનો કાબુ અનુપમ હતો. સંગીતોની મિજલસોમાં હાજરી આપી કેટલાએ ચાંદોની પ્રાપ્તિ કરી હતી. ઉત્તમ કુળ અને ધાર્મિક વાતાવરણ સાંપડવાથી સ્વ૦ નરોત્તમદાસે ટુંક જીંદગીનો ભક્તિમાર્ગે સદુપયોગ કર્યો હતો.

વેદનીય કર્મના પરિપાક રૂપે ફીટનું દરદ પલ્લે પડવાથી લગભગ સોળેક વર્ષની વયે શાળાજીવન છોડવું પડયું.

સહાધ્યાયીઓ પાસેથી હજુ પણ જાણવા મળે છે, કે-"સ્વ નરોત્તમદાસ ખરેખર સરલ-સ્વભાવી: ઉદાર-ચરિતઃ અને કળા-રસિકઃ હતા.

માત્ર પચીસ વર્ષની ઉગતી ઉમ્મરમાં આપ્તજનોમાં સુવાસ ફેલાવી, ભક્તિનો પરાગ ખેંચતા જીવન લીલા પૂરી કરી.

जं फिर विहिणा लिहियं
तं चिय परिणमइ सयल-लोयस्स ।

"વિધાતાએ જે લેખ લખ્યા હોય, તે સર્વ, લોકને અવશ્ય પરિણમે છે."

સ્વ૦ ભાઈ નરોત્તમદાસના આત્માની ભાવનાઓને અનુરૂપ ભક્તિરસ પ્રધાન આ ચોવીશીનું પ્રકાશન તેમના પિતાશ્રી શેઠ કેશવજી નેમચંદભાઈ તરફથી કરવામાં આવે છે, તે પણ યોગ્ય ઘટના ઘટી લેખાય.

સ્વ૦ ભાઈ નરોત્તમદાસના આત્માને શાસનદેવ ચિર શાંતિ સમર્પે, એવી ઇચ્છા સાથે વિરમું છું.

લી૦ મણિલાલ વનમાળીદાસ શેઠ.

શ્રી-આનન્દ-ઘન-ચોવીશી.

શ્રી આનન્દઘનજી મહારાજ વિરચિત

શ્રી આનન્દ-ઘન-ચોવીશી

[પ્રભુદાસ બેચરદાસ પારેખની

અવતરણ: શીર્ષક: શબ્દાર્થ: ગાથાર્થ: ભાવાર્થ: ટીપ્પણ:
સંક્ષિપ્ત સૂચન: ક્વચિત્ પ્રમાણો: વગેરેથી સુગમ
સંક્ષિપ્ત વિવેચના-પ્રમોદા યુક્ત]

સંપાદક:
પ્રભુદાસ બેચરદાસ પારેખ,
રાજકોટ.

મઙ્ગલમ્

હરિ-ગીત-છન્દઃ

સ્વાત્મમાં પ્રીતિ-ભકિતથી
આનન્દ—ધન—પદ મેળવું.
પરમ-નિમિત્ત તે માર્ગમાં
જિન—દેવને વંદના કરું.
આનન્દ—ધન—ચોવીશી રૂડી
ખ્યાત શ્રી સંઘે બહુ.
પ્રમોદા નામની વિવેચના
હું ટુંકમાં તેની કરું—૧.

૧. શ્રી-ઋષભ-દેવ-જિન-સ્તવન

પ્રીતિ-અનુષ્ઠાનઃ

[આદિ-ધાર્મિક જીવને પ્રથમ દેવ-ગુરુ-ધર્મ તરફ પ્રીતિ ઉત્પન્ન થાય છે, ત્યારે તે પ્રીતિ કોની સાથે કરી હોય, તો સૌથી વધુમાં વધુ ચડીઆતી ગણાય? તે અહીં નક્કી કરી આપવામાં આવેલ છે.]

[રાગ-મારુ "કર્મ પરીક્ષા કરણ કુંવર ચાલ્યો, એ દેશી.]

ઋષભ-જિનેશ્વર પ્રીતમ માહરો. રે
ઓર ન ચાહું રે કંત.
રીઝયો સાહિબ સંગ ન પરિહરે. રે
ભાંગે સાદિ-અનંત. ઋષભ૦ ૧

[પ્રીતમ=પ્રિયતમ, પતિ; વધુમાં વધુ વહાલો. ઓર=અવર; બીજો. કંત=કાન્ત; કંથ; પતિ. રીઝયો=ખુશી થયેલો. સાહિબ=સ્વામિ; માલિક; પતિ. સંગ=સંબંધ. પરિહરે=છોડે; છોડી દે. ભાંગે=વિકલ્પે. સાદિ-અનંત= શરૂઆત સહિત અને અંત રહિત.]

સુમતિ૦—શ્રીઋષભજિનેશ્વર જ મારા પ્રિયતમ-વ્હાલામાં વ્હાલા પતિ છે. કેમકે-હું તેમના શિવાય બીજાને પતિ તરીકે ચાહતી જ નથી. હું તેને એવી દૃઢ રીતે ચાહું છું કે-મારા એ સાહિબ-મારા એ માલિક-મારા ઉપર પૂરેપૂરા

એવા રાજી રહે છે, કે જેથી કરીને તેઓ મારી સાથે સાદિ-અનંત ભાગે થયેલો સંબંધ છોડતા નથી. એ તેની સાથેની પ્રીતિની ખૂબી છે. ૧

પુરુષોમાં ઋષભ સમાન પુરુષોત્તમ પુરુષ કાયમી અને ઉંચા પ્રકારની પ્રીતિ કરવાને લાયક ગણાય છે. તે રીતે ઋષભ શબ્દમાં શ્લેષ યોજાયો જણાય છે. એમ કરીને ઋષભદેવ જિનેશ્વરની પુરુષર્ષભતા શ્લેષથી સાદિ અનંત ભાંગાની પ્રીતિથી સાર્થક કરી બતાવેલી જણાય છે.

પ્રીત-સગાઇ રે જગમાં સહુ કરે. રે
પ્રીત-સગાઇ ન કોય.
પ્રીત-સગાઈ રે નિરુપાધિક કહી. રે
સોપાધિક ધન ખોય. ઋષભ૦ ૨

[પ્રીત-સગાઇ-૧. પ્રીતિપૂર્વકનું સગપણ. ૨. પ્રીતિ અને સગપણ. કોય-નજીવી, નકામી. નિરુપાધિક-ઉપાધિ રહિત, નિશ્ચલ. સોપાધિક-ક્ષણિક, નજીવા નિમિત્ત ઉપર રચાયેલી. ધન-સાચું આધ્યાત્મિક ધન. ખોય-ગુમાવાય.]

જોકે જગતમાં પ્રીતિપૂર્વકની સગાઇ અથવા પ્રીતિ અને સગાઇ તો બધાયે કરે છે. પરંતુ એ પ્રીત-સગાઇ કોઈ મહત્ત્વની નથી હોતી. કેમકે-તે ક્ષણિક [સોપાધિક] હોય છે. સાદિ અનંત ભાંગે નથી હોતી, પ્રીત-સગાઇ નિરુપાધિક કરવાની કહી છે. સોપાધિક-દુનિયાદારીની ક્ષણિક-પ્રીતિથી માત્ર ધન જ

× न कापि-કાંઇયેય નહીં કોઇ ચીજ નહીં. નકામી.

[આત્મધન] ગુમાવાય છે—ગુમાવવાનું હોય છે. એટલે કે તેવી પ્રીતિથી કોઇ લાભ થતો નથી. ૨

કોઇ કંત-કારણ કાષ્ટ-ભક્ષણ કરે. રે
"મળશું કંતને ધાય."
એ મેળો નવિ કહિયે સંભવે. રે
મેળો ઠામ ન ઠાય. ઋષભ૦ ૩

[કાષ્ટ-ભક્ષણ કરે—ચિતામાં બળી મરે છે. **ધાય**—દોડીને. **કહિયે**—કોઈ દિવસે. **ઠામ ઠાય**—૧. ઠામ ઠામ. ૨ કાયમી સ્થાને. ૩ કોઈ સ્થાને કાયમ.]

કોઇ પત્ની તો "એવી દોડું કે ભવાંતરમાં પતિને જલ્દી મળી શકું." એ ઇચ્છાથી પતિ તરફના પ્રેમ ખાતર પતિના શરીરની સાથે ચિતામાં બળી મરે છે. પરંતુ, એ રીતે મેળાપ થવાનો કદિયે સંભવ હોતો નથી. કેમકે-મેળાપ ઠામ ઠામ થઈ શકતો નથી. અથવા એ મેળાપ કોઇ કાયમી ઠેકાણે થતો નથી, અથવા એ મેળાપ કોઈ સ્થાને કાયમ રહેતો નથી. ૩

કોઇ પતિ-રંજન અતિ ઘણો-તપ કરે. રે
પતિ-રંજન તન-તાપ.
એ પતિ-રંજન મેં નવિ ચિત્ત ધર્યું. રે,
રંજન ધાતુ—મિલાપ. ઋષભ૦ ૪

[**રંજન**—ખુશ કરવું. **તન-તાપ**—શારીરિક કષ્ટ. **ચિત્ત ધર્યું**—મનમાં સ્થાન આપ્યું, ગણકાર્યું. **ધાતુ-મિલાપ**—શારીરિક ધાતુઓનું મિશ્રણ.]

સારો પતિ મેળવવા ઇચ્છતી કોઈ પત્ની, ખુશી કરી પતિને આકર્ષવા માટે અતિઘણું તપ કરે છે. એવી રીતે કરેલું પતિરંજન માત્ર શારીરિક કષ્ટરૂપ જ થાય છે. હું એને પતિનું સાચું રંજન માનતી જ નથી. રંજન કરવાનો એ પ્રયાસ તો માત્ર પોતાની ધાતુઓ સાથે પતિની ધાતુઓની મેળવણીરૂપ પરિણામ લાવવાના ઉદ્દેશથી જ હોય છે—બીજો કોઈ સુંદર ઉદ્દેશ હોતો નથી. ૪

એ રીતે ત્રણ ગાથામાં "દુન્યવી પ્રીતિમાં કાંઈ પણ ખરો સાર નથી." એમ જણાવ્યું.

કોઈ કહે—" લીલા રે અ-લખ અ-લખ તણી. રે
લખ પૂરે મન આશ."
દોષ-રહિતને લીલા નવિ ઘટે. રે
લીલા દોષ-વિલાસ. ઋષભ૦ ૫

[**લીલા**—માયા, રમત. **અ-લખ**—અલક્ષ્ય, ધ્યાનમાં ન આવે તેવી. **અ-લખ**—અલક્ષ્ય, બ્રહ્મ, **લખ**—લાખો. **આશ**—આશા. **પૂરે**—પૂરી કરે, સફળ કરે. **દોષ-વિલાસ**—દોષનો પ્રભાવ.]

કોઈ કહે છે, કે—"પરમબ્રહ્મ—પરમેશ્વર—અલક્ષ્યરૂપ પતિ છે. તેની અલક્ષ્ય લીલા હોય છે. તેથી, તે મનની લાખો આશાઓ પૂરી કરે છે. માટે તેની સાથે પ્રીતિ કરવી જોઇએ." પરંતુ, વિચાર કરી જોતાં નિર્દોષ એવા પરમાત્માને લીલા ઘટી શકે જ નહીં, કેમકે—લીલા એ જ દોષરૂપ છે, દોષોનો

વિલાસ–વિસ્તાર જ લીલા રૂપે છે. માટે એવા લીલાધારી સદોષી પરમાત્મારૂપ પતિ સાથે સાદિ–અનંત–ભાંગાની પ્રીતિ સંભવતી નથી.

માટે દુન્યવી પ્રીતિઃ અને લીલાધારી અલક્ષ્ય બ્રહ્મ સાથેની પ્રીતિઃ નિર્દોષ નથી–સદોષ છે, તેથી **શ્રી ઋષભદેવ** પરમાત્મા રૂપી નિર્દોષ પતિ સાથેની જ મારી પ્રીતિ સર્વથા ઉચિત છે. ૫

ઉપસંહારઃ—

ચિત્ત-પ્રસન્ને રે પૂજન-ફલ કહ્યું, રે
પૂજા અ-ખંડિત એહ.
કપટ-રહિત થઈ આતમ-અરપણા. રે
આનંદ-ઘન-પદ-રેહ. ઋષભ૦ ૬

[**અ-ખંડિત**–આખી, પૂરી. **કપટ-રહિત**–ત્રણ શલ્ય રહિત. **આતમ-અરપણા**–આત્મ સમર્પણ. **આનંદ-ઘન**–આનંદનો ભંડાર. **આનંદ-ઘન-પદ**–મોક્ષ. **રેહ**–રેખા, નિશાની.]

"પ્રસન્ન ચિત્તથી–પતિ તરફના અનન્ય ભાવે–પતિની પૂજા કરવામાં આવે, તો જ તેનું પતિરંજન રૂપ ફળ મળી શકે છે." એમ કહ્યું છે, અરે એજ ચિત્તની પ્રસન્નતા જ ખરી અખંડ–સંપૂર્ણ–પૂજા છે, કપટ રહિત થઇને અથવા માયાઃ મિથ્યાત્વઃ અને નિદાનઃ એ ત્રણ શલ્ય રહિત થઇને સ્વામીને સંપૂર્ણ સમર્પિત થઈ જવું, તે જ આનંદઘન પદની–મોક્ષ-

મેળવવાની-રેખા-નિશાની છે. તેની સંપૂર્ણ પ્રીતિ મેળવવાથી જ આનંદનો ધન-આનંદનો ભંડાર-મોક્ષ સાદિ અનંત ભાંગે મળી શકે છે. ૬

ભાવાર્થ:—ભવ્ય જીવ અનાદિ કાળમાં અનંત પુદ્ગલ પરાવર્તન કાળ સુધી રખડતો રખડતો જ્યારે છેલ્લા પુદ્ગલ પરાવર્તનમાં આવે છે, ત્યારે તે શુક્લપાક્ષિક જીવ કહેવાય છે. કેમકે-તેને મોક્ષમાં જવાનો વખત હવે એક પુદ્ગલ પરાવર્તન જેટલો જ બાકી રહ્યો હોય છે.

શુક્લપાક્ષિક જીવ ધીમે ધીમે દેવ: ગુરુ: ધર્મ: તરફ પ્રીતિ-ભક્તિવાળો થવા લાગે છે. તેને ધર્મ અને ધર્મીઓ તરફ પણ સહજ પ્રીતિ ઉત્પન્ન થવા લાગે છે. આ જાતના શુક્લપાક્ષિક જીવના મોક્ષ તરફના તદ્દન પ્રાથમિક વલણને સુમતિ-સદ્બુદ્ધિ-આત્મગુણરૂપ એક સુંદર અને સદ્ગુણી સ્ત્રી તરીકે અહીં કલ્પવામાં આવેલી છે.

આવી જાતની સુમતિ પ્રગટ થાય છે, ત્યારે જીવને દેવ: ગુરુ: ધર્મ: તરફ પ્રીતિ થવા લાગે છે. તેવા સંજોગોમાં સુમતિ બોલે છે કે-"જો પતિદેવ-પરમાત્મા સાથે મારે પ્રીતિ કરવી જ છે, તો એવા પતિદેવ-પરમાત્મા સાથે મારે પ્રીતિ કરવી જોઈએ, કે-જે પતિદેવ સર્વથી ઉંચામાં ઉંચી લાયકાત ધરાવતા હોય. કેમકે-તેજ પ્રીતિ નિર્દોષ અને સ્થાયી હોઈ શકે.

તો, એવા પતિદેવ તો સર્વગુણી વીતરાગ શ્રી **ઋષભદેવ** પરમાત્મા છે. તેને રીઝવવાથી તેઓની સાથે એવી

પ્રીતિ બંધાય છે, કે-જે એક વખત બંધાયા પછી તે અનંતકાળ સુધી ટકે છે. ક્ષાયિક સમકિત ઉત્પન્ન થવાથી જે પ્રીતિ બાંધવામાં આવે છે, તે ખરેખરી પૂરી પ્રીતિ બંધાય છે. ક્ષાયિક સમકિત ઉત્પન્ન થયા પછી અનંત કાળ સુધી તે જતું જ નથી. કેમકે-સાદિ-સાંતઃ અનાદિ સાંતઃ અનાદિ અનંતઃ અને સાદિ અનંતઃ એ ચાર ભાંગામાંથી સાદિ અનંતઃ ભાંગે તે સમકિત હોય છે. તેથી તેમની સાથેની પ્રીતિ પણ સાદિ અનંત ભાંગે હોય છે.

આ સ્થિતિમાં-દુનિયામાં જે પ્રેમ સગાઇઓ થાય છે, પતિ પાછળ સતી થવાય છે, પતિ માટે મોટામાં મોટા તપ કરવામાં આવે છે. તે બધું ક્ષણિક છે, તેમજ કાયાકષ્ટરૂપ પણ છે. પારમાર્થિક નથી.

વળી, લીલાધારી અલખ પરમાત્મા સાથેની પ્રીતિ પણ બહુ વખાણવા લાયક નથી. કેમકે-તેથી એ જાતના પરમાત્મા નિર્દોષ પતિ નથી ઠરતા.

માટે, નિર્દોષમાં નિર્દોષ પરમાત્મા પતિ શ્રી ઋષભદેવ જિનેશ્વર છે, અને તેમની અનન્ય ભાવે પ્રસન્નતા મેળવવામાં જ-દુન્યવી ક્ષણિક આનંદ કરતાં અનંતગુણા આનંદના ઘન રૂપી-મોક્ષરૂપ-પરમ સુખ મેળવવાની-ચાવી રહેલી છે.

શુક્લપાક્ષિક જીવને પ્રથમ **પ્રીતિ** થાય છે-પછી **ભક્તિ** ઉપજે છે, પછી શાસ્ત્રોક્ત **વચન** પ્રમાણે ધાર્મિક જીવન જીવવાની ભૂમિકા પ્રાપ્ત થાય છે. અને છેવટે, **અસંગ અનુષ્ઠાન** પ્રાપ્ત કરી તે જીવ મોક્ષમાં જાય છે.

પ્રીતિઃ ભક્તિઃ વચનઃ અને અસંગઃ એ ચાર અનુષ્ઠાનમાં શરૂઆતમાં પ્રીતિ અનુષ્ઠાન પ્રાપ્ત થાય છે. પ્રથમ તે કોઈપણ પ્રકારના દેવઃ ગુરુઃ ધર્મઃ તરફ થાય છે–તો પછી વીતરાગ દેવ તરફ પ્રીતિ કરવી, એ વધુ શ્રેષ્ઠ છે. એ બતાવવાનો આ સ્તવનનો આશય છે.

પ્રીતિ અનુષ્ઠાન અને ભક્તિ અનુષ્ઠાનનો ફરક બતાવવા માટે શાસ્ત્રમાં પત્ની અને માતાનું દૃષ્ટાંત આપેલું છે પતિની પત્ની તરફ પ્રીતિ હોય છે, અને પત્નીની પતિ તરફ પ્રીતિ હોય છે. પુત્રની માતા તરફ ભક્તિ હોય છે અને માતાનું પુત્ર તરફ વાત્સલ્ય હોય છે. પત્ની અને માતા તરફની લાગણીમાં આ જાતનો ફરક હોય છે. આથી શુક્લપાક્ષિક જીવની સદ્‌બુદ્ધિરૂપી ગુણને સુમતિરૂપી સ્ત્રીનું રૂપક આપીને વીતરાગ પરમાત્મા રૂપી પતિ સાથે ઉંચા પ્રકારની પ્રીતિ કેળવવાની ઘટના બતાવીને પ્રીતિ–અનુષ્ઠાનના સ્વરૂપની પરાકાષ્ઠા–ઉંચી હદ–બતાવી છે. એમ કરીને સ્તવનકારે ભારે ઉચિત કલ્પના કરવામાં પોતાની કવિત્વ શક્તિનો સુંદર પરિચય આપ્યો છે. પ્રીતિ અનુષ્ઠાનનો અંતિમ આદર્શ બહિરાત્મભાવ છોડીને પોતાના આત્માને સંપૂર્ણ પરમાત્મારૂપ બનવા માટે સમર્પિત કરી દેવામાં આવે છે. નિઃશલ્યપણું: અને આત્મસમર્પણુઃ એ જ મોક્ષ મેળવવાની મહત્ત્વની પ્રાથમિક ભૂમિકા છે, મુખ્ય ચાવી છે કપટ રહિતપણું આદિ ધાર્મિક માટે ખાસ જરૂરી સૂચવ્યું છે. મિથ્યાત્વ શલ્ય તો સમક્તિ થાય ત્યારે જાય છે, અને નિયાણારૂપ શલ્ય તો સમકિત હોય તો પણ ચારિત્રાવરણીય કષાયના ઉદયથી સંભવે છે.

લોક વ્યવહારમાં જેમ ખરી ચિટ્ઠી ઉપર તેના ખરાપણાની નિશાનીરૂપે યોગ્ય અધિકારી તરફથી લીંટી મારવામાં આવે છે. એ લીંટી મારેલી–રેખા કરેલી–ચિટ્ઠી ખરી હોય છે તે સીકરાય છે, સ્વીકારાય છે. અને તેમાં લખેલી ચીજ મળે છે. તે પ્રમાણે નિષ્કપટ ભાવે આત્મસમર્પણ: તે મોક્ષની રેખા લીટી–નિશાની બની રહે છે.

પ્રીતિ અનુષ્ઠાનની ભૂમિકામાંથી પસાર થતો ભક્ત પ્રભુના શરીરઃ શોભાઃ અંગ રચનાઃ વેશઃ સત્તાઃ શણગારઃ અધિકારઃ રાજ્ય વૈભવઃ મીઠીવાણીઃ ને લગતા બાહ્ય વર્ણનો કરે, તેના ઉપર રાગ બતાવેઃ પ્રીતિભર્યા ઠપકા આપેઃ રીસામણાં–મનામણાંના ભાવો વ્યક્ત કરેઃ રાગઃ કે અમર્ષઃ જન્ય વચનોદ્ગારો કાઢેઃ માલિક તરફ સેવકની ભાવનાઓ વ્યક્ત કરેઃ વિગેરે–પ્રીતિ અનુષ્ઠાન સાથે સંગત જાણવા.

---

૨. શ્રી–અજિત–નાથ–જિન–સ્તવન

મહા-માર્ગનું સંશોધન–માર્ગાનુસરિતા:

[વીતરાગ પરમાત્મા સાથે પ્રીતિ જોડવા ઇચ્છનાર આત્મા "પરમાત્મા મેળવવા માટે કયે રસ્તે થઇને તેમની પાસે જવું ?" તેનો માર્ગ શોધવા પ્રયત્ન કરે, એ યોગ્ય જ છે. તો આ સ્તવનમાં પ્રભુને મેળવવાને પ્રભુએજ બતાવેલો સાચો માર્ગ પહેલાં તો ખોળવા નીકળે છે. પરંતુ તેને જલ્દી તે માર્ગ મળતો નથી છતાં તે નિરાશ થતો નથી.]

[રાગ-આશાવરી "મારું મન મોહ્યું રે શ્રી વિમળાચળે રે."–એ દેશી]

પંથડો નિહાળું રે બીજા જિન તણો. રે
અ-જિત અ-જિત–ગુણ-ધામ.
જે તેં જીત્યા રે, તેણે હું જીતિયો. રે
"પુરુષ" કિશ્યું મુજ નામ? પંથડો૦ ૧

[**પંથડો**–માર્ગ. **નિહાળું**–જોઉં, શોધું, ખોળું. **અ-જિત**–અજિતનાથ પ્રભુ. **અ-જિત**–ન જીતાયેલા. **ધામ**–સ્થાન, **જીતિયો**–જીતાઇ ગયો છું. **કિસ્યું**–શી રીતે? **મુજ**–મારું.]

કોઈથી ન જીતી શકાય એવા-અ-જિત–ગુણોના ભંડાર બીજા તીર્થંકર શ્રી **અજિતનાથ** ભગવાનનો માર્ગ હું ખોળી રહ્યો છું. પરંતુ, હે **અજિતનાથ** પ્રભો! આપ નામેઃ તેમ ગુણેઃ પણ અ-જિત છો. હું તો, તમે જેને જીત્યા છે, તેનાથી જીતાઇ ગયો છું, તેથી મારું "પુરુષ" નામ શી રીતે ટકી શકે? જીતાઇ ગયો છું, માટે હું પુરુષ શાનો? પુરુષ તો હારે નહીં. પુરુષ તો વિજયી થાય. હું તો કષાયો વિગેરેથી હારી ગયો છું. ત્યારે આપ તો વિજયી થયા છો. માટે હવે, અ-જિત થવા માટેનો તો આપનો એ પંથ–રસ્તો હું ખોળું છું. ૧

પ્રભુનું નામ **અજિતનાથ** છે. તે તેમના અજિત એવા ગુણોને લીધે શ્લેષથી સાર્થક કરી બતાવ્યું છે.

ચર્મ-નયણ કરિ મારગ જોવતાં. રે
ભૂલ્યો સયલ-સંસાર.

"જેણે નયણે કરી મારગ જોઇએ. રે
નયણ તે દિવ્ય." વિચાર. પંથડો૦ ૨

(**ચર્મ**-ચર્મ, ચામડું. **નયણ**-આંખ. **ચર્મ-નયણે કરી**-ચામડાની આંખે કરીને. **સયલ**-સકલ, આખો. **દિવ્ય**-બહુ જ તેજસ્વી.]

પરંતુ, માર્ગનો જ પત્તો લગાડવામાં જ્યારે પારાવાર મુશ્કેલીઓ છે, તો પછી માર્ગ હાથ કરી તે માર્ગે ચાલવામાં કેટલી મુશ્કેલીઓ હોય? માર્ગ મળવાની મુશ્કેલીઓ ગણાવેછે–

૧. ચામડાની આ માનવી આંખોથી એ માર્ગ ખોળતાં તો આખોયે સંસાર ભૂલો પડી ગયો છે. એટલે એ માર્ગ ખોળવામાં એ આંખો તો નકામી છે. તેથી "જે આંખોથી માર્ગ શોધી શકાય તેમ છે, તે દિવ્ય નયનો–સમ્યગ્ દૃષ્ટિ છે." એમ મનમાં વિચારો–સમજી રાખો.

"માર્ગ શોધી કાઢવા માટે તો સમ્યગ્દૃષ્ટિ રૂપી દિવ્ય નયન જોઇએ. તે તો મળેલ નથી. અને માનવની આ ચામડાની આંખે ત્યાં કામમાં ન આવી શકે." એ વાત બરાબર વિચારો–સમજી રાખો. ૨

પુરુષ-પરંપર-અનુભવ જોવતાં, રે
અંધોઅંધ પુલાય.
વસ્તુ-વિચારે રે જો આગમેં કરી. રે
ચરણ-ધરણ નહીં ઠાય. પંથડો૦ ૩

[**પરંપર**–પરંપરા, એક પછી એક. **અનુભવ**--જ્ઞાન. **અંધોઅંધ**--આંધળાની પાછળ આંધળો. **પુલાય**--પળે, ચાલે, જાય. **આગમ**–શાસ્ત્ર. **ચરણુ**–પગ. **ધરણુ**--ધરવાનું ઠાય-ઠેકાણું.]

૨ કોઈ પણ પ્રસિદ્ધ પ્રથમના મુખ્ય પુરુષની પછી આવેલા તેના અનુયાયીઓ રૂપ પાછળના પુરુષો હોય, તેના અનુભવને આધારે માર્ગની શોધ કરવા જઇએ, તો " એક આંધળાની પાછળ બીજો આંધળો ચાલ્યો જતો હોય." એના જેવું પણ થાય. તેથી, એ સર્વે પણ જો ભૂલાવામાં પડ્યા પડ્યા ચાલ્યા આવતા હોય, તો સાચો માર્ગ શી રીતે મળી શકે ? ન પણ મળે.

' अंधो अंधं पहं नित्ता पुरमद्धा न गच्छइ । '

અર્થ:—આંધળાને રસ્તે ચાલતો આંધળો શહેરમાં પહોંચી શકે નહીં.

૩ દુનિયાનાં બધાં આગમો એટલે કે શાસ્ત્રો એકઠાં કરીને જો તેની મદદથી વસ્તુની–માર્ગની શોધ કરવા માંડીએ, તો ત્યાં તો પગ મૂકવાની જગ્યા મળે તેમ નથી. કેમકે–શાસ્ત્રની અનેકવિધ ગહન તથા કડક આજ્ઞાઓના વિસ્તારમાં, " ક્યાં પગ મૂકવો ? કઈ વાત પકડીને આગળ ચાલવું ?" તેની જ મુશ્કેલી પડે તેમ છે.

અબુધ જીવને શાસ્ત્રો સમજવાં જ ઘણા મુશ્કેલ છે. અને શાસ્ત્રજ્ઞને એકલા શાસ્ત્રોથી જ માર્ગ મળી જવોયે મુશ્કેલ છે. શાસ્ત્ર ઉપરાંત બીજા સાધનનીયે જરૂર પડે છે. ૩

તર્ક-વિચારે રે વાદ-પરંપરા. રે
પાર ન પહોંચે કોય.
અભિમત-વસ્તુ રે વસ્તુ-ગતે કહે. રે
તે વિરલા જગ જોય. પંથડો૦ ૪

[**તર્ક**-તર્ક-વિતર્ક. **વાદ**-ચર્ચા. **પાર**-છેડો. **અભિમત**-મનધારી-સાચી. **વસ્તુ-ગતે**-સાચી રીતે. **વિરલા**-કોઈક જ. **જોય**-જોવામાં આવે.

૪. તર્ક—વિચારને આધારે માર્ગ શોધવાનો પ્રયત્ન કરતાં વાદની પરંપરાઓ ચાલવા લાગે છે,ને તેનો છેડો ન આવવાથી માર્ગનો પત્તો લાગે તેમ નથી. કેમકે—ઘાણીના બળદની માફક વાદનો કોઈ દિવસ કોઈ પણ પાર પામી શકતું જ નથી.

૫ સાચી વસ્તુને સાચી રીતે ઉપદેશનારાની મદદથી માર્ગ મેળવવાની ધારણા રાખવામાંયે-અસફળતાનો સંભવ છે.કેમકે-સત્યના ઉપદેશક જ જગત્માં વિરલા કોઇકજ હોય છે. ૪

વસ્તુ-વિચારે રે દિવ્ય-નયણ તણો. રે
વિરહ પડ્યો નિરધાર.
તર-તમ-જોગે રે તર-તમ-વાસના—રે
વાસિત-બોધ આધાર. પંથડો૦ ૫

[**વસ્તુ-વિચારે**-સત્ય વાતની શોધ કરવામાં કે વિચાર કરવામાં. **દિવ્ય-નયન**-કેવળજ્ઞાની. **વિરહ**-અભાવ. **પડ્યો**-થયો. **નિરધાર**-ચોક્કસ. **તર તમ-જોગે**-ઓછા

વધતા દરજ્જાને લીધે. **તર-તમ**–ઓછોવધતો. **વાસના**–જ્ઞાનનો ક્ષયોપશમ. **વાસિત**–સુવાસિત-સંસ્કારિત. **બોધ**–જ્ઞાન, સમજ. **તર-તમ-વાસના-વાસિત-બોધ**–ઓછા વધતા ક્ષયોપશમને લીધે સંસ્કારિત થયેલો ઉંચો બોધ, યથાશક્તિ ગીતાર્થપણું. **આધાર**–આધારરૂપ છે.]

૬. કોઈ પણ વસ્તુ સમજવામાં દિવ્યનયનવાળા શ્રી કેવળજ્ઞાની સર્વજ્ઞ ભગવાનનો તો ચોક્કસ વર્તમાનકાળે અભાવ છે. એટલે એ રીતે પણ તેની મદદથી માર્ગ મળી શકે તેમ નથી. તો હવે કરવું શું ?

તેના ત્રણ ઉપાય છેઃ—

૧. જગત્‌માં જે કાળે જે બુદ્ધિમાન્ અને સદાચારી પુરુષો હોય, તેઓમાંના ઓછા વધતા ક્ષયોપશમવાળાઓમાંથી જેનો ઉંચો ક્ષયોપશમ હોય, તેવા યથાશક્તિ ગીતાર્થ તરીકે ખેંચાઈ આવીને તેઓ જે જે ચડતા ક્રમે ચઢીઆતામાં ચઢીઆતો બોધ ધરાવતા હોય, તેજ બોધ–ગીતાર્થપણું–એક આધારરૂપ છે. તેવા પુરુષની નિશ્રાજ એક આધારરૂપ બને છે. બીજો એકેય ઉપાય નથી. પરંતુ, ગીતાર્થ પુરુષનો પણ મેળાપ ઘણો જ મુશ્કેલ છે, કોઇક ભાગ્યવાનને જ થાય છે. ૫

" કાળ-લબ્ધિ લહી પંથ નિહાળશું. રે "
એ આશા અવલંબ.
એ જન જીવે રે જિનજી! જાણજો. રે
આનંદ-ઘન-મત-અંબ. પંથડો૦ ૬

[કાળ-લબ્ધિ-કાળના પરિપાકરૂપી લબ્ધિ. લહી-મેળવી. **અવલંબ**-આધાર, ટેકો **આનંદ-ઘન**-આત્મા. **મત**-વિચાર. **આનંદ-ઘન-મત**-આત્મલક્ષી વિચાર, શુક્લપાક્ષિકપણું. **અંબ**-અવલંબ, આધાર, ટેકો. [આંબવું, પકડવું, ટેકો લેવો.]]

૨. તેવા ગીતાર્થ ગુરુ ન મળે, તો "મારી કાળલબ્ધિ પાકી હશે, ત્યારે હું રસ્તો શોધવા નીકળીશ, ત્યારે મને રસ્તો અવશ્ય મળશે." એવી આશા—કાળલબ્ધિ પાકવાની આશા—બીજો આધાર છે.

૩. એ બન્નેય રીતે નાસીપાસ થયેલાને છેવટે આધ્યાત્મિક પ્રગતિમાર્ગમાં જીવવાનો છેવટનો આધાર—આત્મલક્ષિ ધ્યેય-શુક્લપાક્ષિકપણું-જ ત્રીજા આધારરૂપ છે. ૬.

ભાવાર્થ:—શુક્લપાક્ષિક જીવને જ્યાં સુધી સમ્યગ્ દર્શન પ્રાપ્ત થયું નથી હોતું, ત્યાં સુધી તેને સાચો માર્ગ મળતો નથી. છતાં સમ્યગ્દર્શન પામ્યા પહેલાં પણ માર્ગની જિજ્ઞાસા અને શોધખોળ શરૂ થાય છે, અને તેને જે જે હાથ લાગે છે, તેને માર્ગ માનીને તેની સેવા કરવા લાગી જાય છે. પરંતુ, તેમાં તેને પૂરેપૂરી સફળતા મળતી નથી અને થોડી ઘણી નાસીપાસી મળવા છતાં, છેવટે પોતાના પ્રયાસમાં જુદી જુદી ત્રણ આશાએ તે સ્થિર રહે છે. માર્ગની શોધ કરવા જતાં જુદા જુદા પાંચ-છ ઉપાયોનો તે આશ્રય લે છે. પરંતુ, "તેથી માર્ગ મળી જ જાય." એમ બનતું નથી; કેમકે-પોતાની કાળલબ્ધિ પાકી નથી

હોતી, એટલે કેવળજ્ઞાની ભગવંતના અભાવમાં સ્વકાળના વર્તમાન ગીતાર્થોનો પરિચય પણ થતો નથી હોતો. ત્યાંસુધી માત્ર પોતાની આધ્યાત્મિક જિજ્ઞાસાના બળે જ તે આત્મા જીવતો રહે છે, આનંદમાં-ભાવનામાં ટકી રહે છે. શુક્લ પાક્ષિકપણું: કાળલબ્ધિઃ ગીતાર્થનો યોગઃ મળે તો પંથ મળી શકે છે. પરંતુ પંથ મળવો પણ સાવ સહેલો નથી. કાળ-લબ્ધિ પાકી ન હોય ત્યાં સુધી પુરુષ પરંપરા, શાસ્ત્રાભ્યાસ, તર્કવાદ, ઉપદેશકનો ઉપદેશ અને કેવળજ્ઞાનનો ઉપદેશ વિગેરે પણ માર્ગ મેળવવામાં જોઇએ તેવાં સહાયક થઇ શકતા નથી.

વાસના શબ્દનો અર્થ ક્ષયોપશમ થાય છે. ૧ અવિ-ચ્યુતિ ૨ વાસના ૩ સ્મૃતિ-એ ત્રણ ધારણાના ભેદ છે. ત્યાં વાસના શબ્દનો ક્ષયોપશમ અર્થ કરેલો છે.

કેવળ જ્ઞાનીઓના અભાવમાં ગીતાર્થ પુરુષો જ માર્ગ મેળવી આપવામાં આધાર રૂપ બને છે. કેમકે-સર્વજ્ઞ તીર્થંકર પ્રભુની પરંપરામાં ગુરુક્રમે ચાલ્યા આવતા ગુરુકુળ વાસમાં, આર્યદેશઃ આર્યપ્રજાઃ અને ઉત્તમ કુળજાતિમાં સદા ચારી અને વિશિષ્ટ જ્ઞાનશક્તિધારી પુરુષો હોય, તે તેમાંથી ખેંચાઇને આવે છે. અને તેઓમાંથી પણ જેઓ ઉંચામાં ઉંચી લાયકાત ધરાવતા હોય છે, તેઓ આચાર્યાદિક સંઘ-માન્ય ઉંચા પદ ઉપર આવી શકે છે.

વળી, એક જીવ કરતાં બીજા કોઇ જીવમાં જ્ઞાન વધારે હોય છે. તેના કરતાં ત્રીજા કોઇમાં વધારે હોય છે.

એમ ઠેઠ ગીતાર્થ ગુરુનું જ્ઞાન તે કાળના જગતના બીજા જીવો કરતાં વધારેમાં વધારે કલ્યાણકારક-હિતોપદેશક હોય છે. એ રીતે તરતમ જોગે-તરતમ વાસનાથી વાસિત-બોધ-વાળા ગીતાર્થ ગુરુઓ જ શરણરૂપ હોઈ શકે છે.

શાસ્ત્રમાં પાંચ પ્રકારની લબ્ધિ કહી છે-કાળલબ્ધિઃ ભાવલબ્ધિઃ કરણ લબ્ધિઃ ક્ષાયિકલબ્ધિઃ ઉપશમલબ્ધિઃ

———:०:———

૩. શ્રી-સંભવ-નાથ-જિન-સ્તવન

આત્મવિકાસની પ્રાથમિક ભૂમિકાઓઃ

[આનંદઘન મતને આધારે જીવતો શુક્લપાક્ષિક-સત્પંથનો જિજ્ઞાસુ જીવ પહેલી મિત્રાદૃષ્ટિમાં આવે છે, ત્યારે તેને પહેલી ભૂમિકા મળે છે. તે સમયે તેનામાં અભયઃ અદ્વેષઃ અને અખેદઃ પ્રાપ્ત થાય છે. ત્યારપછી તે આગળ વધે છે. આ પ્રકારનો ક્રમ બતાવવામાં આવે છે.]

[રાગ-રામગ્રી "રાતલડી રમીને કિહાંથી આવિયા રે ?" એ દેશી.]

સંભવ-દેવ ! તે ધુર સેવો સવે. રે
લહી પ્રભુ-સેવન ભેદ.
સેવન-કારણ પહેલી ભૂમિકા. રે
અ-ભયઃ અ-દ્વેષઃ અ-ખેદઃ. સંભવ૦ ૧

[**સંભવદેવ**-૧ સંભવનાથ ભગવાન્, ૨ સંભવથી ગણાતા દેવ. **ધુર**-પહેલવહેલા, પ્રથમ. **સવે**-૧ સર્વે-બધા, ૨ સર્વને, બધાને. **લહી**-જાણી. **પ્રભુ-સેવન-ભેદ**-પ્રભુની

સેવા કરવાના ભેદો–ચડતા ઉતરતા પ્રકારો. **સેવન-કારણ**–સેવા કરવા માટેના કારણરૂપ. **ભૂમિકા**–પીઠિકા, પાયો. **અ-ભય**–નિર્ભયતા. **અ-દ્વેષ**–રુચિ, પ્રેમ. **અ-ખેદ**–થાક કે કંટાળા વિના.]

સંભવથી પણ જે દેવ હોય, તે સર્વની-અથવા **સંભવનાથ** પ્રભુની-સેવા કરવાના ચડતા ઉતરતા ક્રમના ભેદ જાણીને તમે સર્વે પહેલાં તો તેની સેવા કરો.

સેવા કરવા માટેના કારણરૂપ પહેલા પાયામાં અભયઃ અદ્વેષઃ અને અખેદઃ એ ત્રણ ગુણ તો ખાસ જોઇએ. ૧

સંભવ માત્રથી દેવ હોય, તે સર્વની સેવા બતાવીને શ્લેષથી સંભવનાથ નામની પણ સાર્થકતા કરી બતાવી છે.

ભયઃ ચંચળતા હો જે પરિણામની. રે
દ્વેષઃ અ-રોચક-ભાવ.
ખેદઃ પ્રવૃત્તિ હો કરતાં થાકીએ. રે
દોષઃ અ-બોધ લખાવ. સંભવ૦ ૨

[**ચંચળતા**–અસ્થિરતા, **પરિણામ**–મનના-આત્માના સારા ભાવ. **આરોચક-ભાવ**–અપ્રીતિ, અણગમો. **પ્રવૃત્તિ**–ક્રિયા, કામ, પ્રયત્ન. **થાકીએ**–કંટાળીએ. **અ બોધ**–અજ્ઞાન-મિથ્યાત્વ, **લખાવ**–જાણો. ધ્યાનમાં લ્યો.]

૧ ભયઃ એટલે મનના-આત્માના સારા ભાવમાં અસ્થિરતા. ૨ દ્વેષઃ એટલે ધર્મ ઉપર અરોચક ભાવ-અણગમો. ૩

ખેદઃ એટલે ધાર્મિક પ્રવૃત્તિ કરતાં કંટાળો અને થાક લાગે. ૪ દોષઃ એટલે અજ્ઞાનતા-મિથ્યાત્વ. આ ચાર શબ્દોના ચાર અર્થ સમજો-ધ્યાનમાં લ્યો.

ભૂમિકા ૩૫ અભયઃપ્રાથમિક અદ્વેષઃ અખેદઃ પ્રાપ્ત થવા જોઇએ. અને પછી દોષનો મિથ્યાત્વનો નાશ થવો જોઇએ. અથવા પ્રથમની ચાર દષ્ટિ સુધીમાં અનુક્રમે ભયઃ દ્વેષ ખેદઃ અને દોષ એ ચાર દોષ જવા જોઇએ, ત્યારપછીજ મિથ્યાત્વ જાય ત્યારે સમ્યક્ત્વ થાય. ૨

ચરમાવર્ત્તે હો ચરમ–કરણે તથા રે,
ભવ–પરિણતિ–પરિપાક,
દોષ ટલે, વલી દૃષ્ટિ ખુલે ભલી રે,
પ્રાપ્તિ પ્રવચન–વાક્. સંભવ. ૩

[**ચરમાવર્ત્ત**–છેલ્લું પુદ્‌ગલ પરાવર્તન. **ચરમ–કરણ**-છેલ્લું યથાપ્રવૃત્તિકરણ કે જેના પછી અપૂર્વકરણ થાયજ તે. **ભવ–પરિણતિ–પરિપાકે**–તથા ભવ્યત્વનું પાકી જવું. **ટલે**–નાશ પામે **દષ્ટિ**–આધ્યાત્મિક વૃત્તિ. **ખુલે**-પ્રગટ થાય. **ભલી**–સારી. **ભલી-દૃષ્ટિ**–સ્થિરાદષ્ટિ, સમ્યગ્‌દર્શન. **પ્રાપ્તિ**–મળવું તે. **પ્રવચન-વાક્**–જિનવાણી.)

૪ ત્રણ ભૂમિકા પ્રાપ્ત થયા પછી છેલ્લા પુદ્‌ગલ પરાવર્તનમાં વધુમાં વધુ અર્ધું પુદ્‌ગલ પરાવર્તન બાકી રહે ત્યારે, છેલ્લામાં છેલ્લું યથાપ્રવૃત્તિકરણ કર્યા પછી, અને ભવસ્થિતિ પાકી ગઈ

હોય ત્યારે, દોષ–મિથ્યાત્વ–અજ્ઞાન ટળે છે. સ્થિરા નામની પાંચમી ભલી–સમ્યગ્-દષ્ટિ–સમ્યગ્દર્શન–પ્રગટ થાય છે, અને ત્યાર પછી, ૫ જિન પ્રવચનની વાણી સાંભળવાની મળે છે. જિન પ્રવચન–જિનવાણી અતિશ્રદ્ધા અને ઉમંગ પૂર્વક ત્યારે સંભળાય છે. ૩

પરિચય પાતક–ઘાતક–સાધુ શું રે,
અ-કુશલ–અપચય ચેત.
ગ્રન્થ અધ્યાતમ શ્રવણ–મનન કરી રે,
પરિશીલન નય–હેત. સંભવ. ૪

[**પરિચય**–સંબંધ, યોગ. **પાતક-ઘાતક-સાધુ શું**–પાપનો નાશ કરનારા સાધુ ગુરુ મહારાજની સાથે. અ-કુશલ–પાપ. **અપચય**–ઘટાડો, નાશ. **ચેત**–ચેતનામાં, આત્મામાં. **ગ્રન્થ**–શાસ્ત્ર. **અધ્યાત્મ**–આધ્યાત્મિક વિકાસ કરાવે તેવી આધ્યાત્મિક વિજ્ઞાનના, ધર્મના, ધાર્મિક બોધના. **શ્રવણ**–સાંભળવું તે. **મનન**–ચિંતવન, વિચારણા, **પરિશીલન**-ઊંડું મનન. **નય**–નયવાદની અપેક્ષાએ. **હેત**–હેતુવાદ. **નય-હેત**–નયવાદની અપેક્ષાએ હેતુવાદની મદદથી.]

એટલું જ નહીં, પણ પછી આગળ વધતાં, ૬ પાપનો નાશ કરનારા સદ્ગુરુ–સાધુ મહારાજનો પરિચય–સુયોગ–મેળાપ પ્રાપ્ત કરાય છે. ૭ પાપાનુબંધિ અકુશલ કર્મો આત્મામાંથી ઘટવા લાગે છે. ૮ આધ્યાત્મિક ગ્રન્થનું શ્રવણ, મનન, તથા ૯ નયવાદની અપેક્ષાએ હેતુવાદની મદદથી પરિશીલન–

નિદિધ્યાસન—ચિંતન પણ તે જીવ કરે છે. આ રીતે ક્રમિક આધ્યાત્મિક વિકાસ થાય છે. ૪

"કારણજોગે હો કારજ નીપજે રે."
એમાં કોઇ ન વાદ.
પણ, "કારણ-વિણ કારજ સાધિયે રે."
એ નિજ-મત-ઉન્માદ, સંભવ. ૫

[**કારણ-જોગે**—કારણને લીધે. **વાદ**—વિવાદ; વાંધો. **કારણ-વિણ**—વગર કારણે. **સાધિયે**—સધાય, સફળ થાય. **નિજ-મત-ઉન્માદ**—પોતાના મતની ગાંડાઇ—ઘેલછા.]

આત્માના વિકાસની આમ પૂર્વ પૂર્વની ભૂમિકા કારણરૂપે બનીને પછી પછીની આત્માની ઉચ્ચ ભૂમિકારૂપી કાર્યને ઉત્પન્ન કર્યે જાય છે. આ રીતે કારણને જોગે કારજ નિપજવાનું માનવામાં તો કોઇનેય કોઇ પણ જાતનો વિવાદ—વાંધો—હોતો નથી. પરંતુ, જે લોકો કારણ વિના કાર્ય સાધવાની વાત કરવા જેવી પોતાના ધર્મમાર્ગની વ્યવસ્થા બતાવે છે, તે એક જાતનો પોતાના મતનો આગ્રહરૂપ ઉન્માદ જ સમજવો—ઘેલછા જ સમજવી. તેને ધર્મમાર્ગની તાત્ત્વિક સુવ્યવસ્થા ગણી શકાય નહીં. ૫

મુગ્ધ "સુગમ" કરી સેવન આદરે રે,
સેવન અ-ગમ અનૂપ,
દેજો કદાચિત્ સેવક-યાચના રે,
આનંદ-ઘન-રસરૂપ! સંભવ. ૬

[**મુગ્ધ**–ભોળા, અણુસમજુ. **સુગમ**–સરળ, સહેલી. **આદરે**–કરે. **અગમ**–અગમ્ય, ગૂઢ રહસ્યોવાળી, ન સમજાય તેવી, ગંભીર. **અનુપ**–અનુપમ, સુંદર. **કદાચિત્**–કોઇક દિવસ. **આનંદ-ઘનરસ-રૂપ !**–હે આનંદથી ભરેલા રસ રૂપ! જિનેશ્વર દેવ !

ભોળા અણસમજુ માણસો "પ્રભુની સેવા કરવી તે તો તદ્દન સહેલી છે." એમ માનીને તે કરવા લાગી ગયા હોય છે, પરંતુ, પ્રભુની ખરી સેવા તો અગમ્ય–ગૂઢ રહસ્યવાળી અને અનુપમ–સુંદર છે. તો "હે આનંદથી ભરપુર રસરૂપ ! જિનેશ્વર દેવ ! આપ આ સેવકની (આપની ખરી સેવા કરવાની) યાચના કોઇક દિવસ તો પૂરી કરજો જ." ૬

ભાવાર્થ:—આ સ્તવનમાં આત્માનો વિકાસ કેવા અનુક્રમથી થાય છે ? તેની ટુંકામાં સૂચના મળે છે, જગત્માં અનાદિ કાળથી અનંતકાળ સુધી અનંત આત્માઓ વિદ્યમાન હોય છે. તેમાં કોઇ કાળે એકનો યે ઘટાડો થતો નથી કે વધારોયે થતો નથી, અનંત પુદ્ગલ પરાવર્તન ભૂતકાળમાં....આઠમા શ્રી ચંદ્રપ્રભુ સ્વામિના સ્તવનમાં બતાવ્યા પ્રમાણે સૂક્ષ્મનિગોદ વિગેરેમાં પસાર કરીને જે આત્મા મોક્ષમાં જવાનો હોય, તે જીવ જ્યારે પોતાના છેલ્લા પુદ્ગલ પરાવર્તનમાં આવે, ત્યારે તેને ધર્મ અને ધર્મના અંગો તરફ પ્રીતિ થવા લાગે છે, તે સમયથી તે શુક્લપાક્ષિક જીવ કહેવાય છે. અરધું પુદ્ગલ પરાવર્તન સંસાર બાકી રહે ત્યારે તેને સમકિત–સમ્યગ્દર્શન-ભદ્રી–સ્થિરા નામની ઉત્તમ પાંચમી દૃષ્ટિ પ્રાપ્ત થાય છે.

પરંતુ ભવ્ય જીવને છેલ્લા એટલે ચરમ પુદ્ગલ પરાવર્તનમાં પ્રવેશતાં જ શરૂઆતમાં પહેલી મિત્રાદૃષ્ટિમાં અભય–અદ્વેષ અને અખેદ પ્રાપ્ત થાય છે તે જીવનનું નામ આદિધાર્મિક પણ કહેવાય છે. તે સ્થિતિના જીવમાંના જે જે દેવ: ગુરુ: અને ધર્મ; ગણાતા હોય તે સર્વ પ્રકારમાંથી જેની તરફ જેના મનનું આકર્ષણ થાય, તેની તે જીવ ઉપાસના કરવા લાગે છે, અને તે જીવને માટે કાળાંતરે પછી પ્રાથમિક ભૂમિકામાં એ ઉચિત પણ છે. એમ કરતાં કરતાં તેનું મન જ પરીક્ષા કરીને શુદ્ધ દેવ; શુદ્ધ ગુરુ; અને શુદ્ધ ધર્મની સેવા કરવા તરફ દોરાય છે. આથી તેનું મન એ સિવાયના બીજા સર્વ પ્રકારના દેવ, ગુરુ, ધર્મ તરફ વળતું નથી. જો કદાચ કોઈનું વળે તો તેના સમ્યગ્દર્શનમાં એટલો દોષ ગણાય છે. આવા દોષો ટાળીને સમ્યગ્ દર્શનનું રક્ષણ કરવાનું હોય છે.

સમકિત પામતાં પહેલાં આદિ–ધાર્મિક અપુનર્બંધક અને.... માર્ગાનુસારી પણ અનુક્રમે બને છે. આદિ–ધાર્મિક જીવ ચારીસંજીવની ન્યાયથી સર્વ પ્રકારના ગણાતા દેવ ગુરુ ધર્મમાંથી કોઇપણની સેવા કરે તો તેને માટે તે ગુણરૂપ થાય છે.

ચારી સંજીવની ન્યાયની કથા

એક બ્રાહ્મણીએ કોઈ યોગીએ વશ કરવા આપેલી બુટ્ટી પોતાના પતિને ખવડાવી. પતિ બળદ થઇ ગયો અને પત્નીને પરવશ પડયો બાઇ મનમાં ઘણી દુ:ખી થઇ; પરંતુ પતિને ફરીથી પુરુષ બનાવવાનો ઉપાય તે બિચારી જાણતી નહોતી.

એક વખત તે બાઇ પોતાના બળદરૂપી પતિને એક વડ નીચે ચરાવતી હતી, તેવામાં ત્યાંથી આકાશ માર્ગે એક **વિદ્યાધર યુગલ** પસાર થતું હતું, **વિદ્યાધરીએ** બાઈનું દુઃખ દૂર કરવા બળદમાંથી પુરુષ થવાનો ઉપાય પોતાના પતિને પૂછ્યો, **વિદ્યાધરે** જણાવ્યું કે, " આ વડ નીચે **સંજીવની બુટ્ટી** છે. તે બળદના ખાવામાં આવે તો તે તરત પુરુષ થઇ જાય. " એટલું કહેતાં કહેતાં વિમાન આગળ ચાલ્યું ગયું.

બાઇએ વિચાર કર્યો કે–" **સંજીવની** તો અહીં છે, પણ હું તેને ઓળખતી નથી. તો વડ નીચેનું તમામ પ્રકારનું ઘાસ કાપીને બળદને નાખું " તેણે તેમ કર્યું. તે **ચારી–ચાર**-ઘાસ સાથે **સંજીવિની બુટ્ટી** પણ તેને નાંખવામાં આવી. તે ખાવાથી તે બળદ પાછો પુરુષ થઈ ગયો. "

અનાદિકાળથી દેવઃ ગુરુઃ ધર્મને ન પામેલા આદિ–પ્રાથમિક–ધાર્મિક માટે જિનેશ્વરદેવ તથા સર્વ દેવની પૂજા ભકિત કરવામાં દોષ નથી. આમ કરતાં કરતાં તેને જિનેશ્વર દેવ રૂપી સંજીવની બુટ્ટી હાથ લાગી જાય, ને તેનું કામ થઈ જાય

શુદ્ધ દેવઃ ગુરુઃ ધર્મઃ પ્રાપ્ત થયા પછી સર્વ દેવની પૂજા કરવાની નથી હોતી. તેવા જીવને આ ચારી સંજીવની ન્યાય લાગુ કરવાનું શ્રી હરિભદ્રસૂરીશ્વરજી વિગેરે કોઇ પણ જૈનાચાર્યોએ કહેલું નથી. આજે કેટલાક સર્વ ધર્મ સમન્વયની વિદેશી પ્રચારકોની ખોટી ધુનમાં આવીને આ ન્યાય જૈનો માટે પણ લાગુ કરવાની ખોટી રીતે ભલામણ કરે છે. તે બરાબર ન્યાયસર નથી.

સ્તવનમાં સંભવદેવ, ધુર અને સવે એ ત્રણ શબ્દો બબ્બે અર્થમાં વાપરેલા જણાય છે.

સંભવદેવ. એટલે સંભવનાથ પ્રભુ અને સંભવથી જે દેવ હોય તે ધુર. એટલે સૌથી પહેલાં અને પ્રાથમિક. ધાર્મિક અવસ્થામાં **સવે** એટલે સંભવથી સર્વ દેવને અથવા સંભવ જિનેશ્વર દેવને સર્વે લોકો.

ભયાદિક ત્રણ શબ્દના અર્થ આપ્યા પછી બીજી ગાથાના ચોથા પાદમાં, ત્રીજી ગાથામાં આવતા દોષ શબ્દનો અર્થ કર્યો છે.

ચરમકરણ એટલે છેલ્લું **યથાપ્રવૃત્તિકરણ** લેવું. **યથાપ્રવૃત્તિકરણ** તો જીવ અનંતવાર કરે છે, પણ છેલ્લા **યથાપ્રવૃત્તિકરણ** પછી **અપૂર્વકરણ** થાયજ છે. ત્યારપછી **અનિવૃત્તિકરણ** થઇને જીવ પહેલ વહેલું ઉપશમ સમકિત પામે છે. વળી જે જીવની તેવા પ્રકારની ભવ સ્થિતિ પાકી હોય તેજ જીવ સમ્યક્ત્વ પામે છે.

આ રીતે જૈન દર્શનમાં કહેલો આત્મવિકાસનો માર્ગ–કાર્યકારણ–ભાવના સ્વાભાવિક ક્રમથી પ્રમાણભૂત રીતે બતાવવામાં આવેલો છે આવો વ્યવસ્થિત ક્રમ બીજા દર્શનોમાં જોવામાં આવતો નથી.

જૈનધર્મ પાળનારી આર્ય હિન્દુ જાતિઓનાં કુળમાં જન્મ પામવા છતાં જેઓને ખરી રીતે ચોથું ગુણસ્થાનક પ્રાપ્ત થવા રૂપ ખાત્રીપૂર્વક સમકિત ગુણ પ્રાપ્ત થવાનું નક્કી ન કરી શકાતું હોય, અથવા સમકિત પ્રાપ્ત થયું ન હોય, છતાં સર્વ દેવો, સર્વ ગુરુઓ, અને સર્વ ધર્મોની સેવાને બદલે તેઓની મનોવૃત્તિ શુદ્ધ દેવ, ગુરુ અને ધર્મની સેવાની ટકી રહે ત્યાંસુધી તેમને ભાવ નિક્ષેપે વ્યવહાર સમકિત

કહેવામાં હરકત નથી જણાતી. અને ચોથા ગુણસ્થાનકની પ્રાપ્તિની ખાત્રી હોય તો તેને સામાન્ય રીતે ભાવ નિક્ષેપે નિશ્ચય સમકિત કહી શકાય.

તેવીજ રીતે જૈનેતર ધર્મ પાળતી કુલ–જાતિમાં જન્મેલા કોઇ જીવને પૂર્વભવના કોઈ સંજોગોને લીધે શુદ્ધ દેવ, ગુરુ, ધર્મની સેવાની મનોવૃત્તિ ખેંચાતી હોય તો, તેને દ્રવ્ય નિક્ષેપે વ્યવહાર સમકિત કહેવામાં હરકત નથી જણાતી, ચોથા ગુણઠાણાની પ્રાપ્તિની પૂરી ખાત્રી થઇ શકતી હોય, તો તેને સામાન્ય રીતે દ્રવ્યથી નિશ્ચય સમ્યક્ત્વ કહી શકાય. આમ સમજાય છે.

શ્રી અભિનન્દન-જિન-સ્તવન.

સમ્યગ્ દર્શનની પ્રાપ્તિની અતિ દુર્લભતા:

[ભલી દૃષ્ટિ જ્યારે ખીલે છે, એટલે કે-સમ્યગ્દર્શન જીવને થાય છે. ત્યારે તેને જૈન દર્શનની અથવા વીતરાગ દેવના સાચા દર્શનની પ્રાપ્તિ થાય છે. પરંતુ એ થતાં પહેલાંની મુશ્કેલીઓ અને તાલાવેલી આ સ્તવનમાંથી જાણવા મળે છે.]

(રાગ-ધનાશ્રી સિંધુડા, આજ નિહેજોરે દીસે નાહલો-એ દેશી)

અભિનન્દન-જિન ! દરિસણ તરસિયે,
દરિસણ દુર્લભ દેવ !
મત-મત-ભેદે રે જો જઇ પૂછિયે,
સહુ થાપે "અહમેવ" અભિ. ૧

[તરસિયે = તલસવું, ઇચ્છવું. દુર્લભ = મુશ્કેલ. થાપે = સાબિત કરે. " અહમેવ "=હું જ છું.]

હે અભિનંદન જિનદેવ ! હું આપનું દર્શન તલસું છું–ઈચ્છું છું. મને તેની ખૂબ પ્યાસ લાગી છે. પરંતુ હે દેવ ! આપનું દર્શન પ્રાપ્ત થવું, તે અતિ દુર્લભ છે.

૧. જુદા જુદા મતવાળાઓ પાસે જઇને આપનું દર્શન કરવાની વાત પૂછું છું કે તરત તે સૌ બોલી ઉઠીને–"અમે જ વીતરાગ દેવ છીએ." એમ સાબિત કરશે, હવે કરવું શું ? ૧

આપના દર્શનની તૃષા રાખું છું અને તેની પ્રાપ્તિને મનથી અભિનન્દું છું. એમ બતાવીને શ્લેષથી અભિનંદન નામની સાર્થકતા સૂચવી જણાય છે.

સામાન્યે કરી દરિસણ દોહિલું,
નિર્ણય સકલ વિશેષ;
મદમેં ઘેર્યો રે અંધો કેમ કરે,
રવિ–શશિ–રૂપ વિલેષ ? અભિ. ૨

[નિર્ણય=ચોક્કસપણું. સકલ નિર્ણય=સકળ નિર્ણયો તો વિશેષે દુર્લભ, રવિ=સૂર્ય, શશિ=ચંદ્ર, વિલેષ=વિશ્લેષ વિવેક વિભાગ, પૃથક્કરણ.]

૨. મદથી ઘેરાયેલો ને આંધળો માણસ સામાન્ય વસ્તુ ન જોઈ શકે, તો પછી તે જુદું જુદું પૃથક્કરણ કેવી રીતે કરી શકે? જેમ તે વિશ્લેષ પૃથકકરણ ન કરી શકે, તેવી રીતે–સામાન્ય રીતે જ્યાં દર્શન દુર્લભ છે, તો પછી

તત્ત્વના સકળ સાચા નિર્ણયો તો વિશેષ દુર્લભ હોય તેમાં તો પૂછવું જ શું ?–સકળ નિર્ણયો તો વિશેષે દોહિલા હોય જ.

હેતુ–વિવાદે હો ચિત્ત ધરી જોઇએ,
અતિ–દુર્ગમ–નય–વાદ,
આગમ–વાદે હો ગુરુ-ગમ કો નહીં,
એ સ-બલો વિષવાદ. અભિ. ૩

[**હેતુ-વિવાદે**=હેતુવાદ–કાર્ય કારણવાદ. અનુમાન પ્રમાણ. **દુર્ગમ** =મુશ્કેલીથી સમજાય તેવો, કઠણ, **નયવાદ**=સાત નયને લગતી ચર્ચા, **આગમવાદે**=શાસ્ત્ર પ્રમાણમાં, **ગુરુગમ**=ગુરુનો ઉપદેશ, ગુરુ તરફનું માર્ગ દર્શન, **સબલો**= બળવાન, **વિષવાદ**=વિખવાદ, મુશ્કેલી]

૩ હેતુવાદ–અનુમાન પ્રમાણમાં મન પરોવીને દર્શન પામવા જતાં અત્યન્ત કઠણ નયવાદ સમજાતો નથી.

૪ આગમવાદથી જ દર્શનનો પત્તો મેળવવા જતાં તેમાં ગુરુ તરફના માર્ગ–દર્શનની સંપૂર્ણ મદદ મળતી નથી.

એમ એવા બળવાન વિખવાદો–મુશ્કેલીઓ–દર્શન પ્રાપ્ત કરવામાં ઊભી છે. ૩

ज्ञायेरन्हेतु-वादेन पदाऽर्था यद्यतीन्द्रियाः ।
काले नैतावता प्राज्ञैः कृतः स्यात्तेषु निश्चयः ॥ १ ॥

અર્થઃ—જો હેતુવાદથી જ બધા અગોચર પદાર્થો પણ જાણી શકાતા હોત, તો આજ સુધીમાં વિદ્વાનોએ દરેક પદાર્થોના સ્વરૂપો નક્કી કરીજ નાખ્યા હોત.

ઘાતિ–ડુંગર આડા અતિ–ઘણા,
તુજ દરિસણ જગ-નાથ !
ધિઠ્ઠાઇ કરી મારગ સંચરૂં,
સેંગુ કોઇ ન સાથ. અભિ. ૪

[ઘાતી=ભયંકર, ધિઠ્ઠાઈ=ઉદ્ધતાઈ સંચરૂં=ચાલું, આગળ વધું, સેંગુ=વળાવો.]

૫ તેથી હે જગન્નાથ ! તમારા દર્શન આડે બીજી પણ અનેક મુશ્કેલીઓરૂપી અતિ–ઘણાજ ભયંકર પર્વતો ઉભા છે.

૬ હવે, જો એ કોઇપણ મુશ્કેલીની પરવા કર્યા વિના ધિઠ્ઠાઈ કરીને આગળ માર્ગ કાપવાનું સાહસ કરૂં, તોપણ કોઈ વળાવો સાથે થતો–હોતો–નથી, એટલે એકલો શી રીતે આગળ વધી શકું ? ૪

"દર્શન," "દર્શન." રટતો જો ફિરૂં,
તો રણ–રોઝ–સમાન;
જેહને પિપાસા હો અમૃત–પાનની,
કિમ ભાંજે-વિષ-પાન ? અભિ. ૫

૭ " દર્શન " "દર્શન " એમ રટતો રટતો–બૂમો પાડતો પાડતો–જો દિનરાત ફર્યાં કરું તો લોકો મને "આ તો રણવગડાનું રોઝ છે." એમ માની લે, એ પણ મુશ્કેલ છે કે ભલે તેમ માની લે. પણ બીજો ઉપાય શો ?

તેથી, હે પ્રભો ! કોઇ રીતે દર્શન પ્રાપ્ત થવા રૂપ સંતોષ થતો નથી, કેમકે, જેને અમૃત પીવાની તરસ લાગી હોય તેને કોઇ ઝેરનો પ્યાલો પાય તો તેથી તેની તે તરસ કેમ છીપે ?

એટલે કે મારી દર્શનરૂપી અમૃત પીવાની તીવ્ર ઇચ્છા છે, ત્યારે સામેથી ઉપર જણાવેલા વિઘ્નોરૂપી ઝેરના પ્યાલા સામે આવી ખડા છે. તેથી મને સંતોષ કેમ થાય ? તેથી મારી વ્યાકુળતામાં વધારો થાય છે. ૫

તરસ ન આવે હો મરણ–જીવન તણો,
સીઝે જો દરિસણ–કાજ,
દરિસણ દુર્લભ, સુલભ કૃપા થકી,
આનંદ–ઘન ! મહારાજ ! અભિ૦

[**તરસ**=તૃષા. **સીઝે**=સિદ્ધ થાય, સફળ થાય. **દરિસણકાજ**=દર્શનરૂપી કામ ધ્યેય. **સુલભ** =સહેલું **આનંદ–ઘન**=આનંદના ભંડાર ! **મહારાજ** !–મોટા રાજા, પૂજ્ય.]

હે પ્રભો ? જો આપનું દર્શન મેળવવાનું મારું કાર્ય–ધ્યેય સિદ્ધ થાય–સફળ થાય, તો મરણ અને જીવનની તરસ મટી જાય ને ફરી ફરી ઊભી ન થાય–સંસારમાં ભમવાનું અટકી જાય, મોક્ષ મળી જાય; ટુંકમાં જન્મમરણના ફેરા ટળી જાય.

તો હે ! આનંદ ધન–આત્માના આનંદથી ભરપૂર–મહારાજ ! જોકે આપનું દર્શન દુર્લભ છે, પણ જો આપની કૃપા

થાય. તો તે ઘણું સરળ—સુલભ છે, તે પ્રાપ્ત થવામાં કશીયે મુશ્કેલી નડે તેમ નથી. માટે આપ એ કૃપા કરો. ૫

ભાવાર્થ :- દર્શન શબ્દના સામાન્ય રીતે છ અર્થ જોવામાં આવે છે, ૧ આંખથી જોવું. ૨ વસ્તુમાં રહેલા સામાન્ય ધર્મ જાણવાની સામાન્ય જ્ઞાન શક્તિ—નિરાકાર ૪ પ્રકારનો ઉપયોગ, ૩ સમ્યગ્ દર્શન-વિશ્વના પદાર્થોનું વિવેકપૂર્વકનું યથાર્થ જ્ઞાન, ૪ મત—પંથ, વિશ્વનિરૂપણની દષ્ટિ, જેમકે—વેદાંતદર્શન-જૈનદર્શન. ૫ પ્રભુને કે પ્રભુની પ્રતિમાને નિહાળવાને પણ "દર્શન કર્યાં"નું કહેવાય છે. ૬ પ્રભુને બરાબર સમજવા.

તેમાંથી અહીં ત્રીજો, ચોથો, પાંચમો, અને છઠ્ઠો એ એ ચારેય અર્થ સંભવે છે. કવિએ આર્થિક શ્લેષથી એ યોજેલા હોય, તેમ જોઈ શકાય છે,

"સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું કેટલું મુશ્કેલ છે?" તેથી આ રીતે, **બોધિ દુર્લભ ભાવના** આ સ્તવનમાં બતાવેલી છે.

આગમવાદ શબ્દનો અર્થ અહીં જૈન આગમ નહીં કરતાં, કોઇ પણ શાસ્ત્ર-શબ્દ પ્રમાણ—એવો અર્થ લેવો. એજ પ્રમાણે અનુમાન પ્રમાણ રૂપ હેતુવાદમાં પણ અનેક નયો-અનેક દષ્ટિ બિન્દુઓથી વિચારણા કરતાં સ્વાભાવિક રીતેજ તત્ત્વ વિચારમાં અનેક દષ્ટિઓ ઉભી થાય છે. એટલે દુર્નયમાંથી છૂટીને **નયવાદ**નોયે પારપામ્યા વિના કેવળ હેતુવાદથી બરાબર દર્શન થવું મુશ્કેલ બને છે.

૫. શ્રી સુમતિનાથ-જિન-સ્તવન

આત્મ સમર્પણનું સ્વરૂપઃ ત્રણ પ્રકારના આત્માઃ

બહિરાત્માઃ અંતરાત્માઃ પરમાત્માઃ

(પહેલા સ્તવનમાં કપટ–રહિત થઇ આત્મ–સમર્પણને મોક્ષની નિશાની કહી છે. આત્મ–સમર્પણ એટલે શું? અને તે કેમ કરવું? તે આ સ્તવનમાં સમજાવેલ છે.)

[રાગઃ વસંતઃ કેદારોઃ]

સુમતિ-ચરણ-ક-જ આતમ-અરપણા
દરપણ જિમ અ-વિકાર–સુ-જ્ઞાની!
મતિ-તરપણઃ બહુ-સમ્મત જાણિયેઃ
પરિસરપણ સુ-વિચારઃ સુ-જ્ઞાની! સુ૦ ૧

[સુમતિ–ચરણ=સુમતિનાથ પ્રભુના પગ. ક-જ=કમળ આતમ–અરપણા=આત્મ સમર્પણ, આત્મા સોંપી દેવો તે. દરપણ=આરીસો, અ–વિકાર=નિર્દોષ, સાફ. મતિ–તરપણ=બુદ્ધિને સંતોષદાયક, બહુ–સમ્મત=ઘણાને માન્ય. પરિસરપણ=શુભ પ્રયાણ. સુ–વિચાર=સદ્‌વિચારમાં.]

શ્રી સુમતિનાથ પ્રભુના સાફ આરીસા જેવા નિર્દોષ ચરણ રૂપી કમળમાં આત્માનું સમર્પણ કરવું, તે વાત "બુદ્ધિને સંતોષજનક–આનંદ આપનાર છે. બહુ શિષ્ટોને તે માન્ય છે. અને તે સદ્‌વિચારમાં પરિસર્પણ એટલે પ્રવેશરૂપ છે." એમ જાણવું. ૧

ભ્રમરૂપી મતિનો દોષ ટાળવાથી **સુ-મતિ** સદ્બુદ્ધિ પ્રાપ્ત થાય છે. એમ બતાવીને શ્લેષથી **સુમતિ** નામની સાર્થકતાં બતાવી છે.

ત્રિ-વિધ-સકલ-તનુ-ધર-ગત આતમા.
બહિરા-ऽऽતમ ધુરિ ભેદ સુ-જ્ઞાની !
બીજો અંતર-આતમ. તીસરો
પરમાતમ અ-વિચ્છેદ. સુજ્ઞાની ! સુ૦ ૨

[**ત્રિ-વિધ**=ત્રણ પ્રકારે. **સકલ**=બધા. **તનુ-ધર**=શરીરધારી. **ગત**=રહેલા. **આતમા**=આત્માઓ. **બહિરા-ऽऽતમ**=બાહ્ય આત્મા. બહિરાત્મા. **ધુરિ**=પહેલો. **અંતર**=અંદરનો. **પરમા-ऽऽતમ**=મહા-આત્મા, શ્રેષ્ઠ આત્મા, પરમાત્મા. **અ-વિચ્છેદ**=અખંડ, નિત્ય અ-વિનાશી.]

સર્વ શરીરધારી જીવોમાં રહેલા આત્માઓ ત્રણ પ્રકારના હોય છે.—૧ પહેલો ભેદ—બહિરાત્મા: ૨ બીજો ભેદ—અંતરાત્મા; ૩ ત્રીજો ભેદ—અખંડ અવિનાશી પરમાત્મા. ૨

આતમ-બુદ્ધે કાયાऽऽદિક ગ્રહ્યો;
બહિરા-ऽऽતમ અઘ-રૂપ. સુ-જ્ઞાની !
કાયા ऽऽદિકનો હો સાખી-ધર-રહ્યો,
અંતર-આતમ-રૂપ-સુજ્ઞાની ! સુ૦ ૩

[**આતમ-બુદ્ધે**=આત્માની બુદ્ધિથી, "પોતે છે." અને "પોતાના છે." એ બુદ્ધિથી. **કાયા-ऽऽદિક**=શરીર વિગેરેને. **ગ્રહ્યો**=જાણીએ, જાણ્યો. **અઘ-રૂપ**=પાપરૂપ, દોષોથી

ભરપૂર. સાખી-ધર=સાક્ષિ રૂપે, તટસ્થ. અંતર-આતમ-રૂપ=અંતર આત્માનું સ્વરૂપ.]

શરીર વિગેરેને આત્માની બુદ્ધિથી "તે પોતે જ છે, કે તે સર્વે પોતાના જ છે." એમ મનાય છે, ત્યાં સુધી તે પાપરૂપ આત્મા—અજ્ઞાનરૂપ બહિરાત્મા છે.

પરંતુ, "શરીર વિગેરેમાં તટસ્થ—સાક્ષીરૂપે આત્મા જુદો જ રહ્યો છે." એમ મનાવા લાગે, ત્યારે તે અંતરાત્માનું સ્વરૂપ છે. આત્મા જ ત્યારે અંતરાત્મા બને છે. ૩

જ્ઞાના-ऽऽનંદે હો પુરણઃ પાવનોઃ
વર્જિત-સકલ-ઉપાધઃ સુ-જ્ઞાની !
અતીંદ્રિયઃ ગુણ-ગણ-મણિ-આગરુઃ
એમ પરમા-ऽऽતમ સાધ. સુ-જ્ઞાની ! સુ૦ ૪

[**જ્ઞાના-ऽऽનંદે=જ્ઞાનમય-આનંદથી. પૂરણ=પૂર્ણ ભરેલો. પાવનો=પવિત્ર. અતીન્દ્રિય=ઇન્દ્રિયોથી ન સમજાય તેવો, માત્ર સ્વસંવેદ્ય. ગુણ-ગણ-મણિ-આગરુ=ગુણોના સમૂહરૂપી મણિઓ-રત્નોની ખાણસમાન. આગરુ=આકર, ખાણ સાધ=સાધો, સમજો, ઓળખો.**]

જ્ઞાનમય આનંદથી પરિપૂર્ણ ભરેલોઃ પવિત્રઃ સર્વ ઉપાધિઓથી રહિતઃ ઈન્દ્રિયોને અગોચરઃ ગુણોના સમૂહરૂપી રત્નોની ખાણ સમાનઃ પરમાત્માને સાધો—સમજો—ઓળખો અથવા પ્રાપ્ત કરો ૪.

બહિરા-ऽऽतम तजी, अंतर-आतमा-
રૂપ થઇ સ્થિર-ભાવઃ સુ-જ્ઞાની !
પરમા-ऽऽतमनुं હો આતમ ભાવવુંઃ
આતમ-અર્પણ-દાવ. સુ-જ્ઞાની ! સુ૦ ૫

[સ્થિર-ભાવ=એકાગ્રતા, ધ્યાનમાં સ્થિર ભાવે. દાવ=ખેલ, યુક્તિ, રીત.]

બહિરાત્મ-ભાવનો ત્યાગ કરી સ્થિરભાવે-એકાગ્રતાએ-અંતરાત્મ-સ્વરૂપમાં નિષ્ઠ થઇને પોતાના આત્માને પરમાત્મ સ્વરૂપે વિચારવો, તે જ આત્મ-સમર્પણનો દાવ-યુક્તિ-સાચી રીત-છે.

જૈન દષ્ટિએ આ જ પરમાત્મ સમર્પણ છે. પોતાના જ આત્માને પરમાત્મા રૂપ બનાવવો. તેજ આત્મ સમર્પણ છે. ૫

વૈદિક શાસ્ત્રકારોની પ્રસિદ્ધ ભગવદ્ગીતામાં પણ એવો ધ્વનિ છેઃ—

जिता-ऽऽत्मनः प्रशान्तस्य परमा-ऽऽत्मा समाहितः ।
शीतोष्ण-सुख-दुःखेषु तथा माना-ऽपमानयोः ॥ ६. ७ ॥

"ઠંડીમાં કે ગરમીમાં, સુખમાં કે દુઃખમાં, માન-સન્માનમાં કે અપમાનમાં, સંયમી અને શાંત આત્માનો પરમ-આત્મા-પરમાત્મા-સમાહિત હોય છે. સ્થિર શાંત-સમભાવમાં રહે છે." ૬ અ૦ ૭ શ્લો૦

આતમ અર્પણ-વસ્તુ વિચારતાં
ભરમ ટળે મતિ-દોષ. સુ-જ્ઞાની !

પરમ-પદારથ-સંપત્તિ સંપજે.
આનંદ-ઘન-રસ-પોષ. સુ-જ્ઞાની! સુ૦ ૬

[વસ્તુ=રહસ્ય. ભરમ=ભ્રમ, અજ્ઞાન. મતિ-દોષ=બુદ્ધિની ખામી. પરમ-પદા-ऽરથ-સંપત્તિ=આત્મારૂપી ઉત્તમ પદાર્થમાં વિકાસરૂપી સંપત્તિ-મોક્ષ. સંપજે=પ્રાપ્ત થાય. આનંદ-ઘન-રસ-પોષ=આનંદથી ભરપૂર રસનું પોષણુ કરનાર.]

આત્મ-સમર્પણના રહસ્યનો વિચાર કરતાં, ભ્રમણા રૂપી બુદ્ધિનો દોષ નાશ પામે છે, પરંપરાએ કેવળ જ્ઞાન પ્રાપ્ત થાય છે. અને આનંદથી ભરપૂર રસનું પોષણ કરનાર પરમ પદાર્થ રૂપી સંપત્તિ-મોક્ષ-પ્રાપ્ત થાય છે. ૬

ભાવાર્થ:—આરીસા જેવા સ્વચ્છ અને નિર્દોષ પરમાત્માના ચરણકજ એટલે ચરણકમળમાં આત્મા પ્રથમ અર્પવો. ત્યાર પછી પોતાના બહિરાત્મ ભાવને છોડીને પોતાનો અંતરાત્મ ભાવ પ્રાપ્ત કરવો અને તેમ કરીને પછી પોતાના જ પરમાત્મ સ્વરૂપને પોતાનો અંતરાત્મા સમર્પણ કરવો, તે આત્મસમર્પણ છે. આત્મસમર્પણની આ વાત કોઈપણની બુદ્ધિને સંતોષીને તૃપ્ત કરી દે તેવી છે, તેમજ તેની સામે કોઇનો ય વિસંવાદ આવી શકતો નથી-બલ્કે ઘણા શિષ્ટ પુરુષો તેમાં સમ્મત છે. કોઇનોય પ્રાયઃ તેમાં સાચો મતભેદ ઊભો રહે તો નથી જ, એ કામ સદ્‌વિચારમાં પરિસર્પણ એટલે પ્રવેશ-પ્રગતિ-આગળ ધપવા રૂપ જ છે.

ત્રણ પ્રકારના આત્માનું ટુંકામાં સ્વરૂપ સમજાવ્યું છે. પરંતુ, તે સમજવાની જરૂર શા માટે છે ? તે તો વળી, બહુજ સુંદર રીતે સમજાવ્યું છે. "ત્રણ પ્રકારના આત્માનું જ્ઞાન પરમાત્મ–સમર્પણ માટે કરવું જરૂરી છે." એમ સમજાવ્યું છે. "હુ" અને "મારાં"ની મમતાથી જ્યાં સુધી આત્મા ઘેરાયેલો હોય છે, ત્યાં સુધી તે જીવ આત્મા ખરો, પણ તે બહિરાત્મા ગણાય છે જ્યારે આત્મા શાંત, સંયમી અને ત્યાગી બને છે, ત્યારે તે અંતરાત્મા બને છે. અને જ્યારે તે પૂર્ણ યોગી થઇને પોતાના આત્મામાં જ લીન થઈ જાય છે. અને તેના સઘળા ગુણો પ્રકાશી ઊઠે છે, ત્યારે તેજ આત્મા અઢાર દોષ રહિત પરમાત્મા બની જાય છે અઢાર દોષ શ્રી મલ્લીનાથ ભગવાનના સ્તવનમાં આગળ બતાવેલા છે.

જ્યાં સુધી આત્મા બહિરાત્મ ભાવથી ઘેરાયેલો હોય છે, ત્યાં સુધી તેને આગળ વધવા માટે નિર્દોષ વીતરાગ પ્રભુનું આલંબન લેવું જ પડે છે. અને જ્યારે પોતે જ અંતરાત્મભાવમાં સ્થિર થઇને પોતે જ પરમાત્મા બનવા માંડે છે, ત્યારે એ આલંબનની બહુ જરૂર પડતી નથી આ રીતે પ્રથમ વીતરાગદેવને આત્મસમર્પણ કરવાથી છેવટે પોતે પોતાનેજ સમર્પિત થાય છે–પોતે જ વીતરાગ–પરમાત્મારૂપ બને છે. આમ આતમ–અર્પણાનું સુંદર રહસ્ય સમજવાથી એ વિષેનું અજ્ઞાન, આ સ્તવનથી દૂર થાય છે.

૬. શ્રી પદ્મ-પ્રભ-જિન-સ્તવન

બહિરાત્મા અને પરમાત્મા વચ્ચેના અંતરનું કારણ.

[એકજ આત્મા પ્રથમ બહિરાત્મરૂપ છતાં, પોતે જ અંતરાત્મારૂપ થઈને, છેવટે પરમાત્મા બને છે. આમ એકજ આત્માની ત્રણ અવસ્થા થવાનું સાચું કારણ બતાવવામાં આવેલ છે.]

[રાગ-મારુ-સિંધુડો "ચાંદલિયા ! સંદેશો કહેજે મારા કંથને" એ દેશી]

પદ્મ-પ્રભ ! જિન ! તુજ મુજ આંતરું રે !
કિમ ભાંજે ભગવંત ! ?
કર્મ-વિપાકે કારણ જોઈને, રે
કોઈ કહે મતિમંત. પદ્મ૦ ૧

આંતરુ=અંતર. **ભાંજે**=ભાંગે. **કર્મ-વિપાકે**=કર્મના ફળ ઉપરથી **મતિમંત**=બુદ્ધિશાળી પુરુષ.]

હે પદ્મપ્રભ ! જિનેશ્વરદેવ ! મારી અને આપની વચ્ચે જે આંતરું છે-જે છેટું છે, તે હે ભગવંત ! કેમ કરીને ભાંગે ? તે આંતરાનું કારણ બતાવે છેઃ-બુદ્ધિમાન કેટલાક પુરુષો અન્વય-વ્યતિરેકથી કારણોની તપાસ કરીને એ આંતરું કર્મના વિપાકથી પડયું છે." એમ કહે છે. ૧

૧ મારામાંથી કર્મરૂપી મેલ જવાથી, મારી અને આપની વચ્ચેનું અંતર ભાંગી જશે. ત્યારે હું આપના જેવો -પદ્મની કમળની પ્રભા જેવો, સ્વચ્છ-નિર્દોષ થઇશ.

૨. જ્યારે જીવરૂપી સરોવર ભરપૂર આનંદરસથી છલોછલ ભરાયું હશે, ત્યારે તેમાં પદ્મની પ્રભા જેવો મારો આત્મા આપના જેવો થઇને મ્હાલતો હશે, આમ બતાવીને શ્લેષથી **પદ્મપ્રભ** નામની સાર્થકતા સૂચવી જણાય છે.

પયઇ-ઠિઇ-અણુભાગ-પ્રદેશથી, રે
મૂળઃ ઉત્તરઃ બહુ-ભેદ.
ઘાતીઃ અ-ઘાતીઃ હો બંધોદયઃ ઉદીરણાઃ રે
સત્તાઃ કર્મ-વિચ્છેદઃ પદ્મ૦ ૨

[પયઇ=પ્રકૃતિ ઠિઇ=સ્થિતિ. અણુભાગ=રસ. મૂલ=મુખ્ય. ઉત્તર=પેટા. ઘાતી=મૂળ ગુણો ઢાંકનાર. અઘાતી=અલ્પ ઘાતી, ઉત્તર ગુણો ઢાંકનાર. બંધ=નવાં કર્મોને જૂનાં કર્મો સાથે મેળવી આત્મ પ્રદેશો સાથે મિશ્રિત કરવા તે. ઉદય=કર્મનું ફળ ભોગવવું તે. ઉદીરણા-કર્મોને ઉદયમાં આવવાનો વખત આવી પહોંચતાં પહેલાંજ પરાણે ઉદયમાં લાવવાં, તે. સત્તા=કર્મ બંધાયાં પછીથી તે ઉદયમાં આવી જાય, ત્યાં સુધીની-પોતાના કર્મસ્વરૂપમાં કર્મની વિદ્યમાનતા. કર્મ-વિચ્છેદ=કર્મનાં બંધ-ઉદય-ઉદીરણા અને સત્તાનો અભાવ]

પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ-રસ અને પ્રદેશથી તથા આઠ મૂળ ભેદ તથા ઘણા ઉત્તર ભેદોથી કર્મના ભેદ ઘણા છે. ઘાતીઃ અઘાતીઃ એવા બે ભેદ છે. કર્મનાં બંધઃ ઉદયઃ ઉદીરણાઃ સત્તાઃ હોય છે. અને વિચ્છેદ એટલે ગુણસ્થાનકના ક્રમે ચડતાં ચડતાં

બંધનો વિચ્છેદ, ઉદયનો વિચ્છેદ, ઉદીરણાનો વિચ્છેદ અને સત્તાનો વિચ્છેદ થાય છે. ૨

કનકોપલવત્ પયડી–પુરુષતણી રે
જોડી અનાऽऽદિ–સ્વ-ભાવ.
અન્ય–સંજોગી જિહાં લગે આતમા. રે
" સંસારી " કહેવાય. પદ્મ૦ ૩

[કનક=સોનું. ઉપલ=પત્થર. પયડી=પ્રકૃતિ, માયા કર્મ, પુરુષ=આત્મા. જોડી=જોડ, જોડલું, યુગલ. અથવા જોડાયેલ=એકમેકમાં ગુંથાયેલ. અના·ऽऽદિ=આદિ વગરના. સ્વ–ભાવ=સ્વભાવે કરીને.]

પ્રકૃતિઃ અને પુરુષઃ એ બેની જોડી સ્વભાવે કરીને અનાદિકાળથી સોના અને પત્થરની માફક મિશ્રિત રહેલ છે. આ રીતે જ્યાં સુધી પુરુષ એટલે આત્માઃ કર્મ રૂપ બીજા પદાર્થની સાથે સંયોગ ધરાવે છે, ત્યાં સુધી, તે " સંસારી " કહેવાય છે. અને જ્યારે એ કર્મના સંજોગથી મુક્ત થાય છે, ત્યારે તે જ આત્મા " મુક્ત " કહેવાય છે. ૩.

કારણ–જોગે હો બાંધે બંધને. રે.
કારણ મુગતિ મૂકાય.
'આશ્રવ' 'સંવર' નામ અનુક્રમે. રે,
હેયઃ ઉપાદેયઃ સુણાય. પદ્મ૦ ૪

[**બંધને=બંધનને, મુગતિ=મુક્તિ. મૂકાય=મુક્ત થાય. આશ્રવ=કર્મના બંધનું કારણ. સંવર=કર્મના બંધને રોકનાર. હેય=ત્યાગવા યોગ્ય. ઉપાદેય=ગ્રહણ કરવા યોગ્ય. સુણાય=શાસ્ત્રમાં સંભળાય છે.**]

બંધ થવાના કારણો મળવાનાં યોગે જ આત્મા કર્મો બાંધે છે. અને મુક્તિ મળવાના કારણો મળવાથી આત્મા કર્મોથી મુક્ત થાય છે. એ બન્નેયના કારણોના નામ અનુક્રમે શાસ્ત્રમાં ‘આશ્રવ’ અને ‘સંવર’ સંભળાય છે. એ બેમાંના અનુક્રમે એક હેય–ત્યાગ કરવા યોગ્ય, અને બીજો ઉપાદેય–આદરવા યોગ્ય છે.

૧ કર્મના બંધનું કારણ આશ્રવ છે. તે છોડવા યોગ્ય છે. ૨ કર્મનો નવો બંધ થતો અટકાવનાર સંવર છે. તે આદરવા યોગ્ય છે. આશ્રવ સંસારમાં રઝળાવનાર છે, અને સંવર મોક્ષમાં લઈ જવામાં મદદગાર છે. ૪.

યુગ્જન–કરણે હો અંતર તુજ પડ્યો. રે
ગુણ–કરણે કરી ભંગ.
ગ્રંથ–ઉક્તેં કરી પંડિત–જન કહ્યો. રે
અંતર–ભંગ–સુ-અંગ. પદ્મ૦ ૫

[**યુગ્જન–કરણે=જોડનારા પ્રયત્ને, ગુણ–કરણ=ગુણના વિકાસરૂપ પ્રયાસથી. ગ્રન્થ–પુસ્તકો. ઉક્તેં=ઉક્તિઓથી, ગાથાઓથી. પંડિત–જન=વિદ્વાન્ પુરુષોએ. અંતર-ભંગ-**

સુ·અંગ=આંતરાં ભાંગવાના સુંદર અંગો, અથવા સુઅંગ=શ્રુત જ્ઞાનના અંગરૂપ સુઅ–અંગ.]

ટુંકામાં, મારું બહિરાત્માનું તમારી સાથે-પરમાત્મ ભાવ સાથે–આંતરું યુગ્જન–કરણે કરીને પડયું છે. તેનો ભંગ ગુણ–કરણે કરીને થઇ શકે છે. એટલે કે–કર્મ સાથે યોજાવાથી–જોડાવાથી–મારી અને આપની વચ્ચે અંતર પડયું છે, અને મારા આત્મામાં ગુણોનો વિકાસ થવાથી કર્મો દૂર થતાં, તે આંતરું ભાંગી જાય છે. આથી હું આપના જેવો પરમાત્મા બની શકું છું.

આમ, આંતરું ભાંગવાના ગુણકરણરૂપ ઉપાયની વાત મોટા મોટા વિદ્વાન પુરુષોએ મોટા મોટા ગ્રંથોની અનેક ઉક્તિઓ–ગાથાઓમાં ખુબ વર્ણવેલ છે. ૨. શ્રુતના-આગમો-ના અંગરૂપ અંદર–અંદરના અનેક ભાંગાઓથી ભરપૂર કર્મ ગ્રંથાદિક--ગ્રંથોમાં અનેક ગાથાઓ વડે વર્ણવેલ છે. ૫

તુજ–મુજ અંતર–અંતર ભાંજશે, રે
વાજશે મંગલ–તૂર
જીવ-સરોવર અતિશય–વાધશે રે
આનંદ–ઘન–રસ–પૂર. પદ્મ૦ ૬

[અંતર=અંદરનું. અંતર=આંતરું. ભાંજશે=ભાંગશે. વાજશે=વાગશે. તૂર=વાજાં. અતિશય=ખૂબ. વાધશે=વધી જશે. આનંદ-ઘન–રસ–પૂર=આનંદના ભંડારરૂપ રસ-પાણીના પૂરથી.]

મારી અને આપની વચ્ચેનું અંદરનું આંતરું ગુણ-કરણે કરીને ભાંગી જશે, ત્યારે મંગળ વાજાં વાગી રહેશે. કેમકે—આપણે બનેય સંપૂર્ણપણે સરખા થઇશું—એકાકાર થઇશું—એક બીજાને મળશું. એ સમયે આનંદથી ઉછળતા રસના--પાણીના--પૂર આવવાથી જીવરૂપી સરોવર ખૂબ ખૂબ વૃદ્ધિ પામશે—હેલે ચડશે. ૬

ભાવાર્થઃ—બહિરાત્મભાવ અને પરમાત્મભાવ વચ્ચે આંતરું પાડનારા કર્મનું સ્વરૂપ આ સ્તવનમાં બતવેલ છે. કોઇપણ આધ્યાત્મિક તત્ત્વજ્ઞાનમાં કર્મનું જ્ઞાન અનિવાર્ય રીતે કરવું જ પડે છે. આત્મા અને કર્મના સંબંધના જ્ઞાન વિના કોઈપણ તત્ત્વજ્ઞાન અપૂર્ણ જ રહે છે.

કર્મ-વિપાક=પૂર્વે બાંધેલાં કર્મનાં ફળોને ભોગવવાં પડે છે, તે કર્મ-વિપાક કહેવાય છે. કર્મો પોતાનો વિપાક ચાર રીતે બતાવે છે.

પ્રકૃતિરૂપેઃ સ્થિતિરૂપેઃ રસરૂપેઃ અને પ્રદેશરૂપેઃ

પ્રકૃતિ=જુદા જુદા ફળો બતાવવારૂપ કર્મના સ્વભાવોનું નિયમન.

સ્થિતિ=આત્મા સાથે કર્મોને બંધાઇ રહેવાના કાળનું નિયમન.

અનુભાગ=પ્રકૃતિ અનુસાર કર્મનું તીવ્ર, મંદ, તીવ્ર--મંદ તીવ્રતર, મંદતર અનુભવ કરાવવાનું નિયમન. તેના રસ વિગેરે બીજા નામો પણ છે.

પ્રદેશ=મૂળ અને ઉત્તર પ્રકૃતિવાર કર્મની વર્ગણા [જત્થા] ના પ્રદેશોના ભાગોનું આત્માની સાથેના મિશ્રણનું નિયમન.

મૂળભેદ=જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, આયુષ્ય, મોહનીય, નામ, ગોત્ર અને અંતરાય કર્મ, એ કર્મના આઠ મૂળભેદ છે.

ઉત્તરભેદ=તેઓના અનુક્રમે ૫, ૯, ૨, ૪, ૨૮, ૧૦૩, ૨, ૫, એમ કુલ ૧૫૮ ઉત્તર ભેદો છે.

ઘાતીકર્મ=આત્માના મૂળગુણોનો ઘાત કરે, તે ઘાતીકર્મ.

અઘાતી કર્મ=આત્માના ઉત્તર ગુણોનો ઘાત કરે, તે અઘાતી કર્મ.

બંધ=આત્માઃ અને કાર્મણ વર્ગણા-ના બનેલા-નવા કર્મોનો-દૂધ અને પાણીની માફકઃ લોઢાનો ગોળો અને અગ્નિની માફકઃ તેલ અને તેલની માફકઃ-સંબંધ.

ઉદય=કર્મનાં ફળ ભોગવવાં, તે ઉદય.

ઉદીરણા=ઉદયમાં આવવાનો વખત પાકયા પહેલાં પ્રયત્ન વિશેષે-કરણ વિશેષે કરી, ખેંચીને કર્મોને ઉદયમાં લાવવા તે ઉદીરણા.

સત્તા=બંધ સમયથી માંડીને કર્મ ઉદયમાં આવી જાય, ત્યાં સુધીના વખત સુધી કર્મનું પોતાના સ્વરૂપે આત્મા સાથે વિદ્યમાન રહેવું, તે સત્તા.

વિચ્છેદ=જેમ જેમ ઉપર ઉપરના ઉચ્ચ ગુણ સ્થાનકે જીવ ચડતો જાય, તેમ તેમ બંધ, ઉદય, ઉદીરણા અને સત્તા-માંથી કર્મોનો વિચ્છેદ થાય છે, તે.

જેમ સોનું અને માટી **જોડી**=નો સંબંધ અનાદિ કાળથી છે, જેમ પ્રકૃતિ અને પુરુષને સંબંધ અનાદિ કાળથી છે [સાંખ્યોની માન્યતા], તેમ આત્મા અને કર્મોનો સંબંધ પણ અનાદિ કાળથી છે.

સંસારી=આત્મા જ્યાં સુધી કર્મ પુદ્ગલરૂપી અન્ય–પર પદાર્થનો સંબંધ રાખે, પરપદાર્થથી મિશ્રિત રહે, ત્યાંસુધી, તે સંસારી જીવ કહેવાય છે.

આત્માને કર્મ બાંધવાના પણ કારણો મળે છે, અને કર્મથી મૂકાવાના પણ કારણો મળે છે, આ કારણોનું નામ અનુક્રમે–આશ્રવ છે, અને જે હેય છે. અને સંવર છે, ને જે ઉપાદેય છે.

આશ્રવ=કર્મ બાંધવાના કારણો.

હેય=ત્યાગ કરવા યોગ્ય.

સંવર=કર્મના બંધને રોકવાના કારણો.

ઉપાદેય=સ્વીકારવા યોગ્ય–આદરવા યોગ્ય.

આશ્રવનું પણ મૂળ કારણ તો આત્મામાં રહેલ યુંજન-કરણ છે. અને સંવરનું મૂળ કારણ આત્મામાં રહેલ ગુણ–કરણ છે.

કરણ=આત્માનો ખાસ પ્રયત્ન.

યુંજન કરણ=આત્મા સાથે કર્મને જોડનારો આત્માનો પ્રયત્ન–અવળો પુરુષાર્થ.

ગુણ-કરણ=આત્માથી કર્મને છૂટા પાડનારા આત્માના અનેક ગુણ જગાડનારા આત્માના પ્રયત્નો–સવળા પુરુષાર્થ. તે ગુણ–કરણ.

ઉપર જણાવેલી એ વાતો વિષે મહામહા વિદ્વાન પુરુષોએ કર્મગ્રન્થ, પંચસંગ્રહ, કર્મપ્રકૃતિ વિગેરે મોટા ગ્રન્થોની રચનાથી ઘણું ઘણું કહ્યું છે. તથા આંતરું ભાંગવાના પણ ઘણા સુંદર અંગો–શ્રુતાંગોમાં જણાવ્યા છે અથવા "શ્રુતજ્ઞાનના અંગરૂપ કર્મગ્રન્થાદિકમાં બતાવ્યા છે," એવો અર્થ પણ થશે.

બસ, કર્મરૂપી અંદરનું--બહાર ન જણાતું–આંતરું ભાંગતાની સાથે જ, આત્મા કર્મોથી મુક્ત થઈ, પોતાના સમગ્ર ગુણો પ્રગટ કરીને આનંદમય બની જાય છે.

"કર્મના યોગે જ આત્મા અને પરમાત્મામાં ભેદ પડે છે." એ વાત આ સ્તવન ઉપરથી સ્પષ્ટ સિદ્ધ થાય છે. તેથી શ્રી આનંદઘનજી મહારાજના સ્તવન ટાંકીને કાનજી સ્વામિનામના એક જૈન વિદ્વાન લોકોને સમજાવતા સંભળાય છે, કે--" કર્મથી સંસાર છે. એ વાત મિથ્યાત્વ છે. " એ તેમની વાત એકાંતથી હોય, તો આ સ્તવનથી ખોટી ઠરે છે. આત્માને પરમાત્મા બનતો રોકવામાં કર્મ કારણ ન હોત, તો કાનજી સ્વામિ આજે મોક્ષ સ્વરૂપમાં હોત. પણ સંસારમાં છે, તેજ સાબિત કરે છે, કે-"કર્મ છે, અને તે મોક્ષ પ્રાપ્તિમાં રોકાવટ કરે છે." એક આત્માની બહિરાત્મ ભાવ: અને પરમાત્મભાવ; એ બે અવસ્થા વચ્ચેના ભેદનું કારણ-અન્વય: અને વ્યતિરેક: એમ બન્નેય રીતે વિચારી જોતાં કર્મ કારણ ઠરે છે. કર્મનો એક પણ કણ હોય, ત્યાં સુધી આત્મા સંપૂર્ણ મુક્ત નહીં. અને એક પણ કણ ન હોય, તો લેશ માત્ર પણ સંસારી નહીં.

અન્યદર્શનોમાં જમરાજાના ચિત્ર અને વિચિત્ર નામના બે મુનિમો પાસે મોટા મોટા ચોપડા છે, તેમાં દરેક જીવના સુકૃત્યો અને દુષ્કૃત્યોની નોંધ રહે છે. એમ કહેવાય છે પરંતુ કર્મગ્રંથ પંચસંગ્રહ કર્મપ્રકૃતિઃ વિગેરેરૂપે એ વિગતવાર ચોપડા કેમ જાણે જૈનાચાર્યો પાસે આવેલા હોય, તે રીતે આજે પણ કર્મની અતિ વિસ્તૃત વિગતવાર માહિતી આપનારા એ મહાન ગ્રંથો વિદ્યમાનછે.

૭. શ્રી-સુ-પાર્શ્વ-જિન-સ્તવન

પરમાત્માના વિવિધ સ્વરૂપ-સૂચક અનેક નામો.

[એ રીતે કર્મથી મુક્ત થયેલા પરમાત્મારૂપ આત્માના જુદા જુદા ગુણ-સાપેક્ષ પણે જુદા જુદા અનેક નામો જગત્‌માં પ્રસિદ્ધ છે. તે પરમાત્માની ભક્તિ કરી પરમાત્મા થવા ઇચ્છતા ભક્તને આરાધનામાં અનુકુળતા માટે સ્તવનમાં તે બતાવ્યાં છે.]

[રાગ-સારંગ: મલ્હાર:-લલનાની દેશી]

શ્રી સુ-પાર્શ્વ-જિન વંદિએ.
સુખ-સંપત્તિનો હેતુ. લલના.
શાંત-સુધા-રસ-જલ-નિધિ.
ભવ-સાગરમાં સેતુ. લલના. શ્રી સુ૦ ૧

સાત-મહા-ભય ટાળતો,
સપ્તમ-જિન-વર-દેવ. લલના.
સા-ऽવધાન-મનસા કરી,
ધારો જિનપદ-સેવ. લલના. શ્રી સુ૦ ૨

શિવઃ શંકરઃ જગદીશ્વરઃ
ચિદા-ऽऽનંદઃ ભગવાનઃ લલના.
જિનઃ અરિહાઃ તીર્થંકરઃ
જ્યોતિ-સ્વ-રૂપઃ અસમાનઃ લલના. શ્રી સુ૦ ૩

અ-લખઃ નિરંજનઃ વચ્છલુઃ
 સકલ-જંતુ-વિશરામઃ લલના.
અભય-દાન-દાતાઃ સદા,
 પૂરણ-આતમ-રામઃ લલના. શ્રી સુ૦ ૪
વીત-રાગઃ મદ-કલ્પના-
 રતિ-અરતિ-ભય-સોગ-લલના.
નિદ્રા-તંદ્રા-દુરંદશા-
 રહિતઃ અ-બાધિત-યોગઃ લલના. શ્રી સુ૦ ૫
પરમ-પુરુષઃ પરમા-ઽઽતમાઃ
 પરમેશ્વરઃ પરધાના લલનાઃ
પરમ-પદા-ઽરથઃ પરમેષ્ઠીઃ
 પરમ-દેવઃ પરમાનઃ લલના. શ્રી સુ૦ ૬
વિધિઃ વિરંચિઃ વિશ્વંભરુઃ
 હૃષિકેશઃ જગ-નાથઃ લલના.
અઘ-હરઃ અઘ-મોચનઃ ધણીઃ
 મુક્તિઃ પરમ-પદઃ સાથઃ લલના. શ્રી સુ૦ ૭
એમ અનેક-અભિધા ધરે.
 અનુભવ-ગમ્ય વિચાર. લલના.
તે, જાણે, તેહને, કરે-
 આનંદ-ઘન-અવતાર. લલના. શ્રી સુ૦ ૮

[સુખ-સંપત્તિનો હેતુ=સુખ અને સંપત્તિનું કારણ, સુખ અને સંપત્તિ આપનાર. શાંત-સુધા-રસ-જળ-નિધિ=

અમૃત જેવા શાંત રસના સમુદ્ર. ભવ-સાગરમાં=સંસાર સમુદ્રમાં. સેતુ=પૂલ. ૧

મહા-ભય=સાત મોટા ભયો. સપ્તમ=સાતમો. જિન-વર-દેવ=જિનેશ્વરદેવ સા-ऽવધાન=એકાગ્ર. મનસા કરી=મન વડે કરીને. ધારણ કરો. જિન-પદ-સેવ=જિનેશ્વરદેવનાં ચરણ કમળની સેવા. ૨

શિવ=કલ્યાણકારી. શંકર=શાંતિ કરનાર. જગદીશ્વરુ=જગતના ઇશ્વર. ચિદાऽऽનંદ=જ્ઞાનાનંદમય. ભગવાન=જ્ઞાન-ઐશ્વર્ય વિગેરેથી યુક્ત. જિન=રાગ દ્વેષ જિતનાર. અરિહા=૧ પૂજા યોગ્ય, ૨ અંદરના કામક્રોધાદિક અરિ-શત્રુને હણનાર. અરુહા=ફરીથી ન ઉગનાર, સંસારમાં ન આવનાર. તીર્થંકરુ=ધાર્મિક સંસ્થારૂપી મહા તીર્થની સ્થાપના કરનાર. જ્યોતિ-સ્વરૂપ=તેજોમય. અસ્માન-૧ આસ્માન [ફારસી ભાષામાં], આકાશ, ૨ આકાશ માફક સર્વ વ્યાપક, આકાશ માફક અદૃશ્ય, અથવા ૩ અસમાન=અનન્ય, જેની તોલે બીજું કોઈ ન હોય. ૩

અ-લખ=અલક્ષ્ય, અગોચર, લક્ષ્યમાં ન આવે તેવો, નિરંજન=મેલરહિત. નિર્મળ વચ્છલુ=વત્સલ, દયાળુ. સકલ-જંતુ-વિશરામ=સર્વ પ્રાણીઓના વિસામારૂપ, આશ્વાસન આપી દુઃખમાંથી છોડાવનાર. અભયદાન-દાતા=નિર્ભય વૃત્તિનું દાન દેનાર પૂરણ-આતમરામ=સંપૂર્ણ આત્મસુખમાં મગ્ન. ૪

વીતરાગ=રાગ દ્વેષ વગરના. મદઃ કલ્પનાઃ રતિઃ અરતિઃ ભયઃ શોગઃ તંદ્રાઃ દુરંદશાઃ રહિત=મદ રહિત,

કલ્પના રહિત. રતિ રહિત. અરતિ રહિત. ભય રહિત. શોક રહિત. નિદ્રા રહિત. તંદ્રા રહિત. દુરંદશા રહિત. મદ=અભિમાન. કલ્પના=વિચારણા, ચિંતા. રતિ=આનંદ. અરતિ=કષ્ટ. ભય=બીક. નિદ્રા=ઉંઘ. તંદ્રા=આળસ. દુરંદશા=દુર્દશા. અબાધિત—યોગ=જાગતા યોગવાળા, સ્થિર સમાધિવાળા. યોગ=સમાધિ. બાધિત=દબાયેલો. અબાધિત=જાગતો, સ્થિર. ૫

પરમ પુરુષ=શ્રેષ્ઠ પુરુષ. પરમાડડતમા=શ્રેષ્ઠ આત્મા, શ્રેષ્ઠ આત્માવાળા. પરમેશ્વર=ઉચ્ચ પ્રકારની શકિત ધરાવતા, મોટા ઈશ્વર. પરધાન=પ્રધાન, મુખ્ય. પરમ—પદા—ડસ્થ =શ્રેષ્ઠ વસ્તુ. પરમેષ્ઠિ=ઊંચામાં ઊંચી પદવી—સ્થાન ઉપર રહેલા—બિરાજમાન. પરમદેવ=મોટામાં મોટા દેવ. પરમાન =પ્રમાણ, પ્રમાણભૂત. અથવા પરમાન=ઊંચામાં ઊંચા સન્માનને પાત્ર. ૬

વિધિ=મોક્ષ માર્ગનું વિધાન કરનાર. વિરંચિ= બ્રહ્મા. વિશ્વંભરુ=વિશ્વને ભરનાર, વિશ્વવ્યાપક, કેવળી સમુદ્ઘાત વખતે આત્મ-પ્રદેશોથી વિશ્વને ભરી દેનાર, અથવા વિશ્વના સકળ જ્ઞેય પદાર્થો ઉપર પ્રકાશ નાંખી જ્ઞાન ગુણથી વિશ્વને ભરી દેનારા. હૃષિકેશ=ઈન્દ્રિયોના સ્વામિ. ઈન્દ્રિયો ઉપર કાબૂ કરી ચૂકેલ. હૃષિક=ઈન્દ્રિય. ઇશ=સ્વામી. જગન્નાથ=જગત્‌ના નાથ, સ્વામિ. અઘ—હર=પાપ હર. પાપનો નાશ કરનારા. અઘ—મોચન=પાપથી છૂટેલા અથવા પાપથી છોડાવનારા ધણી=માલિક, સ્વામિ. મુક્તિ=મુકિત-

મય. પરમ–પદ=ઊંચામાં ઊંચું પદ–મોક્ષ–મય. સાથ= હરેકને મુશ્કેલીમાં સાથ આપનાર. ૭

અભિધા=નામ. અનુભવ–ગમ્ય=અનુભવથી સમજી શકાય તેમ છે. કરે=૧ હાથમાં. ૨ કરે. આનંદ–ઘન–અવતાર=આનંદ ઘનમય મોક્ષમાં ઉત્પત્તિ. ૮.]

સુખ અને સંપત્તિના આપનારાઃ શાંત રસ રૂપી અમૃતના સમુદ્રઃ સંસારરૂપી સમુદ્રમાં પૂલ સમાનઃ સાત મહા ભયને નાશ કરનારાઃ એવા સાતમા જિનેશ્વર દેવ શ્રી સુપાર્શ્વનાથ પ્રભુને વંદન કરો, અને જાગતું એકાગ્ર મન કરીને તે જિનેશ્વર પ્રભુનાં ચરણ કમળની સેવા કરવાનું ધારણ કરો– તેમની સેવા કરો. ૧. ૨.

શિવઃ શંકરઃ જગદીશ્વરઃ ચિદાનંદઃ ભગવાનઃ જિનઃ અરિહાઃ તીર્થંકરઃ જ્યોતિસ્વરૂપઃ અસ્માન–અસમાનઃ ૩. અલખઃ નિરંજનઃ વત્સલઃ સકલ–જંતુ–વિશ્રામઃ અભય –દાન–દાતાઃ પૂરણ–આતમ–રામઃ ૪. વીતરાગઃ મદરહિતઃ –નિર્મળઃ કલ્પનારહિત–નિર્વિકલ્પઃ રતિ રહિત–ગતરતિઃ અરતિ રહિત–અનરતિઃ ભયરહિત–નિર્ભયઃ શોક રહિત–વીતશોકઃ નિદ્રારહિત–અનિદ્રઃ તંદ્રારહિત–અતંદ્રઃ દુર્દશા રહિત–અદુર્દશઃ અબાધિત–યોગઃ ૫. પરમ પુરુષઃ પરમાત્માઃ પરમેશ્વરઃ પ્રધાનઃ પરમ પદાર્થઃ પરમેષ્ઠિઃ પરમદેવઃ પ્રમાણ–પર–માનઃ ૬. વિધિઃ વિરંચિઃ વિશ્વંભરઃ હૃષિકેશઃ જગન્નાથઃ અઘહરઃ અઘમોચનઃ ધણીઃ મુકિતઃ પરમપદ સાથ.ઃ ૭.

એ રીતે પરમાત્મા અનેક નામો ધારણ કરે છે. એ નામોનો અર્થ અનુભવથીજ સમજી શકાય તેવો છે. આ નામોનો વિચાર જે જાણી શકે તેના હાથમાંજ આનંદ ઘનમાં–મોક્ષમાં–અવતાર છે. અથવા, તે મોક્ષમાં અવતાર કરી શકે છે.

આ નામોને તત્ત્વસંવેદન જ્ઞાન–જેનું બીજું નામ અનુભવ જ્ઞાન છે. તે જ્ઞાન વડે એટલે જાતે અનુભવ કરીને સાક્ષાત્ પરમાત્માપણાને જાણે છે તે જીવ જરૂર મોક્ષમાં પોતાનો અવતાર કરે છે. ૮

સેતુ એટલે પુલની બન્નેય બાજુઓ સુરક્ષિત હોય, તો જ તેના ઉપર ચાલી શકાય. આમ બતાવીને સુ-પાર્શ્વ= બન્નેય તરફ સારી બાજુઓ જણાવીને શ્લેષથી સુ=પાર્શ્વ-નામ સાર્થક જણાવ્યું છે. તથા "તે પ્રભુ સાત મહાભયનો નાશ કરનારા હોવાથી સાતમા છે." એમ કહીને સપ્તમ શબ્દની સાર્થકતા જણાવી છે.

ભાવાર્થ—આ સ્તવનમાં પરમાત્માના લોક પ્રસિદ્ધ નામો ગણાવ્યાં છે. તે દરેક નામના આપેલા અર્થો અનુસાર તથા શાસ્રોની મદદ લઇ, દરેક નામની પાછળ રહેલા અનુભવગમ્ય વિચારનો જાતે સાક્ષાત્ અનુભવ કરીને પોતાના આત્માને પરમાત્મા બનાવી દરેક નામ પ્રમાણેના ગુણો ધારણ કરે, તે જીવ જરુર મોક્ષ પ્રાપ્ત કરે જ.

અનુભવગમ્ય વિચારઃ શબ્દથી તત્ત્વસંવેદન જ્ઞાનની સુચના કરી છે. તત્ત્વ સંવેદન જ્ઞાન એટલે જાતે અનુભવ કરીને વસ્તુના ખરા સ્વરૂપનો સાક્ષાત્કાર કરવો, તે.

દા૦ ત૦ મીઠાઇ એટલે મીઠાં પકવાન્ન, એ વિષય પ્રતિભાસ જ્ઞાન. જુદી જુદી મિઠાઈ જાતે જોવી અને ઓળખવી તથા તે દરેકની વિગતવાર હકીકત જાણવી, તે સ્વરૂપજ્ઞાન. અને મીઠાઈ ખાઇને તેના સ્વાદનો અનુભવ કરવો, તે તત્ત્વસંવેદન જ્ઞાન.

આ પ્રમાણે આત્માની સામાન્ય ઓળખ કરવી, તે વિષયપ્રતિભાસ જ્ઞાન. તેનું સ્વરૂપ શાસ્ત્રથી જાણવું, તે સ્વરૂપજ્ઞાન. અને વિગતવાર આત્માના જ્ઞાનાદિગુણોના સાક્ષાત્કાર કરીને જાતે અનુભવ કરવો. તે તત્ત્વસંવેદન જ્ઞાન. સાધકોને આ નામો મારફત પરમાત્માનું સ્વરૂપ જાણી તેની સેવા કરીને છેવટે તત્ત્વસંવેદન જ્ઞાન પ્રાપ્ત કરવાનો ઉદ્દેશ હોય છે.

પરમાત્મ સ્વરૂપની પ્રાપ્તિ તો હજુ દૂર છે પરંતુ, "તે પહેલાં ધ્યેય તરીકે–આદર્શ તરીકે–પરમાત્માને કાયમ પોતાની સામે રાખવા. તેની ભક્તિ કરવાથી, તેની સેવા કરવાથી, નિરંતર તેના સાન્નિધ્યથી પોતે પણ ભવિષ્યમાં તેવો–પરમાત્મા સ્વરૂપ થઇ શકશે. એમ સમજીને સાધક પરમાત્માને પોતાની સામે રાખે છે.

તત્ત્વ સંવેદનરૂપ પરમાત્મ સ્વરૂપ આત્મ સ્વરૂપની શરૂઆત કેવી રીતે થાય તે ૧૮મા શ્રી અરનાથ પ્રભુના સ્તવનમાં બતાવેલ છે.

૮. શ્રી–ચન્દ્ર–પ્રભ–જિન–સ્તવન.

પરમાત્મ દર્શનની તાલાવેલી.સમ્યગ્દર્શનની પ્રાપ્તિઃ

[પરમાત્માના જુદા જુદા નામોની વિચારણા અનુભવગમ્ય કરવાની ભલામણથી આત્માર્થી જીવને પરમાત્માનું દર્શન કરવાની તથા પરમાત્મસ્વરૂપ બનવાની જાગતી પ્રાથમિક તાલાવેલીનું સમ્યગ્દર્શનની પ્રાપ્તિરૂપે ખડુ થતું ચિત્ર આ સ્તવનમાં છે.]

[રાગ-કેદારો-ગૌડ૦ " કુમારી ડોલે, આક્રંદ કરે, મુને કોઈ મુકાવે.—એ દેશી.]

દેખણ દે રે ! સખિ ! મુને દેખણ દે
ચંદ્ર–પ્રભ–મુખ–ચંદ. સખિ૦
ઉપશમ–રસનો કંદઃ સખિ૦
ગત–કલિ–મલ–દુઃખ–દંદ. સખિ૦ ચંદ્ર૦ ૧

[મુખ–ચંદ=મુખરૂપી ચંદ્ર. ઉપશમ–રસ=શાંત રસ. કંદ=મૂળ. ગત–કલિ-મલ-દુઃખ-દંદ=જેમાંથી કલહ અને મેલ, દુઃખ અને બીજાં દ્વન્દ્વો ચાલ્યા ગયા છે. દ્વંદ્વ એટલે રાગ દ્વેષ, ક્રોધ માન, મદ માયા, [વિગેરે જોડકાં.]

સુમતિ–સખિને સમ્યગ્દૃષ્ટિ કહે છે, કે–" શાંત રસના મૂળ કારણ સમા અને કલહ અને મેલ, દુઃખ અને દ્વન્દ્વ વગરના ચન્દ્ર–પ્રભ–જિનેશ્વરનું મુખરૂપી ચંદ્રમા, અલી સખિ ! મને હવે જોવા દે ! રે ! જોવા દે !! પંચેન્દ્રિય

પર્યાપ્ત અવસ્થા, મનુષ્યગતિ, આર્ય ક્ષેત્ર, આર્ય કુળને જાતિ વિગેરે ઉત્તમ સામગ્રી મળી છે, તો હવે મને જોવા દે.૧

ચંદ્રની પ્રભા જેવી પ્રભાવાળું મુખ રૂપ ચંદ્ર ધરાવતા પ્રભુનું મુખ જોવાની તાલાવેલી બતાવીને *લેષથી ચંદ્ર-પ્રભ નામની સાર્થકતા બતાવી છે.

સુહુમ-નિગોદે ન દેખિયો. સખિ૦
બાદર અતિહિ વિશેષ૦ સખિ૦
પુઢવી-આઉ ન લેખિયો, સખિ૦
તેઉ-વાઉ ન લેશ. સખિ૦ ચંદ્ર૦ ૨

[સૂક્ષ્મ=બારીક. ઘણા ભેગા થવાથીયે ન દેખાય તેવા શરીરવાળા જીવો. નિગોદ=સાધારણ વનસ્પતિકાય જીવરાશિ. બાદર=સ્થૂલ, ઘણા ભેગા થવાથી દેખાય તેવા શરીરવાળા જીવો. અતિહિ=અત્યંત. વિશેષ=વધારે. પુઢવી =પૃથ્વીકાય. આઉ=અપ્કાય. લેખિયો=જોયો. તેઉ=તેઉકાય, અગ્નિકાય. વાઉ=વાયુકાય, લેશ=જરાય.]

સર્વ જીવો કરતાં અત્યંત વિશેષ એટલે અનન્ત ગુણા એવા સૂક્ષ્મ તથા બાદર નિગોદમાં મેં તે પ્રભુને દેખ્યા જ નથી. પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, અને વાયુકાયમાં પણ મેં લેશમાત્ર તેને જોયા નથી. માટે હે સખી! હવે મને જોવા દે રે! જોવા દે!! ૨.

વનસ્પતિ અતિ-ઘણ-દિહા. સખિ૦
દીઠો નહીં દેદાર. સખિ૦

બિ-તિ-ચઉરિંદિય જલ-લીહા, સખિ૦
ગત-સન્નિ પણ-ધાર. સખિ૦. ચં૦ ૩

(ઘણુ=ઘણા. દીહા=દિવસો. દેદાર=સુંદર ચહેરો. રૂપાળું મુખ. બિ=બેઇન્દ્રિય તિ=તેઇન્દ્રિય. ચઉ=ચઉરિન્દ્રિય. જળ-લીહા=પાણી પીનારા, પાણી ચાટનારા-જળચર પ્રાણીઓ. ગતસન્ની=અસંજ્ઞિ. પણ=પંચેન્દ્રિય. ધાર=ધારણ કરનાર. પાંચ ઇંદ્રિયોવાળા.]

પ્રત્યેક વનસ્પતિકાયમાં ઘણા દિવસ રહેતી વખતે પણ ત્યાંયે એ પ્રભુના મનમોહક દેદાર હું જોઇ શકયો નથી, બે ઇન્દ્રિય, તે ઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિયો વિગેરેમાં સમુચ્છિંમ ગર્ભજ જળચર વિગેરેમાં પણ જોઇ શકાયેલ નથી. માટે સખિ ! હવે તો મને જોવા દે રે, જોવા દે ! ૩.

સુર-તિરિ-નિરય-નિવાસમાં સખિ૦
મનુ-જ અના-ડડરજ સાથ. સ૦
અ-પજ્જત્તા પ્રતિભાસમાં સખિ૦
ચતુર ન ચઢિયો હાથ. સખિ૦ ચં૦૪

[સુર=દેવ, તિરિ=તિર્યંચ. નિરય=નારક. નિવાસમાં =રહેઠાણમાં, અના-ડડરજ-સાથ=જંગલી અનાર્યના ટોળામાં અ-પજ્જત્તા=અપર્યાપ્ત અવસ્થામાં. પ્રતિભાસમાં=અસ્પષ્ટ સમજવાળી પર્યાપ્ત અવસ્થામાં. ચતુર=લલચામણી ચતુરાઈ-વાળો. ન ચઢિયો હાથ=હાથમાં ન આવ્યો, નજરમાં ન ચડયો, જોવામાં ન આવ્યો.]

દેવ: તિર્યંચ: અને નારકોઃના નિવાસમાં અને અનાર્ય મનુષ્યના ટોળામાં હતો, ત્યારે પણ, વળી અપર્યાપ્ત અવસ્થામાં તથા પ્રતિભાસરૂપ–પર્યાપ્ત અવસ્થામાં પણ એ ચતુર મારે હાથ આવેલો નથી–હું તેને જોઇ શકેલ નથી. માટે હે સખિ! હવે મને જોવા દે રે! જોવા દે!! કેમકે–હવે મને ખરી તક મળી છે. ૫૪.

ઇમ અનેક–થળ જાણીએ, સખિ૦
દર્શન–વિણું જિન-દેવ. સખિ૦
આગમથી મત જાણીએ. સખિ૦
કીજે નિર્મલ-વસે. સખિ૦ ચં૦ ૫

[થળ=સ્થળ. દર્શન-વીણુ=દર્શન વિના. કીજે= કરવી. મત=વિચાર.]

એમ, શ્રી જિનેશ્વરદેવના દર્શન વગરના અનેક સ્થળે પસાર થવાનું જાણી લે. તો હવે આગમમાંથી આ વિચાર જાણવા મળે છે એટલે હવે તો તેમની નિર્મળ સેવા કરીએ. માટે સખિ! હવે મને જોવા દે રે! જોવા દે!!

આર્યક્ષેત્રમાં પણ દેવ: ગુરુઃ અને ધર્મ:ની સામગ્રી-વાળા ક્ષેત્રમાં જન્મ્યો છું. તો અહીં સમ્યગ્દર્શનની પ્રાપ્તિ-રૂપ શ્રી જિનેશ્વરદેવનું દર્શન મને થવું જ જોઇએ. કેમકે –તેને માટે હું આજ સુધી તલસતો હતો. [૪ થા ભગવા-નનું સ્તવન જુઓ.] ૫.

નિર્મળ-સાધુ-ભક્તિ લહી, સખિ૦
યોગ-અવંચક હોય, સખિ૦

ક્રિયા-અવંચક તિમ સહી, સખિ૦
 ફલ-અવંચક જોય. સખિ૦ ચં૦ ૬

[લહી=મેળવી. યોગ-અ-વંચક=ગુરુના યોગ-પ્રાપ્તિથી રહિત ન હોય, તે. ક્રિયા-અ-વંચક=શાસ્ત્રોક્ત ધાર્મિક અનુષ્ઠાન કરનાર. સહી=નક્કી. ફળ-અવંચક=ક્રિયા પ્રમાણે ફળ પામનાર. જોય=જોવા.]

સમ્યગ્ દર્શન પ્રાપ્ત થયું છે, એટલે—

એમ, અનુક્રમે પવિત્ર સાધુ અને તેની ભક્તિ મળે, એટલે યોગાવંચક થવાય તથા ક્રિયા અવંચક પણ થવાય, તેથી ચોક્કસ તેજ પ્રકારે ફળાવંચકપણું પણ જોઈ શકાશે—પ્રાપ્ત થશે.

પ્રેરક અવસર જિન-વરુ સખિ૦
 મોહનીય ક્ષય જાય. સખિ૦
કામિત-પૂરણ-સુર-તરુ સખિ૦
 આનંદ-ઘન-પ્રભુ-પાય. સખિ૦ ચં૦ ૭

[પ્રેરક=પ્રેરણા કરનાર. અવસરે=ખરે વખતે. મોહનીય=મોહનીય કર્મ. ક્ષય જાય=ક્ષય પામે. કામિત=ઇચ્છિત. પૂરણ=પૂરવામાં. સુર-તરુ=કલ્પવૃક્ષ. કામિત-પૂરણ-સુર-તરુ=મનધાર્યા મનોરથ પૂરવામાં કલ્પવૃક્ષ સમાન. આનંદ-ઘન-પ્રભુ-પાય=આનંદના ભંડારરૂપ પ્રભુના ચરણ.]

અને એવામાં ખરે અવસરે જો જિનેશ્વરદેવની સબળ પ્રેરણા મળી જશે, તો મોહનીય કર્મનો તો ક્ષય થઇ જ જવાનો છે. કેમકે—આનંદના ભંડાર એવા પ્રભુજીના ચરણ

કમળ તો ઈચ્છિત પૂરવામાં કલ્પવૃક્ષ સમાન છે જ, તેમની નિર્મળ સેવા પ્રાપ્ત થાય, તો ત્રણ યોગાવંચકાદિકયોગ પણ પ્રાપ્ત થાય જ. અને પ્રભુની પ્રબળ પ્રેરણા મળી જાય, એટલે મોહનીય કર્મનો ક્ષય થવાથી પરિણામે કેવળજ્ઞાન અને મોક્ષ મળવાના જ. કેમકે—પ્રભુજીના ચરણ કમળ ઇચ્છિત મનોરથ પુરવામાં કલ્પવૃક્ષ સમાન છે જ.

ભાવાર્થ—કોઈપણ વર્તમાન જીવ પૂર્વની અનંત અનંત જીવરાશિમાં ભમતો ભમતો મનુષ્ય થયો હોય છે. ત્યાં કોઈપણ ઠેકાણે તેને ધર્મ–સામગ્રીના મૂળ કારણ અને શ્રી જિનેશ્વરદેવ મળ્યા જ નથી હોતા, પણ મનુષ્યપણું પામ્યા પછી આગમમાંથી તેમની સેવાના–પૂજાના પ્રકારો જાણીને નિર્મળભાવે પૂજા કરવી જોઇએ. એમ સમજી તીર્થંકરદેવ તરફથી મળેલી પ્રેરણા–સમ્યગ્દર્શનને આધારે સત સાધુનો સમાગમ થાય છે. તે ગુરુનો યોગ પામી યોગાવંચક થવાય છે. ધર્મનું આરાધન કરીને ક્રિયા–ઽ–વંચક થવાય છે, અને છેવટે મોહનીય કર્મનો ક્ષય કરીને મોક્ષરૂપી ફળ પ્રાપ્ત કરીને ફળા–ઽ–વંચક થવાય છે. જિનેશ્વર પ્રભુ તો માત્ર તેમાં પ્રેરક નિમિત્ત બને છે.

યોગ–અવંચક—પવિત્ર મુનિ મહારાજનો યોગ જેને થાય તે યોગાવંચક–યોગ નામના ધર્મને પામ્યો ગણાય.

ક્રિયા–અવંચક—ગુરુના ઉપદેશ પ્રમાણે બરાબર વિધિપૂર્વક ક્રિયા અને અનુષ્ઠાનો કરે, તે ક્રિયા–અવંચક યોગ નામનો ધર્મ પામ્યો ગણાય.

ફળ-અવંચક-એવંભૂત નય અનુસાર જેવા શબ્દ તે પ્રમાણે જ બરાબર ક્રિયા કરવાથી તેનું પૂરેપૂરૂં ફળ બરાબર પામે, તે ફળાવંચક યોગ નામનો ધર્મ પામ્યો ગણાય.

પ્રભુનું દર્શન થવાથી આ ત્રણેય પ્રકારના યોગ પામી શકાય છે.

શ્રી સુવિધિનાથ જિન-સ્તવન.

પરમાત્માની પ્રતિમાનાં પૂજાનો વિધિ.

[પરમાત્મા પ્રભુનું દર્શન પામેલો-તેના વિરહથી પીડાતો વિરહ કાતર સમ્યગ્દર્શની જીવ પરમાત્મા સાથે પોતાનું રાતદિવસના સતત સાન્નિધ્ય રાખવાના પ્રતીક તરીકે આગમની મદદથી પરમાત્માની પ્રતિમાની દ્રવ્ય તથા ભાવ-પૂજાના અનેક પ્રકાર જાણીને દ્રવ્યઃ ભાવઃ તેની અનેક પ્રકારે નિર્મળ પૂજા સેવા કર્યાં વિના રહી શકે નહીં-તેથી પરમાત્માની પૂજાની પ્રતિપત્તિ સહિત જુદા જુદા પ્રકારો બતાવેલા છે.]

(રાગ-કેદારો " એમ ધન્નો ધણને પર ચાલે "-એ દેશી.)

સુવિધિ-જિણેસર-પાય નમીને,
શુભ-કરણી એમ કીજે રે.—
અતિ-ઘણો ઉલટ અંગ ધરીને,
પ્રહ ઊઠી, પૂજીજે રે. સુવિધિ. ૧

[પાય=ચરણકમળ. કરણી=ક્રિયા. ઉલટ=હર્ષ, ઉમળકો. અંગ ધરીને=હૃદયમાં ધારણ કરીને. પ્રહ=સવારમાં.]

સુવિધિ જિનેશ્વર પ્રભુને ચરણે નમન કરીને સારા વિધિ-પૂર્વક પ્રાતઃ દર્શન કરીને નીચે બતાવ્યા પ્રમાણે શુભ કરણી કરવી જોઈએ. સવારમાં ઊઠી અંગમાં અતિ ઘણો ઉમંગભેર ઉમળકો ધારણ કરીને પ્રભુની પ્રતિમાની વિવિધ પ્રકારે પૂજા કરવી. ૧

આત્મ સાધનાના એક અંગભૂત પ્રભુની પૂજાનો સુવિધિ બતાવીને શ્લેષથી **સુવિધિ** નામ સાર્થક કરી બતાવ્યું છે.

દ્રવ્ય-ભાવ-શુચિ-ભાવ-ધરીને,
હરખે દેહરે જઇએ રે.
દહ-તિગઃ પણ-અહિગમઃ સાચવતાંઃ,
એકમના ધુરિ થઈએ રે. સુવિધિ. ૨

[**દ્રવ્ય**=બહારથી, બહારના પદાર્થરૂપ. **ભાવ**=અંદરથી **શુચિ**=પવિત્ર. **ભાવ**=સંજોગો. પરિસ્થિતિ. **ધરીને**=ઉત્પન્ન કરીને, ધારણ કરીને. **દહ**=દશ, **દહતિગ**-દશ-ત્રિક. **પણ**=પાંચ. **અહિગમ**=અધિગમ. **સાચવતાં**=સાચવતી વખતે. **એકમના**=એકાગ્ર મનવાળા. **ધુરિ**=પહેલાં.)

દ્રવ્યથી અને ભાવથી પવિત્રભાવ પવિત્ર સંજોગો—સામગ્રી ધારણ કરી, હર્ષપૂર્વક દહેરાસર જવું. અને દશત્રિક તથા પાંચ અધિગમ સાચવવાં. પરંતુ તે પહેલાં મન તો એકાગ્ર કરી જ દેવું. એટલે કે દ્રવ્યથી અને ભાવથી પવિત્ર થઇ હર્ષ-પૂર્વક દહેરાશરજી જઇ, પ્રથમ મન વચન કાયાની એકાગ્રતા કરી. દશત્રિક અને પાંચ અધિગમ સાચવવા. ૨

દશત્રિકઃ—૧ ત્રણ નિસિહી, ૨ ત્રણ પ્રણામ, ૩ ત્રણ પ્રદક્ષિણા, ૪ ત્રિદિશિ નિરીક્ષણ વર્જન. ૫ ત્રણ પ્રમાર્જના, ૬ મન વચન અને કાયા. એ ત્રણ યોગનું પ્રણિધાન—એકાગ્રતા. ૭ અંગ, અગ્ર અને ભાવ એ ત્રણ પ્રકારની પૂજા. ૮ ત્રણ અવસ્થાની ભાવના. ૯ ત્રણ પ્રકારની મુદ્રા. ૧૦ અક્ષર, અર્થ અને પ્રતિમા એ ત્રણ ધ્યાનનાં અવલંબન.

પાંચ અભિગમઃ—૧ સચિત્ત વસ્તુનો ત્યાગ. ૨ અચિત્ત વસ્તુનો સ્વીકાર. ૩ મનની એકાગ્રતા. ૪ એક ઉત્તરાસંગ. ૫ જિનદર્શન થતાંજ મસ્તકે અંજલિ જોડવી. અથવા રાજાએ ૧ તલવાર. ૨ છત્ર. ૩ મોજડી. ૪ મુગટ. ૫ ચામર. એ પાંચ રાજ્યચિહ્ન બહાર મૂકવાં.

કુસુમઃ અક્ષતઃ વર-વાસઃ સુગંધિ-
ધુપઃ દીપઃ મનઃ સાખી રે;
અંગ-પૂજા પણ-ભેદ સુણી ઇમ,
ગુરુ-મુખ આગમ-ભાખી રે. સુવિધિ. ૩

[**કુસુમ**=પુષ્પ, ફૂલ, **અક્ષત**=ચોખા. **વર-વાસ**=સુંદર વાસ ચૂર્ણ, વાસક્ષેપ. **દીપ**=દીવો. **મન-સાખી**=મનની સાક્ષિએ. **અંગ-પૂજા**=પ્રભુના અંગને સ્પર્શીને અથવા અંગને અનુલક્ષીને કરવાની પૂજા. **પણ-ભેદ**=પાંચ ભેદવાળી. **ગુરુમુખ**=ગુરૂના મુખથી. **આગમ-ભાખી**=આગમમાં કહેલી,]

પુષ્પ, અક્ષત, સુંદર વાસ ચૂર્ણ, સુગંધી ધુપ અને, દીવો. એ પ્રમાણે આગમમાં કહેલી પાંચ ભેદવાળી અંગપૂજા

ગુરુ મહારાજના મુખેથી સાંભળીને મનની સાક્ષિએ પ્રભુ–પ્રતિમાના અંગને સ્પર્શીને તથા અનુલક્ષીને કરવી. ૩

એહનું ફલ દોય-ભેદ સુણી જે,
અનંતરઃ ને પરંપરઃ રે.
આણા-પાલણઃ ચિત્ત-પ્રસન્નીઃ
મુગતિઃ સુગતિઃ સુર-મંદિરઃ રે. સુવિધિ.૪

[અનંતર=નજીકનું. પરંપર=દૂરનું. આણા-પાલણ =આજ્ઞા પાળવી, આજ્ઞાનું પાલન. ચિત્ત પ્રસન્ની=મન પ્રસન્ન–શાંત સ્વચ્છ પવિત્ર થવું. મનમાં પ્રસન્નતા થવી. મુગતિ=મોક્ષ. સુ-ગતિ-આર્ય ક્ષેત્રાદિમાં માનવ જન્મ. સદ્ગતિ. સુર-મંદિર=દેવ વિમાન.]

તે [અંગ] પૂજાના ફળના અનંતર અને પરંપર એ બે ભેદ પણ સાથે સાથે (ગુરુ મુખથી) સાંભળી લેવા:—

૧ પ્રભુની આજ્ઞાનું પાલનઃ અને ચિત્તની પ્રસન્નતાઃ એ બે અનંતર ફળ છે.

૨ —અને—મોક્ષઃ—ઉત્તમ સામગ્રીયુક્ત મનુષ્ય જન્મ, રૂપ સુગતિ અને દેવવિમાન એ પરંપરાએ ફળ છે. ૪

ફુલઃ અક્ષતઃ વર-ધૂપઃ પઇવોઃ
ગંધઃ નૈવેદ્યઃ ફલઃ જલ-ભરી રે.
અંગ-અગ્ર-પૂજા મળી અડ-વિધ,
ભાવે ભવિક શુભ-ગતિ વરી રે. સુવિધિ. ૫

[વર=સુંદર. પઇવો=પ્રદીપ, દીવો. જળભરી=જળ

ભર્યો કળશ. અંગ-અગ્ર-પૂજા=અંગ પૂજા અને અગ્ર પૂજા અડ-વિધ=આઠ પ્રકારની. ભવિક-ભવ્ય જીવ. શુભ-ગતિ વરી=શુભ ગતિ પામે.]

ફૂલઃ અક્ષતઃ સુંદર ધૂપઃ દીપકઃ સુગંધિ ચંદન કેસરાદિ દ્રવ્યોઃ નૈવેદ્યઃ ફલઃ અને જળભર્યા કળશાદિઃ એમ અંગપૂજા અને અગ્રપૂજા મળીને અષ્ટ પ્રકારી પૂજા છે, તે જો ભવ્ય જીવ ભાવપૂર્વક કરે છે તો તે અવશ્ય શુભ ગતિ પામે છે અને પરંપરાએ મોક્ષ પણ પામે છે. ૫

સત્તર-ભેદઃ એકવીસ-પ્રકારેઃ
અઠ્ઠોતર શત-ભેદે રે.
ભાવ-પૂજા બહુ-વિધ નિરધારી,
દોહગ્ગ-દુર્ગતિ છેદે રે. સુવિધિ. ૬

[**અઠ્ઠોત્તર-શત=એકસો આઠ. ભાવ-પૂજા=માત્ર હૃદયના ભાવથી કરવાની પૂજા. બહુ-વિધ=ઘણા પ્રકારની. નિરધારી=નક્કી કરી આપેલી છે. દોહગ્ગ=દૌર્ભાગ્ય, કમનસીબી, કિલષ્ટ પાપકર્મ. દુર્ગતિ=ખરાબ ગતિ. છેદે=તોડે છે.**]

સત્તર ભેદીઃ એકવીશ પ્રકારીઃ એકસો આઠ ભેદી એમ દ્રવ્ય પૂજા અનેક પ્રકારની છે. દુર્ભાગ્ય અને દુર્ગતિનો નાશ કરનારી ભાવપૂજા પણ ઘણા પ્રકારની શાસ્ત્રમાં નિશ્ચિત રૂપે સમજાવી છે. ૬

તુરિય-ભેદ પડિવત્તિ-પૂજા,
ઉપશમઃ ખીણઃ સયોગીઃ રે.

ચઉ-હા-પૂજા ઇમ ઉત્તરજ્ઝયણે,
ભાખી કેવળ ભોગી રે. સુવિધિ. ૭

[**તુરિય-ભેદ**=ચોથો ભેદ. **પડિ-વત્તિ**=પ્રતિપત્તિ, સ્વયંપાલન. **ઉપશમ**=ઉપશાંત મોહ (૧૧ મું ગુણ સ્થાનક) **ખીણ**=ક્ષીણ મોહ (૧૨ મું ગુણસ્થાનક) **સયોગી**=સયોગી અવસ્થા (૧૩ મું ગુણસ્થાનક) **ચઉહા**=ચાર પ્રકારે. **ઉત્તર-જ્ઝયણે**=ઉત્તરાધ્યયન સૂત્રમાં. **ભાખી**=કહી છે. **કેવળ-ભોગી**=કેવળજ્ઞાનભોક્તા-સર્વજ્ઞ પ્રભુએ.]

પૂજાનો ચોથો ભેદ પ્રતિપત્તિ પૂજા છે, તે-ઉપશમ શ્રેણિ, ક્ષપકશ્રેણિએ ચડી મોહનીય કર્મને ઉપશમ કરવા અને ક્ષય કરવારૂપ તથા સ-યોગિ ગુણસ્થાનકના ભાવ સ્વયં-જાતે પામવા રૂપ છે.

એ પ્રમાણે-અંગઃ અગ્રઃ ભાવઃ અને પ્રતિપત્તિઃ એ ચાર પ્રકારની પૂજા શ્રી કેવળજ્ઞાની ભગવંતે શ્રી ઉત્તરાધ્ય-યન સૂત્રમાં કહી છે. ૭

ઇમિ પૂજા બહુ-ભેદ સુણીને
સુખ દાયક શુભ-કરણી રે;
ભવિક-જીવ કરશે, તે લેશે
આનંદ-ઘન-પદ ધરણી રે. સુવિધિ. ૮

[**સુખદાયક**=સુખ આપનારી. **આનંદ-ઘન-પદ**= મોક્ષ. **ધરણી**=પૃથ્વી, **આનંદ-ઘન-પદ-ધરણી**=સિદ્ધ શિલા.]

એ પ્રકારે, ઘણા ભેદો સાંભળીને, સુખ આપનારી શુભ

કરણી-પ્રભુની પૂજા જે ભવિક જીવ કરશે, તે આનંદ-ધન -પદ-મોક્ષપદની, ધરણી-પૃથ્વી-સિદ્ધ શિલા પ્રાપ્ત કરશે. ૮

ભાવાર્થ—અહીં સુધીના સ્તવનોમાં મોટે ભાગે, પ્રીતિધારી, આદિ ધાર્મિક, માર્ગાનુસારી, સમકિતધારી તથા દેશવિરતિ શ્રાવકને લગતી વિચારણા સુધી આવી પહોંચે છે. આમાંથી આ સ્તવનમાં સર્વ જૈનોને કરવાની ઉત્તરાધ્યયન સૂત્રમાં કેવળજ્ઞાની ભગવંતે કહેલી ચાર પ્રકારની પૂજા બતાવવામાં આવી છે. તેમાંની અંગ અને અગ્રપૂજા દેશ વિરતિ શ્રાવક સુધીના જીવોને જ મુખ્યપણે કરવાની છે.

બાકીની બે સર્વવિરતિને ચે ખાસ કરવાની છે. એકંદર શ્રાવકને પણ ચારેય પ્રકારની પૂજાનો સંભવ છે, અહીં મુનિવેશ ન ધારણ કરેલ હોય તેવા ગૃહસ્થલિંગમાં રહેલા સમ્યક્ત્વ મૂળ બાર વ્રતાદિક ધારણ કરેલા જૈન ગૃહસ્થને શ્રાવક માનીએ તો તેને પ્રતિપત્તિ પૂજા પણ સંભવે.

આ પૂજાઓને બે ઠેકાણે સુખદાયકઃ શુભ કરણીઃ કહી છે, અને તેનું ફળ એક ઠેકાણે શુભ ગતિ પણ બતાવેલ છે. એટલા ઉપરથી પૂજા કેવળ “ શુભ કરણી એટલે માત્ર પુણ્ય બંધાવનારી શુભ આશ્રવ રૂપ ક્રિયા છે.” આમ ન સમજવું. અલબત્ત, એકંદર બાળ જીવો માટે તે શુભ કરણીરૂપ ઘણે અંશે છે. પરંતુ એમ એકાંત નથી. કેમકે તેનું પરંપરાએ મુક્તિરૂપ ફળ આ સ્તવનમાં જ બતાવ્યું છે, અને છેલ્લી ગાથામાં તેનું પુનરાવર્તન પણ બતાવ્યું છે. “ સિદ્ધશિલા પ્રાપ્ત કરશે,” એમ કહી પણ કહ્યું છે, તેથી જિન-પૂજા સંવરરૂપ અને નિર્જરારૂપ ક્રિયા

પણ છે. પ્રતિપત્તિ પૂજા તો બહુ જ ઉંચા પ્રકારની છે. ભાવપૂજા પણ અનેક પ્રકારની કહી છે. તે પણ સંવર અને નિર્જરાનો હેતુ બને છે.

એટલે પ્રભુની પૂજાથી પુણ્ય બંધાય છે. સંવર થાય છે. નિર્જરા પણ થાય છે અને અંતે મોક્ષ પણ મળે છે. કેમકે—દેવઃ ગુરૂઃ અને ધર્મઃ એ ત્રણ તત્ત્વમાં દેવ એ પ્રધાન તત્ત્વ છે. બીજા બેનો સંભવ અને આધાર પણ એ તત્ત્વ ઉપર જ છે. હરપ્રકારે દેવતત્ત્વની આરાધના એ પણ ધર્મનો એક ઉચ્ચ પ્રકાર છે. પ્રતિમા-પૂજા વિરૂદ્ધ પ્રચાર કે ભાષા બોલવી તે દેવ તત્ત્વની મહા આશાતના છે.-મહા વિરાધના છે. આ વાત સૂક્ષ્મબુદ્ધિગમ્ય છે.

સંઘ (શ્વેતામ્બર મૂ૦)નું માન્ય શાસ્ત્રોક્ત જિન પૂજાનો વિધિ જૈન તત્ત્વજ્ઞાનના મહત્ત્વના સિદ્ધાંતોને આધારે સાંગોપાંગ છે. તીર્થંકર પરમાત્માના ત્રણ કાળના સર્વ ક્ષેત્રોના ચાર નિક્ષેપા. તેમનો લોકત્તર વિશ્વોપકાર, તેમની ત્રિભુવન પૂજ્યતાઃ પ્રીતિ અનુષ્ઠાનને યોગ્ય જીવોથી માંડીને ઠેઠ, અસંગ અનુષ્ઠાન સુધીના જીવોની પાત્રતા અનુસાર પૂજા ભક્તિના વિધવિધ પ્રકારઃ તીર્થંકર પરમાત્માના પાંચ કલ્યાણકોની અપેક્ષાએ સર્વ અવસ્થાઓની પૂજ્યતા. ભક્તિ ભર ચિત્તથી ત્રણ ભુવનની સિદ્ધિના સમર્પણની પણ ન્યૂનતા પ્રભુ ભક્તિના સેંકડો પ્રકારો અને તેની વિધિઓ સર્વ દ્રવ્ય ક્ષેત્ર, કાળ ભાવ અને પાત્રની અપેક્ષાએ સંગત અને વ્યવસ્થિત છે.

૧૦. શ્રી-શીતલ-નાથ-જિન-સ્તવન

સ્યાદ્વાદની ખુબી.

[અહીંથી વિરતિને લગતા આત્મગુણોનું વર્ણન શરુ થતું જાય છે. તેમાં પ્રથમ તીર્થંકર પરમાત્મા અને પરમાત્મ ભાવમાં ઘટતા વિરુદ્ધ ધર્મો સ્યાદ્વાદથી સમજવાની ધીરતા પ્રાપ્ત થાય છે. શ્રુત સામાયિક–જૈનશાસ્ત્રની ખુબી સમજાવે છે.]

(રાગ–ધનાશ્રી–ગોડ: " મંગલીક માલા ગુણહિ વિસાલા."
એ દેશી.)

શીતલ–જિન–પતિ–લલિત–ત્રિભંગી,
વિવિધ–ભંગી મન મોહે રે,
કરુણા–કોમલતા: તીક્ષ્ણતા:
ઉદાસીનતા: સોહે રે. શીતલ. ૧

લલિત=મનોહર. **ત્રિભંગી**=ત્રણ ભાંગાવાળી. **વિવિધ-ભંગી**=જુદા જુદા ભાંગાઓ વાળી. **ભંગ**=ભાંગા, ભેદ, વિકલ્પ. **કરુણા**=દયા. **કોમલતા**=નરમાશ, સુંવાળાપણું, દયાળુપણું. **તીક્ષ્ણતા**=આકરાપણું, તીખાપણું, તીવ્રતા. **ઉદાસીનતા**=બેપરવાઇ, તટસ્થતા. **સોહે**=શોભે છે.]

લલિત–સુંદર વિવિધ ભાંગાઓવાળી શ્રી શીતલનાથ જિનેશ્વર પ્રભુ સંબંધી મનોહર–ત્રિભંગી મનને મોહ પમાડે છે–આશ્ચર્ય ઉત્પન્ન કરે છે.

૧. કરુણા, કોમળતા, ૨ તિક્ષ્ણતા અને ૩ ઉદાસીનતા,

એ પરસ્પર વિરૂદ્ધ ગુણવાળી છતાં ત્રિભંગી પ્રભુમાં બહુ જ શોભે છે.

પરસ્પરના વિરોધમાં પણ સમતા–શીતળતા,–શાંતિ બતાવીને શ્લેષથી **શીતળનાથ** નામની સાર્થકતા બતાવી છે.

સર્વ-જંતુ-હિત-કરણી કરુણાઃ
કર્મ-વિદારણ તીક્ષણઃ રે,
હાના-ઽઽદાન-રહિત-પરિણામી,
ઉદાસીનતાઃ વીક્ષણ રે. શીતલ. ૨.

[**સર્વ-જંતુ-હિત-કરણી**=સર્વ પ્રાણીઓનું હિત કરનારી. **વિદારણ**=નાશ કરવો, તોડવો. **કર્મ-વિદારણ**=કર્મોનો નાશ કરવો. **હાન**=ત્યાગ. **આદાન**=લેવું, સ્વીકાર. **હાના-ઽઽદાન-રહિત**=છોડવાં કે લેવા રહિત. **પરિણામી**=પરિણામ પામનાર આત્મા. **હાના-ઽઽદાન-રહિત-પરિણામી**=ત્યાગ અને સ્વીકાર રહિત પરિણામે પરિણમેલા આત્મા. **વીક્ષણ**=નિરીક્ષણ, જોવું]

(૧) સર્વ જંતુઓનું હિત કરનારી કરુણા પ્રભુજીમાં છે.

(૨) કર્મનો નાશ કરનારી તીક્ષ્ણતા પણ પ્રભુજીમાં છે.

(૩) ન તો કોઈ વસ્તુનો ત્યાગ કરવાની પ્રવૃત્તિ કે ઈચ્છાઃ ન તો કોઈ વસ્તુનો સ્વીકાર કરવાની પ્રવૃતિ કે ઈચ્છા; આ આ પ્રકારના પરિણામવાળી તટસ્થ નજર, તે ઉદાસીનતા તે પણ પ્રભુજીમાં છે.

આ આત્માની ત્રિભંગીની એક પ્રકારે ઘટના કરી બતાવી.

પર-દુઃખ-છેદન-ઇચ્છા કરુણાઃ
તીક્ષ્ણઃ પર-દુઃખ રીઝે રે,
ઉદાસીનતાઃ ઉભય-વિલક્ષણ,
એક ઠામે કેમ સીઝે? રે. શીતલ. ૩.

[**છેદન**=નાશ કરવાની. **રીઝે**=રાજી થવું. **ઉભય-વિલક્ષણ**=બન્નેયથી જુદી. **સીઝે**=સિદ્ધ થાય. સાબિત થાય.]

બીજી રીતે એજ ત્રિભંગી ઘટાવી બતાવે છેઃ—

લોકમાં-(૧) બીજાનાં દુઃખો દૂર કરવાની ઇચ્છાને કરુણા કહેવાય છે. (૨) બીજાનાં દુઃખો જોઇ રાજી થવાને તીક્ષ્ણતા કહેવાય છે.

(૩) કરુણા અને તીક્ષ્ણતા એ ઉભય-બન્નેય કરતાં જુદી મનોવૃત્તિને તે ઉદાસીનતા કહેવાય છે.

પરંતુ, " તે ત્રણેય એક ઠેકાણે કેમ સિદ્ધ થઇ શકે ? " આ પ્રશ્ન અહીં થાય છે; કેમકે-પરસ્પર વિરુદ્ધ ગુણો એક જ વસ્તુમાં એકી સાથે રહી કેવી રીતે શકે ? ૩.

અ-ભય-દાનઃ તે મલ-ક્ષયઃ કરૂણા,
તિક્ષણતા ગુણ ભાવે રે;
પ્રેરક વિણ કૃતિ ઉદાસીનતા,
ઇમ વિરોધ મતિ નાવે રે. શીતલ. ૪.

[**અ-ભય-દાન**=નિર્ભયતાનું દાન. **મલ**=અનાદિ કાળનો કર્મરૂપી મેલ. **મલ-ક્ષય**=અનાદિ કાળનાં કર્મરૂપી મેલનો

નાશ. ગુણભાવે=ગૌણ રીતે, ગર્ભિત રીતે. ૨-જ્ઞાનાદિક ભાવ ગુણોની અપેક્ષાએ. પ્રેરકવિણ- કૃતિ=પ્રેરણા વગરની સહજ પ્રવૃત્તિ. મતિ=બુદ્ધિમાં. નાવે=ન આવે, આવે નહીં.]

ઉપરના પ્રશ્નના જવાબ રૂપે-ત્રીજી રીતે એજ ત્રિભંગી ઘટાવી બતાવે છેઃ—

૨. (૧) કર્મરૂપી અનાદિ કાળનો મળ જીવને ચોટેલો છે. તેનો નાશ થવાથી ઉત્પન્ન થયેલી સંસારના ભયથી બચાવવાની અભયદાનની વૃત્તિઃ તે પોતાના આત્માની ભાવ કરૂણા પરમાત્મામાં હોય છે.

(૨) ત્યારે, મળનો ક્ષય કરવાની વૃત્તિ-**તીક્ષણતા** પણ ગૌણભાવે તેમાં સમાયેલી છે. અથવા ગુણો પ્રાપ્ત કરવાની ઉગ્રતા લાવેલી રૂપી તીક્ષ્ણતા હોય છે.

(૩) અને એ બન્નેય કામ કોઇ પણ જાતના પ્રેરકભાવ વિના સિદ્ધ સાધકદશામાં સહેજ રીતે થવા દેવાથી, **ઉદાસીનતા** પણ તેમાં સાબિત થાય છે.

એ રીતે વિચારતાં, વિચારમાં-બુદ્ધિમાં કોઇ પણ જાતનો પરસ્પર વિરોધ આવે તેમ નથી.

શકિતઃ વ્યકિતઃ ત્રિ-ભુવન-પ્રભુતા;
નિર્ગ્રંથતાઃ સંયોગે રે,
યોગીઃ ભોગીઃ વકતાઃ મૌનીઃ
અનુપયોગીઃ ઉપયોગે રે. શીતલ. ૫

[**શક્તિ**=સર્વ સામાન્ય સ્વ સ્વભાવો તે શક્તિઓ. **વ્યક્તિ**=પ્રત્યેક આત્મદ્રવ્યના સ્વ સ્વભાવો જુદા જુદા છે. **ત્રિ-ભુવન-પૂજ્યતા**=ત્રિલોકનાં સર્વ પ્રાણીઓને પૂજ્યપણું. **નિર્ગ્રંથતા**=કશીયે ગાંઠ વગરનાં, પોતાની ગાંઠમાં-પોતાના કબજામાં પોતાની માલીકીની કોઇપણ ચીજ રાખવાની નહીં, તદ્દન નિઃસ્પૃહી, સર્વથા પરિગ્રહ રહિત, નિઃશલ્ય સાધુપણું. **સંયોગે**=અન્નેયના સંયોગે ત્રીજો ભંગ જાણવો **યોગી**= મોક્ષની સાથે જોડવાના સાધનોવાળા. **ભોગી**=આત્મગુણોનો જાતે અનુભવ કરનારા. **વક્તા**=ઉપદેશ આપવા વાણીનો વ્યાપાર કરનારા. **મૌની**=મુનિભાવમાં રહેલા. **અનુપયોગી**= ઉપયોગ રહિત, ઉપયોગ ન મૂકનારા. **ઉપયોગે**=દર્શનના ઉપયોગમાં વર્તતા, ઉપયોગ દેનારા.

બીજી પણ, નીચે પ્રમાણે, બે ભાંગાના સંજોગનો ત્રીજો ભાંગો બનવાથી ઘણા ભાંગાઓવાળી ત્રિભંગીઓ થાય છે. જેમ કે:—

૨. ૧ શક્તિઃ ૨ વ્યક્તિઃ ૩ શક્તિવ્યક્તિ રહિત. ૩. ૧ ત્રિભુવન પ્રભુઃ ૨ નિર્ગ્રન્થઃ ૩ ત્રિભુવનપ્રભુતા અને નિર્ગ્રન્થતા રહિતઃ ૪. ૧ ત્યાગીઃ ૨ ભોગીઃ ૩ ત્યાગ-ભોગ રહિતઃ ૫. ૧ વક્તાઃ ૨ મૌનીઃ ૩ વક્તૃત્વ અને મૌન રહિત. ૬. ૧ અનુપયોગવંતઃ ૨ ઉપયોગવંતઃ ૩ ઉપયોગ અને અનુપયોગ રહિતઃ-

સંયોગી ભાંગાઓની સમજ નીચે પ્રમાણેઃ—

શક્તિ પણ આત્મપદાર્થનો ગુણ છે. જ્ઞાનાદિક ગુણો

ગુણી આત્મા કરતાં જુદા રહેતા નથી. તેથી આત્મા કરતાં શકિત પદાર્થ જુદો નથી.

પ્રત્યેક આત્મા વ્યક્તિ રૂપે છેઃ છતાં એકાંત એમ જ નથી. સઘળા પદાર્થોની સાથે સામાન્યતા પણ આત્મામાં છે. એટલે "વ્યક્તિ રૂપે જ છે." એમ પણ નથી.

આત્માના સઘળા ગુણો સંપૂર્ણ ખીલવેલા હોવાથી ત્રણ ભુવનના જીવોને પૂજ્ય છે. છતાં અભવ્યો તથા મિથ્યાત્વિ જીવો પૂજ્ય માનતા નથી. સિદ્ધના જીવો પણ સૌ પરસ્પર સમાન છે. તેમની વચ્ચે પૂજ્ય પૂજક ભાવ નથી. માટે ત્રિભુવન–પ્રભુતા રહિત. નિર્ગ્રંથતા રહિત એટલે સાધુનો વેશ ધારણ કરીને કાયમ ફરતા નથી અથવા સ્વગુણોમાં રમણતા રૂપી ગાંઠ તો પ્રભુને પણ છે. માટે નિર્ગ્રંથતા રહિત છે.

મન વચન કાયાના યોગો રહિત થએલા હોવાથી યોગ રહિત અને દુનિયાદારીના બાહ્ય ભોગોનો ત્યાગ કરેલ હોવાથી ભોગ રહિત.

જગત્માં જે છે તેના કરતાં કાંઇપણ નવી વાત કહેનારા ન હોવાથી વક્તાપણા રહિત છે, અને તીર્થંકર નામકર્મના યોગે દેશના આપતા હોવાથી મૌન રહિત પણ છે.

જ્ઞાન અને દર્શન એ બેના ઉપયોગ મૂકવાની શકિત. હોવાથી અનુપયોગ રહિતઃ એટલે કે ઉપયોગ શકિત સહિત ઉપયોગ મૂકવાની શકિત છતાં ઉપયોગમય પરમાત્મા છે. તેમને

ઉપયોગ વખતો વખત જુદો જુદો મૂકવો પડતો નથી, એટલે ઉપયોગ રહિત.

આ પ્રમાણે દરેક ત્રિભંગીના છેલ્લા સંયોગી ભાંગા સમજાવ્યા છે. આ શિવાય ઘણી રીતે ઘટાવી શકાય છે. અને આવી સુંદર ઘણી ત્રિભંગીઓ પણ થાય છે. ૫

ઇત્યાદિક–બહુ–ભંગ ત્રિ–ભંગા,
ચમત્કાર ચિત્ત–દેતી રે.
અચરિજ–કારી ચિત્ર–વિચિત્રા,
આનંદ–ઘન–પદ લેતી રે. શી. ૬

[**બહુ–ભંગ**=બહુ–ઘણા–ભાંગાવાળી. **ત્રિ–ભંગા**=ત્રણ ભાંગા–ત્રણ વિકલ્પવાળી. **ચિત્ત**=ચિત્તમાં, મનમાં. **અચરિજ–કારી**=આશ્ચર્યકારક. **ચિત્ર–વિચિત્રા**=અનેક જુદા જુદા પ્રકારની. **આનંદ–ઘન–પદ**=મોક્ષ સ્થાન **લેતી**=લઈ લેતી.]

એવા એવા ઘણી જાતના ભાંગાવાળી ત્રિભંગીઓ મનમાં ચમત્કાર ઉત્પન્ન કરે છે. કેમકે–તે એક આશ્ચર્યકારક વસ્તુ છે, જુદા જુદા પ્રકારવાળી છે, એટલુંજ નહીં, પરંતુ તે આનંદઘનનું પદ–મોક્ષપદ લે છે–ખેંચી લાવીને આત્માને અર્પણ કરવા સમર્થ છે. પરંપરાએ સ્યાદ્વાદશૈલિનું જ્ઞાન મોક્ષ પ્રાપ્તિમાં કારણભૂત થાય છે, માટે શોભારૂપ છે. ૬

ભાવાર્થ–આ સ્તવનમાં વિરોધી જણાતા વિવિધ ભાંગાઓ તરફ લક્ષ્ય ખેંચીને સ્યાદ્વાદની મદદથી તેના

વિરોધો દૂર કરી બતાવી સ્યાદ્વાદની ખુબી જણાવી છે. સ્યાદ્વાદી સર્વત્ર વિરોધનો પરિહાર કરીને યથાતથ્ય વસ્તુ સમજીને સ્થિર સ્વભાવમાં રહી શકે છે. માટે સ્યાદ્વાદનો ચમત્કાર બતાવીને આ સ્તવનમાં સાધકને તેમાં સ્થિર કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે

પ્રથમ કરુણા, તીક્ષ્ણતા અને ઉદાસીનતા, એ ત્રણ ત્રિભંગીની ત્રણ રીતે સમજુતી આપીને તેના ત્રણ ત્રણ વિકલ્પો સમજાવ્યા છે.

જિનેશ્વર પ્રભુમાં એ ત્રણ ભાંગા કેવી રીતે ઘટે છે, તે ઘટાવી બતાવ્યા છે

ત્રીજી ગાથામાં—શ્લોકમાં એ ત્રણ શબ્દના શા શા અર્થ થાય છે? તે બતાવીને પરસ્પર વિરોધ બતાવી, "એક ઠેકાણે કેવી રીતે એ ત્રણેય ઘટી શકે?" એ પ્રશ્ન ઉઠાવ્યો છે.

ચોથી ગાથામાં એ વિરોધ મટાડી દીધો છે.

તેમાં મલ ક્ષય એટલે અનાદિકાળનો કર્મરૂપી મેલનો ક્ષય કરવો, એ પોતાના આત્માને અભયદાન—સંસારના કષ્ટોમાંથી છોડાવવાનું થાય છે. આમ મલનો ક્ષય કરવામાં ગૌણ ભાવે તીક્ષ્ણતા રહેલી જ છે. એ બન્નેય કામો કોઈની પ્રેરણા વિના યા તો આત્મા પોતે પણ કશી પ્રેરણા વિના સહજ સ્વભાવે તેને થવા દે તે ઉદાસીનતા. એ રીતે એક આત્મામાં પણ એ ત્રણેય રહેવા છતાં વિરોધ નથી આવતો, ઉદાસીનતા જેમ જેમ વધતી જાય તેમ તેમ મલ ક્ષય તિક્ષ્ણ રીતે થતો જાય અને આત્મા અભયદાન પામતો જાય.

પાંચમી ગાથામાં બીજી કેટલીક એવી ત્રિભંગીઓ બતાવી છે. આ રીતે આવા વિરોધિ વિકલ્પોના વિરોધ યથાર્થ રીતે દૂર કરતાં આવડવાથી સ્યાદ્વાદના જ્ઞાનની તાલીમ મળે છે અને જ્ઞાન વિશાળ થાય છે. અન્તે પરંપરાયે મોક્ષ મળે છે.

શક્તિ=પરમાત્મા વિશ્વની એક પ્રકારની અનંત શક્તિરૂપ છે. તેના સામર્થ્યથી અનેક જીવો મોક્ષ મેળવે છે, અથવા આત્મા પોતે એક શક્તિના ભંડારરૂપ છે.

વ્યકિત=પરમાત્મા અથવા તો કોઈપણ આત્મા એક એક સ્વતંત્ર વ્યક્તિત્વવાળા સ્વતંત્ર વ્યક્તિરૂપ પણ હોય છે.

ત્રિભુવન-પ્રભુતા=એક એક સ્વતંત્ર વ્યક્તિ હોવા છતાં અનંત ગુણો અને અનંત વીર્યને લીધે ત્રણેય ભુવનની પ્રભુતા પણ તેમાં હોય છે.

નિર્ગ્રન્થતા=સકળ પરિગ્રહ અને સંગના ત્યાગી હોવાથી તેમાં નિર્ગ્રન્થતા હોય છે.

સંયોગ=એ ઉપરના તથા પછીના બન્ને ભાંગાના સંયોગરૂપ ત્રીજો ભાંગો થવાથી ત્રિભંગીઓ થશે.

યોગી=મોક્ષ સાથે જોડાવાથી અથવા સામર્થ્ય યોગથી યોગી હોય છે. અથવા આત્મા મન વચન કાયાના યોગોવાળો હોય છે.

ભોગી=આત્મગુણનો આનંદ ભોગ લેતો હોવાથી ભોગી કહેવાય છે.

વક્તા=દેશના આપે છે ત્યારે વક્તા હોય છે.

મૌની=દેશના નથી આપતા હોતા ત્યારે મૌની કહેવાય છે. અથવા વચન યોગ રુંધાય ત્યારે અથવા નિરવદ્ય ભાષાદ્વારા હિતકારી ઉપદેશ આપવા છતાં મૌની કહેવાય છે.

અનુપયોગવંત=અન્ય ક્ષણે દર્શનોપયોગ સમયે જ્ઞાનોપયોગ રહિત અને જ્ઞાનોપયોગ સમયે દર્શનોપયોગ રહિત એમ અનુપયોગવંત પણ પરમાત્મા હોય છે. અથવા આત્મા બાર ઉપયોગમાંના એક ઉપયોગ સમયે બીજા ઉપયોગ રહિત હોય છે.

ઉપયોગવંત=જ્ઞાન કે દર્શન એમાંથી એક ઉપયોગ તો સદા હોય જ છે.

આમ જુદી જુદી રીતે શાસ્ત્રને આધારે વિકલ્પો–ભાંગા ઘટાવી શકાય છે. આવા અનેક ભાંગાઓવાળી ત્રિભંગીઓ, હોઇ શકે છે. અહીં તો માત્ર સંક્ષેપમાં સૂચન કરવામાં આવેલ છે.

૧૧ શ્રી-શ્રેયાંસ-નાથ-જિન-સ્તવન.

અધ્યાત્મનું સ્વરૂપઃ દેશવિરતિ-સર્વવિરતિરૂપ ભાવ અધ્યાત્મની અભિલાષાઃ

[સ્યાદ્‌વાદમાં શ્રદ્ધાળુ અથવા નિપુણ આત્મલક્ષ્યી દેશવિરત-શ્રાવક કે જૈનમુનિ અધ્યાત્મના જુદા જુદા ભેદો સમજીને આધ્યાત્મિક પ્રગતિમાં આગળ વધી શકે છે. તેથી સૌથી પહેલાં ચાર પ્રકારના અધ્યાત્મનું સ્વરૂપ બતાવેલ છે. ત્યાગાત્મક ભાવઅધ્યાત્મની દેશવિરતિથી શરૂઆત થાય છે. અને સમ્યક્ત્વરૂપ અધ્યાત્મની તો ચોથે ગુણસ્થાનકેથી શરૂઆત થાય છે.]

[રાગ-ગૌડ "અહો મતવાલે સાજના" **એ દેશી.**]

શ્રી-શ્રેયાંસ-જિન ! અંતર-જામી,
આતમ-રામી નામી રે,
અધ્યાતમ-મત-પૂરણ પામી,
સહજ-મુગતિ-ગતિ-ગામી રે. શ્રી. શ્રે. ૧

[**અંતર-જામી**=અંદરની વાત જાણનાર, સર્વજ્ઞ. **આતમ-રામી**=આત્મામાં રમણતા કરનારા. **નામી**=પ્રસિદ્ધ, જગજાહેર **અધ્યાત્મ-મત**=આત્મવિકાસનું જ્ઞાન. **સહજ**=સરળતાથી. **મુકિત-ગતિ-ગામી**=મોક્ષગતિ તરફ જઇ ચૂકેલા.]

હે શ્રેયાંસ નાથ ! જિનેશ્વર દેવ ! આપ તો અંદરનીયે વાતના જાણનારા-સર્વજ્ઞ છોઃ આપ પોતાના આત્માના આરામમાં-

આનંદમાં મશગુલ છોઃ આપ જગત્‌માં પ્રસિદ્ધ નામવાળા છોઃ આપ પૂર્ણ આધ્યાત્મિક જ્ઞાનને પૂર્ણપણે પામેલા છોઃ અને આપ સહજ રીતે જ મુક્તિગતિમાં જઇ પહોંચેલા છો. ૧

શ્રેયઃ=એટલે કલ્યાણ–મોક્ષ. તેથી **સહજ–મુગતિ–ગતિ–ગામી** પદ આપીને શ્લેષથી **શ્રેયાંસ** નામ સાર્થક કરી બતાવ્યું છે.

સયલ–સંસારી ઇંદ્રિય-રામી.
મુનિ–ગણ આતમ-રામી. રે
મુખ્યપણે જે આતમરામી,
તે કેવલ નિઃકામી. રે શ્રી શ્રે૦ ૨

સયલ=સર્વ. **ઇન્દ્રિય-રામી**=ઇન્દ્રિયોના વિષયોમાં લુબ્ધ, તેના લાલચુ. **ગણ**=સમૂહ. **આતમ-રામી**=આત્મ-ધ્યાનમાં રમણતા કરનારા. **કેવળ**=ફક્ત. **નિઃકામી**=નિષ્કામી, નિષ્કામ યોગી.]

સઘળાયે સંસારી જીવો ઈન્દ્રિયોના વિષયોમાં લુબ્ધ હોવાથી ઇન્દ્રિયોનો આરામ શોધનારા છે; માટે તેઓ ઇન્દ્રિયરામી કહેવાય છે. માત્ર મુનિગણ–મુનિયોનો સમુદાય-આત્મામાં રમણતા કરનારો છે. મુખ્યપણે જેઓ આત્મામાં રમણતા કરનારા હોય છે, તે જ ફકત ખરેખરા નિષ્કામી–નિષ્કામયોગી હોઈ શકે છે. ૨

નિજ-સ્વ-રૂપ જે કિરિયા સાધે,
તે અધ્યાતમ લહિયે. રે

જે કિરિયા કરી ચઉ–ગતિ સાધે,
તે ન અધ્યાતમ કહિયે. રે   શ્રી શ્રે૦ ૩

[નિજ-સ્વ-રૂપ=પોતાનું–આત્માનું સ્વરૂપ.–લહિયે=જાણવું.]

પોતાના–આત્મ–સ્વરૂપને લક્ષ્યમાં રાખીને જે ક્રિયા સાધવામાં આવે છે. તેનું નામ અધ્યાત્મ કહેવાય છે. અને તે ભાવ નિક્ષેપે–ભાવ અધ્યાત્મ છે.

आत्मानमधिकृत्य या शुद्धा क्रिया प्रवर्तते, तदध्यात्मम्।

અર્થ=આત્મવિકાસને ઉદ્દેશીને જે જે શુદ્ધ પ્રવૃત્તિ કરવામાં આવે, તે **અધ્યાત્મ.**

કેટલાકની ધાર્મિક ગણાતી કેટલીક વિષઃ ગરલઃ અને અનુષ્ઠાનઃરૂપ ક્રિયા એવી હોય છે, કે–જે કરવાથી ઉલટાના ચાર ગતિમાં ભમવું પડે છે. તેવી ક્રિયાનું નામ અધ્યાત્મ ન કહી શકાય. ૩

નામ–અધ્યાતમઃ ઠવણ–અધ્યાતમઃ
દ્રવ્ય-અધ્યાતમઃ છંડો. રે
ભાવ–અધ્યાતમઃ નિજ-ગુણ સાધે,
તો. તેહશું રઢ મંડો. રે   **શ્રી શ્રે૦ ૪**

[**નામ**=નામ માત્રથી. **ઠવણ**=સ્થાપનાથી. **દ્રવ્ય-અધ્યાતમ**=ભાવ–અધ્યાત્મનું કારણ કે કાર્ય. **રઢ**=દૃઢતાથી. **મંડો**=મચો]

માટે, નામ–અધ્યાત્મઃ સ્થાપના અધ્યાત્મઃ અને દ્રવ્ય–અધ્યાત્મઃને છોડી દો, અને જે ભાવ–અધ્યાત્મ પોતાના આત્માના ગુણને વધારનારું હોય, તેની જ પાછળ દૃઢ રીતે

મંડી પડો—મચી પડો. ભાવ–અધ્યાત્માભાસની પાછળ પડવાનું નથી. પરંતુ આત્માના ગુણોને વધારે, તે સાચું ભાવ અધ્યાત્મ છે. તેની પાછળ જરૂર પડો.

નામ–અધ્યાત્મઃસ્થાપના–અધ્યાત્મઃ અને દ્રવ્ય અધ્યાત્મઃ એ ત્રણેય ભાવ-અધ્યાત્મના કારણ છે–તેમાં મદદગાર છે. પણ તે સર્વની મદદ લઇને સાધવાનું તો છેવટે ભાવ-અધ્યાત્મ જ હોય છે. ભાવ-અધ્યાત્મના લક્ષ્ય વિના એકલા નામાદિકને વળગી રહેવાથી ખાસ ફાયદો થતો જ નથી. આખર તો તે છોડી દેવાના જ હોય છે. માટે, ભાવ–અધ્યાત્મના લક્ષ્યને ધ્યાનમાં રાખીને તેને પ્રાપ્ત કરવા માટે તેની સાધના પાછળ લાગી પડવું જોઇએ.

ભાવ-અધ્યાત્મના પણ ચડતા ઉતરતા ઘણા દરજ્જા હોય છે, ઉચ્ચ ઉચ્ચ દરજ્જા પર ગયા પછી નીચે નીચેના દરજ્જા છોડી દેવાના હોય છે. ઉંચો ઉંચો દરજ્જો પ્રાપ્ત ન થયો હોય, ત્યાં સુધી તેની પહેલાના દરજ્જાને ઉંચો દરજ્જો પ્રાપ્ત કરવા દઢ રીતે આરાધવાનો–સાધવાનો હોય છે. ભાવ અધ્યાત્મની ભ્રમણામાં ન પડી જવાય, તેની સાવચેતી માટે "નિજ ગુણ સાધે, તો." એ શબ્દો ખાસ મૂકયા છે. ૪

શબ્દ–અધ્યાતમ અર્થ સુણીને,
નિર્વિકલ્પ આદરજો. રે
શબ્દ–અધ્યાતમ ભજના જાણી,
હાન–ગ્રહણ–મતિ ધરજો. રે શ્રી શ્રે૦ ૫

[શબ્દ-અધ્યાતમ=અધ્યાત્મ શાસ્ત્ર. નિર્વિકલ્પ=મન. વચન: કાયાની ગુપ્તિ અને કષાય રોધ. ભજના=હોય કે ન હોય. હાન=ત્યાગ. ગ્રહણુ=સ્વીકાર. મતિ=વિચાર. હાન-ગ્રહણુ-મતિ=ત્યાગ અને સ્વીકારની બુદ્ધિ. ધરજો=રાખજો. કેળવજો.]

આધ્યાત્મિક શાસ્ત્રો રૂપ શબ્દ–અધ્યાત્મ મારફત ચાર-નિપેક્ષા રૂપ અર્થ બરાબર સાંભળીને પણ છેવટે, તો નિર્વિકલ્પ દશાનો આદર કરજો.

પરંતુ, શબ્દ અધ્યાત્મમાં પણ, દુનિયામાં રહેલા દરેક અધ્યાત્મનાં ગણાતાં શાસ્ત્રોમાં તો અધ્યાત્મની ભજના હોય છે, એટલે કે " અધ્યાત્મનાં ગણાતાં દરેક શાસ્ત્રોમાં અધ્યાત્મ નક્કી હોય જ" એમ માની ન લેવું. તેથી નયોની મદદથી બરાબર સમજ મેળવીને તેમાંથી છોડવા જેવું છોડી દેવાનો, અને લેવા જેવું લેવાનો, સાવધ–વિચાર રાખજો. એ શાસ્ત્રોમાં બધુંય છોડવા જેવું કે બધુંય લેવા જેવું નથી હોતું. પરંતુ નયની મદદથી એ સમજવાની–તારવવાની–જો તમારામાં તાકાત નહીં હોય, તો, તમો ભૂલાવામાં પડી જશો. સાચા અધ્યાત્મી તો લેવા જેવું હોય, તે લઇ જ લે છે. ૫

અધ્યાતમી: જે વસ્તુ વિચારી,
બીજા જાણ લબાસી. રે
વસ્તુ–ગતે જે વસ્તુ પ્રકાશે,
આનંદ-ઘન–મત–વાસી. રે શ્રી શ્રે૦ ૬

[લભાસી=લભાસી-લેબાસી, માત્ર અધ્યાત્મનો-આધ્યાત્મિક જીવનનો-મુનિજીવનનો-લેબાસ-વેશ-દેખાવ ધારણુ કરનારા. આનંદ-ઘન-મત=અધ્યાત્મના. મોક્ષના. વાસી-મોક્ષના વાસી.]

જે વસ્તુ સ્થિતિનો ખરેખરો વિચાર કરનારા હોય, તે ખરા અધ્યાત્મીઓ છે. બીજા તો લેબાસી-વેશધારી અધ્યાત્મીઓ જાણવા. કેમકે-વસ્તુ-ગતે. વસ્તુ જેમ હોય તેમજ જેઓ વસ્તુનો યથાર્થ પ્રકાશ કરે, તેજ આનંદઘન-મત, અધ્યાત્મમતમાં અથવા મોક્ષમાં વાસ કરી શકે છે. બીજાની તાકાત નથી. ૬

ભાવાર્થ—આધ્યાત્મિકોએ પણ પોતાને માર્ગદર્શક આદર્શ તરીકે શ્રી જિનેશ્વર ભગવંતને રાખવા જોઇએ. કેમકે-તેઓ જ અધ્યાત્મના ઉત્પાદક છે અને જાતે અધ્યાત્મની છેવટની હદે પહોંચીને મોક્ષમાં પહોંચી ગયેલા હોય છે. તેમનું આલંબન છોડવું ન જોઇએ. તેઓ પૂરેપૂરા અધ્યાત્મમત પામ્યા હોય છે.

મુનિઓને મુખ્યપણે આત્મરામી અને અધ્યાત્મી કહ્યા છે અને તેને જ ખરેખરા નિષ્કામ યોગી કહ્યા છે. સ્તવનકાર કહે છે, કે—"ખરા નિષ્કામ યોગી તે છે, કે "જેઓ અધ્યાત્મને પામીને આત્મરમણુતા કરે છે."

"આત્માને લક્ષ્યીને જે જે પાંચ આચારરૂપ ઉચિત ધાર્મિક ક્રિયા પ્રવર્તાવાય, તેનું નામ અધ્યાત્મ છે." અને તે ભાવ અધ્યાત્મ છે. એકલું આત્માનું લક્ષ્ય પણ દ્રવ્ય-અધ્યાત્મ છે, અને તે વિનાની એકલી ક્રિયા પણ દ્રવ્ય અધ્યાત્મ છે, બન્નેય સાથે જોઇએ જ. ઉચિત ક્રિયા સાપેક્ષ

આત્મલક્ષ્યની મુખ્યતા અથવા આત્મલક્ષ્ય સાપેક્ષ ક્રિયાની મુખ્યતા ભાવ અધ્યાત્મ છે. એક બીજાને નિરપેક્ષ રહીને એક બીજાના વિરોધ કરનાર દ્રવ્ય અધ્યાત્મી છે.

શુષ્ક અધ્યાત્મીઓ અને શુષ્ક ક્રિયાવાદીઓ ભાવ અધ્યાત્મીઓ નથી. પરંતુ, ક્રિયા સાપેક્ષ એકલું આત્મજ્ઞાનઃ અને આત્મજ્ઞાન સાપેક્ષ એકલી ક્રિયાઃ એ બન્નેય મુખ્ય હોય, તોપણ ભાવ–અધ્યાત્મ હોઈ શકે છે.

એટલે–કેટલીક ક્રિયાઓ તો એવી છે, કે–જે કરવાથી ઉલટા સંસારમાં ભમવાનું થાય છે. તેમાં તો દ્રવ્ય–અધ્યાત્મ પણ નથી. તે તો ભવાભિનંદીપણું કહી શકાય. વળી કેટલીક ક્રિયાઓ બહારથી અધ્યાત્મની ક્રિયા સાથે મળતી આવતી હોય, પરંતુ વાસ્તવિક રીતે તે અધ્યાત્મના માર્ગને જ હણનારી હોય, તો તેને પણ દ્રવ્ય–અધ્યાત્માભાસ માત્ર કહી શકાય. પરંતુ દ્રવ્ય અધ્યાત્મ પણ ન કહેવાય.

જેમ એકાંત શુષ્ક ક્રિયાવાદીઓ હોય છે, તેજ પ્રમાણે એકાંત શુષ્ક ભાવ અધ્યાત્મીઓ પણ હોય છે. તે બન્નેય આદરપાત્ર નથી. પણ ત્યાજ્ય છે

જેની લાયકાત ઊંચા પ્રકારની થઇ હોય છે, તેવા સાધકે મુખ્યપણે તો ભાવ–અધ્યાત્મનો જ આશ્રય લઈ –આદર્શ રાખી તેમાં જ મચી પડવાનું હોય છે. બાકીના બધા ઉપાયોને છોડતાં જવું જોઈએ.

અધ્યાત્મને લગતા શાસ્ત્રો ઉપરથી અનુભવ લઇને–શબ્દ-બ્રહ્મમાં-શબ્દ અધ્યાત્મમાં નિષ્ણાત થઈને–છેવટે, નિર્વિ-

કલ્પ દશારૂપ પરમબ્રહ્મ–પરમાત્મભાવનો–પરમ ભાવ અધ્યાત્મનો આદર કરવાનો છે. શાબ્દિક ચુંથણા અને ચર્ચામાં ત્યાં ને ત્યાં કાયમ પડયા રહેવું, તે આધ્યાત્મિકને પાલવે નહીં.

ક્ષપક શ્રેણિમાં જે નિર્વિકલ્પ દશાનો આરંભ થાય છે. તેનો સ્વાદ પ્રાપ્ત કરવા જ અધ્યાત્મનો આશ્રય લેવાની જરૂર છે. તેનું એ ધ્યેય છે.

અહીં એક ખાસ ભલામણ કર્યા વિના સ્તવનકાર રહી શકતા નથી. “ આધ્યાત્મિક વિચારનું વર્ણન કરનારા ઘણાં શાસ્ત્રો અને ગ્રન્થો જગત્‌માંથી તમને મળશે, પરંતુ તે દરેકમાંથી “ સાચું અધ્યાત્મ મળે જ. ” એમ માની ન લેવું. તેમાં પણ અધ્યાત્મની ભજના જાણવી. એટલે કે-કોઈકમાં સાચું અધ્યાત્મ હશે, અને કોઈકમાં નહિ પણ હોય. તમે જેમાં સાચું અધ્યાત્મ ન હોય, તેને છોડવાની, અને સાચું અધ્યાત્મ હોય, તે શાસ્ત્ર લેવાની બુદ્ધિ કેળવજો.

ઉપરના ગુણ સ્થાનકોમાં ધર્મધ્યાન તથા શુકલ ધ્યાન રૂપ ક્રિયા હોય છે. પ્રથમ પ્રથમની આધ્યાત્મિક અવસ્થા કારણ–એટલે કે દ્રવ્ય અધ્યાત્મ, અને પછી પછીની આધ્યાત્મિક અવસ્થા તે કાર્ય એટલે ભાવ અધ્યાત્મ. ભાવ અધ્યાત્મમાં તથા દ્રવ્ય અધ્યાત્માં પણ અનુક્રમે દ્રવ્યપણું અને ભાવ પણું નયોની અપેક્ષાએ ઘટે છે.

આખર તો આત્મ-વસ્તુને સમજનાર અધ્યાત્મી છે. આત્માનો ખ્યાલ પણ ન રાખનારા બીજા બધા લેબાસી-વેશધારી-અધ્યાત્મીઓ છે. એ રીતે આત્મ-વસ્તુનો ખરેખરો પ્રકાશ કરનાર જ મોક્ષમાં વાસ કરી શકે છે, બીજા ત્યાં પહોંચી શકતા નથી.

૧૨ શ્રી વાસુ-પૂજ્ય-જિન-સ્તવન

આત્મના સ્વરૂપનું જ્ઞાન :- આત્માની વિવિધ ચેતના : આત્મજ્ઞાની :

[આત્માના ગુણોના વિકાસ કરવાના ઉદ્દેશથી જે જે યોગ્ય પ્રયત્નો કરવામાં આવે, તે અધ્યાત્મ કહેવાય છે. એટલે આત્મા વિના અધ્યાત્મનો સંભવ જ નથી. તેથી આધ્યાત્મિક પ્રગતિના ઇચ્છુકે આત્મ સ્વરૂપને ધ્યાનમાં રાખીને ક્રિયા કરવાની છે. "નિજ સ્વરૂપ જે કિરિયા સાધે તે અધ્યાતમી કહિયેજી" તેમાં નિજ એટલે આત્માનું સ્વરૂપ લક્ષ્યમાં રાખવાનું કહ્યું છે. તો આત્માનું સ્વરૂપ કેવું છે ?" તેનો વિચાર અહીંઆપેલો છે. સર્વ વિરતિ મુનિ-રૂપ આધ્યાત્મિકોએ આત્માનું-સ્વ-સ્વરૂપનું-જ્ઞાન પ્રાપ્ત કરવું જોઇએ. તેથી સામાન્ય આત્મ સ્વરૂપ બતાવ્યું છે]

[રાગ-ગોડી તથા પરજ "તુંગીયા ગિરિ શિખર સોહે." એ દેશી]

વાસુ-પૂજ્ય-જિન ! ત્રિ-ભુવન-સ્વામી,
ઘન-નામી : પરનામી : રે.
નિરા-ऽऽકારઃ સા-ऽऽકારઃ સ-ચેતનઃ,
કરમઃ કરમ-ફલ-કામીઃ રે. વાસુ૦ ૧

[**ત્રિભુવન સ્વામી**=ત્રણ લોકને પૂજ્ય હોવાથી ત્રણ લોકનાં-સુર, અસુર અને માનવોનાં-સ્વામિઓને—ઋષિ મુનિયોને પણ પૂજ્ય હોવાથી-ત્રણ લોકનાં સ્વામી છે. **ઘન-નામી**=તેનું ખરૂં નામ 'આત્મા' ઘનનામી-નિત્ય છે.

પરનામી=પરિણામી છે. અથવા પર એટલે પુદ્‌ગલ. શરીરના સંબંધથી પડેલું નામ **વાસુપૂજ્ય** હોવાથી પરનામી છે. **નિરાऽऽકાર**=આકાર રહિત. **સાऽऽકાર**=આકાર સહિત. **સચેતન**=ચેતના સહિત. **કરમ**=કર્મ કરનાર હોવાથી કર્મરૂપ. **કરમફલકામી**=કર્મનાં ફળો ભોગવવા ઈચ્છનાર. ભોક્તા.]

ત્રણ ભુવનના સ્વામી શ્રી **વાસુ–પૂજ્ય–સ્વામિ** ! આપ નિશ્ચયથી ધનનામી–**પરમ આત્મા**–એવું નામ ધારણ કરનારા; અને વ્યવહારથી–પર-નામી શરીરરૂપ પુદ્‌ગલ સંબંધથી **વાસુ–પૂજ્ય**–એવું નામ ધારણ કરનારા છો. અથવા આત્મા ઇંદ્રોને પૂજ્ય છે, જિન છે, ત્રણ ભુવનનો સ્વામી છે, ધનનામી-નિત્ય છે, પરનામી પરિણામી છે. "નિરાકાર છે, સાકાર છે, સચેતન છે, કર્મરૂપ છે, પોતાનાં કર્મોનાં ફળો પોતાને ભોગવવાનાં હોય છે, તેથી કર્મના ફળરૂપ પણ છે. અને તેથી જ નારક, દેવ, સ્ત્રી, પુરુષ વિગેરે આત્માનાં નામો વ્યવહારમાં લેવાય છે. કેમકે–વાસ્તવિક રીતે તો તે કર્મનાં ફળ છે. ૧

વાસુપૂજ્ય એટલે ઇન્દ્રોને પૂજ્ય. ત્રણ જગત્‌ને પૂજ્ય હોય, તે વાસવોને–ઈન્દ્રોને પૂજ્ય હોયજ, એમ, વાસુપૂજ્ય નામ અને ઈન્દ્રોની પૂજ્યતા બતાવીને, વાસુપૂજ્ય શબ્દની શ્લેષથી સાર્થકતા બતાવી છે.

નિરા–ऽऽકારઃ અ-ભેદ–સંગ્રાહકઃ
ભેદ-ગ્રાહક સા-ऽऽકારો રે.

દર્શનઃ જ્ઞાનઃ દુ–ભેદ–ચેતના.

વસ્તુ–ગ્રહણ–વ્યાપારો રે. વાસુ૦ ૨

[અભેદ=પદાર્થનો સામાન્ય ધર્મ, સંગ્રાહક=જાણુનાર, ભેદ=પદાર્થનો વિશેષ ધર્મ, ભેદ–ગ્રાહક=વિશેષ ધર્મ જાણુનાર. દુ-ભેદ=બે ભેદવાળી. વસ્તુ-ગ્રહણવ્યાપાર=વસ્તુનું જ્ઞાન કરવાનો પ્રયત્ન-ઉપયોગ.]

૧ દરેક પદાર્થમાં સામાન્ય અને વિશેષ એમ બે ધર્મ હોય છે. તેમાંથી "આ કોઈ માણસ છે." એવી રીતના સામાન્ય ધર્મને અભેદથી–નામવાર ભેદવિના–જાણનાર જ્ઞાન-શક્તિ, તે નિરાકાર આત્મા. ૨. ભેદ એટલે, "આ વિમળસેન નામનો માણસ છે." એવી રીતે વિશેષ ધર્મને જાણનાર જ્ઞાનશક્તિ, તે સાકાર આત્મા. ૩. વસ્તુનું જ્ઞાન કરવાના પ્રયત્નમાં શક્તિરૂપ દર્શનઃ અને જ્ઞાનઃ એ બે પ્રકારે ચેતનાવાળો આત્મા હોવાથી, આત્મા **સચેતન** પણ કહેવાય છે. ૨

કર્તા પરિણામી. પરિણામો–

કર્મ જે જીવેં કરિયેં. રે

એકઃ અનેકઃ રૂપ નય વાદે

નિયતે નર અનુસરિયે. રે વાસુ૦ ૩

[કર્તા=કરનાર. પરિણામી=પરિણમનાર, પરિણામ પામનાર, પરિણામો=પરિણામ–રૂપાંતરો. કર્મ=જીવથી જે કરાય તે. નિયતે=ચોક્કસ, નિયતે–નયવાદેં=ચોક્કસ નય-વાદની અપેક્ષાઓને. નર=આત્મા. અનુસરિયે=પદ્ધતિસર જ્ઞાન કરીયે.]

જીવ પરિણામી કર્તા છે. પરિણામી કર્તાના જે પરિણામો જીવથી કરાય છે, તે કર્મ છે. માટે જીવ કર્મ પણ-કર્મરૂપ પણ-કહેવાય છે. પોતાનાં પરિણામો-પર્યાયો પ્રમાણે પરિણામ પામતો હોવાથી, પોતાના અનેક પરિણામોને લીધે-નયવાદની ચોકકસ અપેક્ષાઓને અનુસરીને, એક નરને-આત્માને અનેકરૂપે પણ કહી શકાય છે. પોતે એક છે, છતાં અનેક પરિણામોમય-અનેક ગુણોમય-હોવાથી અનેક પણ કહી શકાય છે.

દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ આત્મદ્રવ્ય એક જ હોય છે. તેથી તે એક કહેવાય છે. પર્યાયાર્થિક નયની અપેક્ષાએ એકજ આત્માના અનંત પર્યાયો થતાં હોવાથી, એક જ આત્મા અનેક પણ કહેવાય છે. અથવા સંગ્રહ નયની અપેક્ષાએ સઘળા આત્માઓ એક આત્મારૂપે પણ કહેવાય છે, અને વ્યવહાર નયની અપેક્ષાએ દરેક આત્મા અલગ અલગ હોવાથી અનેક પણ કહેવાય છે. પોતાના સર્વ ગુણોનો ઉત્પાદક હોવાથી આત્મા-નર પણ કહેવાય છે. અને તેથી આત્મા જ નારાયણ પણ કહેવાય છે. ૩

દુઃખ-સુખ-રૂપ-કર્મ-ફલ જાણો.
નિશ્ચય એક આનંદો. રે
"ચેતનતા-પરિણામ ન ચુકે
ચેતન." કહે જિન-ચંદો. રે વાસુ० ૪

[નિશ્ચય=નિશ્ચય નયથી. ચેતનતા-પરિણામ=ચેતના-પરિણામ, જ્ઞાનાદિ ગુણ રૂપ. ચૂકે=છોડે. ચેતન=આત્મા, જિન-ચંદો=જિનેશ્વર દેવરૂપી ચંદ્રમા]

"દુ:ખ અને સુખ રૂપે જે ભોગવાય છે, તે સઘળાં કર્મનાં ફળો છે." એમ સમજો. તેથી, વ્યવહાર નયથી, તે ફળોનો તે આત્મા ભોગવનાર છે. અને નિશ્ચય નયથી તો એક અપૂર્વ જે પોતાના આત્માનો આનંદ છે, તેનો જ ભોક્તા આત્મા છે. કેમકે-શ્રી જિનેશ્વર દેવોએ કહ્યું છે, કે "ચેતન-આત્મા પોતાનો ચેતના-પરિણામ કદીયે છોડતો નથી." તેથી તે ચેતનારૂપ-જ્ઞાદિક ગુણોના આનંદમાં ત્રણેય કાળમાં ઓછે વધતે અંશે હંમેશા લીન રહે છે. ૪

પરિણામી ચેતન. પરિણામો-
જ્ઞાનઃ કર્મઃ ફલ ભાવિઃ રે
જ્ઞાનઃ કર્મઃ ફલઃ ચેતન કહીએ.
લેજો તેહ મનાવી. રે. વાસુ૦ ૫

[ભાવિ=ભવિષ્યમાં થનારૂં. મનાવી=સમજી લો.]

ચેતન-આત્માઃ તે દ્રવ્ય હોવાથી પરિણામીછે. જ્ઞાનઃ કર્મઃ અને તેના ભાવિ ફલઃ તે સર્વ પરિણામો છે. એ પરિણામો રૂપે આત્મા પરિણામ પામે છે, માટે જ્ઞાનઃ કર્મઃ અને તેનાં ફળઃને પણ, (ચેતન-આત્મા) કહેવામાં હરકત નથી. એમ બરાબર સમજી લેજો. ગુણ-ગુણિનો અભેદ ઉપચાર કરવામાં

આવે, તો એમ કહી શકાય છે. અથવા વ્યવહાર નયના ઉપચરિતાદિ ભેદોની અપેક્ષાએ પર્યાયોમાં દ્રવ્યનો ઉપચાર કરીને પણ એમ કહી શકાય છે. ૫

આતમ-જ્ઞાની શ્રમણ કહાવે.
બીજા તો દ્રવ્ય-લિંગી. રે
વસ્તુ-ગતેં જે વસ્તુ પ્રકાશે,
આનંદ-ઘન-મત-સંગી. રે વાસુ૦ ૬

[શ્રમણ=મુનિ, દ્રવ્ય-લિંગી=વેષધારી, આનંદ-ઘન મત-સંગી=આત્માના સ્વરૂપની વિચારણામાં આસક્ત-મોક્ષમાં લીન.]

આ રીતે આત્માનું જ્ઞાન ધરાવતા હોય, તે જ સાચા શ્રમણો-સાધુઓ છે. બીજા તો બહારથી સાધુનો વેશ-સાધુની નિશાની ધારણ કરનારા સમજવા. આ રીતે, આત્મારૂપ વસ્તુને વસ્તુગતેં-ખરેખરી રીતે જાણે છે, તે જ આનંદઘન-મતમાં આત્મા સ્વરૂપની વિચારણામાં આસક્ત રહી શકે છે, અથવા તેઓ જ મોક્ષ માર્ગમાં લીન થઇ પ્રગતિ કરી શકે છે. અને છેવટે મોક્ષમાં જઇ શકે છે. ૬

ભાવાર્થ : નિશ્ચય અને વ્યવહાર નયથી આત્માનું સ્વરૂપ કહ્યું છે. આત્મા નિશ્ચય નયથી એક છતાં, વ્યવહારથી સાકારઃ નિરાકારઃ સચેતનઃ કર્મરૂપઃ કર્તાઃ પરિણામીઃ કર્મના ફળ રૂપઃ એમ અનેક રૂપે પણ છે.

શ્રમણ મુનિ મહાત્માઓ કે જેઓ ભાવ અધ્યાત્મી

છે, તેઓએ આત્મ દ્રવ્યનું, તેના ગુણ અને પર્યાયોનું સ્વ-રૂપ ખૂબ વિસ્તારથી જુદા જુદા નયની અપેક્ષાએ દર્શાવેલ છે, તે જાણવું જોઈએ. આ વાતની મજબૂત સૂચના આ સ્તવનમાંથી મળે છે. તો જ વસ્તુ ગતેં વસ્તુનો પ્રકાશ કરી શકાય–સમજી શકાય–સમજાવી શકાય અને અધ્યાત્મ માર્ગમાં પ્રગતિ કરી શકાય.

સ્યાદ્‌વાદની મદદ વિના, નિશ્ચય અને વ્યવહારને લગતી સમજ: અને આચરણામાં ઘટતો આશ્રયઃ એ બે લઇ શકાય નહીં. એટલા માટે શ્રી શીતળનાથ પ્રભુના સ્તવનમાં સ્યાદ્‌વાદથી અનેક વિધ ત્રિભંગી સમજાવી બતાવી. અધ્યાત્મનું સ્વરૂપ સમજાવ્યું. અને તે પ્રસંગને અનુસરીને આ સ્તવનમાં આત્માના કેટલાક પ્રસિદ્ધ ગુણો બતાવીને તેનું સ્વરૂપ સમજાવ્યું છે.

૧. પાંચમા સ્તવનમાં–ત્રણ પ્રકારના આત્માનું સ્વરૂપ પ્રાથમિક જીવને સમકિત પ્રાપ્ત થતાં પહેલાં–પરમાત્મા શું ? અને પરમાત્મા થવાને અંતરાત્મ-ભાવ પ્રાપ્ત કરવો જોઇએ. અને બહિરાત્મ ભાવનો ત્યાગ કરવાથી અંતરાત્મા થવાય. આમ પ્રાથમિક જીજ્ઞાસા શાંત કરવા વિકાસની શક્યતા સંક્ષેપમાં સમજાવી.

૨. ૧૧મા સ્તવનમાં–"અંતરાત્મપણાનો વિકાસ અધ્યાત્મની મદદથી થાય છે." તે બતાવેલ છે.

૩. ૧૨માં સ્તવનમાં–આત્મા પદાર્થ : આત્મ દ્રવ્ય : તેનું સ્વરૂપ બતાવ્યું છે. આત્મા પદાર્થનું સ્વરૂપ સામાન્ય રીતે

બતાવવાની શરૂઆત અહીં કરી છે. આત્મા સાકારઃ નિરાકારઃ સચેતનઃ પરિણામીઃ કર્તાઃ કર્મનો કર્તાઃ નિજઆનંદનો કર્તા છે. એક રૂપ છે અનેક રૂપ છે. આત્માના પરિણામો–જ્ઞાનઃ દર્શનઃ કર્મઃ કર્મના ફળઃ વિગેરે આત્માના પરિણામો છે. આ રીતે જેની ઈચ્છા આત્માનો કર્મોથી મોક્ષ કરવાની હોય, તેણે પોતાનો આત્માં કેવો છે? તેના ગુણો કેવા કેવા છે? વિગેરે જાણવું જ જોઈએ

૪. ૧૮ મા **શ્રીઅરનાથ** પ્રભુના સ્તવનમાં ૧૨મા ગુણસ્થાનકવર્તી ક્ષીણમોહ મહાત્માઓ આત્માના સ્વસમયમાં લીન થાય છે. લેશ માત્ર પણ પરનો લેશ માત્ર પણ પડછાયો હોય, તેને પર સમય સમજે છે. એમાં શુદ્ધ દ્રવ્યાર્થિકના આધારના શુદ્ધ નિશ્ચય નયની અપેક્ષાએ આત્માનુ સ્વરૂપ સમજાવ્યું છે.

૫. ૨૦મા **શ્રી મુનિસુવ્રત** સ્વામિના સ્તવનમાં આત્માનો મોક્ષ થાય છે. તો આત્માનું કેવું સ્વરૂપ માનવામાં આવે તો મોક્ષ ઘટી શકે? આ બાબતમાં કેટલાક દર્શનકારો આત્માના સંબંધમાં અપૂર્ણ હકીકત પૂરી પાડતા હોવાથી "જૈન દર્શનમાં જે રીતે આત્માનું સ્વરૂપ બતાવેલું છેઃ તે સ્વરૂપના આત્માને જ બંધઃ મોક્ષ : સુખ : દુઃખઃ વિગેરે ઘટી શકે છે" એમ મુક્તિની સિદ્ધિ કરવાની દૃષ્ટિથી આત્માનું સ્વરૂપ સમજાવ્યું છે.

માટે જુદા જુદા સ્તવનોમાં આત્માનું સ્વરૂપ જુદી જુદી રીતે સમજાવાયેલું હોવાથી "પરસ્પર વિસંવાદ કે

વિરોધ આવે છે, અથવા જુદી જુદી રીતે આમ કેમ સમજાવે છે ?" એમ શંકા ન કરવી.

આ સ્તવનમાં સામાન્ય રીતે આત્મ દ્રવ્યનું પ્રાથમિક દૃષ્ટિએ સમજી શકાય તેવું સ્વરૂપ બતાવ્યું છે. આત્માનું સ્વરૂપ સમજ્યા વિના, અને તેનો વિકાસ કરવાની ઇચ્છા વિના અધ્યાત્મની શરૂઆત જ થતી નથી.

---

૧૩ શ્રી–વિમલ–નાથ–જિન–સ્તવન.

તીર્થંકરદેવરૂપ–પુષ્ટ આલંબનથી ભક્તિ–અનુષ્ઠાનઃ ભક્તિ–યોગઃ

[પરમાત્માનું સ્વરૂપ જાણ્યા પછી, પોતાના આત્માને અધ્યાત્મ માર્ગે દોરવવા ઇચ્છતા આત્મજ્ઞાની શ્રી શ્રમણ મુનિ ભાવ અધ્યાત્મી થતી વખતે પોતાના આત્માનું સ્વરૂપ વિચાર્યા પછી, તેઓને જે આનંદ થાય, અને તેને લીધે, પરમાત્મા વીતરાગદેવનું આલંબન તેમને તે વખતે પણ કેટલું બધું આનંદદાયક થાય છે? તે આ સ્તવનમાં બતાવેલ છે.]

[રાગ–માલ્હાર "ઇડર આંબા આંબલીરે, ઇડિર દાડિમ દ્રાખ." એ દેશી]

દુઃખ–દોહગ્ગ દૂરે ટળ્યાં રે, સુખ-સંપદ શું ભેટ.
ધીંગ–ધણી માથે કિયો. રે કુણ ગંજે નર–ખેટ ?
વિમલ–જિન! દીઠાં લોયણ આજ.
મારાં સિધ્યાં વાંછિત–કાજ. વિ૦ દી૦ ૧

[સુખ-સંપદશું=સુખ અને સંપદ્-સંપત્તિ સાથે. ભેટ=મેળાપ થયો. ધીંગ-ધીંગો, મોટો. ધણી=માલિક, માથે=માથા ઉપર, માથે કિયો=વડિલ તરીકે રાખ્યો. ગંજે=ગાંજે, તાબે થાય, નર-ખેટ=પામર માણસને. લોયણ= ચક્ષુ. વિમળ=૧ નિર્મળ એવા વિમળનાથ જિનેશ્વર દેવ ૨ નિર્મળ. સિધ્યાં=સફળ થયાં, વાંછિત=મન-ઈચ્છિત.]

આજે મેં હવે શ્રી વિમળનાથ જિનેશ્વર પ્રભુને મારી આંતર ચક્ષુથી સાક્ષાત્ જોયા. અને તેથી હવે હું માનું છું, કે—"મારા બધાયે મનોરથ સફળ થયા છે, દુઃખ અને દુર્ભાગ્ય દૂરે ટળ્યા છે. સુખ અને સંપત્તિ આવીને ભેટી પડી છે." ખરેખર ! માથે મોટો મહારથી ધણી ધાર્યા પછી, પામર માણસોથી કોણ ગાંજે ? તેની દરકાર કોણ કરે ?

પરમાત્મા બનવા ઈચ્છતા આત્માર્થીઃ ભાવ અધ્યાત્મીઃ શ્રમણઃને આત્માના સ્વરૂપનો ભાસ થયા પછી–પરમાત્માના સ્વરૂપનો તેજસ્વી પ્રતિભાસ થયા પછી–જે આનંદ થાય, તે આનંદ આ સ્તવનમાં ભક્તિ અનુષ્ઠાન રૂપે વ્યક્ત કરવામાં આવે છે. ૧

વિમળ શબ્દના શ્લેષથી આત્માની અને પ્રભુની નિર્મળતાનું પણ વર્ણન કરી, મળરૂપે–મેલ–રહિત. વિમળ નામની સાર્થકતા જણાવી છે.

ચરણ–કમલ કમલા વસે. રે
નિર્મલ–સ્થિર–પદ દેખ.

સ-મલ અ-સ્થિર-પદ પરિહરે રે.
પંકજ પામર પેખ. વિ૦ દી૦ ૨

[ચરણ-કમળ=ચરણરૂપી કમલમાં, કમલા=લક્ષ્મીજી. સ્થિર=નિશ્ચળ. પદ=સ્થાન, નિવાસસ્થાન. દેખ=જોઇને. સ-મલ=મેલું, મેલવાળું. અ-સ્થિર=અનિશ્ચળ. પદ=સ્થાન. પરિહરે=છોડી દે. પંક-જ=કાદવમાં થતું-કમળ. પંક=કાદવ, પામર=ગરીબડું, પેખ=જોઇને.]

શ્રી વિમળનાથ પ્રભુનાં ચરણરૂપી કમળ રહેવા માટેનું નિર્મળ અને સ્થિર સ્થાનક નજરે ચડ્યા પછી, કાદવમાં ઉત્પન્ન થયેલું હોવાથી—પામર-બિચારા કમળને-પંક-જને રહેવા માટેનું મેલું અને અસ્થિર નિવાસસ્થાન ગણીને કમળા—લક્ષ્મીજી શ્રી વિમળનાથ પ્રભુનાં ચરણકમળમાં રહેવાને ચાલી આવી છે. તેથી કમળ કરતાં પણ તેમનાં ચરણની શોભા વધી ગઈ છે. કારણ એ કે-કમળા-દેવી પંકજ-કમળ-છોડીને વિમળનાથ પ્રભુનાં ચરણરૂપી કમળમાં કાયમી વાસ કરવા માટે આવી ગયા છે.

વિમળનાથ પ્રભુ ગુણે કરીને નિર્મળ છે, પોતાના આત્મામાં કેવળજ્ઞાનરૂપી લક્ષ્મીનો કાયમી વાસ પામ્યા છે. તેથી તેમનાં ચરણકમળ પણ નિર્મળ છે, અને તેના આશ્રયથી દુઃખ અને દુર્ભાગ્ય દૂર ટળી જાય, અને સુખ તેમજ સંપત્તિની ભેટ મળે, તેમાં શી નવાઈ છે? ૨

આ કડીમાં શ્રી આનંદઘનજી મહારાજશ્રીએ કવિ તરીકે બહુજ સુંદર કલ્પના કરીને કાવ્ય-ચમત્કારથી ભરપૂર ઉત્તમ પ્રકારની કવિતાનો સુંદર નમૂનો પૂરો પાડયો છે. કમળ, કમલા; પામર, પંકજ; નિર્મળ, સમળ, સ્થિરપદ, અસ્થિરપદ;-વિગેરે શબ્દોની પસંદગી પણ બહુજ રસ ઉમેરે છે.

મુજ મન તુજ પદ-પંકજે રે
લીનો ગુણ-મકરંદ.
રંક ગણે મંદર-ધરાઃ રે
ઇન્દ્રઃ ચંદ્રઃ નાગેન્દ્રઃ વિ૦ દી૦ ૩

[પદ-પંકજે=ચરણ કમળમાં. લીનો=આસક્ત. ગુણ-મકરંદ=ગુણરૂપી, સુગંધી, પરાગ. રંક=રાંકડા, મંદર=મેરુપર્વત. ધરા=પૃથ્વી. નાગેંદ્ર=ભવનપતિના ઇન્દ્ર, ધરણેન્દ્ર.]

આવા તમારાં ચરણરૂપી કમળમાં ગુણરૂપી મકરન્દ-પુષ્પનો રસ-પીવા માટે મારા મનરૂપી ભ્રમરો લીન-તલ્લીન-આસક્ત થઇ ગયો છે. તેથી કરીને તમારાં ચરણ મળવાથી મારૂં મન મેરુ પર્વતઃ પૃથ્વીઃ અથવા મેરુ પર્વતની સુવર્ણમય પૃથ્વીઃ ઇન્દ્રઃ ચંદ્રઃ અને ધરણેન્દ્ર દેવઃને પણ પોતાની આગળ એક રાંકડા જેવા--તુચ્છ માને છે. હે પ્રભો! આવો તમારા ચરણનો મહિમા છે. ૩

ભક્તિરસમાં લીન આત્મજ્ઞાની શ્રમણ હજુ આગળ વધે છેઃ—

સાહિબ! સમરથ તું ધણીઃ રે
પામ્યો પરમ–ઉદારઃ
મન–વિશરામીઃ વાલહોઃ રે
આતમચો આધારઃ વિ૦ દી૦ ૪

[**પરમ-ઉદાર**=બહુજ ઉદાર, મોટા મનવાળો, ત્રિભુવન પૂજ્ય ઘણીજ મોટાઇ વાળો. **મન–વિશરામી**=મનના વિસામા રૂપ. **વાલહો**=વહાલો. **આતમચો**=આત્માનો, મારો. **આધાર**=આશરો.]

હે સ્વામિ! તારા જેવો સમર્થઃ પરમ ઉદારઃ મનના વિસામારૂપઃ આત્માના આધારરૂપઃ અને વહાલામાં વહાલોઃ ધણીઃ હું પામ્યો છું, હવે મારે બીજું શું જોઈએ? મને જગત્માં જે કાંઈ મેળવવા જેવું હોય, કે છે, તે બધું, તું મળ્યે, મળી ગયું છે, નાથ! ૪

દરિસણ દીઠે જિનતણું રે
સંશય ન રહે વેધ.
દિન-કર–કર–ભર પસરતાં રે
અંધ-કાર–પ્રતિષેધ. વિ૦ દી૦ ૫

[**વેધ**=આડ, આંતરું, વિઘ્ન. **દિન-કર–કર-ભર**= દિવસનો કર્તા સૂર્ય, તેના કિરણોનો સમૂહ., **પસરતા**=

ફેલાતાં. અંધકાર-પ્રતિષેધ=અંધકારને રહેવાની મનાઇ, અંધકારનો નાશ.]

આવા જિનેશ્વર દેવનાં સાક્ષાત્-આત્મભાવનાથી-દર્શન-પરમાત્માના સાચા સ્વરૂપનો સાક્ષાત્કાર-થાય, ત્યાર પછી, સંશય-શંકારૂપી વિઘ્ન-સાલ મનમાં જરા પણ ન રહી શકે. જેમ સૂર્યનાં જથાબંધ કિરણો ફેલાતાં જ અંધકાર નાસી જાય છે, તેમ બધાયે સંશયો નાશ પામી જાય છે. વિઘ્નો ઉપર વિજય મેળવાય છે. અને નિર્મળ સમ્યક્ત્વ તથા વિચિકિત્સા-રહિત ધર્મ માર્ગમાં પ્રવૃત્તિ થાય છે.—

અમિય-ભરી મુરતિ રચી રે
ઉપમા ન ઘટે કોય.
શાંત-સુધા-રસ ઝીલતી રે
નિરખત તૃપ્તિ ન હોય. વિ૦ દી૦ ૬

[**અમિય-ભરી**=અમૃતથી ભરેલી, **શાંત-સુધા-રસ ઝીલતી**=શાંત રસ રૂપી અમૃત રસમાં ન્હાતી, **નિરખત**=જોતાં. **તૃપ્તિ**=સંતોષ.]

હે પ્રભો! તારી મૂર્તિ અમૃત રસથી ભરપૂર, એકદમ શાંત-રસમાં ન્હાતી એવી તો રચી છે, કે-જેની સાથે જગત્‌ની કોઈપણ વસ્તુની ઉપમા જ ઘટાવી શકાતી નથી. અહાહા! તેને નિરખતાં નિરખતાં સંતોષ જ થતો નથી. ધરપત જ થતી નથી.

આ કડીમાં ગોઠવાયેલા એકએક શબ્દ ભક્ત હૃદયને હચમચાવવાને પૂરેપૂરો સમર્થ છે. તેમાંયે નિરખતઃ અને તૃપ્તિઃ એ બે શબ્દો બોલતાં તો હૃદય ઉછળ્યા વિના રહે જ નહીં. એવી ખુબીથી શબ્દો વાપર્યા છે. અને શબ્દો પણ બરાબર કવિને મળી ગયા છે !! એજ ખુબી છે. ૬

એક-અરજ સેવકતણી રે, અવધારો જિન-દેવ!
કૃપા કરી મુજ દીજિયે રે, આનંદ-ઘન-પદ-સેવ વિ૦ ૭

[**અરજ**=વિજ્ઞપ્તિ **અવધારો**=સાંભળો, સ્વીકારો. **આનંદ-ઘન-પદ-સેવ**=આપ પરમાત્માપદની સેવા, મોક્ષ-પદની સેવા, પ્રાપ્તિ.]

પરંતુ, હે જિનેશ્વરદેવ! આ સેવકની અરજ આપ જરા સ્વીકારોને ! કે—" કૃપા કરીને મને આનંદ-ઘન એવા આપ પરમાત્માના ચરણની-મોક્ષ-પદની સેવા આપો....૭

ભાવાર્થ :—સમ્યગ્ દર્શન પ્રાપ્ત થયું. પ્રભુની દ્રવ્ય પૂજા કરવાની તક પ્રાપ્ત થઇ, શ્રુત સામાયિકની મદદથી સ્યાદ્‌વાદ સિદ્ધાંતનો રસ ચાખવા મળ્યો, દેશ-વિરતિ અને સર્વ વિરતિ રૂપ ત્યાગમય ભાવ અધ્યાત્મમાં પ્રગતિ થઈ, અને શ્રમણભાવ માં-આત્મ પદાર્થનું પણ સ્વરૂપજ્ઞાન થયું. ૭મા સ્તવનમાં પરમાત્માને અનેક નામે ભજ્યા હતા, તે પરમાત્મ-ભાવની નજીક આવતાં આ સ્તવનમાં, પરમાત્મા પ્રત્યે પૂરતો ઉમળકો વ્યક્ત થાય છે. બીજી ગાથામાં-લક્ષ્મીજી કમળમાંથી કેમ ચાલી ગઈ ? અને પ્રભુના ચર-

ણુમાં કેમ જઈને વસી ? તેનું કાવ્યની દૃષ્ટિથી બહુજ મનોરંજ વર્ણન કર્યું છે. અને ત્રીજી ગાથામાં–આવા ચરણમાં પોતાને લીન થવાનું મળ્યું છે. આ કારણે–પોતે જગત્‌ની સર્વ ઉત્તમ વસ્તુઓને પણ તુચ્છ માને છે. બહારથી ભિક્ષુક જેવા જણાતા છતાં પરમાત્માની ભકિતમાં લીન થઈને મસ્ત બનેલા ભકતો બેપરવાઈ અને જગત્‌થી નિરાળાપણે આત્માનંદની બાદશાહી ભોગવતા જે આનંદ અનુભવી શકે, તે બીજાને શી રીતે મળી શકે ? આમ થવાનું કારણ–ભગવાનનું સ્વરસથી–સાચી સમજણથી–પોતાને દર્શન થાય છે, જેથી શાંતરસ ઝીલતી પ્રભુની અનુપમ મૂર્તિ જોઈને ધરવ થતો નથી. તેથી પોતે વિવશ થઈને ભવિષ્યને માટે પણ પ્રભુના ચરણની સેવા માંગી લે છે.

આ સ્તવનમાં ઊર્મિના અજબ ઉછાળા છે.

ભકતની ભકિતના ઉદ્રેકની ભરતીનો ઉછાળો જણાઈ આવે છે.

૧. પ્રભુની મદદથી મુનિ ભાવની પ્રાપ્તિનો આનંદ. આ સ્તવનમાં પ્રગટ થાય છે.

૨. નવમા ધર્મનાથ પ્રભુના સ્તવનમાં અપ્રમત્ત મુનિના ભાવ ધર્મની પ્રાપ્તિનો આનંદ વર્ણવાય છે.

૩. ૧૬ મા સ્તવનમાં શ્રેણિનું આરોહણ વખતના આત્મભાવના સાક્ષાત્ અનુભવથી જે આનંદ થાય, તેનું વર્ણન છે.

૪. ૧૭મા સ્તવનમાં–ઉપશમ શ્રેણિથી પતનના કારણનું વર્ણન છે.

૫. ૧૮ મા સ્તવનમાં—ક્ષપક શ્રેણિ પૂરી કરી ક્ષીણ મોહ નામના ૧૨ ગુણ સ્થાનકની દશાનું વર્ણન છે.

૬. ૧૯ મા સ્તવનમાં— ક્ષપક શ્રેણિના ક્રમના વર્ણન સાથે ૧૩ મા ગુણસ્થાકનું, સયોગિ વીતરાગ સર્વજ્ઞ તીર્થં-કર ભાવનું વર્ણન છે.

૭. પછીના સ્તવનોમાં મોક્ષને મુખ્યપણે લક્ષ્યમાં રાખીને ચર્ચવા જેવા વિષયો ચર્ચવામાં આવેલા છે.

૧૪.—શ્રી અનંતનાથ જિન સ્તવન.

આત્મ વિકાસની પ્રગતિમાં પ્રમત્તભાવને લીધે પડતી વિવિધ મુશ્કેલીઓ: તેમાંથી બચવા વચનાનુષ્ઠાન: તેનો આશ્રય લેવાની ભલામણ:

[પરમાત્માનું અંતરઙ્ગ દર્શન થવા છતાં પણ, ૧૧ મે ગુણસ્થાનકે પહોંચેલા મોહના ઉપશામક અપ્રમત્ત આત્માઓ ત્યાંથી પડીને ઠેઠ ચોથા અને બીજે થઈને પહેલા ગુણ ઠાણા સુધી પણ પહોચી જાયછે. એટલે પરમાત્માની સેવા જેમ તેમ કરી શકાય એવી સહેલી નથી. ભલભલા તે કરવાનો માર્ગ ચૂકી જાય છે, અને અનેક મુશ્કેલીઓમાં અટવાઈ જાય છે. તો પછી અધ્યાત્મના સાધક: આત્મજ્ઞાની: ત્યાગી: પ્રમત્ત: અપ્રમત્ત: ભાવમાં પરાવર્તન પામતા શ્રમણ મુનિનું તો પૂછવું જ શું? તેની આ સ્તવનમાં ચેતવણી સૂચવે છે. પછી, આગળ વધવાનો માર્ગ બતાવશે વચમાં

જરા મુશ્કેલીઓ બતાવીને ચેતવણી આપવા થોભી જાય છે, પરમાત્માની સેવામાં આવી પડતી મુશ્કેલીઓ બતાવી સેવાની દુર્લભતા તરફ લક્ષ્ય ખેંચે છે, અને આગમના વચન અનુસાર વર્તવાની ભલામણ કરી **વચનાનુષ્ઠાન** ઉપર ભાર મૂકે છે.]

[રાગ–રામગિરિ: કડખા: પ્રભાતી:]

ધાર તરવારની સોહિલી, દોહિલી
 ચઉદમા જિનતણી ચરણ-સેવા.
ધાર-પર નાચતાં દેખ બાજીગરા.
 સેવના–ધાર–પર રહે ન દેવા. ધા૦ ૧

[ધાર=અણી, ધાર. સોહિલી=સહેલી. દોહિલી=દુર્લભ, કઠણ. બાજીગરા=નટલોકો, જાદુગર લોકો. સેવના ધાર–પર=સેવા રૂપી ધાર ઉપર.]

તલવારની ધાર સહેવી સહેલી છે. પરંતુ ચૌદમા તીર્થંકર દેવનાં ચરણની સેવા કરવી દોહિલી–બહુજ આકારી છે. જુઓને, તલવારની ધાર ઉપર તો બાજીગર લોકો પણ નાચતા દેખાય છે. પણ સેવા રૂપી ધાર ઉપર ભલભલા દેવો પણ ટકી શકતા નથી. ૧

એક કહે: "સેવિયે વિવિધ કિરિયા કરી."
 ફલ અનેકતાં લોચન ન દેખે.
ફલ અનેકાંત કિરિયા કરી બાપડા
 રડવડે ચાર ગતિમાંહે લેખે. ધા૦ ૨

[અનેકાન્ત=અચોક્કસ, વિસંવાદી, ફળ=પરિણામ. ફલ-અનેકાન્ત-કિરિયા=સંદિગ્ધ ફળવાળી ક્રિયા, વિપરીત-જુદું જ ફળ આપનારી ક્રિયા. બાપડા=બિચારા. રડવડે=અથડાય છે. લેખે=હિસાબમાં]

૧ એકાન્ત ક્રિયાવાદી એક કહે છે, કે :— "અમે વિવિધ ક્રિયાઓ કરીને પરમાત્માની સેવા કરીશું." પરંતુ, બિચારા, એવી ક્રિયાનું અનેકાન્ત-વ્યભિચારી—અનિશ્ચિત—વિપરીત ફળ મળે છે, તે જોઈ શકતાજ નથી.

તેથી અનેકાન્ત-અનિશ્ચિત-ફળવાળી વિષ: ગરલઃ અને અનનુષ્ઠાનઃ રૂપ ક્રિયા કરીને, તે બાપડા નારકાદિક ચાર ગતિના લેખામાં—હિસાબમાં રખડે છે. પરંતુ, તેને મોક્ષ તરફના હિસાબનું ફળ મળી શકતું નથી. ૨

ગચ્છના ભેદ બહુ નયણ નિહાળતાં.
તત્ત્વની વાત કરતાં ન લાજે.
ઉદર-ભરણા-ऽऽદિ નિજ કાજ કરતાં થકાં,
મોહ—નડિયા કલિ-કાલ-રાજે. ધા. ૩

[ગચ્છના ભેદ=ઘણા સંપ્રદાય. ઉદર-ભરણાऽऽદિ=પેટ ભરવું વિગેરે. મોહ—નડિયા=મોહને વશ પડેલા. કલિ-કાલ--રાજે=કલિયુગના રાજ્યમાં]

કલિકાળના રાજ્યમાં મોહના નડતરને લીધે—

૨. વિશ્વના એક મહાન્ ધર્મના મુખ્ય પ્રવાહથી જુદા

પડેલા ગચ્છો જોતાં ૩. જુદા જુદા તત્ત્વોની વાત કરતાં ન શરમાતા કેટલાક લોકોને જોતાં, ૪ પેટ ભરવા રૂપ પોતાના ધર્મના કામો કરનારાઓને જોતાં,ચૌદમા જિનેશ્વર દેવની સેવા કેટલી મુશ્કેલ છે? તે સમજાશે.

જો ચૌદમા જિનેશ્વર દેવની સેવા કરવી મુશ્કેલીથી ભરેલી ન હોત, તો મતિભ્રમના દોષથી જુદા જુદા ગચ્છો નીકળવાનો પ્રસંગજ જગત્માં ઉભો ન થાત. તથા જુદા જુદા દર્શનકારો જુદી જુદી તત્ત્વની વ્યવસ્થા જણાવે છે, તે પણ ન જણાવત. કોઇ એક તત્ત્વ કહે છે,કોઈ બે તત્ત્વ કહે છે, કોઇ સાત કહે છે, અને કોઇ સોળ કહે છે. એ વિગેરે ન હોત.

કેટલાક સંસાર વ્યવહાર છોડીને ત્યાગી થઇ જવા છતાં, છેવટે પેટ ભરવામાં અને માનપાન મેળવવામાં ફસાઇ જાય છે, દુન્યવી રંગરાગ તરફ ખેંચાઈ જાય છે. આ બધું સાબિત કરે છે, કે–પરમાત્માની સેવા ઘણી કઠણ છે. નહીંતર, પરમાત્માની સેવા કરવાના ઉદ્દેશથી સંસાર–વ્યવહારમાંથી કુટુંબ કબીલો છોડીને નીકળી જનારાઓ તરફથી આવા પરિણામ કેમ આવે ? ખરી વાત એ છે, કે–સેવાનો–આત્મ–વિકાસ તરફનો રસ્તો ઘણો કઠણ છે. કોઈક વિરલા જ તેનો પાર પામી શકે છે. પ્રમત્તભાવમાં રહેલાઓને મોહ પછાડે છે. ૩

“વચન–નિરપેક્ષ–વ્યવહાર જુઠો” કહ્યો.
“વચન–સા-ऽऽપેક્ષ વ્યવહાર સાચો.”

“વચન–નિરપેક્ષ–વ્યવહાર સંસાર-ફ્લ.”
સાંભળી, આદરી કાંઈ રાચો. ધા૦ ૪

[વચન–નિરપેક્ષ=આગમની આજ્ઞાને ન અનુસરતો. વ્યવહાર=વ્યવહાર ધર્મ. વચન–સાપેક્ષ=આગમની આજ્ઞાને અનુસરતો. સંસાર-ફ્ળ=સંસારફળવાળો. રાચો= આનંદમાં આવો, ખુશી થાઓ. આત્મ વિકાસ પ્રાપ્ત કરી આનંદ પામો.]

૫. આગમની આજ્ઞા સાથે સંબંધ ન ધરાવતો હોય, તેવો વ્યવહાર ધર્મમાર્ગ ગમે તેવો ઉંચો દેખાતો હોય, તો પણ તે જુઠો છે. અને આગમનાંવચનો સાથે સંબંધ ધરાવતો વ્યવહાર થોડો હોય, તો પણ તે સાચો છે. આગમનાં વચનો સાથે સંબંધ ન ધરાવતો વ્યવહાર સંસારમાં રખડવા રૂપ-સંસાર રૂપ–ફળ આપે છે. પરંતુ મોક્ષરૂપ ફળ ન આપતાં, ઉલટો તેનાથી આત્માને દૂર લઈ જાય છે. માટે આગમ–વચન સાંભળી તેનો આદર કરવો, તે પ્રમાણે જીવનમાં–આચારમાં વર્તવું, અને પછી આત્મવિકાસમાં પ્રગતિ કરી આનંદ પામો. એકાંત વ્યવહારમાં કે એકાંત નિશ્ચયમાં, અથવા વચન નિરપેક્ષ એ બન્નેયમાં જેમને આગ્રહ બંધાયો હોય છે, તેઓ પણ આ રીતે સેવાનો માર્ગ ચૂકી જાય છે. માટે જિનવચન વિધિપુર્વક સાંભળવા સમજવા અને તેનો આદર કરવામાં ખાસ ભાર મૂકયો છે. કેમકે–પ્રમત્તદશામાં તેના તરફનો આદરજ આધારરૂપ બની શકે છે. ૪

દેવ-ગુરુ-ધર્મની શુદ્ધિ કહો કેમ રહે?
 કેમ રહે શુદ્ધ શ્રદ્ધાન આણો?
શુદ્ધ-શ્રદ્ધાન-વિણ સર્વ-કિરિયા કરી,
 છાર પર લીંપણું તેહ જાણો. ધા૦ ૫

[શુદ્ધ-શ્રદ્ધાન=શુદ્ધ શ્રદ્ધા, શુદ્ધ સમકિત. આણો= આણ્યો. લવાયેલો, છાર=ખાર. રાખ.]

જો તે પ્રમાણે જિનવચનને સાપેક્ષ વ્યવહારનો આશ્રય કરવામાં નહીં આવે, તો ૬ દેવ: ગુરુ: અને ધર્મ:ની શુદ્ધિ—શુદ્ધ આરાધના કઈ રીતે ટકી શકે? તથા ૭ આણેલી શુદ્ધ શ્રદ્ધા શી રીતે ટકી શકે? તે કહો.

જો તે ટકે નહિ, તો પછી ૮. શુદ્ધ-શ્રદ્ધાન-વિનાની સર્વ ક્રિયા કરી હોય, તો તે ખાર-રાખ ઉપર કરેલા લીંપણા જેવી થાય છે. તે લીંપણને તુરત ઉખડી જતાં શી વાર લાગે છે? તે ટકી શકતું જ નથી. તે પ્રમાણે તે ક્રિયા પણ સફળ થશે નહી. બાણાવળી લક્ષ્યવેધી બાણ ફેંકે કે—બરાબર તે લક્ષ્ય વીંધેજ. તે પ્રમાણે આગમમાં બતાવેલી દરેક ક્રિયાઓ તો લક્ષ્યવેધી બાણ જેવી સફળ હોય છે. પરંતુ તે સમ્યક્ત્વ પૂર્વક આગમની આજ્ઞા અનુસાર તીર્થંકર દેવોને આદર્શ પુરૂષો તરીકે સામે રાખીને ગીતાર્થ ગુરુના માર્ગ દર્શન અનુસાર કરવામાં આવે, તો બરાબર લક્ષ્યવેધી-સફળ-જે ક્રિયાનું જે આત્મવિકાસની ઉચ્ચ ભૂમિકા રૂપ ફળ બતાવ્યું હોય છે, તે મળે જ

છે. નહીંતર નથી મળતું, અને મહેનત નકામી જાય છે, ખાર ઉપર લીંપણા જેવી થાય છે. લાંબે કાળે આત્મવિકાસની ભૂમિકામાં ઉપયોગી થાય છે. પણ તેનું જે મુખ્ય ફળ હોય, તે તો તુરત મળતું નથી. તેથી તે ફળની મુખ્યતાની અપેક્ષાએ તેને નિષ્ફળ કહી છે. તે ઋજુસૂત્રાદિક નયથી બરાબર છે. ૫

પાપ નહીં કોઇ ઉત્સૂત્ર ભાષણ જિસ્યો,
ધર્મ નહી કોઈ જગ સૂત્ર સરિખો.
સૂત્ર અનુસાર જે ભવિક કિરિયા કરે,
તેહનું શુદ્ધ-ચારિત્ર પરીખો. ધા૦ ૬

[ઉત્સૂત્ર-ભાષણ=વીતરાગ દેવ ભાષિત પવિત્ર આગમ શાસ્ત્રથી વિરુદ્ધ બોલવું જિસ્યો=જેવું જગ-સૂત્ર=વિશ્વ પૂજ્ય સૂત્ર, આગમ વાક્ય. ભવિક=ભવ્ય જીવ. સરિખો=જેવો. પરીખો=પરીક્ષા કરીને માનો.]

૬ માન્ય એવા જૈન શાસ્ત્રોથી–સૂત્રથી–વિરુદ્ધ બોલવું, તે ઉત્સૂત્ર ભાષણ. તે બોલવામાં આવે, તો તેના જેવું બીજું કોઈ પાપ જગત્માં નથી. જગત્સૂત્ર–પ્રવચન–વીતરાગ પ્રભુનાં ઉપદેશ–આજ્ઞા–સમાન જગત્માં બીજો કોઈ ધર્મ નથી. માટે જે ભવ્ય પ્રાણી સૂત્ર પ્રભુની આજ્ઞા–વચન–અનુસાર ક્રિયા કરે, “ તેનું ચારિત્ર શુદ્ધ છે ” એમ નક્કી જાણો. શુદ્ધ ચારિત્રની એ પરીક્ષા છે.

આ કડી વચનાનુષ્ઠાનનો સ્પષ્ટ નિર્દેશ કરે છે. વચના-

નુષ્ઠાન એટલે પ્રભુની આજ્ઞા પ્રમાણે-શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે ચારિત્રનું-અનુષ્ઠાનનું પાલન કરવું, તે. ૬

એહ ઉપદેશનો સાર સંક્ષેપથી
જે નરા ચિત્તમાં નિત્ય ધ્યાવે,
તે નરા દિવ્ય બહુ-કાલ સુખ અનુભવી,
નયત આનંદ-ઘન-રાજ પાવે. ધા. ૭

[સંક્ષેપથી=ટુંકામાં. ધ્યાવે=યાદ રાખે. દિવ્ય સુખ દેવનાં સુખ. અનુભવી=ભોગવી. નિયત=ચોક્કસ. આનંદ-ઘન-રાજ=આત્માના આનંદના ભંડાર-મોક્ષનું રાજ્ય. પાવે=પામે]

"જગત્સૂત્ર અનુસાર ક્રિયા કરવી" ટુંકામાં જણાવેલો શાસ્ત્રના ઉપદેશનો સાર જે માણસો હમેશાં મનમાં યાદ રાખશે, સ્મરણમાં રાખશે અને અનુસરશે, તે મનુષ્યો ઘણા કાળ સુધી દિવ્ય સુખોનો અનુભવ કરી આનંદ-ઘનનું રાજ્ય-મોક્ષ-ચોકકસ પામશે જ. ૭

ભાવાર્થ :—સામાન્ય જીવોને તો શું ? પરંતુ આગળ વધેલા આત્માર્થી જીવોને પણ મોહનીય કર્મ નડવાથી જિનેશ્વર દેવની સેવામાં-ધર્મ માર્ગમાં-શુદ્ધ માર્ગમાં સ્થિર રહેવું મુશ્કેલ થઇ પડે છે.

કેટલાક લોકો માત્ર ક્રિયાવાદીઓ ભિન્ન ભિન્ન મિષે વિષ : ગરલ : અને અનનુષ્ઠાન રૂપ : ક્રિયાઓથી જ પરમાત્માની સેવા કરવાની ધારણા રાખે છે. પણ તેથી પરમાત્મા

મળવાને બદલે ચાર ગતિમાં રખડવું પડે છે. એટલે કે—માયા: મિથ્યાત્વ: તથા નિયાણા; ને યોગે વિષ: ગરલ: અને અનનુષ્ઠાન:રૂપ ક્રિયા કરવાથી તેઓને પણ રખડવું પડે છે. સંસારમાં ભમવા રૂપ વિપરીત ફળ મળે છે.

વિશેષે—સ્વદર્શનમાં પણ જૈન શાસનના મૂળ પ્રવાહની બાજુમાં જુદા જુદા ગચ્છો જોવામાં આવે છે, કેટલાક વિદ્વાનો તો વળી સ્વતંત્ર રીતે તત્ત્વની વ્યવસ્થાઓ જાહેર કરે છે, કેટલાક તો ધર્મના બ્હાના નીચે પેટ ભરવાના તથા બીજા મોજ-શોખો પૂરા કરવાના પોતાના અંગત કામમાં પડી જાય છે, આ બધી મોહે ઉભી કરેલી મુશ્કેલીઓ છે. કલિ કાળમાં-પાંચમા આરામાં તો વળી મોહની વધુ પ્રબળ અસર છે. વ્યવહાર ધર્મ પણ ખોટો નથી. શાસ્ત્રાજ્ઞા મુજબ તે પણ સાચો છે. પણ શાસ્ત્રાજ્ઞાથી વિરુદ્ધ આચરવામાં આવે, તો તે મોક્ષના માર્ગથી દૂર લઈ જઈને ઉલટાનો સંસાર તરફ લઈ જાય છે. માટે પોતાની મતિ લડાવીને ઉભા કરેલા ખોટા વ્યવહારથી—માત્ર બાહ્ય વ્યવહારથી દેવ:ગુરુ: ધર્મ:ની શુદ્ધિ સાચા વ્યવહાર વિના શુદ્ધ આરાધના: અથવા આરાધના જન્ય સમકિત: વિગેરે ગુણો ટકી શકે નહીં. આ રીતના આચાર વિનાની અન્ય કોઇ પણ ક્રિયા કે પ્રવૃત્તિ બરાબર સફળ ન થાય. એ સ્વાભાવિક છે. આ ઉપરથી ચારિત્રના સાચા ખપી જીવોએ ઉત્સૂત્ર પ્રરૂપણાથી બચી, શુદ્ધ પ્રરૂપણા કરવી, અને આગમની આજ્ઞા અનુસાર ચારિત્ર-વચનાનુષ્ઠાન પાળવું—અને તેજ પુરુષ શુદ્ધ ચારિત્રપાત્ર ગણાય.

ઉપર જણાવ્યા તે બધાં વિઘ્નો છે. તેથી ચેતવું. માટે

ટુંકમાં આ ઉપદેશ આપવામાં આવેલો છે. તે અનુસાર વર્તનાર અનુક્રમે દેવલોકના સુખ ભોગવી મોક્ષ પામશેજ.

૧ નિષ્ફળ અથવા વિપરીત ફળ આપનારી વિવિધ ક્રિયાઓ કરવાનો આગ્રહ, ૨ ગચ્છના ભેદો પાડવાની પ્રવૃત્તિ, ૩ મનમાની રીતે તત્ત્વ નિરૂપણ કરવું, ૪ ઉદરભરણાદિક કરવા ધર્મના અંગોનો ઉપયોગ, ૫ આજ્ઞા નિરપેક્ષ વ્યવહાર કે નિશ્ચયનું પ્રતિપાદન, અને પાલન, ૬ દેવઃ ગુરુઃ ધર્મઃની શુદ્ધિ ન રાખવી, ૭ શુદ્ધ સમકિત ન ટકાવવું, ૮ ધર્મ ક્રિયા સાથે સમક્તિ લાવવા કે ટકાવવા પ્રયત્ન ન કરવો. ૯ ઉત્સૂત્ર ભાષણ કરવું.

આવી આવી બધી ઘણી મુશ્કેલીઓ સેવામાં આવી પડતી હોય છે. કારણ કે એ માર્ગ ઘણોજ ગહન છે. જેમ જેમ સાધક આગળ વધતો જાય છે, તેમ તેમ મુશ્કેલીઓ ઘેરાતી જણાય છે, અને તેમાંથી માર્ગ કાઢવો મુશ્કેલ થઈ પડે છે. ત્યારે જ આગમનો ઉપદેશ માર્ગદર્શક થાય છે તેમાં બતાવેલો અનુભવ, બતાવેલા માર્ગ, દર્શાવેલા ઉપાયો, એજ શરણુ રૂપ બને છે. ઉત્સર્ગઃ અપવાદઃ વિધિઃ નિષેધઃ ને અનુસરવું પડે છે. એ ગભરામણની પરિસ્થિતિમાં બીજું કોઇ ઔષધજ નથી. સર્વજ્ઞ પ્રભુના શાસ્ત્રોજ માર્ગદર્શક થાય છે. પણ તેના ઉપર વિશ્વાસ ટકાવવો અથવા તેની સાચી સમજ દુર્લભ છે, અથવા વચ્ચે મોહનીય કર્મ પણ પોતાનો પ્રભાવ બતાવવા લાગી જાય છે. અનેક રીતે નચાવી દે છે. આથી પ્રભુની સેવા ઘણી મુશ્કેલીઓથી ભરેલી છે. આત્મવિકા-

સનો માર્ગ કંટક–બહુલ છે. મુશ્કેલીઓથી ભરેલો છે. માટે ચેતીને આગળ વધવું. આથી કરીને ગચ્છો અને સંપ્રદાયોના ભેદો અયોગ્ય રીતે ભાંગવાની આજે જરૂર નથી. પરંતુ આજે તો સૌ વચ્ચે એક સંપી સ્થાપવા અને તેને ટકાવવાની જરૂર છે.

આજે એક સંપીને બદલે એકતા સ્થાપવાની વાત ચાલી છે, તે તો સંપ્રદાયોનું એક એકમ ને ધર્મોનું એકમ કરવું તે છે. અને ધર્મનું એકમ કરીને, ખ્રીસ્તી ધર્મ જેવા કોઇ નવા ચોગઠામાં દરેકને સામેલ કરવાની વિશ્વવ્યાપક પ્રચારવામાં આવેલી સંક્રમણ ક્રિયાનું એક અંગ છે. જે માનવજાતને હાનિકારક છે. તેજ પ્રમાણે માનવ જાતને એક ગોરી પ્રજાની છાયામાં સમાવી દેવા માટે એક એકમ કરવાની પ્રાથમિક ભૂમિકા રૂપે પેટા સંપ્રદાયો અને ધર્મોના ભેદો ભાંગીને એકમ કરવાની વાત આગળ આવી છે. પરંતુ સમગ્ર માનવ જાતનું એકમ કરીને પછી તેમાંથી ગોરી માનવ જાતને જુદી પાડવાના ધ્યેયની સિદ્ધિની પ્રાથમિક તૈયારીઓ છે. એક સંપી સાધીને વિશ્વ વ્યવસ્થા ચલાવી શકાય છે. પણ આજે કુસંપ વધારાય છે. અને એકમની તૈયારી આ રીતે કરાય છે. જે પરિણામે ખુબ અનિષ્ટ છે. આજની વિશ્વ શાંતિ પણ આજ ધાર્મિક સંક્રમણ–ઉથલપાથલ સાથે સંકળાયેલ છે.

૧૫ શ્રી ધર્મનાથ જિન સ્તવન.

પ્રીતિ જોડવાનું અનન્ય સ્થાન શ્રી વીતરાગદેવ :

વચનાનુષ્ઠાનીઃ-અપ્રમત મુનિના ઉચ્ચ ધર્મનું સ્વરૂપઃ

[પ્રભુના પંથઃ તથા દર્શનઃ વિગેરે બીજા તથા ચોથા, વિગેરે જિનેશ્વર પ્રભુઓના સ્તવનમાં બતાવ્યા છે. પરંતુ "ધર્મ" એટલે શું ? તેની વ્યાખ્યા કોઈપણ સ્તવનમાં કરી નથી. તેનું કારણ એ છે, કે-ધર્મનાથ પ્રભુના સ્તવન પ્રસંગે શબ્દની સમાનતાથી તેનો વિચાર કરવાનો તેમના સ્તવનમાં મુનિના-ઉચ્ચ ધર્મનું સ્વરૂપ બતાવવા માટે બાકી રાખેલો હતો. તે હવે વર્ણવે છે, અને ક્ષીમોહીના નિશ્ચય ધર્મનું વર્ણન ૧૮મા અરનાથ પ્રભુના સ્તવનમાં કરશે.

[રાગ-**ગોડી** : **સારંગ** : રસિયાની **દેશી**]

ધર્મ જિનેશ્વર ! ગાઉં રંગશું.
ભંગ મ પડશો હો પ્રીત. જિનેશ્વર!
બીજો મન મંદિર આણું નહી.
એ અમ કુલવટ રીત. જિનેશ્વર! ધર્મ૦ ૧

[રંગશું=રસ પૂર્વક. પ્રીત=પ્રીતિમાં. મન મંદિર= મનરૂપી મંદિરમાં. કુલવટ-રીત=કુળની ખાનદાની વાળી મર્યાદા-ટેક-જાળવવાની રીત.]

હે ધર્મનાથ જિનેશ્વર દેવ ! હું આપના ગુણ હવે તો રસપૂર્વક ગાવા તૈયાર થયો છું. અથવા હે જિનેશ્વરદેવ!

હું ધર્મ વિષેનું ગાન સ્પષ્ટીકરણ–રસ–પૂર્વક કરું છું, તો હે જિનેશ્વર દેવ! આપની સાથેની પ્રીતિમાં હવે કદી ભંગ ન પડે, તેમ કરશો. કેમકે–હવે હું બહુજ આપની નજીક આવી પહોંચી રહ્યો છું, તેથી આપના ધર્મ સિવાય બીજો કોઈ ધર્મ મનરુપી ઘરમાં હવે લાવતો જ નથી. એટલા માટે કે એ અમારા ખાનદાન કુળની ખાનદાની ભરી રીત છે. ટેક જાળવવાની રીત છે. ૧

ધર્મ અને ધર્મનાથ પ્રભુના નામની શ્લેષથી સ્પષ્ટ રીતેજ સાર્થકતા બતાવી છે.

"ધરમઃ ધરમઃ" કરતો જગ સહુ ફિરે,
ધરમ ન જાણે હો મર્મ. જિનેશ્વર!
ધરમ જિનેશ્વર–ચરણ ગ્રહ્યા પછી,
કોઇ ન બાંધે હો કર્મ. જિનેશ્વર! ધર્મ૦ ૨

[મર્મ=રહસ્ય. ગ્રહ્યા–પકડયા, સેવ્યા.]

ધર્મ એટલે શું? "ધર્મ" "ધર્મ" એમ બોલતું આખું જગત્ ફર્યા કરે છે. પરંતુ ધર્મનું રહસ્ય તો કોઇ જાણતું નથી. ધર્મ જિનેશ્વર પ્રભુના ચરણ સેવારૂપ ધર્મનો આશ્રય લીધા પછી (૧) કોઈપણ જીવ આકરાં નવાં કર્મ બાંધી શકેજ નહીં.

જે ગુણોનો આશ્રય લેવાયા પછી પાપકારી આકરાં કર્મ બંધાય નહીં, પણ જેમ બને તેમ નવાં કર્મો બંધાતાં રોકાય,

જુનાં કર્મો નબળાં પડીને દૂર થાય અને કદાચ કર્મો થોડા ઘણા બંધાય, તો પુણ્યાનુબંધિ પુણ્યના બંધાય; અને પરિણામે મોક્ષ મળે, તેવી મનની, વચનની અને કાયાની પ્રવૃત્તિ થાય. આત્માનું સતત જાગ્રત્ ભાન, તેનું નામ ધર્મ. તેનું પાલન, તેજ શ્રી ધર્મનાથ પ્રભુના ચરણની સેવા. ધર્મ અને ધર્મનાથ પ્રભુનાં ચરણની સેવા એકજ વસ્તુ છે.

ધર્મની આ વ્યાખ્યાનો વિરોધ જગત્માં કોઇપણ કરી શકે તેમ નથી. ૨

પ્રવચન-અંજન જો સદ્ગુરુ કરે.
દેખે પરમ-નિધાન. જિનેશ્વર!
હૃદય-નયણ નિહાલે જગ-ધણી
મહિમા મેરુ-સમાન. જિનેશ્વર! ધર્મ૦ ૩

[**પ્રવચન**=શુદ્ધ બોધ, વીતરાગ પ્રભુની વાણી. **અંજન**=આંજણ. **પરમ-નિધાન**=મોટા ભંડાર. આત્મિક ધનના ખજાના **હૃદય-નયણ**=હૃદય રૂપી ચક્ષુથી. **મહિમા**=મોટાઇ **મેરુ-સમાન**=મેરુ પર્વતની જેમ.]

(૨) ઉપરાંત, જો સદ્ગુરુ જૈન પ્રવચનના પારમાર્થિક ઉપદેશ રૂપ આંજણ આંજે, તો આત્મધનના મોટા મોટા ભંડાર દેખવામાં આવે છે, અને (૩) તે વખતે જ હૃદયરૂપી આંખોથી મેરુ સમાન મહિમાવાળા જગત્ના ધણી આપ ખરેખરી રીતે જોવામાં આવો છો. ધર્મરૂપ આપના ચરણની સેવાના એ ફાયદા મળે છે. ૩

દોડત દોડત દોડત દોડિયે,
જેતી મનનીરે દોડ. જિનેશ્વર !
પ્રેમ–પ્રતીત વિચારો ઢુકડી,
ગુરુ–ગમ લેજો રે જોડ. જિનેશ્વર ! ધર્મ૦ ૪

[દોડિયે=દોડજો–દોડયા કરજો. જેતી=જેટલી પ્રેમ–પ્રતીત=પ્રેમની ખાત્રી. ઢૂકડી=નજીક. ગુરુ-ગમ–ગુરુનું માર્ગ દર્શન. જોડ=જોડે, સાથે.]

(૪) પ્રવચન–અંજન પ્રાપ્ત થયા પછી, પરમ નિધાન દેખ્યા પછી, અને મેરુ જેવા મહિમાવાળા જગધણીને નિહાળ્યા પછી, જેટલો મનનો વેગ હોય, જેટલી મનની દોડ હોય, જેટલી આત્મશકિત હોય, તેટલું દોડ્યા જ કરજો. ખૂબ આગળ વધવા પ્રયત્ન કરજો. એમ કરવા સાથે; (૫) જો સદ્‌ગુરુ મહારાજનું માર્ગદર્શન હશે તો સમજી લ્યો કે–"પ્રભુ સાથેનો પ્રેમ થવાની ખાત્રીબંધ નિશાનીઓ ઢુંકડી જ છે, દૂર નથીજ. ૬

એક પખી કિમ પ્રીતિ પરવડે ?
ઉભય મિલ્યા હોય સંધિ. ! જિનેશ્વર.
હું રાગી, હું મોહે ફંદિયો,
તું નીરાગી, નિરબંધ. જિનેશ્વર. ! ધર્મ૦ ૫

[એક પખી=એક તરફી પરવડે=નભી શકે. ઉભય =બન્નેય સંધિ=સાંધો, મેળ, સંબંધ. નીરાગી=રાગ રહિત નિરબંધ=બંધન રહિત, સ્વતંત્ર.]

પરંતુ, તેમાં એક વાંધો તો એ દેખાય છે, કે, ગમે

તેટલી પ્રીતિ કરવા જવા છતાં એક પક્ષી—એક તરફી પ્રીતિ શી રીતે નભી શકે ? કેમકે ખરેખરો સંબંધ તો બેઉ મળે, તો જ બંધાઈ શકે છે.

ત્યારે હું રાગી છું, અને મોહમાં ફસેલો છું : અને આપ તો વીતરાગ તથા નિર્બંધ-કર્મના બંધ રહિત-હોવાથી તેના કારણભૂત મોહ તો આપમાં હોય જ ક્યાંથી ? એટલે આપ તદ્દન સ્વતંત્ર છો. તેથી બન્નેયની પ્રીતિ શી રીતે બંધાય ? આ વાંધો ઉભો થાય છે.

આનું સમાધાન એમ થાય છે, કે—કાં તો આપે રાગી મોહી બનવું જોઈએ અગર તો મારે તે છોડવા જોઇએ. આપને તો એમ કરવાનું સેવકથી કેમ કહેવાય ? માટે, મારે જ આપના જેવા થવાનો પ્રયત્ન કરવો જોઈએ. રાગ અને મોહની આસક્તિ ધર્મ સાથે પ્રીતિ થવા જ ન દે. તેથી રાગ અને મોહ જાય તો જ ધર્મ સાથે પ્રીતિ થાય, અને તો જ ભગવાન્ જેવા નિરાગી અને નિર્બંધ સાથે સંબંધ બાંધી સ્વતંત્ર થવાય. આ રીતે જ બન્નેયનો ખરેખરો સાચો સાંધો—સંબંધ બંધાય. આ ભાવનું સૂચન પ્રભુ સાથેના ભક્તિ રસથી આ કડીમાં વર્ણવ્યું છે. ૫

પરમ-નિધાન પ્રગટ મુખ આગલે.
જગત ઉલ્લંઘી હો જાય. જિનેશ્વર !
જ્યોતિ વિના જુઓ જગદીશની
અંધો અંધ પુલાય. જિનેશ્વર ! ધર્મ૦ ૬

[પરમ–નિધાન=ઊંચામાં ઊંચા આત્મ ગુણના ભંડાર. પ્રગટ=પ્રત્યક્ષ ખુલ્લા, જ્યોતિ=પ્રકાશ. સાચું જ્ઞાન. પુલાય=પાછળ–પાછળ ચાલે]

પોતાની સામેજ મોટા મોટા આત્મ ધનથી ભરેલા: આત્મધર્મ રૂપી ખુલ્લા સ્પષ્ટ દેખાય–તેવા-ભંડારો મ્હોં આગળજ હોવા છતાં, મોહમાં ફસેલા–મોહાંધ જગત્‌ના લોકો તેને છોડીને–ઓળંગીને–પાસે થઈને–આગળ ચાલ્યા જાય છે. ખરેખર! આપ જગદીશની દિવ્ય જ્યોતિરૂપ સમ્યગ્‌ દર્શન વિના પ્રભો! જુઓ તો આંધળાની પાછળ આંધળો જાય, તેમ સૌ એકમેકની પાછળ પરમ નિધાનો છોડીને ચાલ્યા જાય છે. આથી તેઓના હાથમાં ખરો ધર્મ આવી શકતો જ નથી. કેમકે–તેઓ પાસે શુદ્ધ પ્રકાશ નથી, તેમજ મોહ રૂપી અંધકારમાં ફસેલા હોય છે.

ધર્મ મેળવવાની ઇચ્છાવાળા જિજ્ઞાસુ લોકોની સામે સાચો ધર્મ મહા ભંડાર પડ્યો છે. પણ અજ્ઞાન અને મોહાન્ધ લોકો સાચા પ્રકાશ વિના તે ધર્મ ભંડાર જોઈ શકતા નથી. અને "ધર્મ, ધર્મ" કરતાં બધેય ફર્યા કરે છે. ૬

નિર્મલ-ગુણ-મણિ–રોહણ-ભૂ-ધરા–
મુનિ-જન માનસ-હંસ. જિનેશ્વર !
ધન્ય તે નગરી, ધન્ય વેલા: ઘડી:
માતા: પિતા: કુલ: વંશ: જિનેશ્વર! ધર્મ૦ ૭

[નિર્મળ–ગુણ–મણિ–રોહણ–ભૂધરા=નિર્મળ ગુણો રૂપી મણિઓ પાકવાના રોહણાચળ નામના પર્વત જેવા.

મુનિ-જન-મુનિઓનો વર્ગ. માનસહંસ=માનસ સરોવરના હંસ જેવા. રોહણાચળ પર્વતમાં રત્નો પાકે છે. માન સરોવરમાં હંસો વિલસે છે.]

નિર્મળ ગુણોરૂપી રત્નોના રોહણાચળ પર્વત જેવા અને માનસ સરોવરના હંસ જેવા મુનિગણ છે. તેઓની સાથે સંબંધ ધરાવતી નગરીઃ વેળાઃ ઘડીઃ માતાઃ પિતાઃ કુળઃ અને વંશઃ એ સર્વને ધન્યવાદ છે. જેઓ આત્માના પરમ નિધાનરૂપ સાચા ધર્મને વરેલા છે, એટલી હદ સુધીની પવિત્રતાને પણ વરેલા છે, અને આપના ચરણકમળની સેવાને પામેલા છે. તથા આપની સાથે એક તાન પ્રીતિ જોડી રહ્યા હોય છે, તેઓ ખરા ધાર્મિક છે, તેઓજ ધર્મ રૂપી રત્નના ખરા ઝવેરી અને વેપારી છે. તે ઉત્તમ ખજાના સમાન છે, માટે તેઓને ધન્ય! ધન્ય!! ૭

મન-મધુ-કર-વર કરજોડી કહે—
પદ-ક-જ-નિકટ નિવાસઃ જિનેશ્વર!
ધનનામિ આનંદ-ઘન! સાંભળો
એ સેવક અરદાસ. જિનેશ્વર! ધર્મ૦ ૮

[મન-મધુ-કર-વર= શ્રેષ્ઠ મનરૂપી ભમરો. પદ-ક-જ—ચરણરૂપી કમળ. ક=પાણી. જ=ઉત્પન્ન થાય ક-જ= પાણીમાં ઉત્પન્ન થતું કમળ નિકટ—પાસે, નિવાસ=વસવાટ ધનનામિ=પરમાત્મરૂપ નામધારી. અરદાસ-અરજી,વિનંતિ.]

હે ધનનામી! આનંદઘન!—આનંદના ભંડારરૂપી

પરમાત્મા નામે જાહેર ! હે પ્રભો ! હું હાથ જોડીને કહું છું, કે–" હું હજુ અપ્રમત્ત મુનિહંસ નથી. કેમકે હું રાગમાં અને મોહમાં ફસેલો છું. તેથી મારી સેવકની વિનંતિ સાંભળીને, આપ આપનાં ચરણકમળની પાસેજ મારા સુંદર મનરૂપી ભમરાને રહેવાની જગ્યા આપો. મને આપમાં તન્મય બનાવો. બસ, એટલીજ વિજ્ઞપ્તિ છે.

મારા મનરૂપી ભમરો આપના ચરણકમળની સેવામાં લીન થશે, તો પછી મારે માટે આપ સાથેની એકરંગી પ્રીતિ મુશ્કેલ નથી. ૮

ભાવાર્થ:—આ સ્તવનનો ભાવાર્થ કંઇક અટપટો જણાય છે. ધર્મ: અને ધર્મનાથ પ્રભુઃ એ બન્નેયના વર્ણ-નનું મિશ્રણ એવું કરવામાં આવેલું છે, કે જરા વધુ ઊંડા ઉતર્યા વિના તેનો ભેદ સમજવામાં આવશે નહીં. ધર્મ અને ધર્મનાથ ભગવાનનો અભેદ કરીને બધું વર્ણન કરવામાં આવેલું છે. ગાથાઓના અર્થ ઉપરથી ઘણો ખરો ભાવાર્થ સમજાય તેમ છે. સદ્ગુરુની મદદથી ધર્મનાથ પ્રભુનું સ્વ-રૂપ સમજાય–સાચા ધર્મનું સ્વરૂપ સમજાય–તેમ છે. સાચા ધર્મીજીવો ગુણાલંકૃત અપ્રમત્ત મુનિ–મહાત્માઓ જગત્માં છેઃ એટલે, આ રીતે ધર્મ પ્રાપ્ત થયા પછી નવા પાપ કર્મ ન બંધાય, આત્મગુણના ભંડારો સામે દેખાય, અને પરમા-ત્માના મહાન્ સ્વરૂપનું પણ ભાન થાય છે.

છેવટે, ધર્મનાથ પ્રભુનાં ચરણ કમળ પાસે મન રૂપી ભમરાનું રહેઠાણ માગવામાં " ધર્મનાથમાં–મારૂં મન સ્થિર

રહે." તેવી માગણી કરવામાં આવી છે. આ રીતે બાકી રહેલું ધર્મનું સ્વરૂપ પ્રસંગ આવ્યો એટલે સમજાવ્યું છે. અહીં ઉચ્ચ અપ્રમત્ત મુનિધર્મનું સ્વરૂપ મુખ્ય પણે ધર્મ તરીકે સમજાવ્યું.

વિપરીત રીતે—જેઓ ખરા રંગથી પ્રભુનું ગાન કરતા નથી અને મન મંદિરમાં બીજાને સ્થાન આપે છે, સમકિતવંત જીવની કુલવટની રીત સાચવતા નથી પ્રવચન અંજન સદ્‌ગુરુ તરફથી મેળવતા નથી. તેથી તેઓ ગુરુ તરફના માર્ગ દર્શન વિના ગમે તેટલી દોડાદોડી કરી મૂકે, ગમે તેટલા મતના ઘોડા દોડાવે, છતાં પ્રભુ સાથે પ્રીતિ એકતા સાધી શકતા નથી. પરમ નિધાન–આત્મ ગુણનો ભંડાર–તેના જોવામાં આવતો નથી. એટલું જ નહી, પરંતુ પોતાની સામેજ ભર્યો હોય,છતાં તેને ઓળંગીને ચાલ્યા જાય છે અને મેરુ પર્વત જેવા મહિમાવાળા જગન્નાથને હ્રદયથી નિહાળી શકતા નથી. ગુરુ ગમ વિના પ્રેમની પ્રતીત કરી શકતા નથી. જીવ રાગ તથા મોહમાં ફસાઈ રહે છે. અને જેમ એક આંધળાની પાછળ બીજો આંધળો જાય, તેમ "ધર્મ ધર્મ" કરતા ભટકયા કરે છે. અને ધર્મનો મર્મ-રહસ્ય પામી શકતા નથી. જેથી નવા નવા કર્મ અને પાપ કર્મ પણ બિચારા બાંધ્યા કરે છે. આ મતે ધર્મને અ–પ્રાપ્ત–જીવો ધન્યવાદને પાત્ર તો નહીં. પરંતુ દયા પાત્ર બને છે. છેવટે, બીજું તો કાંઇ નહીં, પરંતુ એવા પોતાના મન રૂપી ભમરાને પ્રભુના ચરણરૂપી કમળમાં પૂરી રાખેને, તોયે ઘણું છે. તો પણ તેનો આત્મવિકાસ જરૂર આગળ વધેજ.

ફરીથી અહીં ઘનનામી વિશેષણ વાપરવામાં આવ્યું છે. પરંતુ પરિણામી વિશેષણની અહીં ગૌણતા છે.

કદી ઉત્પન્ન ન થયેલોઃ અને કદી નાશ ન પામતો, એટલે કે અનાદિ અનંત કાળનો આત્મા નામનો નિત્ય પદાર્થ-ઘન નામી-છે. છતાં પરિણામી છે. એટલે કે આત્મા સ્વસ્વરૂપમાં રહીને જુદા જુદા અનેક રૂપાંતરો-પરિણામો પામે છે. માટે પરિણામી છે અનિત્ય પણ છે.

તેથી જૈન દર્શનની માન્યતા પ્રમાણે-ઘન આત્મા નિત્ય અને પરિણામી એટલે અનિત્ય પણ છે.

જો એકાંતથી નિત્યજ માનવામાં આવે, તો નિત્યમાં કશોયે ફેરફાર ન થઇ શકે, માટે તેમાં બંધ અને મોક્ષ રૂપ જુદી જુદી અવસ્થાઓ ન ઘટે. અને જો એકાંતથી પરિણામીજ માનવામાં આવે તો બંધ અવસ્થાનો અને મોક્ષ અવસ્થાનો આત્મા જુદો જુદો હોવાથી એકમાં એ બન્ને ભાવો ન ઘટી શકે. માટે ઘનનામીઃ અને પરિણામીઃ એમ બન્નેય રીતે છે.

અહીં અપ્રમત્ત ભાવના મુનિ જીવનમાં ધ્યાનની પ્રબળતા હોવાથી આત્મા સ્થિર-ઘન-બનતો જતો હોવાથી મુખ્ય પણે ઘન-નામી વિશેષણ સાર્થક છે.

૧૬ શ્રી શાંતિનાથ જિન સ્તવન.

શ્રેણિ–આરોહણની પૂર્વ તૈયારી : પરમ–આત્મ શાંતિ : અસંગાનુષ્ઠાન: સમતા યોગની પરાકાષ્ઠા:

[જેમ ધર્મનાથ પ્રભુના સ્તવનમાં ધર્મનાથ પ્રભુના નામમાં રહેલા ધર્મ શબ્દના વર્ણન પ્રસંગે સર્વ વિરતિ અને અપ્રમત્ત મુનિ મહારાજાઓના ધર્મનું વર્ણન કર્યું છે. તેજ પ્રમાણે શ્રી શાંતિનાથ પ્રભુના આ સ્તવન પ્રસંગે આત્મ–શાંતિ નામની પરમ–શાંતિનું વર્ણન કરવામાં આવેલું છે. ઉત્તરોત્તર આધ્યાત્મિક વિકાસ: એ ઉત્તરોત્તર આત્મ શાંતિના મુખ્ય સ્થાનકો છે. આ સ્તવનમાં સાતમા અપ્રમત્ત ગુણ સ્થાનક પછી આઠમા અપૂર્વ કરણ ગુણસ્થાનકથી ઉપશમઃ અને ક્ષપકઃ એ બેમાંથી કોઈ પણ એક શ્રેણિનું આરોહણ કરવાની ભૂમિકાની શરૂઆત કરાય છે. અને તેની પૂરી સફળતા અનુક્રમે ૧૧ઃ મા અથવા ૧૨ : મા ગુણ સ્થાનક સુધીમાં થાય છે. તે વખતના આત્મ ભાવનું શાંતિ સ્વરૂપે વર્ણન કરવામાં આવેલું છે. મોહનીય કર્મનો સર્વથા ઉપશમ થવાથી અથવા ક્ષય થવાથી પરમ સમતા રૂપી શાંતિની પ્રાપ્તિ થાય છે. શાંતરસમાં ઝીલવા ઇચ્છતા ધન્યવાદ પાત્ર અપ્રમત્ત મહામુનિ મહાત્માઓ આગળ પરમ સમભાવ રૂપી પરમ શાંતિમાં મગ્ન થવાના હોય છે. તે પરમ આત્મ શાંતિનું સ્વરૂપ આ સ્તવનમાં બતાવવામાં આવેલું છે.]

[રાગ-મલ્હાર "ચતુર ચોમાસું પડિક્કમી" એ દેશી]

શાંતિ જિન ! એક મુજ વિનતિ—
સુણો ત્રિ-ભુવન-રાય ! રે
"શાંતિ-સ્વ-રૂપ કેમ જાણીએ ?"
કહો-"મન કેમ પરખાય?" રે શાંતિ૦ ૧

[ત્રિ-ભુવન-રાય=ત્રણ ભુવનના રાજા, વિશ્વશાંતિના પ્રચારક, દાતા, માલિક, સ્વામી. મન=મનમાં, મનથી. પરખાય=ઓળખાય.]

આતમરામ કહે છે : ત્રણ લોકના સ્વામિ ! હે શ્રી **શાંતિનાથ** જિનેશ્વર દેવ ! આપ મારી એક વિજ્ઞપ્તિ સાંભળો "(૧)શાંતિનું સ્વરૂપ કેવી રીતે સમજી શકાય ? અને શાંતિનું સ્વરૂપ શું ? (૨) અને મનમાં શાંતિ પ્રાપ્ત થઇ છે, તેની પરીક્ષા પોતાના મનથી શી રીતે કરી શકાય ?" એ બે વાત કહો. ૧

શાંતિનાથ નામમાંનો શાંતિ શબ્દઃ અને શાંતિના સ્વરૂપમાંનો શાંતિ શબ્દઃ એ બન્નેયની શ્લેષથી સાર્થકતા સ્પષ્ટ શબ્દોથીજ કરી બતાવી છે.

ધન્ય તું આતમ ! જેહને,
એહવો પ્રશ્ન અવકાશ. રે
ધીરજ મન ધરી સાંભળો.
કહું શાંતિ પ્રતિભાસ. રે શાંતિ૦ ૨

[પ્રશ્ન-અવકાશ=પ્રશ્ન પૂછવાનો વખત મળ્યો,

ઇચ્છા થઇ શાંતિ-પ્રતિભાસ=શાંતિની ઝાંખી. શાંતિના સ્વરૂપનો ખ્યાલ.]

શાંતિનાથ પ્રભુ કહે છે : હે આતમરામ ! જેને આવો પ્રશ્ન પૂછવાની ઈચ્છા થઈ છે, એવા તને પણ ધન્યવાદ છે. જે તે જીવને આવો પ્રશ્ન પૂછવાની ઈચ્છા થતીજ નથી. જેનો આત્મવિકાસ આગળ વધ્યો હોય, તે જ આવો પ્રશ્ન પૂછી શકે છે, તો હવે તમે મનમાં ધીરજ રાખીને હું શાંતિનું સ્વરૂપ કહું છું તે, બરાબર સાંભળો.

આવી રીતે, ધર્મ જાણવાની અને આદરવાની ઇચ્છા થવી, તે પણ એક જાતનો આત્મવિકાસ સૂચવનાર યોગ છે. અને તેનું નામ ઈચ્છાયોગ કહેવાય છે, ઈચ્છાયોગ પણ મોક્ષનું અવન્ધ્ય બીજ છે. ૨

ભાવ અ-વિશુદ્ધ સુ-વિશુદ્ધ જે,
કહ્યા જિનવર દેવ. રે
તે તેમ અ-વિતત્થ સદ્દહે,
પ્રથમ એ શાંતિ-પદ-સેવ. રે શાંતિ૦ ૩

[અ-વિશુદ્ધ=વૈભાવિક, આત્માના વિભાવ પરિણામો સુ-વિશુદ્ધ=સ્વાભાવિક, આત્માના સ્વભાવ પરિણામો. અ-વિતત્થ=સાચે સાચાં છે. સદ્દહે=સ્વીકારે, સાચાં માની તેની ઉપર શ્રદ્ધા રાખે. શાંતિ-પદ-સેવ=શાંતિના સ્થાનકની સેવા, શાંતિના સ્થાનકની આરાધના-પ્રાપ્તિ.]

"શ્રી જિનેશ્વર દેવોએ આત્માના વૈભાવિક અને સ્વાભાવિક જે જે પરિણામો કહ્યાં છે, તે, તે પ્રકારે જ હોય છે. અ-વિતત્થ—સાચે સાચાં—હોય છે." એ પ્રકારની જે શ્રદ્ધા કરવી, તે શાંતિના પહેલા સ્થાનકની સેવા-આરાધના સમજવી. આત્મ નિશ્ચયાત્મક-સમ્યગ્-દર્શનની પ્રાપ્તિ થતાં જ શાંતિની પાકી પ્રાથમિક શરૂઆત થઇ જાય છે.

અહીં આત્માના સ્વાભાવિક: અને વૈભાવિક: પરિણામોની શ્રદ્ધા વિષેનો નિર્દેશ છે. કેમકે—સ્પષ્ટ સમજપૂર્વક અવિશુદ્ધ અને સુવિશુદ્ધ શબ્દો એવો અર્થ કરવાની ફરજ પાડે છે. ૩

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પછી યોગા-ઽ-વંચક: ક્રિયા-ઽ-વંચક: અને ફળા-ઽ-વંચક એ ત્રણ યોગની પ્રાપ્તિ હવે પછીની ત્રણ ગાથાથી જણાવે છે. [જુઓ સ્તવન ૮ મું ગાથા છ ઠ્ઠી] ત્યાં નામ માત્ર જણાવેલ છે, અહીં તેનું સ્વરૂપ બતાવે છે.

આગમ-ધર: ગુરુ: સમકિતી:
 ક્રિરિયા—સંવર સાર. રે
સંપ્રદાયી: અ-વંચક સદા:
 શુચિ—અનુભવા-ઽઽધાર: રે.— શાંતિ૦ ૪

[આગમ-ધર:=આગમના સારા અભ્યાસી. સંવર-સાર=ઉત્તમ પ્રકારનો સંવર કરાવે, તેવી ક્રિયાના કરનાર

સંપ્રદાયી=ગુરુ પરંપરા મુજબ અધિકાર ઉપર આવેલ. અ-વંચક=નિર્દંભી, સરળ સ્વભાવી, સાચા આત્માર્થી. શુચિ-અનુભવા-ઽઽધાર=પવિત્ર અનુભવના-શાસ્ત્ર જ્ઞાનના રહસ્યના આધાર ભૂત, ગીતાર્થઃ]

આગમના જ્ઞાનીઃ નિર્જરા ઉત્પન્ન કરી શકે, તે સાથે છેવટે સંવર તો ઉત્પન્ન થાયજ, તે રીતે ધાર્મિક અનુષ્ઠાનોનું આચરણ કરનારા : શુદ્ધ ગુરુ પરંપરાના સંપ્રદાયને અનુસારે અધિકાર પર આવેલા, નિદભી-સરળ સાચા આત્માર્થીઃ અને પવિત્ર અનુભવના આધારભુત-ગીતાર્થઃ એવા ગુરુઃ એ પણ શાંતિનું સ્થાનક છે. એવા ગુરુની પ્રાપ્તિ એ યોગા-ઽવંચકયોગ કહેવાય છે. ૪

શુદ્ધ-આલંબન આદરે,
તજી અવર-જંજાળ. રે
તામસી-વૃત્તિ સવિ પરિહરી,
ભજે સાત્વિક સાલ. રે શાંતિ૦ ૫

[શુદ્ધ-આલંબન=આત્મ વિકાસમાં મદદ કરે, તેવા શુદ્ધ અનુષ્ઠાનો-ધર્મ અને શુક્લ ધ્યાન અને તેના પ્રેરક અનુષ્ઠાનો વિગેરે, અવર=બીજી. જંજાળ=ખટપટ, લપ. તામસી-વૃત્તિ=કલુષિત-પાપકારી-રીત ભાત અને મનોવૃત્તિ. પરિહરી=છોડી દઇને સાત્વિક સાલ=સાત્વિક, પવિત્ર મનોવૃત્તિ રૂપી કિલ્લો. ભજે=આશ્રય લે.]

શુદ્ધ ગુરુ મહારાજનો યોગ પામીને તેમના માર્ગ

દર્શન અનુસાર શુદ્ધ ધાર્મિક અનુષ્ઠાનોનો પુરેપૂરો આદર કરે,–આચરણ કરે, અને તન્મય મનોવૃત્તિ ધારણ કરે. તે વખતે બાકીની બધી જંજાળ–ખટપટ–લપ છોડી દે, તામસી વૃત્તિનો પણ ત્યાગ કરી દે. અને સાત્ત્વિક વૃત્તિરૂપ કિલ્લાનો આશ્રય લે. એ ક્રિયા-ऽ-વઞ્ચક-યોગ નામની શાંતિ છે. શુદ્ધ–આલંબનશબ્દ : નો ક્રિયા અવંચક અર્થ કરવામાં અહીં મદદગાર છે. ૫

ફલ-વિસંવાદ જેહમાં નહીં,
  શબ્દઃ તે અર્થ-સંબંધિ રે.
સ-કલ-નય-વાદ વ્યાપી રહ્યો
  તે શિવ–સાધન–સંધિ. રે શાંતિ૦ ૬

[વિસંવાદ=વ્યભિચાર, મળવાની શંકા. ફલ–વિસંવાદ=ફળનો વિસંવાદ=ફળ મળવાની શંકા. નય-વાદ=નયોના સાત અને સાતસો ભેદોના પ્રયોજનને લગતી વ્યવસ્થા. શિવ=મોક્ષ. શિવ-સાધન-સંધિ=મોક્ષ મેળવવાના ઉપાયોના સંબંધો : તે.]

જેમ, એવંભુત નયને મતે–જેવો શબ્દ, તેવોજ અર્થ હોય છે. તે પ્રમાણે જ ક્રિયા-અનુષ્ઠાનો સાથે તેના ફળનો વ્યભિચાર હોતો નથી, એટલે કે–જેવી ક્રિયા, તેવુંજ બરાબર ફળ મળેજ, તે સફળ ક્રિયાનું આચરણ કરવાથી, આત્મવિકાસમાં પ્રગતિરૂપ તરતનું ફળઃ અને મોક્ષરૂપી છેલ્લું ફળ : મળ્યા વિના રહેજ નહીં.

આ રીતે, શુદ્ધ ક્રિયા અને તેનાં તેવાંજ અવિસંવાદી ફળો મળે, એટલે કે–પ્રથમની શુદ્ધ ક્રિયાનું જે ફળ મળે, તેને તેને આધારે આગળની શુદ્ધ ક્રિયા થાય, તેનું ફળ મળે, તેને આધારે નવી શુદ્ધ ક્રિયા થાય, એમ ઠેઠ સુધીનું ફળ મળી જ જાય. ૬

આ પ્રથમની ક્રિયાઃ અને તેનું ફળઃ પછીની ક્રિયાઃ અને ફળઃ આમ કાર્ય-કારણ સંબંધોનો વિચાર **નયવાદની** મદદ સિવાય કરી શકાય તેમ નથી.

નયવાદની વ્યવસ્થાની ખરી જરૂર આ સ્થળે જ પડે છે. ચોથા ગુણઠાણાથી કે આદિ ધાર્મિકથી માંડીને ઠેઠ મોક્ષ સુધીના અનેક અનુષ્ઠાનોઃ અને વિકાસ માર્ગોઃ જુદા જુદા પાત્ર જીવોરૂપી જુદા જુદા તથા પ્રકારના દ્રવ્યઃ ક્ષેત્રઃ કાળઃ અને ભાવઃ ને ઉદ્દેશીને અસંખ્ય છે, તેની સ્પષ્ટ સમજુતી નય-વાદની મદદ સિવાય આપી શકાય તેમ નથી. એટલે આ પ્રસં-ગમાંજ જૈન શાસ્ત્રોકત સઘળા નયવાદનો ખરેખરો ઉપયોગ થાય છે. નયવાદનું મુખ્ય પ્રયોજન પણ તે જ—આત્મવિકાસની વિવિધતાની સમજ—છે. કેમકે—મોક્ષની સાધના કરવાના વિવિધ સંબંધોની સમજુતિ તે વિના થઈ શકે તેમ નથી. આ **ફળાવંચક યોગ** મોક્ષનું મોટામાં મોટું સાધન છે. અથવા મોક્ષ રૂપજ છે. જેમ જેમ ઉત્તરોત્તર ફળ મળતું જાય, તેમ તેમ ઉત્તરોત્તર આગળના પ્રયત્નો ઠેઠ મોક્ષ રૂપ ફળ મળતાં સુધી વિકસતા જાય.

બીજા દર્શનવાળાઓએ જુદી જુદી પરિભાષાથી કહેલા મોક્ષના સાચા ઉપાયોનો સમન્વય પણ આ નયવાદની મદદથી જ કરી શકાય છે. જેમ– યોગબિન્દુ અને યોગ દૃષ્ટિ સમુચ્ચય વિગેરે ગ્રન્થોમાં **શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ** કરેલ છે.

આ ફલા–ऽ–વંચકયોગ રૂપ શાંતિ છે. ૬

વિધિઃ પ્રતિષેધઃ કરી આતમા–
પદાઽરથ અ-વિરોધ. રે
ગ્રહણ-વિધિ મહા-જને પરિગ્રહ્યો.
ઇસ્યો આગમે બોધ. રે શાંતિ૦ ૭

[વિધિ=વિધાન કરવું, અન્વય. પ્રતિષેધ=ન કારવું, નિષેધ કરવો, વ્યતિરેક. આતમા–પદારથ=આતમા રૂપી પદાર્થ. અ-વિરોધ: વિરોધ વિના, ગ્રહણ-વિધિ=જાણ-વાની રીત મહાજને=મોટા જ્ઞાની પુરુષોએ. પરિગ્રહ્યો= સ્વીકાર્યો. ઇસ્યો=એવો. આગમે=આગમમાં, આગમ સંબંધી. બોધ=જ્ઞાન.]

" વિશ્વવંદ્ય મહાપુરુષોએ અન્વય અને વ્યતિરેકે કરીને અનુમાનથી નિર્ણય કરવાની સાચી રીતને આધારે જે રીતે આત્મા પદાર્થ જાણ્યો છે, તે બરાબર છે, તેમાં કોઇપણ જાતનો વિરોધ નથી. " એવો આગમમાંથી આત્મા વિષેનો નિર્ણયાત્મક બોધ મેળવવો, તે પણ શાંતિનું સ્થાનક છે. આનું નામ શાસ્ત્રયોગ કહેવાય છે. શાસ્ત્રનું જ્ઞાન આત્મવિકાસ માટે

જરૂરી છે. એટલે શાસ્ત્રમાંથી આત્માનું સાચું સ્વરૂપ જાણવું, એ પણ એક જાતનો યોગ છે; અને તેનું નામ શાસ્ત્રયોગ કહેવાય છે.

શાસ્ત્રોની મદદથી આત્માનું યથાર્થ જ્ઞાન મેળવી લેવું જોઇએ, શાસ્ત્રમાં "આત્મા કેવો છે ? તેનું સ્વરૂપ કેવું છે ?" તે અન્વય–વ્યતિરેકથી નક્કી કરીને બતાવેલું છે. તેમજ તેનું જ્ઞાન બીજી પણ જે જે રીતે કરી શકાય, તે તે રીતે કરીને તેનું વર્ણન શાસ્ત્રોમાં આપ્યું છે. અને પોતાના અનુભવથી પણ બરાબર સ્વસંવેદન પ્રત્યક્ષ પ્રમાણાદિક જ્ઞાન કરવાના ઉપાયોથી-અનુભવ કરી જોતાં પણ વિરોધ આવતો નથી." એમ નક્કી કરી લેવું જોઇએ.

વિધિ=અન્વયઃ—અમુક અમુક નિશાનીઓ–ચિહ્નો દેખાય છે, માટે આત્મામાં અમુક જ્ઞાનાદિક ગુણો હોવાજ જોઇએ.

પ્રતિષેધ=વ્યતિરેકઃ–અમુક અમુક નિશાનીઓ આત્મામાં દેખાતી નથી, માટે આત્મામાં વર્ણઃ ગંધઃ વિગેરે પુદ્ગલના ગુણો નથી હોતાજ. એમ અમુક નિશાનીઓ હોવા ઉપરથી અમુક ગુણો હોવાનું નક્કી કરવું, તે વિધિઃ **અન્વય.** અને અમુક નિશાનીઓ ન હોવા ઉપરથી, અમુક ગુણો ન હોવાનું નક્કી કરવું, તે **વ્યતિરેકઃ પ્રતિષેધ.**

આત્માર્થી જીવને શાસ્ત્રોનું જ્ઞાન કરવાનું મુખ્ય પ્રયોજન એ છે, કે–પોતાના આત્માના સ્વરૂપનો નિશ્ચય કરીને તેના વિકાસના ઉપાયો જાણવા, તેનું નામ **શાસ્ત્રયોગ** કહેવાય છે.

अन्वय-व्यतिरेकाभ्यामात्म-तत्त्व-विनिश्चयम् ।
नवभ्यो ऽपि हि तत्त्वेभ्यो कुर्यादेवं विचक्षण ः ॥
उ० श्रीय० म० ना अध्यात्म-सार. ११—११०

અર્થ: " નવતત્ત્વની વિશ્વ વ્યવસ્થાની પદ્ધતિને આધારે વિચક્ષણ પુરુષે અન્વયઃ અને વ્યતિરેકઃ વડે કરીને આત્મતત્ત્વનો નિર્ણય કરવો જોઈએ. "

દુષ્ટ-જન-સંગતિ પરિહરી,
ભજે સુ-ગુરુ-સંતાન. રે
જોગ સામર્થ્ય ચિત્ત-ભાવ જે,
ધરે મુગતિ નિદાન. રે શાંતિ० ૮

[દુષ્ટ-જન-સંગતિ=આત્મ શાંતિથી વિપરીત આચાર વિચાર રૂપ દોષોવાળા માણસોની સોબત. સુ-ગુરુ સંતાન =ઉત્તમ ગુરુ-પરંપરામાં આવેલા ગુરુ. જોગ સામર્થ્ય= સામર્થ્ય યોગ નામનો યોગ. ચિત્ત-ભાવ આત્માનો પરમ ભાવ. મુગતિ-નિદાન=મોક્ષનું ખાસ કારણ.]

શાસ્ત્રયોગની મદદથી જે આત્માર્થી જીવે આત્માનો નિશ્ચય કર્યો હોય છે, તે આગળ વધીને મોક્ષના ખાસ કારણભૂત **સામર્થ્યયોગ** નામના આત્માના પરમ ભાવરૂપ શાંતિનો આશ્રય લે છે, તે પહેલાં, ઉત્તમ ગુરુની મદદ તે લઇ ચૂકેલ હોય છે, અને તેમના સિવાય બીજા સર્વ દોષ યુકત લોકોની સોબતનો તેણે ત્યાગ કર્યો હોય છે, આ **સામર્થ્ય** યોગ મોક્ષનું ખાસ નિદાન કારણભૂત છે.

સામર્થ્યયોગ ૮મા અપૂર્વકરણ ગુણસ્થાનકથી **પ્રાપ્ત** થાય છે, તેના બે ભેદ છે :— **ધર્મસન્યાસ સામર્થ્યયોગ**: અને **યોગસન્યાસ** સામર્થ્યયોગ: **પહેલો** ભેદ: આઠમા ગુણ સ્થાનકથી શરૂ થાય છે. અને બીજો: ૧૩મા ગુણસ્થાનકના અંતથી ચૌદમાના અંત સુધી હોય છે.

ધર્મસન્યાસ: એટલે ૭ મા ગુણઠાણા સુધી કરવાનાં ધાર્મિક ક્રિયા-અનુષ્ઠાનોનો ત્યાગ. કેમકે—પછી આઠમે ગુણ-સ્થાનકે ઉપશમ: કે ક્ષપક: એ બેમાંથી કોઇપણ એક શ્રેણિ માંડવાની પૂર્વ તૈયારી કરવાની હોય છે. તેથી બીજા અનુ-ષ્ઠાનો કરવાના નથી હોતા.

યોગસન્યાસ—યોગનિરોધ-મનવચન કાયાના યોગોને ત્યાગ કરવાની શરૂઆત, ૧૩મા ગુણસ્થાનકના અંતથી થાય છે.

૧	૨
૧ યોગાવંચક યોગ	૧ ઇચ્છા યોગ
૨ ક્રિયા અવંચક યોગ	૨ શાસ્ત્રી યોગ
૩ ફળ અવંચક યોગ	૩ સામર્થ્ય યોગ

આ બન્નેય રીતે આત્માનો વિકાસ થાય છે. જુદા જુદા જીવોની અપેક્ષાએ આ બન્નેય માર્ગની મુખ્યતાએ આત્મવિકાસ થાય છે. એક રીતમાં બીજીનો અને બીજીમાં પહેલી રીતનો સમાવેશ થાય છે.

કોઇ જીવ ગુરુ મહારાજની મદદથી સફળ ધર્માનુષ્ઠાનો

કરીને મોક્ષ પ્રાપ્ત કરે છે. તેનું વર્ણન પહેલી રીતે ભેદ પાડીને કરવામાં આવ્યું છે. ત્યારે બીજી રીતની વ્યવસ્થામાં પોતાની આત્મવિકાસની તાલાવેલીઃ શાસ્ત્રોની મદદઃ અને ઉત્કટ તૈયારી માટેના પ્રયત્નોઃ તે અપેક્ષાએ બીજી રીતે વિકાસની વ્યવસ્થા બતાવી છે.

૪થી ગાથામાં ગુરુની મદદ લેવાનું બતાવ્યું છે. અને વળી પાછું, આ આઠમી ગાથામાં પણ તેજ બતાવવામાં આવેલ છે, તે પુનરુકિત નથી, પરંતુ એક ઠેકાણે **અવંચકયોગના** ક્રમથી આત્મવિકાસરૂપ શાંતિનું સ્વરૂપ બતાવતાં યોગાવંચકયોગને પ્રસંગે બતાવેલ છે, અને બીજે ઠેકાણે, ઈચ્છાયોગાદિ રીતે શાંતિનું સ્વરૂપ બતાવતાં **સામર્થ્યયોગ** સુધી પહોંચતાં પહેલાં ગુરુની મદદ લેવાની ભલામણ કરવામાં આવી છે. તે ત્રણ ઇચ્છાદિયોગોમાં પણ ગુરુની મદદ—યોગાવંચકઃ ક્રિયા અવંચકઃ અને ફલાવંચકઃ ની જરૂર પડે જ છે. તેજ પ્રમાણે ઇચ્છાદિ યોગની સાધના પણ ગર્ભિત રીતે ત્રણ **અવંચક યોગમાં** આવી જાય છે.

એમ એ બન્નેય પ્રકારના યોગો, પાત્ર ભેદની અપેક્ષાએ પરિભાષાનો ભેદ પામેલા છે. પરંતુ વસ્તુતાએ પરસ્પર મળેલા છે. એકબીજાનો એકબીજામાં સમાવેશ પામે છે તે આ ઉપરથી સમજાય છે.*

---

* મેઈલ ગાડીથી કે શીઘ્રગામી ફાસ્ટ ગાડીથી અમદાવાદથી દીલ્હી જતાં એજ રસ્તો પસાર કરવો પડે છે.

[ફળાવંચકતાની પ્રાપ્તિ વખતે અને સામર્થ્ય યોગની પ્રાપ્તિ વખતે, આત્મા ગુણાતીત હોય છે–તમોગુણઃ રજોગુણઃ અને સત્ત્વગુણઃ એ ત્રણેય ગુણોથી રહિત હોય છે. પાપાનુબંધ પાપઃ તથા પાપાનુબંધિ પુણ્યઃ એ બેના બંધ તથા ઉદયઃકાળને તમો ગુણની અવસ્થા કહી શકાય, પુણ્યાનુબંધિ–પાપના બંધઃ તથા ઉદયઃકાળે આત્માની જે તેમાં તન્મયતા, તે રજોગુણ કહી શકાય. અને પુણ્યાનુબંધી પુણ્યના બંધ તથા ઉદયકાળની અવસ્થાને સત્ત્વગુણની અવસ્થા કહી શકાય. ત્યાર પછી **સમભાવ અવસ્થા–ગુણાતીત અવસ્થા–વીતરાગ અવસ્થા**–પ્રાપ્ત થાય છે. તે નીચેની બે ગાથાઓમાં બતાવે છે.]

માન : અપમાન : ચિત્ત સમ ગણે.
સમ ગણે કનક : પાષાણ : રે
વંદક : નિંદક : સમ ગણે.
ઇસ્યો હોય, તું જાણ. રે શાંતિ૦ ૯

[કનક=સોનું પાષાણ=પત્થર. વંદક–નમસ્કાર કરનાર. નિંદક=નિંદા કરનાર.]

હે આતમરામ ! સામર્થ્યયોગને ભજનારો આત્મા જ્યારે ત્રિગુણાતીત થાય છે. ઉપશામકઃ કે ક્ષપકઃ છદ્મસ્થ વીતરાગઃ સમભાવસ્થઃ થાય છે, ત્યારે માનઃ તથા અપમાનઃ ને સરખાં ગણે છે, સોનુંઃ અને પત્થરઃને સરખાં માને છે, વંદકઃ અને નિંદકઃને સરખાં માને છે. આવો પૂર્ણ સમભાવી હોય છે,' એમ તું સમજી લે. ૯

સર્વ-જગ-જંતુને સમ ગણે.
ગણે તૃણ-મણિ-ભાવ. રે
મુક્તિ : સંસાર : બેહુ સમ ગણે.
મુણે ભવ-જલ-નિધિ નાવ. રે શાંતિ૦ ૧૦

[તૃણ=તણખલા, ઘાસ મણિ=રત્ન, ઝવેરાત. મુણે=જાણે, માને ભજ-જલ નિધિ-નાવ=સંસાર રૂપી સમુદ્રમાં હોડી સમાન.]

સમભાવને સંસાર રૂપી સમુદ્રથી તરવાને માટે હોડી સમાન માનીને આત્માર્થી જીવ ઉપર પ્રમાણે જગતના સર્વ પ્રાણીઓ તરફ સમભાવ રાખે, ઘાસ તેમજ રત્નો-ઝવેરાત તરફ સમભાવ રાખે. અને સંસારઃ તથા મોક્ષ ! એ બન્નેય તરફ પણ સમભાવ રાખે. ૧૦

આપણો આતમ-ભાવ જે
એક-ચેતના-ऽऽધાર રે,
અવર સવિ સાથ સંયોગથી.
એહ નિજ-પરિકર સાર." રે શાંતિ૦ ૧૧

[આપણો=પોતાનો. આતમ ભાવ=આત્મસ્વભાવ ચેતના=જ્ઞાન,-દર્શન ધાર=૧ સમજવો. ચેતના-ऽऽધાર=ચેતનાના આધાર ભૂત છે અવર=બીજું સાવ=બધું સર્વ સાથ-સંયોગથી=સાથે પહેલાં કર્મના સંયોગથી. અવર-સવિ-સાથ=બીજો સર્વ સાથ-પરિવાર. એહ=ચેતના. નિજ-પરિકર=પોતાનો આત્માનો પરિવાર. સાર=ઉત્તમ.]

પ્રભુએ કરેલાં શાંતિના સ્વરૂપનો ઉપસંહારઃ–

મારા પોતાના આત્માનો સ્વભાવ કેવળ એક ચેતનામય જ્ઞાનાદિક ચેતનાના–આધાર રૂપ છે. બાકી બીજા બધા મારી સાથે જોડાયેલા પદાર્થો કર્માદિકના સંયોગથી આવીને મારી આજુબાજુ વીંટળાઈને મારા પરિવારરૂપે બની ગયા છે. પણ મારો ખરો ઉત્તમ પરિવાર તો એ ચેતના-જ્ઞાનાદિક જ છે. અથવા કેવળ એક ચેતનાના આધારભૂત જે પદાર્થ છે, તે જ મારો આત્મા છે. તે જ હું છું, એ જ મારો ઉત્તમ પરિવાર છે. બાકીના બધાય મારી સાથે જોડાયેલા પદાર્થો કર્માદિકના સંયોગથી મને ઘેરી વળ્યા છેઃ પરંતુ વાસ્તવિક રીતે તે મારા નથી જ. ”

સામર્થ્ય યોગની પ્રાપ્તિ વખતે આત્માનો પોતાનો પરિવાર બધો આવીને મળે છે, અને બીજા બધા તત્ત્વો હટવા માંડે છે. અહીં **શાંતિનાથ** પ્રભુ શાંતિનું સ્વરૂપ પૂરું કરે છે. ૧૧

પ્રભુ મુખથી એમ સાંભલી,
કહે આતમ-રામ રે—
“ તાહરે દરિશણે નિસ્તર્યો.
મુજ સિધ્ધ્યાં સવિ-કામ. રે—” શાંતિ૦ ૧૨

[**આતમ રામ**=આત્મા રૂપી રામ આત્મામાં રમણ કરનાર સાધક **નિસ્તર્યો**=પાર ઉતર્યો.]

શાંતિનાથ પ્રભુના મુખથી એ પ્રમાણે શાંતિનું સ્વરૂપ

સાંભળીને **આત્મા**ऽऽ**-રામ** કહે છે કે :–"હે પ્રભો ! મને શાંતિનું સ્વરૂપ સાંભળવા મળ્યું, તેથી માનું છું કે (૧) તમારા દર્શન માત્રથી ભવરૂપ સમુદ્રથી મારો નિસ્તાર થઇ ચુકયો છે. ભવ સમુદ્રનો પાર પામવાની મારી હવે તૈયારી છે, એવો ભાસ થાય છે. અને (૨) મારાં બધાં કામ હવે સફળ થઇ ગયાં." એમ માનું છું.

શાંતિના સ્વરૂપની વાત સાંભળવાની રુચિજ સંસાર-સમુદ્રથી તરવાનું અજબ સામર્થ્ય આપે છે.

અહો ! અહો ! હું મુજને કહું:–
"નમો મુજ નમો મુજ" રે
અ-મીત-ફલ-દાન-દાતારની
જેહને ભેટ થઇ તુજ. રે શાંતિ૦ ૧૩

[અમિત–ફલ–દાન–દાતારની=અગણિત ફળનું દાન આપનાર દાનેશ્વરી દેવની.]

પ્રભુ પ્રત્યેની કૃતજ્ઞતા અને પ્રશ્નકાર આત્મરામનો ઉપસંહારઃ

(૩) અને તેથી શાંતિના સ્વરૂપના જ્ઞાનના શ્રવણથી થયેલા આનંદના ઉછાળાથી "અહો ! અહો ! હું મારી જાતને માટે જ કહું છું કે–"મને નમસ્કાર કહો ! મને નમસ્કાર હો !" કેમકે–મારા જેવો ભાગ્યશાળી આ જગત્‌માં કોણ ? કે જેને આપના જેવા અમાપ ફળનું દાન આપનાર દાતાર

પ્રભુનો મેળાપ થયો. " જેહને અમીત-ફળ-દાન-દાતાર-તુજની ભેટ થઇ" અહીં અસાધારણ ભક્તિનો ઉમળકો વ્યક્ત થાય છે. ૧૩

શાંતિ-સ્વ-રૂપ સંક્ષેપથી
કહ્યો નિજ-પર-રૂપ. રે
આગમમાંહે વિસ્તાર ઘણો
કહ્યો શાંતિ-જિન-ભૂપ. રે શાંતિ૰ ૧૪

[નિજ-પર-રૂપ=સ્વ અને પર સ્વરૂપે,]

સંવાદનો ઉપસંહારઃ—આ પ્રમાણે સ્વ અને પર રૂપે-સ્વ અને પરની ઓળખાણ કરાવીને શાંતિનું સ્વરૂપ ટૂંકામાં કહ્યું. પરંતુ શ્રી શાંતિનાથ પ્રભુના આગમમાં તો ઘણો વિસ્તાર શ્રી શાંતિનાથ પ્રભુએ કહ્યો છે.

આગમો સર્વ તીર્થંકર ભગવંતોના અર્થથી સમાન જ હોય છે. સમાન જ હોય તેથી એ અપેક્ષાએ સર્વ તીર્થંકર ભગવંતોના તીર્થમાંના આગમો સર્વ તીર્થંકર ભગવંતોનાં કહેવામાં હરકત નથી.

અહીં સાધક **આતમરામ** અને **શાંતિનાથ** પ્રભુનો શાંતિ વિષેનો સ્તવનકારે યોજેલો સંવાદ પૂરો થાય છે. શાંતિ એટલે શમ-ઉપશમઃ એટલે કષાયો મોહ વિગેરેનો નાશઃ કે ઉપશમઃ સમજવાનો છે. તેથી આત્માનો ગુણ સમતા પ્રગટે છે. ઉપાધ્યાયજી મહારાજ **શ્રી યશોવિજયજી** મહારાજના અષ્ટકોમાંનું શમાષ્ટક ૬ઠું આ પ્રસંગે જોવું.

આત્મગુણ સમતા પ્રગટે, એટલે કષાયોનો નાશઃ કે ઉપ-શમઃ રૂપ શમ થાય છે, અને જેમ જેમ શમ થાય, તેમ તેમ સમતા પ્રગટે. પૂર્વનો શમ ઉત્તર સમતાનું કારણ થાય, તે શમ તેની પછીની સમતાનું કારણ, એમ છેલ્લી પણ સમતા પ્રાપ્ત થાય છે. ૧૪

શાંતિ-સ્વ-રૂપ એમ ભાવશે
ધરી શુદ્ધ પ્રણિધાન. રે,
આનંદ-ધન-પદ પામશે.
તે લહેશે બહુ-માન. રે શાંતિ૦ ૧૫

[શુદ્ધ-પ્રણિધાન=શુદ્ધ મન વચન કાયાની શુદ્ધ એકાગ્રતા]

ઉપસંહારઃ—એ પ્રમાણે શુદ્ધ રીતની મન વચન કાયાની એકાગ્રતા કરીને જેઓ શાંતિનું સ્વરૂપ વિચારશે—એટલે કે ઉપલક્ષણથી—અમલમાં પણ મૂકશે, તે આનંદઘન પદ—મોક્ષ પામશે. અને જગત્‌માં ત્રિજગત્પૂજ્યતા તીર્થંકરતા રૂપ બહુમાન—સન્માન—માન પણ પામશે. ૧૫

ભાવાર્થઃ સમ્યક્ત્વ રત્નની પ્રાપ્તિઃ ગુરુનો યોગઃ સત્ત્વગુણ ભાવનો આશ્રયઃ વિવિધ નયની અપેક્ષાએ વિવિધ ધાર્મિક અનુષ્ઠાનોઃ અને તેનાં ફળોની અચૂક પ્રાપ્તિઃ એ રીતે યોગાવંચક ક્રિયાવંચક અને ફળા-વંચક યોગની પ્રાપ્તિ. તથા શાંતિ સ્વરૂપ જાણવાના પ્રશ્નથી ઇચ્છા યોગ શરૂ થાય છે. શાસ્ત્ર યોગથી આગમમાંથી આત્મ સ્વરૂપનું ભાન થાય છે પછી, સામર્થ્ય યોગના પ્રાપ્તિ—

સમભાવ આત્માના જ્ઞાનાદિક પરિવારઃ અને કર્મના સંયોગથી ઘેરાઈ વળેલા શારીરાદિ બીજો પર-પરિવારઃ એ બન્ને- યના ભેદનું સ્પષ્ટ ભાન રૂપ અનુભવ જ્ઞાન–પ્રાતિભ જ્ઞાન, શ્રેણિની પ્રાપ્તિઃ પરિણામે ક્ષીણ મોહઃ સયોગીઃ અને અયોગીઃ પણું અને પોતાના આત્મામાં પરમ રમણતાઃ એ સાચી શાંતિ છે.

આ સ્તવનમાં પરમ શાંતિના બીજ રૂપ શાંતિનું સ્વરૂપ જાણવાની ઇચ્છા શરૂઆત કરીને સમ્યક્ત્વની પ્રાપ્તિથી માંડીને સામર્થ્ય યોગની પ્રાપ્તિ સુધી ઉત્તરોત્તર વધતી જતી શાંતિનું સ્વરૂપ ટુંકામાં બતાવ્યું છે. આગમમાં તેનો વિસ્તાર ઘણો છે. જિનેશ્વરદેવે એ વિસ્તાર કહ્યો છે. સર્વ તીર્થંકર ભગવંતોના આગમોમાં અર્થથી પદાર્થ નિરૂપણ એક જાતનું હોય છે. માટે દરેક આગમો–પ્રવાહથી દરેક તીર્થંકર પરમાત્માના કહેવાય છે.

શ્રી શાંતિનાથ પ્રભુના સમકાલીન શાંતિના જિજ્ઞાસુ કોઈ આત્મ વિકાસના ઇચ્છુક આતમ રામ સાધકના અને પરમાત્મા શ્રી શાંતિનાથ પ્રભુના સંવાદનો પ્રસંગ આ સ્તવનમાં યોજ્યો છે. "એમ પ્રભુ-મુખથી એમ સાંભળી, કહે આતમ–રામ રે (૧૨)" એ વાકયથી સમજાય છે. ત્યાર પછી ૧૨–૧૩ ગાથામાં આત્મા-ऽऽराम શાંતિનું સ્વરૂપ સાંભળીને–તેમજ મોક્ષ મેળવવાનો સુંદર માર્ગ પ્રભુ પાસેથી સાંભળીને પોતાની જાતને ધન્ય માનીને પોતાને જ નમસ્કાર કરે છે. અને પ્રભુ તરફ ઉછળતી ભક્તિથી કૃતજ્ઞતા બતાવે છે. ૧૪ ગાથામાં સંવાદનો ઉપ સંહાર છે. ૧૫મી ગાથામાં સ્તવનકાર પ્રભુની સ્તવનાનો ત્રિકરણ શુદ્ધિથી શાંતિ પ્રાપ્ત કરવાની ભલામણ રૂપે ઉપસંહાર કરે છે.

૧૭. શ્રી-કુંથુનાથ-જિન-સ્તવન

મનને વશ કરવું મુશ્કેલઃ આત્મ વિકાસમાં વેગથી દોડવામાં એક મોટું ભયસ્થાન ઉપશમ શ્રેણિથી પતનનું મુખ્ય કારણઃ

[શાંતિનું સ્વરૂપ જાણવા છતાં અને શાંતિની પ્રાપ્તિ કરવાનો માર્ગ લેવા છતાં, વચ્ચે એક વિઘ્ન એટલું બધું મોટામાં મોટું આવે છે, કે તે દૂર કરવા તરફ આ સ્તવનમાં ખાસ ધ્યાન ખેંચવામાં આવે છે. જ્ઞાન અને ધ્યાનનો અભ્યાસ કરી મોક્ષના અભિલાષી ઘણાયે મહાત્માઓને પણ એ વિઘ્ન નડયા વિના રહેતું નથી. તે વિઘ્નઃ તે મનની ચંચળતા : સત્તામાં રહેલા અવિરતિઃ મિથ્યાત્વઃ કષાયોઃ વિગેરે નિમિત્ત મળતાં જ કયારે ઉભરાઇ આવી મનને ચંચળ બનાવી અશાંતિ ઊભી કરે ? તે કહી શકાય નહીં. કેમકે–ઉપશમ શ્રેણિ ઉપર ચડેલા ઠેઠ અગિયારમે ગુણ સ્થાનકે વર્તતાઃ મોહનીય કર્મનો સર્વથા ઉપશમ કરી ચૂકેલા મહાત્માઓઃ પણ ઠેઠ ૪થા અને બીજે થઇને પહેલા ગુણ સ્થાનક સુધી આવી પહોંચે છે. માટે મન વશ કરવાની મજબૂત ભલામણ આ સ્વતનમાં છે.]

(રાગ ગુર્જરીઃ રામકલીઃ અંબર દે દે ! મુરારિ ! હમારો એ દેશી)

કુંથુ–જિન ! મનડું કિમ હિ
  ન બાઝે? હો ! કુંથુ જિન !
જિમ જિમ જતન કરીને રાખું,
  તિમ તિમ અલગું ભાજે. હો ! કું૦ ૧

[મનડુ=તુચ્છ-હલકટ એવું મન. કિમહુ=કોઇ પણ રીતે. બાઝે=બાદ્ધ થાય. હાથમાં આવે, દબાણમાં આવે, વશમાં આવે. જતન=પ્રયત્ન. અલગુ=દૂર દૂર. ભાજે=ભાગે.]

હે કુંથુનાથ ભગવન્ ! મારું મન કોઇ રીતે દાબમાં રહેતું નથી. શું કરું ? જેમ જેમ મહેનત કરીને તેને દાબમાં રાખવા જાઉં છું, તેમ તેમ તે નીચ તો દૂર દૂર નાસે છે.

અહીં મનને વશ કરવાની વાત કરીને–મનદ્વારા પ્રગટ થતાં કષાયોને–મોહને–જીતવામાં મુશ્કેલીની વાત સૂચિત કરી છે. બાલ જીવો તે સર્વને 'મન'થી ઓળખે છે. માટે મન શબ્દનો ઉપાય કર્યો છે. મન એટલે મોહ. ૧

જો કે, જૈન દર્શનમાં શરીરમાં રહેલા આત્મા સાથે ગુંથાયેલું શરીરમાં સર્વવ્યાપી મન માનેલું છે–હૃદય અને મગજ તેના મુખ્ય આશયો છે. તો પણ લોકમાં ન્યાય દર્શન વિગેરેમાં મનને અણુ-પરિમાણ એટલે એક અણુ જેટલું માનેલું છે. જગત્‌માં જંતુઓમાં સામાન્ય રીતે બારીક જીવ કુંથુ ગણાય છે. ત્યારે કુંથુ જેવું બારીક અદૃશ્ય મન આટલી બધી ઉત્થલ પાથલ કરે છે. અને તેને વશ કરવું ઘણું મુશ્કેલ પડે છે. આમ છતાં પણ આપે તેને વશ કરી લીધું છે. એમ કુંથુ જેવું નાનું મન અને કુંથુ પ્રભુનું નામઃ આમ ગર્ભિત રીતે શ્લેષથી નામની સફળતાયે જણાવી જણાય છે.]

રજનીઃ વાસરઃ વસતિઃ ઉજડઃ
ગયણઃ પાયાલેઃ જાય.

"સાપ ખાયે ને મુખડું થોથું."
એહ ઉખાણો ન્યાય. હો! કું૦ ૨

[રજની=રાત્રિ. વાસર=દિવસ. વસતિ=મનુષ્યોનાં રહેઠાણવાળાં સ્થળો. ઉજ્જડ=વેરાન. નિર્જન પ્રદેશો. ગયણ= ગગન, આકાશ. પાયાલે=પાતાળમાં, અધોલોકમાં. થોથું= ખાલી, ફીકું. ઉખાણો=કહેવત, ન્યાય=ઘટના, યોગ્ય તોડ.]

તે એટલે મન, ક્યાં ક્યાં? કેવી કેવી રીતે? અને ક્યારે ક્યારે નાસે છે? તે તો જુઓઃ–અરે! તે રાત કે દિવસ, વસતિ કે ઉજ્જડ, ગગન કે પાતાળ એમ બધેય ગમે ત્યાં અને ગમે ત્યારે નકામું ભટક્યા કરે છે. "જેમ સાપ પોતાની ટેવ મુજબ ગમે તે ચીજ ગળી જઈને ખાય છે ખરો, પણ તેના મોઢામાં કોઈ પણ જાતનો તેને સ્વાદ આવતો નથી. એટલે કે તેનું મોઢું તો કાયમી ખાલી–બેસ્વાદ–ફીકું–થોથું–રહે છે." તેમ એ કહેવત અહીં પણ ઘટે છે. કેમકે–ગમે તેમ ભટકવા છતાં મનને ક્યાંય સંતોષ તો થતો જ નથી.

રાત કે દિવસનો વખત જોયા વગર ગમે ત્યારે નાશી જઈને ભટકે છે.

વસતિ કે ઉજ્જડ એવા કોઈ પણ સ્થળની યોગ્યતા કે અયોગ્યતા જોયા વિના ગમે ત્યાં જઇને ભટકે છે.

ગગન કે પાતાળમાં પોતાની શક્તિનો વિચાર કર્યા વિના ઠેઠ ગગનમાં અને ઠેઠ પાતાળ સુધીયે ચાલ્યું જાય છે. ૨

મુગતિતણા અભિલાષીઃ તપિયાઃ
  જ્ઞાનઃને ધ્યાનઃ અભ્યાસે.
વયરીડું કાંઈ એહવું ચિંતે,
  નાંખે અવળે પાસે. હો ! કું૦ ૩

[**મુગતિ તણા અભિલાષી**=મોક્ષની ઇચ્છાવાળા. **તપિયા**=તપસ્વીઓ. **જ્ઞાન ને ધ્યાન અભ્યાસે**=જ્ઞાનાભ્યાસમાં અને યોગારુઢ થઇ ધ્યાનના અભ્યાસમાં પડેલા, **વયરીડું**=હલકટ વૈરી, શત્રુ. **ચિંતે**=વિચારે. **નાંખે**=નાખી દે, પાડી નાંખે. લઇ જાય. **અવલે પાસે**=ઊંધે પડખે, **અવળી બાજુએ** વિરુદ્ધ દિશામાં.]

એ નીચ વૈરીડું મન એવું કાંઇ ચિંતવે છે, કે–મોક્ષ મેળવવાની આશાએ જ્ઞાન અને ધ્યાનના અભ્યાસમાં લાગેલાઓ તથા તપસ્વી એવા મહા મુનિઓને પણ અવળે પડખે પાડી નાંખે છે–અવળે માર્ગે દોરવી જાય છે. ઉપશમ શ્રેણિએ ચડેલા મહાત્માઓને પણ ઠેઠ અગિયારમે ગુણસ્થાનકેથી પણ પાડી નાંખે છે. ૩

આગમ આગમ ધરને હાથે
  નાऽऽવે કિણ–વિધિ આંકું.
કિહાં કણે જો હઠ કરી હટકું,
  તો વ્યાલતણી પરે વાંકું. હો ! કું૦ ૪

[**આગમ**=શાસ્ત્રઃ **આગમ–ધર**=આગમના જ્ઞાતાઃ પૂર્વધરો વિગેરે. **નાऽऽવે**=ન આવે. **આંકુ**=અંકુશમાં, **કિહાં**

કણે=કોઈક ઠેકાણે. હઠ=આગ્રહ, દબાણ, હટકું=અટકાવું. વ્યાલ=સર્પ-સાપ. પરે=પેઠે. વાંકું=અવળું, વક્ર, વિરુદ્ધ]

આગમધર મહાજ્ઞાની પુરુષોને હાથે આગમની મદદથી પણ તે કોઇ રીતે અંકુશમાં આવી શકતું નથી. અને કદાચ કોઇક ઠેકાણે આગ્રહ પૂર્વક દબાણ કરીને તેને કયાંય જતું અટકાવી દેવાનો પ્રયત્ન કરવામાં આવે, તો ત્યાં પણ સીધું ન રહેતાં, સાપની માફક તે આમનેમ વાંકું ચુંકું થઈને પોતાની મરજી પ્રમાણે વર્તી લે છે, પણ અંકુશમાં આવતું નથી. ઉલટું કદાચ સાપની માફક વધુ ભયંકર બની જાય છે. એટલે આગમોનો અભ્યાસ માત્ર કરવાથી કે મોટા આગમધર થવાથી પણ મન કાબુમાં આવી જાય, એમ કાંઈ નથી. ૪

જો "ઠગ" કહું, તો ઠગતો ન દેખું.
શાહુકાર પણ નાહિં.
"સર્વ માંહે, ને સહુથી અલગું."
એ અચરિજ મનમાંહિ. હો ! કું૦ ૫

[**ઠગ=લુચ્ચુ, છેતરનાર શાહુકાર=સજ્જન, સાધુકાર. અલગું=જુદું, અચરિજ=આશ્ચર્ય.**]

જો તેને "ઠગ" કહું છું, તો તે ઠગ પણ દેખાતું નથી. તથા તેની કેટલીક રીતભાત ઉપરથી તે શાહુકાર પણ દેખાતું નથી. ટુંકામાં-તે "બધામાં માથુ મારે છે, ને બધાથી જુદું રહે છે." મનની બાબતમાં આ મોટામાં મોટું આશ્ચર્ય

છે. અથવા આ પણ એક આશ્ચર્ય મારા મનમાં છે, કે–તે (૧) ઠગપણ દેખાતું નથી. (૩) ને શાહુકાર પણ નથી. તથા (૩) સૌમાં છે ને સૌથી અલગું છે. કોઇવાર આપણને છેતરીને ઠગની માફક અવળે માર્ગે દોરવી જાય છે, અને કોઈ વાર સાચું ભાન કરાવીને શાહુકારની માફક બચાવી પણ લે છે. એટલે તે કેવું છે ? તે કહી શકાતું નથી. ૫

જે જે કહું, તે કાન ન ધારે.
આપ–મતે રહે કાલો.
સુરઃ નર; પંડિત–જનઃ સમજાવે.
સમજે ન માહરો સાલો. હો ! કુ૦ ૬

[**કાન ન ધારે**=સાંભળે નહીં, ધ્યાનમાં ન લે, **આપ–મતે**=પોતાની ઇચ્છાએ, સ્વચ્છંદથી. **કાલો**=મુગ્ધ, ભોળો અને ઉદ્ધત. **સુર**=દેવો, **નર**=મનુષ્યો. **પંડિત-જન**=વિદ્વાન લોકો, **મારો સાલો**=મારૂં સાળું.]

હું જે જે શિખામણ આપું છું, તે તો તે સાંભળતું જ નથી. અને કાલાવેડા કરીને પોતાની મરજી પ્રમાણે સ્વચ્છંદ રીતે જ વર્તે છે. દેવો, મનુષ્યો અને પંડિત લોકો ગમે તેટલું સમજાવે, તો પણ એ મારું સાળું કાંઇ સમજતુંજ નથી. શું કરવું ? કોઈ ઉપાય સૂજતોજ નથી. કોઈનું કહ્યું તે માનતું જ નથી. એટલું બધું તે ઉદ્ધત છે. ૬

મેં જાણ્યું "એ લિંગ ન–પુસંક."
સકલ–મરદને ઠેલે.

બીજી વાતે સમરથ છે નર.
  એહને કોઈ ન ઝેલે. હો ! કું૦ ૭

[લિંગ=નિશાનીએ. મરદ=પુરુષ. ઠેલે=હડસેલે, ધક્કો મારે, હઠાવે. ઝેલે=જીતે, પકડી શકે.]

મેં જાણ્યું હતું કે—"શબ્દકોશમાં તેને નપુંસકલિંગે બતાવ્યું છે. માટે તે લિંગે નપુંસક છે." તેથી તેનો શો ભાર છે? તેને જલ્દી દબાવી દઈશું. પણ એ વાત ખોટી ઠરી: કેમકે—તે તો દરેક દરેક મરદોને પણ ધક્કો મારીને હડસેલી દે છે. અલબત્ત, પુરુષ બીજી અનેક વાતે જોકે સમર્થ છે, પણ આ મનને કોઇ જીતી શકતા નથી—ઝીલી શકતા નથી. ૭

"મન સાધ્યું તેણે સઘલું સાધ્યું."
  એહ વાત નહીં ખોટી.
એમ કહે "સાધ્યું" તે નવિ માનું૦
  એક હિ વાત છે મોટી. હો ! કું૦ ૮

[એક હિ=એક જ]

માટે "મન સાધ્યું, તેણે સઘલું સાધ્યું" આ વાત દુનિયામાં કહેવાય છે, તે વાત તો હવે જરાયે ખોટી લાગતી નથી. કોઈ, "મેં મારું મન સાધ્યું છે,' એમ કહે, તો એ વાત માનવા હું તૈયારજ નથી. કેમકે—એ એકજ વાત જગતમાં મોટામાં મોટી છે. મન સાધવું એ કામ સહેલું નથી, બહુજ

દુર્ઘટ છે. માટે મન સાધવાની બાબતમાં કોઈના ઉપર એકાએક વિશ્વાસ આવેજ નહિ.

मनश्चञ्चलं दुर्ग्राह्यम् ॥

મન ઘણુંજ ચંચળ છે અને બહુજ મુશ્કેલીથી વશ કરી શકાય એવું છે. "

"મનડું દુરા-ડડરાધ્ય તેં વશ આણ્યું."
તે આગમથી મતિ આણું.
આનંદ–ઘન–પ્રભુ ! માહરું આણો,
તો "સાચું" કરી જાણું. હો ! કું૦ ૯

[દુરા-ડડરાધ્ય=આરાધી ન શકાય તેવું, સમજાવી-દબાવી ન શકાય તેવું. મતિઆણું=જાણું,]

છતાં, હે પ્રભો! કોઇ રીતે વશ ન કરી શકાય એવા મનને આપે, તો તાબે કર્યું જ છે.' કેમકે–આપે ઉપશમશ્રેણી નહીં, પરંતુ ક્ષપકશ્રેણી આરોહીને, મોહનો, સર્વથા ક્ષય–નાશ કર્યો છે. એટલે મન વશ થઈ ગયું છે. તે વાત હું આગમથી તો જાણીજ શકયો છું. પરંતુ આનંદના સાગર હે પ્રભુ! મારું મન વશ કરાવી આપો, તો એ વાત મારા અનુભવથી "સાચી છે" એમ માની શકું. ૯

ભાવાર્થ:—મહાયોગીઓને પણ મનનો વિજય કરવામાં મુશ્કેલી જણાવી મનને વશ કરવાની મુખ્ય ભલામણ કરવામાં આવી છે, અને મનની વિવિધ પ્રકારની વિચિત્રતાઓનું સ્વરૂપ બહુજ સુંદર અને સચોટ શબ્દોમાં બતાવ્યું

છે. મનને લગતી વાતો ગમત સાથે જ્ઞાન આપે એવા સાદા શબ્દો યોજીને આ સ્તવન યોજ્યું છે. આ સ્તવનમાં કાંઈક હાસ્ય રસની ઝળક છે.

ઉપશમ શ્રેણિ પર ચડેલા મહાત્માઓ પણ અગિયારમે ગુણસ્થાનકેથી પડે છે તેઓ અનુક્રમે અથવા એકી સાથે પડતા પડતા ચોથે આવે છે, અને ત્યાંથી મિથ્યાત્વનો ઉદય થાય તો સાસ્વાદન નામના બીજા ગુણઠાણે આવીને મિથ્યાત્વ ગુણસ્થાનક નામના ઠેઠ છેવટને નીચે પગથિયે પણ આવી પડે છે. ઠેઠ ઉપશમશ્રેણિથી અગિઆર ગુણઠાણા સુધી ચડેલા પાછા ઠેઠ પહેલે પગથિયે આવીને તદ્દન નીચે પાટલે આવી પડે છે. તદ્દન અવળે પાસે આવી જાય છે. જ્યાં ચંદ્રની જ્યોત્સ્ના હતી ત્યાં કાળી અંધારી રાત છવાઈ જાય છે, ને જ્યાં આત્મા આકાશમાં ઉડતો હતો, ત્યાં તે ઊંડા પાતાળમાં પેસી જાય છે.

મન એટલે મોહ સમજવાનો છે. મોહનીય કર્મને વિલાસ કરવાનું મુખ્ય વાહન મન છે. એટલે તમામ મોહનીય કર્મનું પ્રતીક મનને બનાવીને તેને વશ કરવાની વાત કરી છે. નહીંતર મન તો પરમાણુઓનું બનેલું જડ છે, પણ મોહને લીધે, તે નાચે છે, ને આત્માને નચાવે છે.

૧૮. શ્રી–અર–નાથ–જિન–સ્તવન

સ્વ-સમય રૂપ–પરમધર્મ: અનુભવજ્ઞાન: તત્ત્વ-સંવેદન જ્ઞાન: નિર્વિકલ્પ દશા: ક્ષીણ મોહ છદ્મસ્થ વીતરાગ અવસ્થા:

[જેણે મનને વશ કરી આત્મ શાંતિ રાખી હોય, તેવા આધ્યાત્મિક પ્રગતિમાં લાગેલા શ્રમણ મહાત્માઓ આગળની પ્રગતિરૂપે સામાર્થ્ય યોગમાં પ્રવેશ કરી વ્યવહાર ધર્મના ત્યાગરૂપ ધર્મ સન્યાસ ધારણ કરી ચૂકેલા હોય છે. અને પરમ નિશ્ચય ધર્મમાં આગળ વધવા આઠમે ગુણઠાણેથી પ્રયત્ન કરે છે, ત્યારે શુદ્ધ આત્મધર્મ રૂપ સ્વ-સમયમાં સ્થિર થાય છે, અને પર–સમય રૂપ વ્યવહાર ધર્મ છોડે છે. આ રીતે ઠેઠ ક્ષપક શ્રેણિ ઉપર ચડીને બારમું ક્ષીણ મોહ ગુણસ્થાનક પ્રાપ્ત કરે છે. ત્યાં સુધીની અવસ્થાનું વર્ણન આ સ્તવનમાં છે.]

[રાગ:–પરજ: તથા મારુ: ઋષભનો વંશ રયણાયરુ–એ દેશી]

ધરમ પરમ અર-નાથનો,
કેમ જાણું ભગવંત ! રે
સ્વ–પર–સમય સમજાવીએ,
મહિમાવંત મહંત. રે ધ૦ ૧

[પરમ=શ્રેષ્ઠ. સ્વ-પર-સમય=સ્વ-સમય અને પર-સમય, સ્વાત્મધર્મ અને સ્વ આત્મ-વિકાસમાં મદદગાર થાય, તે તે. સિવાયના પોતાના આત્માના ગુણ શિવાયના

જે કોઇ ધર્મ કે પદાર્થ, કે અન્ય આત્માઓ, તે સર્વ પરના ધર્મ. તે પરધર્મ. મહિમાવંત=મહત્ત્વવાળો. મહંત =મોટો.]

હે અરનાથ પ્રભો! આપ ભગવંતનો પરમ મહાધર્મ નિશ્ચય ધર્મ-હું કેવી રીતે સમજી શકું? મહત્ત્વવાળો એ મોટો ધર્મ સ્વ સમય અને પર સમયની અપેક્ષાએ અમને હે પ્રભો! આપ સમજાવો. અથવા મહા પ્રભાવવાળા હે મહંત પુરુષ! આપ સ્વ સમય અને પર સમયની અપેક્ષાએ એ પરમ ધર્મ અમને સમજાવો.

સ્વ સમય –પોતાનાજ આત્માના ધર્મો, સ્વભાવો, ગુણો વિગેરે કે જે આત્માનો વિકાસ થવામાંજ મદદગાર હોય.

પર–સમય – પોતાના આત્મા સિવાયના બીજા આત્માઓ તથા બીજા કોઈ પણ પદાર્થોના ધર્મો, સ્વભાવો, ગુણો વિગેરે, તથા પોતાના આત્માના વૈભાવિ સ્વભાવો પણ પર સમય. ૧

ધરમ: પરમ: અરનાથ: પર: વિગેરે શબ્દોમાં આવતા અર શબ્દના અનુપ્રાસની મેળવણી જણાય છે.

શુદ્ધા-ऽऽતમ–અનુભવ સદા,
  સ્વ–સમય એહ વિલાસ. રે
પર–પડિછાંયડી જે પડે,
  તે પર–સમય–નિવાસ. રે ધ૦ ૨

[શુદ્ધાડડતમ-અનુભવ=આત્માના શુદ્ધ સ્વરૂપનો અનુભવ: પોતાને જ પોતાનો સાક્ષાત્કાર સ્વ-સમય=સ્વાત્મ સ્વરૂપ. વિલાસ=વિસ્તાર પર=પેતાથી બીજા-દેવ, ગુરુ, ધર્મ, શરીર. કર્મ, વિભાવ વિગેરે: પડિ છાંયડી=પ્રતિછાયા, પડ-છાયો. પર-સમય-નિવાસ=પોતાના સ્વરૂપ સિવાયના સ્વ-રૂપમાં રહેઠાણ.]

તદ્દન શુદ્ધ સ્વ-આત્માનો અનુભવ. તે સ્વ સમયનો સ્વ-સ્વરૂપનો વિલાસ-વિસ્તાર છે. અને બીજાની પોતાના શુદ્ધ આત્મા સિવાયની બીજા કોઇ પણ પદાર્થની કે પોતાના વૈભાવિક સ્વ ભાવની પણ આત્મા ઉપર જે કાંઇ-જરી પણ પડછાયો--પ્રતિ છાયા--પડિછાંયો--પ્રતિબિંબ-અસર-છાયા પડે, તે સર્વ પર-સમય,પર સ્વરૂપનું નિવાસસ્થાન સમજવું.૨

સ્વ સમય અને પર સમયનું ટૂંકામાં સ્વરૂપ:- માત્ર પોતાનો આત્મા, અને બીજા આત્મા કે બીજા પુદ્ગળ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય કે તેના કોઇ પણ ગુણ યા પર્યાયોની જરા પણ અસર કે નિમિત્ત વિના પોતાના આત્માના જે કોઈ સ્વભાવોનો કે સ્વ-પર્યાયોનો જે જે અનુભવ-સાક્ષાત્કાર પોતાના આત્માને થાય, તે સર્વ સ્વઆત્માનો શુદ્ધ અનુભવ તે **સ્વ-સમય**. અને તે સિવાયની સર્વ બાબતો તે **પરસમય**.

દૃષ્ટાંત તરીકે-કર્મજન્ય પોતાના આત્માની વૈભાવિક પરિણુતિઓ: દેવ: ગુરુ: ધર્મ વિ૰ સામગ્રી, પોતાના શુભા-શુભ કર્મો તથા બાહ્ય નિમિત્તો, એ સર્વ એ અપેક્ષાએ

પરસમય સમજવા. સ્વાત્મા, તેના શુદ્ધ સ્વાભાવિક જ્ઞાનાદિક ગુણો, તે સર્વ સ્વસમય સમજવા. આથી આગળ વધીને આત્માનો શુદ્ધ દ્રવ્યાર્થિક નયની દૃષ્ટિથી અનુભવ કરવો, તે સ્વ-સમય અને પોતાના આત્માનો પણ પર્યાયાર્થિક નયની દૃષ્ટિથી અનુભવ કરવો, તે પર સમય. અર્થાત્ પરની જરા પણ છાયા પડે, કે તેને પર-સમયનો અનુભવ કહેવો. અને તે વિનાનો શુદ્ધ દ્રવ્યાર્થિક નયથી સ્વ આત્માનો શુદ્ધ આત્મ અનુભવ, તે સ્વસમય જાણવો.

તારાઃ નક્ષત્રઃ ગ્રહઃ ચંદઃની
 જ્યોતિ દિનેશ મોઝાર. રે
દર્શનઃ જ્ઞાનઃ ચરણઃ થકી
 શકિત નિજા-ऽऽતમ-ધાર. રે ધ० ૩

[તારા-ધ્રુવ વિગેરેના તારાઓ નક્ષત્રો-રોહીણી વિગેરે નક્ષત્રો. ગ્રહ = બુધ વિ. ગ્રહો. ચંદ=ચંદ્રમા. જ્યોતિ=પ્રકાશ. દિનેશ-મોઝાર=સૂર્યની મધ્યે, સૂર્યમાં. નિજાऽऽતમ= પોતાનો આત્માજ છે. ધાર=માન, અથવા ધારણ કરે છે.]

તારા, નક્ષત્ર, ગ્રહ અને ચંદ્રનો પ્રકાશ જેમ સૂર્યમાં સમાય છે, તેજ પ્રમાણે દર્શન, જ્ઞાન, ચારિત્ર એ સર્વ શકિતઓનો પણ પોતે આત્માજ ધારક છે. તે સર્વ આત્મામાં જ સમાય છે. એટલે કે-એ સર્વમય એકજ આત્મા છે. એ કોઇ જુદા નથી.

શુદ્ધ દ્રવ્યાર્થિક નયનીજ મુખ્યતાએ, સ્વાત્માનો સ્વાનુભવ તે સ્વ સમય –તે અનુભવજ્ઞાન. તે અપેક્ષાએ તારા વિગેરે અને તેના પ્રકાશો સૂર્ય છે. એવો અનુભવ. એ રીતે સ્વ આત્માના જ્ઞાનાદિક પર્યાયોનો પણ પર્યાયાર્થિક નયની દૃષ્ટિથી અનુભવ કરવો તે પણ પરસમય સમજવો. ૩

તે વાતને નીચેની કડીમાં સોનાનું દૃષ્ટાંત આપીને વિશેષે સ્પષ્ટ કરી છે.

ભારીઃ પીળોઃ ચીકણોઃ
કનક અનેક–તરંગ. રે
પર્યાય–દૃષ્ટિ ન દીજીએ.
એક જ કનક અ-ભંગ. રે ધ૦ ૪

[ભારી=ભારે, ભારવાળો, ચીકણો=ન તૂટે તેવો. અનેક–તરંગ=અનેક સ્વરૂપ વાળું, પર્યાય–દૃષ્ટિ=પર્યાયાર્થિક નયની આપેક્ષાા અ-ભંગ=અભેદ રૂપ]

જેમ ભારેઃ પીળુંઃ ચીકણુંઃ એમ અનેક સ્વરૂપવાળું સોનું જણાય છે. અને કહેવાય છે. પરંતુ, પર્યાયાર્થિક નયની દૃષ્ટિ ગૌણ કરીને દૂર રાખીને–કેવળ દ્રવ્યાર્થિક નયની દૃષ્ટિ મુખ્ય રાખીને જોઈએ, તો સોનું અભેદરૂપે-એક સ્વરૂપે જણાય છે. તેનો કોઈપણ ગુણ જુદો જણાશે નહીં.

જ્ઞાનઃ દર્શનઃ ચારિત્રઃ તપઃ અરૂપીપણુંઃ વીર્યઃવિગેરે સ્વ આત્માના અનંત ગુણો જુદા નથી. પણ તે સર્વ સ્વ આત્મા જ છે. આ પ્રકારનો અનુભવ કરવો, તે સ્વસમય.

જેમ ભાર, પીળાપણું, ચીકાશ, વિગેરે કોઈ બીજી વસ્તુઓ નથી, પણ એ સોનું જ છે.' તે સ્વ સમયનો અનુભવ, અને તે ગુણો જુદા પાડી બતાવવા, તે સોના વિષેનો પર–સમયનો અનુભવ જાણવો. ૪

દર્શનઃ જ્ઞાનઃ ચરણઃ થકી
  અલખ–સ્વરૂપ અનેક. રે
નિર્વિકલ્પ–રસ–પીજિયે,
  શુદ્ધઃ નિરંજનઃ એક. રે ધ૦ ૫

[અલખ=અલક્ષ્ય, આત્મા. નિર્વિકલ્પ. રસ=અભેદતાના આનંદ રૂપી રસ. નિરંજન=સ્વચ્છ, નિર્મળ]

તે પ્રમાણે, દર્શનઃ જ્ઞાનઃ ચારિત્રઃ વિગેરેથી અ-લક્ષ્ય–અલખ છતાં આત્માના અનેક સ્વરૂપો જણાય છે. એ બધા વિકલ્પો–ભેદોને જેમ જેમ ગૌણ કરતા જઈને કેવળ નિર્વિકલ્પ-સ્વરૂપી રસ પીવા માંડીએ, તેમ તેમ તે સ્વ-આત્મા શુદ્ધ અને–મેલ રહિત–નિરંજન અને એક સ્વરૂપે જણાશે.

જ્ઞાનાદિક પર્યાય જુદા પાડીને સ્વાત્માનો અનુભવ કરીએ, તો આત્મા એક છતાં અનેક રૂપે જણાશે, તે પર સમય અનુભવ છે. પરંતુ વિકલ્પ–પર્યાય–દૃષ્ટિ–ભેદદૃષ્ટિ દૂર કરીને, નિર્વિકલ્પ દૃષ્ટિ રાખીને જોઇએ, તો આત્મા કોઈ પણ અંજન-ભેદ--વિનાનો એકજ સ્વરૂપે ભાસશે. તે પણ સ્વ સમયનો અનુભવ છે. શુદ્ધ આત્માઃ શુદ્ધ સ્વભાવ શુદ્ધ

પર્યાયો સુધી પણ અભેદ રૂપ ભાસે, ત્યારે સ્વ-સમય. ન ભાસે, ત્યાં સુધી પર–સમય.

शुद्धोपयोग–रूपस्तु निर्विकल्पस्तदेकदृक् ।

એક દ્રવ્યાર્થિક નયનો અનુભવ કરવો, તે **નિર્વિકલ્પ** કે **સમાધિ** કહેવાય છે. તે **નિરાલંબન યોગ** પણ કહેવાય છે."

સ્વ સમય અને પર સમયની આટલી સુક્ષ્મ વ્યાખ્યા છે.૫

પરમા–ઽરથ–પંથ જે કહે,
તે રંજે એક–તંત. રે
વ્યવહારે લખ જે રહે,
તેહના ભેદ અનંત. રે **ધ૦ ૬**

[**પરમા–ઽરથ–પંથ**=શુદ્ધ નિશ્ચય નયનો માર્ગ. **રંજે**=આનંદ પામે, ખુશી થાય, સંતુષ્ટ થાય. **એક–તંત**= એક તંત્ર, અભેદતા. **વ્યવહારે**=વ્યવહાર નયથી, **લખ**= લક્ષ્યમાં આવે, તેવો આત્મા.]

આ રીતે જેઓ શુદ્ધ નિશ્ચય નયથી પરમાર્થનો માર્ગ કહે છે, તેઓ આત્માના એક તારથી એક–તંત્રથી–અભેદ-તાથી સંતુષ્ટ રહે છે. અને જેઓ વ્યવહારના લક્ષ્યમાં રહે છે. તેઓ તેના અનંત ભેદ કહે છે.

શુદ્ધ નિશ્ચય નયની અપેક્ષાએ આત્મા એક રૂપ છે, ત્યારે વ્યવહાર નયની અપેક્ષાએ આત્મા અનંત સ્વરૂપે છે, બન્નેય પક્ષના પ્રતિવાદકો જો એકાન્ત પકડીને બેસી જાય, તો કદી પણ આરધના પામી શકે નહીં–સ્વાત્મવિકાસ કરી શકે નહીં. ૬

વ્યવહારે લખ દોહિલો.
કાંઈ ન આવે હાથ. રે
શુદ્ધ-નય-થાપના સેવતાં,
નવિ રહે દુવિધા-સાથ. રે ધ૦ ૭

[દોહિલો=દુર્લભ, મુશ્કેલ **શુદ્ધ-નય-થાપના સેવતાં**=નિશ્ચયથી નયથી નક્કી કરેલ રીતે આગળ વધવા પ્રયત્ન કરતાં. **દુવિધા**=દ્વૈવિધ્ય, દ્વૈત, બેપણું **સાથ**=સંબંધ]

જોકે કેવળ વ્યવહારથીજ લક્ષ્ય-આત્મા-સાધવો ઘણો જ દુર્લભ છે. તેથી કાંઇ પણ તત્ત્વ-આત્મ વિકાસની તીવ્ર પ્રગતિ-રૂપ મહા ફળ હાથમાં આવતું નથી. પરંતુ શુદ્ધ નય-નિશ્ચય નય-ની સ્થાપનાપૂર્વક લક્ષ્ય કરેલ-સિદ્ધ કરેલ આત્માની તે પ્રમાણે સેવા કરવાથી લેશ પણ દ્વૈતનો સાથ-પરનો સંબંધ. રહેતો નથી--આત્મા શુદ્ધ **અદ્વૈત** બની જાય છે.

આત્માનો વિકાસ ક્રમિક થાય છે. અનાદિ નિગોદમાંથી વ્યવહાર રાશિમાં અને ત્યાંથી ચરમાવર્તમાં અને ત્યાંથી સમકિત દેશવિરતિ, સર્વવિરતિ, અપ્રમત્ત ભાવ વિગેરે ભાવ પામે છે, ત્યાંસુધી નિશ્ચયને લક્ષ્યમાં રાખીને વ્યવહાર ધર્મોની મદદથી તેનો વિકાસ થાય છે.

પરંતુ, અપ્રમત્ત ભાવ પામ્યા પછી શ્રણિ ઉપર ચડતો જીવ જ્યારે શુદ્ધ સ્વસમયનો અનુભવ કરે છે, ત્યારે તે અદ્વૈત બની જાય છે. તે વખતે પ્રથમ કરતાં અનંત ગુણી નિર્જરા

કહે છે, અને ઝપાટા બંધ સ્વાત્મસ્થ બનતો જાય છે. એ રીતે તે અવસ્થામાં જેટલી સાધના કરે છે, તે હિસાબે પૂર્વની સાધનાઓ કાંઈ હિસાબમાં નથી હોતી. એ હિસાબે વ્યવહાર-સાધના બહુ સ્વલ્પ ગણાય છે, અને શુદ્ધ નયના અનુભવના વખતની સાધના ઘણી જ ઘણી હોય છે. ૭

એક–પખી લખ પ્રીતની
તુમ સાથે જગ-નાથ !. રે
કૃપા કરીને રાખજો
ચરણ–તલે ગ્રહી હાથ. રે ધ૦ ૮

[**એક પખી**=એક તરફી. **લખ**=લક્ષ્ય.]

જો કે, હે જગન્નાથ પ્રભો ! હાલમાં તો તમારી સાથે પ્રીતિનું એક તરફી મારું લક્ષ્ય છે. કેમકે–આપ સ્વ-સમયમાં સ્થિત છો. હું પર-સમયમાં સ્થિત છું. જો આપ મારી સાથે પ્રીતિ જોડો, તો આપ પર-સમયમાં સ્થિત થઈ જાઓ. એટલે મારી પ્રીતિ એક તરફી જ છે. પરંતુ, જ્યાં સુધી હું પરમ-નિશ્ચય નયનો અમલ કરવાની શક્તિ ન પામું, ત્યાં સુધી, દયા કરીને, મારો હાથ પકડી આપના ચરણ–કમળના તળ ઉપર જ રહેવા દેજો–મને આપને તાબે જ રાખજો. કેમકે–ત્યાં સુધી મારે આપ જેવા પરને તાબે રહેવું જરૂરી છે. કારણ કે-હું હજુ સાધક દશામાં છું. સિદ્ધ દશામાં આવ્યો નથી. ૮

ચક્રી ધરમ-તીરથતણો.
 તીરથ-ફલ તત્ત-સાર. રે
તીરથ સેવે, તે લહે-
 આનંદ-ઘન નિરધાર. રે ધ૦ ૯

[**ચક્રી**=ચક્રવર્તિ. **ધરમ-તીરથતણો**=ધર્મ પ્રચારક તીર્થ રૂપ સંસ્થાનો, જૈન શાસનનો. **તીરથ-ફળ**=તીર્થનું ફળ. **તત્ત-સાર**=તત્ત્વરૂપ સાર. **લહે**=પામે. **આનંદ-ઘન**=મોક્ષ. **નિરધાર**=નક્કી.]

આપ દુન્યવી રાજ્ય શાસનના ચક્રવર્તિ રાજા તો છો, એ તો ઠીક. પરંતુ ખાસ કરીને આપ ધર્મ-તીર્થના-ધર્મ શાસનના પણ ધર્મ ચક્રવર્તિ છો. નિશ્ચય નયને પામેલા આપે પણ ધર્મ-તીર્થની સ્થાપના કરીને તેનો આધાર લેવાની સર્વ મુમુક્ષુઓને ભલામણ કરી છે.

તીર્થનું ફળ-વિશ્વમાં ધર્મ તીર્થ હોવાનો ફાયદો-જગતને તત્ત્વ-આત્મ-તત્ત્વ પ્રાપ્ત થવું, તે છે. તેનો સાર પ્રાપ્ત થવો--તેનો પ્રચાર થવો અને તેની સરલ સમજ તથા સુલભ આચરણા ફેલાવી-તે. જે આત્મા, ભાવ પૂર્વક ધર્મતીર્થની સેવા કરે છે, તે ચોક્કસ **આનંદ** ઘન-મોક્ષ મેળવેજ. એમાં શંકા નથી. ૯

ભાવાર્થ:—આ સ્તવનમાં શુદ્ધ દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ પરમ નિશ્ચય નયથી આત્માનું સ્વરૂપ સમજાવ્યું છે. **સ્વ-સમય** પોતાના જ આત્માનું સ્વાભાવિક સ્વરૂપ અને પર

આવા અદ્વૈત થયેલા તીર્થંકર પ્રભુ પણ ધર્મતીર્થની સ્થાપના કરે છે. જે તીર્થની મદદથી સાધક જીવો પરંપરાએ આત્મતત્ત્વનો સ્વ-સમય સ્થિરતા રૂપ સાર પ્રાપ્ત કરી શકે છે. આ સિવાય ધર્મતીર્થની સ્થાપના કરવાનું બીજું કોઈ પણ પ્રયોજન પ્રભુને પોતાને માટે પણ નથી. પરંતુ, એ સાર જેને તેને મળી શકતો નથી. તીર્થની સેવા કરે, તીર્થને આધીન રહે, તેને એ સાર મળે છે. અને જેને એ સાર મળે છે, તેને પછી ચોક્કસ મોક્ષ મળે જ છે.

તીર્થની મહત્તા એટલી બધી છે, કે–સમવસરણમાં પધારેલા કેવળજ્ઞાની ભગવંતો પણ સમવસરણમાં તીર્થંકર ભગવંતની સાથે અકેવળજ્ઞાની એવા ગણધર ભગવંતોને પણ પ્રદક્ષિણા દઈને પોતાની પર્ષદામાં બેસે છે. કેમકે–ધર્મ–તીર્થના–ધર્મસંસ્થાના–ચક્રવર્તિ તીર્થંકર ભગવંત પછી તીર્થનું સંચાલન કરનારા મહા અધિકારીઓ ગણધર ભગવંતો છે. તીર્થની બધી લગામ તેના હાથમાં હોય છે. જૈન-દર્શનમાં વ્યવહારને પણ ક્યાં સુધી સ્થાન છે ? તે આ દાખલા ઉપરથી સમજાશે.

આ સ્તવનની છેલ્લી કડી પોતાનો પંથ તીર્થથી નિર-પેક્ષિત પણે ચલાવે, તેના ઉપર ફટકા રૂપ છે. તીર્થથી નિરપેક્ષપણું એ તીર્થના ઉચ્છેદનું મહા પાપ લગાડે છે. તેથી તે મિથ્યાત્વ સ્વરૂપ બની જાય છે. **તીર્થસાપેક્ષ નિશ્ચય નયના જ્ઞાનીની** જનશાસનને સદા જરૂર હોય છે. આજે પણ એવી જ જરૂર છે. પરંતુ તેવા મહાપુરુષો આ કાળે

આવા અદ્વૈત થયેલા તીર્થંકર પ્રભુ પણ ધર્મતીર્થની સ્થાપના કરે છે. જે તીર્થની મદદથી સાધક જીવો પરંપરાએ આત્મતત્ત્વનો સ્વ-સમય સ્થિરતા રૂપ સાર પ્રાપ્ત કરી શકે છે. આ સિવાય ધર્મતીર્થની સ્થાપના કરવાનું બીજું કોઈ પણ પ્રયોજન પ્રભુને પોતાને માટે પણ નથી. પરંતુ, એ સાર જેને તેને મળી શકતો નથી. તીર્થની સેવા કરે, તીર્થને આધીન રહે, તેને એ સાર મળે છે. અને જેને એ સાર મળે છે, તેને પછી ચોક્કસ મોક્ષ મળે જ છે.

તીર્થની મહત્તા એટલી બધી છે, કે–સમવસરણમાં પધારેલા કેવળજ્ઞાની ભગવંતો પણ સમવસરણમાં તીર્થંકર ભગવંતની સાથે અકેવળજ્ઞાની એવા ગણધર ભગવંતોને પણ પ્રદક્ષિણા દઈને પોતાની પર્ષદામાં બેસે છે. કેમકે–ધર્મ-તીર્થના-ધર્મસંસ્થાના–ચક્રવર્તિ તીર્થંકર ભગવંત પછી તીર્થનું સંચાલન કરનારા મહા અધિકારીઓ ગણધર ભગવંતો છે. તીર્થની બધી લગામ તેના હાથમાં હોય છે. જૈન-દર્શનમાં વ્યવહારને પણ કયાં સુધી સ્થાન છે ? તે આ દાખલા ઉપરથી સમજાશે.

આ સ્તવનની છેલ્લી કડી પોતાનો પંથ તીર્થથી નિર-પેક્ષિત પણે ચલાવે, તેના ઉપર ફટકા રૂપ છે. તીર્થથી નિરપેક્ષપણું એ તીર્થના ઉચ્છેદનું મહા પાપ લગાડે છે. તેથી તે મિથ્યાત્વ સ્વરૂપ બની જાય છે. તીર્થસાપેક્ષ નિશ્ચય નયના જ્ઞાનીની જનશાસનને સદા જરૂર હોય છે. આજે પણ એવી જ જરૂર છે. પરંતુ તેવા મહાપુરુષો આ કાળે

મળવા દુર્લભ છે. કેમકે–સહેજે એમ જેના તેનાથી સાચા નિશ્ચયવાદી થઇ શકાતું નથી.

આજ તો નિશ્ચયવાદના વિચારો લગભગ ૫૦–૭૫ વર્ષોથી તીર્થ નિરપેક્ષપણે કયાંક કયાંક પ્રવર્તેલા છે, તેથી તે આખી ભારતીય સંસ્કૃતિના આધ્યાત્મિક આદર્શના વ્યાવહારિક પ્રતીકોનો નાશ કરી, વિશ્વની આધ્યાત્મિક દોરવણીના મૂળ ઉપર ફટકો મારે છે.

૫૦–૭૫ વર્ષની પહેલાના ભૂતકાળમાં સ્વ અને પર સંપ્રદાયોમાં કેટલાક શુષ્ક અધ્યાત્મ વાદીઓ થયા છે, જેના કેટલાક વિચારોનું સુવિહિત પુરુષોએ ખંડન કર્યું છે. છતાં, તેઓ તદ્દન માર્ગવિમુખ નહોતા. તેઆને શાસ્ત્રની સમજ વિષેની કેટલીક ખોટી સમજ તથા મતિભ્રમ થયેલા, તેનું ખંડન કરવામાં આવેલું છે. જ્યારે આજના કેટલાક અધ્યાત્મવાદીઓ તીર્થ નિરપેક્ષ અધ્યાત્મનો પ્રચાર કરી, ભૌતિકવાદના પ્રચારના અજાણતાં હથિયાર બની ગયેલા હોવાના દાખલા મળે છે. તીર્થનિરપેક્ષ અને માર્ગાનુસારી ન હોય, તેવા ગમે તેવા આધ્યાત્મિકો પણ ત્યાજય ગણવા જોઇએ.

મિથ્યાત્વિ હોવા છતાં ભૌતિક વાદીની સામે આધ્યાત્મિક વાદી તરીકે ખડા રહેવામાં તીર્થની સેવા છે. પરંતુ પરંપરાએ તીર્થ નિરપેક્ષ હોય, તેવા આધ્યાત્મિક વાદને વેગ આપવો, એ ભૌતિક વાદને ઉત્તેજન આપવા બરાબર છે. કેમકે–ભૌતિકવાદીઓ તીર્થ નિરપેક્ષ આધ્યાત્મિક વાદનો પ્રચાર પોતાના હથિયાર તરીકે કરીને તીર્થને ધક્કો લગાડી ભૌતિક

વાદનો વિજય કરવા ઈચ્છે છે. તેથી તીર્થ નિરપેક્ષ આધ્યાત્મિક વાદનો પ્રચાર, એ ભૌતિક વાદને ટેકા રૂપ હોવાથી મહા મિથ્યાત્વ રૂપ છે, એવી ખાત્રી થશે.

તીર્થ: એ બાળ: વૃદ્ધ, સ્ત્રી: રાગી: દ્વેષી: ભોગી: અશક્ત, સશક્ત, એમ દરેકને યથાશક્તિ થોડી ઘણી પોતાના મન વચન કાયાની સુપ્રવૃત્તિ રૂપ કિંમત આપી, ધર્મની ખરીદી કરવાની વિશાળ દુકાન છે. તેની સામેના વિરોધરૂપે ગમે તેવા શુદ્ધ નિશ્ચય નયનો પ્રચાર–એ જૈન દર્શનના મૂળમાં કુહાડો મારવા બરાબર છે. તે નિશ્ચય નય તો નથી, પરંતુ શુદ્ધ કે શુભ વ્યવહાર નય પણ નથી. માર્ગાનુસારિતા પણ નથી. ઉલટામાં ઉન્માર્ગાનુસારિતારૂપ બની જાય છે.

પરમ–નિશ્ચય માર્ગમાં રહેલા તીર્થંકર ભગવંતો પણ બાળજીવો માટેના વ્યવહાર માર્ગોને અટકાવતા નથી. પણ તેને સ્થાપે છે, અને ઉત્તેજે છે તીર્થંકર ભગવંતો કરતાં યે વધુ નિશ્ચય નયનું જ્ઞાન કદાચ પ્રસિદ્ધ: અને વિદ્વાન કોઇ પુરુષને પ્રાપ્ત થયું હોય, તો જુદી વાત છે. કેમકે–શ્રીકુંદ-કુંદાચાર્યનો મત પણ એકંદર સર્વ તીર્થંકર ભગવંતો અને સર્વ ગીતાર્થ પૂર્વાચાર્યોથી જુદો પડતો નથી, પડે પણ નહીં, પડવો પણ ન જોઇએ. છતાં બીજા સર્વ તીર્થંકરોને, સર્વ ગીતાર્થ આચાર્યોને અને બીજા સર્વ શાસ્રોને છોડીને માત્ર પોતાના મતના ટેકારૂપે માની લઈ શ્રી સીમંધરસ્વામી: શ્રી કુંદ-કુંદ સ્વામી: અને સમયસાર ગ્રન્થ: એ ત્રણનેજ માત્ર અવલંબનરૂપે પકડી રાખવામાં આવે છે. યદ્યપિ એ ત્રણેયનો

અભિપ્રાય સર્વ તીર્થંકરો, તેના આચાર્યો અને તેનાં શાસ્ત્રોથી પ્રાયઃ જુદો નથી, જુદો હોઈ શકે નહિ. છતાં, તે ત્રણે યને બીજાઓથી, ત્રણેય કાળમાં નવા જ ઉત્પન્ન થયેલા કોઈ જુદા જ પ્રકારના નિશ્ચયવાદી પોતાને શ્રુતકેવલી ગણાવતા આ વિદ્વાન્ જુદા પાડી બતાવે છે. તેમાં મહામોહનું વિજૃંભિત સિવાય બીજું શું હોઇ શકે ? બીજું કાંઈ જણાતું નથી, જે ભવભ્રમણનું પરમ નિમિત્ત છે.

આ રીતે, તીર્થની સેવાની વાત કરીને શ્રી આનંદઘનજી મહારાજાએ સુંદર વ્યવસ્થા કરી છે. તેમ કરીને નિશ્ચયનયના શુષ્ક આધ્યાત્મિકવાદીઓની નિરંકુશતાને અંકુશમાં રાખવાની ચાવી બતાવી છે, અને " તે અંકુશ વગરના અધ્યાત્મવાદીઓ ખોટા છે. " એમ આડકતરી રીતે સત્ય સિદ્ધાંતથી બતાવી આપ્યું છે, " તીરથ સેવે, તે લહે આનંદ-ઘન નિરધાર. રે " એ સ્પષ્ટ શબ્દો ઉચ્ચાર્યા છે.

ખ્રીસ્તી પાદરીઓ મારફત ભારતના ધર્મો નબળા પાડવાના હેતુથી પ્રથમ તે તે ધર્મોની આચરણાઓનો લોપ કરવા જ્ઞાનને નામે જે હવા ફેલાયેલી છે, તેની છાયામાં આવી ગયેલા–તેની કેળવણી લીધેલા તત્ત્વના અણસમજુ કેટલાક વકીલો તથા તેમની વ્યાવહારિક વિગેરે જુદી જુદી અસર તળે આવેલા બીજા ભદ્ર સ્વભાવના–ભોળા-જીવો વિગેરે બાળ જીવો, તેવા પથોના અનુયાયી થઈને સ્વ–પરને સાચા માર્ગથી ચ્યુત કરી રહ્યા છે, તે ખેદની વાત છે. અંતમાં તે સર્વને પણ પ્રભુ શાસનની પુનઃ પ્રાપ્તિ થાઓ. અને અ-

વિચ્છિન્ન પ્રભાવશાળી જૈનશાસનને તેમનાથી હાનિ ન પહોંચો." એમ ઇચ્છીએ છીએ. વ્યક્તિગત રીતે ગમે તે વ્યક્તિ પોતાની ઇચ્છા પ્રમાણે વર્તે એ જુદી વાત છે, અને તીર્થના પ્રતીકો સામેનો પ્રોટેસ્ટ તરીકે જે કાંઈ પ્રવૃત્તિ કરે, તે દોષ રૂપ છે એમ કહેવાનો આશય છે. ૮ મી ગાથાનો અર્થ બરાબર બંધબેસતો લાગતો નથી. વિદ્વાનોએ સ્વયં વિચારવો.

---

૧૯. શ્રી-મલ્લિ-નાથ-જિન-સ્તવન

ક્ષપક શ્રેણિની પૂર્ણતા: અઢાર દુષણ રહિત સર્વજ્ઞ વીતરાગ દેવપણું:

[પરમ નિશ્ચય નયની દૃષ્ટિથી આત્મધર્મની સ્વસમય સ્વરૂપે સિદ્ધિ પ્રાપ્ત કરવાથી આત્મા કેવળજ્ઞાન પામી સર્વજ્ઞ બને છે, ત્યારે અઢારેય દોષ દૂર થાય છે. અને અઢાર દોષ વર્જિત વીતરાગ સર્વજ્ઞ આત્મા તીર્થંકર પણ થાય છે, તે આ સ્તવનમાં બતાવેલ છે.]

[રાગ-કાફી "સેવક કિમ અવગણિયે? હો!"-એ દેશી]

સેવક કિમ અવગણિયે? હો!
  મલ્લિ-જિન! એ અબ શોભા સારી?
અવર જેહને આદર અતિ દીયે,
  તેહને મૂલ નિવારી. હો! મલ્લિ૦ ૧

[**અવગણિએ=અપમાનિત કરીએ. ઉપેક્ષા કરીએ. અબ=હવે, અવર=બીજા, મૂળ=મૂળથી, નિવારી=નાશ કરવો, દૂર કરવો.**]

હે મલ્લિનાથ ! જિનેશ્વર દેવ ! જેઓ પ્રથમ આપની શોભારૂપ હતા, તે બિચારા જુના સેવકોને અપમાન કરીને આપે હવે કેમ કાઢી મૂકયા છે? તેથી હવે આપની " શોભા વધે છે ? " એમ શું આપ માનો છો ? બીજા કેટલાક લોકો તો જેઓને ઘણો ઘણો આદર આપે છે, અને પોતાની પાસે બરાબર સાચવી રાખે છે, તેને જ આપે તો મૂળથી જ હડસેલીને કાઢી મૂકયા છે.

વિરોધ પરિહાર—જુના સેવકોને ગમે તેટલા જુના હોય, તે જ્યારે દોષરૂપ–હરકત કરતા–થતા હોય, તો તેને કાઢી મૂકવામાંજ શોભા છે.

[**મલ્લિ** શબ્દની સામે **હસ્તિ–મલ્લ** શબ્દ [**कर्मद्रुन्मूलने हस्ति–मल्लं मल्लिमभिष्टुमः ।**] **સકલાર્હત્** ચૈત્ય-વંદનમાં યોજાયેલો જોવાય છે. એટલે કે—**મલ્લિનાથ** પ્રભુ **મલ્લ** જેવા થઇને અઢાર દોષરૂપ **પ્રતિમલ્લ** સામે યુદ્ધમાં ઝઝુમતા હોવાનું વર્ણન કરીને **મલ્લિ–મલ્લ** અને **પ્રતિમલ્લ** શબ્દોના શ્લેષો ગર્ભિત રીતે યોજી–બતાવી મલ્લિ નામની સાર્થકતા સૂચવી જણાય છે.]

જ્ઞાન–સ્વરૂપ અના–ઽઽદિ તમારું,
તે લીધું તમે તાણી.

જુઓ—અ-જ્ઞાન-દશા રીસાવી.
જાતાં કાણુ ન આણી. હો ! મલ્લિ૦ ૨

[તાણી=ખેંચીને લઈ લીધું. અ જ્ઞાન-દશા=અજ્ઞાન અવસ્થા. રીસાવી=તેને રીસ ચડે એવું કર્યું, રીસ ચડાવ રાવી. કાણુ ન આણી=કાણુ ન માંડી, પાછળ શોક ન કર્યો.]

૧ તમારૂં અનાદિ કાળનું જ્ઞાન સ્વરૂપ જે કર્મના ભાર નીચે દબાએલું પડયું હતું, તેને તમે નીચેથી ઉપર ખેંચી લીધું. સર્વજ્ઞ થઈ ગયા, બસ. તે વખતે જુઓને ? અજ્ઞાન દશાને આપે રીસાવી. અને રીસાઇને ચાલી જવા લાગી અને ગઈ પણ ખરી, છતાં તમે તો તેની મોંકાણ પણ માંડી નહિ--તેની પાછળ શોકેય કર્યો નહીં. આ કેટલી બધી બેપરવાઈ ? એક જુનો સંબંધી જાય, તેનું લેશ માત્ર દુઃખ પણ નહીં ??

વિ૦ ૫૦ આપને કેવળજ્ઞાન થવાથી જે કાંઈ અજ્ઞાન દશા હતી, તે મૂળથી જરાએ જરા ચાલી ગઇ. તેનો અંશ પણ રહી શકયો નથી, ૧. અજ્ઞાન દોષ ગયો. ૨

નિદ્રાઃ સુપનઃ જાગરઃ ઉજાગરતાઃ
તુરિય અવસ્થા આવી.
નિદ્રાઃ સુપનઃ દશા રીસાણી.
જાણી, ન નાથ ! મનાવી. હો ! મલ્લિ૦ ૩

[નિદ્રા=ઉંઘ. ભવ્ય=અભવ્ય જીવની મિથ્યાત્વયુક્ત અનાદિકાળની અજ્ઞાન-દશા. સુપન=મોક્ષ માટે અનુત્થાન

દશા. જાગર=મોક્ષ માટેના સતત પ્રયત્નમાં જાગ્રતી. ઉજાગરતા=સાદિ અનંત ભાંગે આત્માની સદા સંપૂર્ણ જાગ્રતી. તુરિય=ચોથી. અવસ્થા=આત્માની પરિસ્થિતિ રીસાણી=રીસાઇ ગઈ. મનાવી=સમજાવી.]

૨ થી ૪. નિદ્રાઃ સ્વપ્નઃ જાગરઃ અને ઉજાગરઃ એ ચારમાંથી ચોથી ઉજાગર અવસ્થા જ તમારી પાસે આવી, તેને તમે રાખી લીધી. એટલે નિદ્રાઃ અને સ્વપ્નઃ દશાઃ અને ઉપલક્ષણથી જાગર દશાઃ પણ રીસાઈ ગઈઃ એ વાત તમે જાણી. છતાં હે નાથ ! તમે તેને મનાવી જ નહીં. મનાવવા પ્રયત્ન પણ કર્યો જ નંહી.

ચાર શોકયમાંથી એકને રાખી અને બીજી ત્રણનો ભાવ ન પૂછયો, એટલે જરૂર તે ત્રણને રીસ ચડે જ. એવો સ્રીસ્વભાવ લોક પ્રસિદ્ધ છે. છતાં તમે તેને મનાવવા પ્રયત્ન ન જ કર્યો. જનારને જવા દીધી. આ પણ તમારી જૂના સેવકો માટેની કેટલી બેપરવાઈ ?

વિ૦ ૫૦ આથી, જાગર દશા આવી, એટલે ત્રણ દશાઓ ચાલી ગઈ. ભલે ગઈ.

૨ નિદ્રા ૩ સ્વપ્ન. ૪ જાગ્રત એ ત્રણ દશા રૂપ ત્રણ દોષ ગયા.

સમકિત સાથે સગાઇ કીધી,
સ-પરિવારશું ગાઢી.

મિથ્યા-મતિ અપરાધણ જાણી,
ઘરથી બાહિર કાઢી. હો! મલ્લિ૦ ૪

[**સમકિત**=શુદ્ધ સમ્યગ્ દર્શન, સાચી શ્રદ્ધા. **સ-પરિવારશું**=પરિવાર સાથે. **અપરાધણ**=ગુન્હેગાર. **ગાઢી**=દૃઢ, મજબૂત. **મિથ્યા-મતિ**=જૂઠી શ્રદ્ધા, અવળી બુદ્ધિ.]

૫. વળી, અધૂરામાં પૂરું કુટુંબ કબિલાના પરિવાર સહિત એવા શુદ્ધ સમક્તિ ગુણ સાથે આપે ગાઢી સાદિ અનંતકાલ સુધીની સગાઈ બાંધી લીધી. એટલે પછી તો મિથ્યા બુદ્ધિને ગુન્હેગાર માનીને, તમે તેને ઘરથી બહાર જ કાઢી મૂકી, અરર! કેટલો બધો જુલમ ગુજાર્યો?

ઉપશમ, સંવેગ, નિર્વેદ, આસ્તિકય, અને અનુકંપા તથા બીજી રીતે ૬૭ ભેદો, એ સઘળા સમક્તિ ગુણનો પરિવાર છે. તે બધા સાથે તમે ગાઢ સગપણ બાંધ્યું.

વિ૦ ૫૦ ક્ષાયિક સમ્યક્ત્વ ગુણ પ્રાપ્ત થયો, એટલે મિથ્યાત્વને ચાલ્યા જવું પડયું.

મિથ્યાત્વ દોષ ગયો. ૪

હાસ્ય: અ-રતિ: રતિ: શોક:
દુગંછા: ભય: પામર કરસાવી,
નો-કષાય શ્રેણિ-ગજ ચઢતાં,
શ્વાન તણી ગતિ ઝાલી. હો! મલ્લિ૦ ૫

[**હાસ્ય**=હસવું. **અરતિ**=નાખુશી. **રતિ**=આનંદ. **શોક**=ચિંતા. **દુગંચ્છા**=અણગમો. **ભય**=બીક. **પામર**=

બિચારા, ગરીબડા. કરસાવી=શોષવી-સુકવી નાંખી, કૃશ કરી. નો-કષાય=એ હાસ્યાદિ છ, ક્રોધાદિક મુખ્ય કષાયોને મદદ કરનારા હોવાથી નોકષાય કહેવાય છે. શ્રેણિ=ગુણશ્રેણિ, ઉપશમ અને ક્ષપક શ્રેણિ. ક્રમસર ચારિત્ર મોહનીય કર્મ ખપાવવાનો કાર્યક્રમ શરૂ કરવો, તે ક્ષપક શ્રેણિ અને ઉપશમાવવાનો કાર્યક્રમ શરૂ કરવો, તે ઉપશમ શ્રેણિ ગજ= હાથી. ચઢતાં=શ્રેણિ શરૂ કરતાં, શ્રેણિરૂપી હાથી ઉપર ચડતાં. શ્વાનતણી ગતિ=કુતરાની ગતિ, કુતરાની પેઠે પૂછડી નમાવીને નાસવા માંડવુ. ઝાલી=પકડી.]

૬ થી ૧૧. હાસ્યઃ રતિઃ અરતિઃ શોકઃ દુગંચ્છાઃ અને ભયઃ એ બાપડા છ નો-કષાયો-ને કૃષાવી નાંખ્યા-દુબળા તો કરી નાંખ્યા, તેથી જ્યારે વળી આપ ક્ષપક શ્રેણિ રૂપ હાથી ઉપર ચડયા, એટલે તો તેઓને કુતરાની પેઠે પગ વચ્ચે પૂંછડી ધાલીને નાસવાની રીત પકડી લેવી પડી. જરાયે એકેય ઉભો રહેવા ન પામ્યો. બિચારા દુબળા થઈ ગયા અને છેવટે તેઓને ભૂંડે હાલે નાસવું પડયું. આમ જૂના સેવકો ઉપર હે ભગવંત ! ગજબ તે ગુજરાય ?

૬. વિ૦ ૫૦ હાથી ઉપર ચડવાનું ભાગ્ય પ્રાપ્ત થાય પછી કુતરા કોણ રમાડે ?

૬ થી ૧૧ હાસ્યઃ રતિઃ અરતિઃ શોકઃ ભયઃ અને દુ-ગંચ્છાઃ એ છ દોષ ગયા. ૫

રાગઃ દ્વેષઃ અ-વિરતિની પરણુતિઃ
એ ચરણ–મોહના યોધા.
વીત-રાગ–પરિણુતિ પરિણમતાં,
ઊઠી નાઠા બોધા. હો ! મલ્લિ૦ ૬

[રાગ=પ્રેમ. દ્વેષ=ક્રોધ અવિરતિ=અસંયમ–પરિણુતિ=આત્માના પરિણામ. ચરણુ–મોહના=ચારિત્ર મોહનીય કર્મના. યોધા=લડવૈયા સુભટો. વીતરાગ–પરિણુતિ=રાગદ્વેષ રહિત પણે આત્માનું રૂપાન્તર થવું તે. પરિણુમતાં=રૂપાન્તર થતાં. બોધા=જાતેજ ચેતી ગયેલા.]

વીતરાગ પરિણુતિ આપમાં પરિણમવા લાગી કે–રાગઃ દ્વેષઃ અને અવિરતિ પરિણુતિઃ રૂપ ચારિત્ર મોહનીય કર્મના મોટા મોટા યોદ્ધાઓ ચેતી ગયા, કે "હવે આપણું અહીં કાંઇ ચાલશે નહીં." એમ બોધા–સમજી ગયેલા–ઉઠીને પોતાની મેળે જ નાસી ગયા. સઘળા ક્રોધાદિક કષાયો નાશ પામ્યા. વિ૦ ૫૦ ઘરના સાચા યોદ્ધાઓ જાગ્યા, એટલે શત્રુના યોદ્ધાઓએ અગાઉથી ચેતીને રફુચક થઇ જવું જોઇએ.

૧૨ અવિરતિ પરિણામનો દોષ ગયો. ૬

વેદોદય–કામા–પરિણામા,
કામ્ય-કર્મ સહુ ત્યાગી,
નિઃકામા કરુણા–રસ–સાગર !
અનંત-ચતુષ્ક–પદ પાગી. હો ! મલ્લિ૦ ૭

[વેદોદય=પુરુષઃ સ્ત્રીઃ અને નપુસંકઃ એ ત્રણ વેદ–નોકષાય ચારિત્ર મોહનીય કર્મનો ઉદય, કામાપરિણામા=કામવાસનાનું પરિણામ જગાડનારા. કામ્યકર્મ=કામનાથી કરવાનાં કામો નિઃકામા=નિષ્કામી, નિરીહ. કરુણા–રસ-સાગર=દયા રૂપી રસ–પાણીના સમુદ્ર! અનંત–ચતુષ્ક–પદ=અનંત ચારનું સ્થાનઃ–અનંત જ્ઞાનઃ અનંત દર્શનઃ અનંત ચારિત્રઃ અનંત વીર્યઃ એ ચારનું સ્થાન સયોગી ગુણસ્થાનક. પાગી=પગમાં આવીને પડયા. (सं पादगः प्रा० पायग ગુ. પાગી, પગમાં આવીને પડનાર.]

૧૩. પુરુષઃ સ્ત્રીઃ અને નપુંસકઃ એ ત્રણ વેદનો સુંદર ઉદય મન ગમતી સુંદર કામ વાસના સ્વરૂપે પરિણમનારો છે. પણ વાસનાને આધીન થવારૂપ દરેકેદરેક કામ્ય–કામ આપે છોડી દીધું, અને નિષ્કામી બની ગયા. એટલે હે કરુણા-રસના સાગર ! અનંતજ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર અને અનંત વીર્ય, એ ચાર અનંત ચતુષ્કના ખજાના ઉલટાતા આપના પગની પાસેજ આવીને પડયા.

વિ૦ ૫૦ નવમે ગુણસ્થાનકે ક્ષપક શ્રેણિમાં ત્રણેય વેદના ઉદય, બંધ અને સત્તાનો ક્ષય કર્યો હોય છે. એ રીતે, સર્વ-કામ્ય કર્મનો ત્યાગ કર્યો, છતાંએ ત્રણ ગયા એવામાં વગર ઇચ્છાએ અનંત ચતુષ્કની સમૃદ્ધિ આવીને આપના પગમાં પડી. અને પ્રભુ ભાવ કરુણાના સાગર બની ગયા. જેને લીધે તીર્થ પ્રવર્તાવ્યું અને ભવ્ય જીવોને બોધ આપ્યો.

૧૪ વેદોદય દોષ નાશ પામ્યો. ૭

દાન-વિઘન=વારી, સહુ-જનને
  અ-ભય-દાન-પદ-દાતા.
લાભ-વિઘન જગ-વિઘન-નિવારક !
  પરમ-લાભ-રસ-માતા. હો ! મલ્લિ૦ ૮

[દાન-વિઘન=દાનાન્તરાય કર્મ.વિ.ઘન=અંતરાય કર્મ. વારી=દૂર કરી. અ-ભય-દાન-પદ-દાતા=અભયદાનનું પદ. પદના-સ્થાનકના દાતા, દયાના પ્રચાર કરનારા. લાભ-વિઘન=લાભાન્તરાય કર્મ. જગ-વિઘન=જગત્માં વિઘ્ન સમાન. નિવારક=દૂર કરનાર. પરમ-લાભ-રસ-માતા= ઉંચામાં ઉંચા આત્મગુણ નિધાનના લાભના આનંદમાં મસ્ત]

૧૫-૧૬. દાનાન્તરાય કર્મનો ક્ષય કરીને આપ સર્વ પ્રાણીઓને અભયદાન પદના આપનારા થયા. જગત્માં વિઘ્ન રૂપ લાભાન્તરાય કર્મના નિવારક ! હે પ્રભો ! આપ આત્મ-ગુણોના સંપૂર્ણ વિકાસરૂપ પરમ લાભના આનંદમાં મસ્ત થઈને મ્હાલી રહ્યા છો.

૧૫ દાનાન્તરાયઃ અને ૧૬ લાભાન્તરાયઃ દોષો ગયા. ૮

વીર્ય-વિઘન પંડિત-વીર્યે હણી,
  પૂરણ-પદવી-યોગી.
ભોગોપભોગ દોય-વિઘન નિવારી,
  પૂરણ-ભોગ-સુ-ભોગી. હો ! મલ્લિ૦ ૯

વીર્ય-વિઘ્ન=વીર્યાન્તરાય કર્મ. પંડિત-વીર્યે=ઉત્તમ આત્મિક વીર્ય વડે. હણી=નાશ કરી. પૂરણ-પદવી-યોગી=પૂર્ણ બળથી મળતી મોક્ષ પદવી સાથે જોડાયા. ભોગો-પભોગ=ભોગાન્તરાય કર્મ: અને ઉપભોગાન્તરાય કર્મ: એક વાર ભોગવાય તે ભોગ, અને વારંવાર ભોગવાય તે ઉપભોગ. નિવારી=અટકાવી. પૂરણ-ભોગ-સુ-ભોગી=પૂર્ણ ભોગ અને ઉપભોગના સારી રીતે ભોગવનારા.]

૧૭-૧૮-૧૯ પંડિત વીર્યે-ઊંચી કોટિના આત્મિક-વીર્ય વડે-વીર્યાન્તરાય કર્મનો ક્ષય કરીને આપ પૂર્ણ પદવી-વાળા યોગી થયા. ભોગાન્તરાયઃ અને ઉપભોગાન્તરાયઃ એ બેય અન્તરાય કર્મોનો ક્ષય કરી, આપ પૂર્ણ આત્મિક સુખ-રૂપી ઉત્તમ ભોગના સુંદર ભોગી બન્યા છો.

૧૭ વીર્યાન્તરાયઃ ૧૮ ભોગાન્તરાયઃ અને ૧૯ (?) ઉપ ભોગાંતરાયઃ કર્મ દોષ ગયાઃ ૯

એ અઢાર-દૂષણ-વરજિત-તનુ.
મુનિ-જન-વૃંદે ગાયા.
અ-વિરતિ-રૂપક દોષ-નિરૂપણ.
નિર્દૂષણ-મન-ભાયા. હો ! મલ્લિ૦ ૧૦

[અઢાર-દૂષણ-વરજિત-તનુ=અઢાર દોષથી રહિત શરીર વાળા. મુનિ-જન-વૃન્દે=મુનિઓના સમૂહે. ગાયા=ગવાયેલા, સ્તવાયેલા. રૂપક=અલંકાર. અ-વિરતિ=અસંયમ.

દોષ-નિરૂપણ=દોષોનું વર્ણન. નિર્દૂષણ=નિર્દોષ. મન-ભાયા=મનમાં ગમ્યા.]

એ અઢાર દોષ વગરના આત્મા યુક્ત-શરીર ધારી હોવાથી કેવળજ્ઞાની આપ તીર્થંકર ભગવાનના ગુણગાન મુનિઓના સમૂહો કરવા લાગ્યા હતા.

રૂપક અલંકાર વડે અસંયમ વિગેરે દોષોનું નિરૂપણ-વર્ણન કરવામાં આવ્યું છે. અઢાર દોષ રહિત થવાથી ખરી રીતે-નિર્દોષ-ગુણના ભંડાર-એવા આપ સૌનાં મનમાં ખૂબ ગમી ગયા છો-ત્રિલોકને પૂજ્ય લાગ્યા છો-ત્રિલોક પૂજ્ય થયા છો. ૧૦

ઇણ-વિધ પરખી, મન-વિસરામી-
જિન-વર-ગુણ જે ગાવે,
દીન-બંધુની મહેર-નજરથી
આનંન-ઘન-પદ પાવે. હો! મલ્લિ૦ ૧૧

[**ઇણ-વિધ**=એ રીતે. **પરખી**=પરીક્ષા કરી. **મન-વિસરામી**=મનના વિસામા રૂપ. **દીન-બન્ધુ**=દીનોના-ગરીઓના બંધુ. **મહેર-નજર**=કૃપા ભરી દૃષ્ટિથી. **આનંદ ઘન-પદ**=મોક્ષ. **પાવે**=પામે છે.]

મનમાં શાંતિઃ સંતોષઃ અને આનંદઃ થાય, તેવા સર્વ ગુણથી જિનેશ્વર દેવના ગુણોની,એ:પ્રમાણે અઢાર દોષ રહિત દેવપણાના જેઓ તેમના ગુણ ગાય છે, તેઓ દીન-બંધુ

શ્રી જિનેશ્વર પ્રભુની કૃપા દૃષ્ટિથી આનંદઘન—પદ—મોક્ષ—પ્રાપ્ત કરે છે. ૧૧

ભાવાર્થ:—૧ અજ્ઞાન, ૨, નિદ્રા, ૩ તંદ્રા, ૪ જાગરદશા, ૫ મિથ્યાત્વ, ૬ હાસ્ય, ૭ રતિ ૮ અરતિ, ૯ શોક ૧૦ ભય, ૧૧ દુગંચ્છા, ૧૨ સ્ત્રીવેદ, પુરુષવેદ નપુંસકવેદ એ ત્રણ વેદનો ઉદય. ૧૩. રાગ દ્વેષ અને અવિરતિની પરિણુતિ, ૧૪ દાનાંતરાય, ૧૫ લાભાંતરાય ૧૬ ભોગાંતરાય, ૧૭ ઉપભોગાન્તરાય ૧૮ વીર્યાન્તરાય.

આ અઢાર દૂષણો જવાથી કેવલજ્ઞાનઃ ઉજાગર દશાઃ સમકિતઃ સમભાવઃ એવદીપણુંઃ યથાખ્યાત ચારિત્રરૂપ સર્વ વિરતિઃ અનંત દાનઃ અનંત લાભઃ અનંત ભોગઃ અનંત ઉપભોગઃ અનંત વીર્યઃ એ પાંચ લબ્ધિઓઃ એ ગુણો પ્રગટ થાય છે.

દોષો સાથે, રીસાઇ જનારી નઠારી સ્ત્રી, ગુન્હેગારણુ, કુતરા, યોધા વિગેરે રૂપક ઘટાવ્યા છે.

"અઢાર દોષ રહિત દેવ સ્વીકારવા જોઈએ." જેમાં એ દોષો હોય, તે સાચો દેવ કેમ ગણી શકાય ? એ અઢાર દોષ રહિત, તે સાચા દેવ સમજવા. પછી, ગમે તે વ્યક્તિ અને ગમે તેવી વ્યક્તિ હોય.

એ અઢાર દોષ ચાલ્યા જવાથી તીર્થંકર થવાય છે. જે આત્માએ સર્વજ્ઞ, તીર્થંકર કે સ્વરૂપસ્થ થવું હોય, તેમણે એ અઢાર દોષનો નાશ કરવો જોઇએ. આ સ્તવનમાં પણ સ્હેજ હાસ્ય રસની છાયા જણાયા વિના રહેતી નથી.

---

૨૦. શ્રી–મુનિ–સુવ્રત–જિન–સ્તવન.

જુદા જુદા દર્શનકરોની આત્માની માન્યતા પ્રમાણે મોક્ષઃ અને બંધઃ ઘટી શકે નહીં. તો આત્મ-દ્રવ્ય કેવું માન્યું હોય,તો તેનો મોક્ષ ઘટી શકે? તેઃ અને પરમાર્થિક આત્મ-તત્ત્વઃ

[સર્વજ્ઞ–સર્વદર્શિ થયા પછી નિર્મળ આત્માની મોક્ષ દશા કેવી રીતે ઘટી શકે? તે જુદા જુદા દર્શનોની માન્યતા રજુ કરીને સમજાવેલ છે. કેમકે- આત્માના સ્વરૂપ ઉપર જ બંધઃ અને મોક્ષઃ ઘટવાનો આધાર છે.]

[રાગ-કાફી-" આવ્યા આમ પધારો પૂજ્ય " એ દેશી]

" શ્રી–મુનિ–સુ-વ્રત–જિન-રાજ !
એક મુજ વિનતિ નિસુણો. શ્રી મુ૦
" આતમ–તત્ત્વ કર્યું જાણું ? જગત્–ગુરુ!
એહ વિચાર મુજ કહિયો.
આતમ–તત્ત્વ જાણ્યા વિણ નિર્મળ-
ચિત્ત–સમાધિ ન વિ લહિયો." શ્રી મુ૦ ૧

[નિસુણો=સાંભળો આતમ-તત્ત્વ=આત્મતત્ત્વનું શુદ્ધ સ્વરૂપ. ચિત્ત–સમાધિ=મનમાં શાંતિ અથવા મનની શાંતિ. મોક્ષ અવસ્થા પણ સમાધિ કહેવાય છે.]

"હે મુનિ સુવ્રત! જિનરાજ ! મારી એક વિજ્ઞપ્તિ આપ સાંભળો, હે જગદ્ગુરુ ! શુદ્ધ આત્મા તત્ત્વરૂપે કેવો છે ? અને

તે શી રીતે સમજી શકાય ? એનો વિચાર મને-સાધકને કહો. કેમકે-આત્મ તત્ત્વ જાણ્યા વિના ચિત્તની નિર્મળ સમાધિ મળી શકે નહીં." ૧

મુનિ અને સુવ્રત, શબ્દમાંથી રાગઃ દ્વેષઃ મોહઃ વિના કેવળ આત્મતત્ત્વજ્ઞાનમાં લીન થઈને મુનિપણાનો, અને સારા સારા વ્રતોનો ધ્વનિ ઉઠે છે. તેથી આ સ્તવનમાં આત્માને મુનિ અને સુવ્રતધારી બનાવવાનો મુનિ-સુ-વ્રત નામમાં શ્લેષથી ધ્વનિ છે.

કોઇ "અ-બંધ આતમ-તત્ત્વ" માને.
કિરિયા કરતો દીસે.
"કિરિયાતણું ફલ કહો કુણ ભોગવે ?"
ઈમ પૂછ્યું, ચિત્ત રીસે. શ્રી મુ૦ ૨

અ-બંધ=બંધ રહિત, કર્મના બંધ રહિત. દીસે=દેખાય. ચિત્તમાં=મનમાં. રીસે=ખીજાય.]

કોઇ વાદી આત્માને "કર્મ બંધ રહિત-નિર્લેપ છે," એમ એકાંતે માને છે.

विगुणो न बध्यते, न मुच्यते ।

અર્થ:—સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણ ગુણથી રહિત આત્મા બંધાતોયે નથી, અને મુક્ત પણ થતો નથી.

આમ માનવા છતાં, પોતાના સંપ્રદાય અનુસાર તેઓ ધાર્મિક ક્રિયા કરતાં દેખાય છે. તેને એમ પૂછીએ, કે—"કહો ભાઈ ! તમે કરો છો તે ક્રિયાનું ફળ કોણ ભોગવશે ? કેમકે—

આત્મા ઉપર કર્મના બંધન રૂપ કોઈ જાતની અસર તો થતી નથી, તો પછી તે કર્મના બંધન તોડનારી ક્રિયાનું ફળ તેને કેવી રીતે લાગુ પડશે?" પણ એમ પૂછવાથી તેનો યોગ્ય ખુલાસો તે કરી શકશે નહીં: પણ ઊલટામાં, મનમાં રીસ ચડાવશે. કેમકે–તેની પાસે તેનો ખરો જવાબ નથી. એ મૂંઝવણ તે રીસ રૂપે પૂછનાર ઉપર કાઢશે. ત્રણ ગુણ રહિત સિદ્ધ પરમાત્માનો જીવ બંધાતો નથી. તેમજ તેને મુક્ત થવાપણું પણ નથી. એમ એક અપેક્ષાએ એ વાત ખરી છે. પણ એકાંતથી પકડી બેસવાથી આ રીતે તેને રીસ કરવાનો વખત આવે છે. ૨

"જડઃ ચેતનઃ એ આતમ એક જ.
સ્થાવરઃ જંગમઃ સરિખો."
સુખ–દુઃખ–સંકર–દૂષણ આવે.
ચિત્ત વિચારી, જો પરીખો. શ્રી મુ૦ ૩

[સ્થાવર=સ્થિર. જંગમ=ગતિશીલ, ચર. સરિખો=જેવો. સંકર=સંકર નામનો દોષ, અવ્યવસ્થા. ખોટી રીતનું મિશ્રણ. પરીખો=પરીક્ષા કરીને.]

કોઇ કહે છે, કે–"જડઃ અને ચેતનઃ એ સૌ આત્માઓ જ છે. સ્થિર પદાર્થોઃ અને ગતિશીલ પદાર્થોઃ સૌ એક સરખા જ છે. જડઃ અને ચેતનઃ જુદા નથી જ."

જો મનમાં બરાબર વિચાર કરીને એ મતની પરીક્ષા કરશો, તો તમને તેમાં સુખ અને દુઃખનો સંકર થઈ જવાનો દોષ આવતો જણાશે.

સંકર દોષ તે કહેવાય છે, કે—જુદા જુદા પદાર્થોનાં જુદા જુદા લક્ષણ—તેને ઓળખવાની નિશાનીઓ—હોય છે. તે નિશાનીઓ—લક્ષણો—તે જુદા જુદા પદાર્થો સિવાય કોઈ ત્રીજી વસ્તુમાં ભેગા જોવામાં આવે, તો તે સંકર દોષ ગણાય છે. આત્માનું લક્ષણ અને પુદ્ગલનું લક્ષણ, એ બન્નેયના જુદા જુદા લક્ષણ કર્યા પછી, કોઈ ત્રીજા પદાર્થમાં બન્નેયના એ લક્ષણ ઘટતાં દેખાય, તો તે લક્ષણ સંકર દોષવાળા ગણાય છે. કેમકે—એ લક્ષણથી એ પદાર્થને બેમાંથી કયા સ્વરૂપે ઓળખવો ? તેનો ગોટાળો થાય છે. એજ પ્રમાણે—**ચેતન** આનંદમય છે. **જડ** આનંદ રહિત છે. સુખનું કારણ ચેતનાદિ ગુણો છે. દુઃખનું કારણ જડનો સંબંધ છે. જો જડઃ અને ચેતનઃને જુદા જુદા માનવામાં ન આવે, તો સુખ અને દુઃખનું ખરું કારણ કોણ છે ? તેની સ્પષ્ટતા થતી નથી. તેથી સુખી થવા ઇચ્છનારે શું કરવું? તે માટે કોઈ સ્પષ્ટ ઉપાય બતાવી શકાશે નહીં. માટે ગોટાળો-સંકર દોષ આવશે. ૩

એક કહે, "નિત્ય જ આતમ તત્ત."
આતમ—દરિશણ—લીનો.
કૃત—વિનાશઃ અકૃતા-ઽઽગમઃ દૂષણ
નવિ દેખે મતિ—હીણો. શ્રી મુ૦ ૪

[નિત્ય=કાયમી, ફેરફાર વગરનું, નાશ વગરનું. આતમ—દરિશણ-લીનો=આત્મ દર્શનમાં લીન, બ્રહ્મતત્ત્વ-દર્શનમાં—વેદાન્તમાં લીન, તે દર્શનના અભ્યાસી. કૃત—

વિનાશ=કરેલી પ્રવૃત્તિનો નિષ્ફળ નાશ. અ-કૃતા-ઽઽગમ= ન કરેલા કાર્યના ફળની પ્રાપ્તિ. મતિ-હીણો=અલ્પ બુદ્ધિવાળો.]

એકાન્તથી આત્મદર્શનમાં લીન થયેલા કેવલાદ્વૈતવાદી—એકવાદી—કહે છે,કે—"આતમ—તત્ત્વ કુટસ્થ નિત્ય પદાર્થ છે."

પરંતુ કૃત-નાશઃ અને અ-કૃતા-ઽઽગમઃ એ બે દોષ એ અલ્પ તત્ત્વચિંતક-એકાન્તવાદી હોવાથી જોઈ શકતા નથી.

પદાર્થ વિષે એકાંત નિત્યતા માનવામાં કાર્ય—કારણ—ભાવ સંભવી શકે જ નહીં. નિત્ય પદાર્થ ન કાર્યરૂપ હોઇ શકે, ન કારણરૂપ બની શકે. તો પછી, રોજ-બરોજ જગત્‌માં જે જે ઘટનાઓ બને છે, તે કારણ વિના જ બનવી જોઈએ, અને તેમાંથી પણ કાંઇ નવું ફળ ઉપજવું ન જોઇએ. બીજ વિના ફળ મળવું જોઇએ, અને ફળમાંથી નવું ફળ ન થવું જોઈએ. પરંતુ જગત્‌માં એમ બનતું નથી જોવાતું. માટે એમની એ વાત ખોટી છે. નિત્ય આત્માને બંધઃ અને મોક્ષઃ તથા તેના કારણો ઘટી શકે નહીં. ૪

સૌગત—મત—રાગી કહે વાદીઃ—
"ક્ષણિક એ આતમ જાણો."
બંધઃ મોક્ષઃ સુખઃ દુઃખઃ નવિ ઘટે.
એહ વિચાર મન આણો. શ્રી મુ૰ ૫

[સૌગત—મત-રાગી=બૌદ્ધ મતના અનુયાયી. વાદી= વાદ નિપુણ, પક્ષકાર. **ક્ષણિક=ક્ષણમાત્ર ટકનારો.]**

બૌદ્ધ મતના રાગીએવા કોઇ એકાન્ત વાદી કહે છે, કે–"આત્મા ક્ષણિક છે, એમ જાણો." તો "તેથી પણ આત્માને બંધઃ મોક્ષઃ સુખઃ દુઃખઃ ઘટી શકશે નહીં." એ વિચાર મનમાં કરી જુઓ.

ક્ષણિક પદાર્થમાં પણ કાર્ય–કારણ ભાવ ઘટી શકતો નથી. તેથી બંધઃ અને મોક્ષઃ વિગેરે ઘટી શકતા નથી. કેમકે–બાંધનાર આત્મા જે ક્ષણે હતો, તે બીજી ક્ષણે નથી. પછી કર્મોથી મુક્ત થનાર કોણ? બાંધનાર જો કાયમ રહે, તોજ તેને મુક્ત થવાનો વારો આવે. ૫

"ભૂત–ચતુષ્ક–વર્જિત–આતમ–તત્ત–
સત્તા અલગી ન ઘટે."
અંધ શકટ જો નજરે ન દેખે,
તો શું કીજે શકટે? શ્રી મુ૦ ૬

[ભૂત–ચતુષ્ક વર્જિત–આતમ–તત્ત–સત્તા=ચાર ભૂત વિના આતમ તત્ત્વ કોઇ જુદો પદાર્થ નથી–પૃથ્વીઃ પાણીઃ વાયુઃ અને તેજ અગ્નિઃ-એ ચાર ભૂત. શકટ=ગાડું]

પૃથ્વી, પાણી, વાયુ અને અગ્નિ, એ ચાર ભૂત સિવાય આત્મા નામનો કોઇ પણ પાંચમો પદાર્થ તેનાથી જુદો વિદ્યમાન જગત્માં નથી જ. પરંતુ, **ચાર્વાકોનું** આ કહેવું તદ્દન ખોટું છે. કેમકે–એક આંધળો માણસ પોતાની સામે પડેલા ગાડાને દેખી જ શકે નહીં, તો પછી તે ગાડું જગત્માં વિદ્ય-

માન હોવા છતાં તેનો તે આંધળો માણસ ઉપયોગ કરી શકતો નથી. એને માટે એ ગાડું હોવા છતાં, પણ નકામું જ છે-ન હોવા બરાબર છે.

ચૈતન્ય જન્ય લાગણી પૂર્વકની પ્રવૃત્તિ અને નિવૃત્તિ થતી હોવાથી આત્મા જગત્‌માં સાબિત હોવા છતાં, તે ન માનનાર એ બાપડો આત્મ વિકાસનો લાભ મેળવી શકતો જ નથી. યોગીઓને જે આનંદ પ્રાપ્ત થાય છે, તે તેને માટે નકામો છે. તેને માટે વિશેષે શું કહેવું ? છતી વસ્તુ ન દેખે, તે એની કમનસીબી જ છે. અથવા આત્મા અરૂપી છે. ચાર ભૂત તેના કરતાં જુદા ન હોવાથી તે પણ અરૂપી હોવા જોઈએ. તેથી શરીર આદિ ભૂત ચતુષ્ટયનું બનેલું ગાડું પણ અરૂપી થયું. તો પછી તે બિચારો તેનો શી રીતે ઉપયોગ કરી શકે ? ૬

એમ અનેક–વાદિ-મત–વિભ્રમ--
સંકટ–પડિયો, ન લહે
ચિત્ત–સમાધિ. તે માટે પૂછું,
તુમ વિણ તત્ત કોઇ ન કહે." શ્રી મુ૦ ૭

[**અનેક–વાદિ–મત-વિભ્રમ–સંકટ–પડિયો=અનેક વાદીઓના મતોથી ઊભી થયેલી મતિ ભ્રમણા રૂપી જાળના કષ્ટમાં ફસાયેલો. લહે=જાણી શકે. ચિત્ત-સમાધિ=મનમાં શાંતિ. તત્ત=તત્ત્વ.**]

એ પ્રમાણે અનેક વાદીઓનાના જુદા જુદા મત ભેદોથી ઉભી થયેલી મતિભ્રમણા રૂપી જાળના કષ્ટમાં ફસાએલો સાધક મનમાં સમાધાન—સમાધિ એટલે શાંતિ પામી શકતો નથી-તેનું મન સંશયમાં પડે છે. તેથી "નિશ્ચિત કર્તવ્ય શું કરવું અને શું ન કરવું? તે નક્કી કરી, તેનો માર્ગ લઈ શકતો નથી. તે માટે હું આપને જ આત્મ તત્ત્વ વિષે પ્રશ્ન કરું છું. કેમકે-આપ વિના સાચું તત્ત્વ કોઈ કહી શકતું નથી. ૭

વળતું જગ-ગુરુ એણી પરે ભાખે,
પક્ષ-પાત સબ છંડી.
"રાગ-દ્વેષ—મોહ—પખ-વર્જિત-
આતમશું રઢ મંડી, શ્રી મુ૦ ૮

[વળતું=પછી. પક્ષ-પાત=એકતરફીન્યાય પખ=પક્ષ વર્જિત=રહિત રઢ=દૃઢતા પૂર્વક મંડી=લીન થઈ]

ત્યાર પછી, રાગઃ દ્વેષઃ મોહઃ અને પક્ષઃ વગરના આત્મામાં લયલીન થયેલા જગદ્ ગુરુ કે જેણે દરેક પ્રકારનો પક્ષ-પાત છોડી દીધો છે,તે આ રીતે બોલ્યા, કે--રાગઃ દ્વેષઃ મોહઃ અને પક્ષઃ રહિત આત્મા સાથે એકતાન થઇ.—૮

આતમ—ધ્યાન કરે જે કોઉ,
સો ફિર ઇણમેં ના-ઽવે,
વાગ્જાળ બીજું સહુ જાણે.
એહ તત્ત્વ ચિત્ત ચાવે." શ્રી મુ૦ ૯

[વાગ્જાળ=શબ્દ જાળ. ચિત્ત-ચાવે=ચિત્તમાં ચાહે, -ચિંતવે, મનન કરે.]

જે કોઇ મોક્ષાર્થી જીવ આત્માનું ધ્યાન કરે, તે ફરીથી આ સંસારમાં અથવા પક્ષપાતમાં અથવા વાદીઓના મતોરૂપી વિભ્રમના ચક્રમાં પડશે નહીં. બસ. એ સિવાય સઘળુંયે માત્ર શબ્દ જાળ છે. એમ જાણીને એ આત્મ તત્ત્વમાં જ ચિત્તને એકાગ્ર કરવું. આત્મા છે, તેનો વિકાસ થાય છે, અને તેના પ્રયત્નો કરવામાં લાગી જવું, એજ માર્ગ છે. તેમાં બધા સમાધાનો આવી જય છે. ૯

જેણે વિવેક ધરી, એ પખ ગ્રહિયો,
તે તત્ત્વ-જ્ઞાની કહિયે!"
શ્રી-મુનિ-સુવ્રત! કૃપા કરો તો,
આનંદ-ઘન-પદ લહિયે. શ્રી મુ૦ ૧૦

[ગ્રહિયો=લીધો, ગ્રહણ કર્યો. તત્ત્વ-જ્ઞાની=તત્ત્વ જાણનાર. લહિયે=મેળવીએ.]

આ રીતે સત્યઃ અને અસત્યઃ સ્વઃ અને પરઃ-નો વિવેક-વ્હેંચણ-કરીને જે પુરુષ આ આત્મજ્ઞાનનો પક્ષપાતી બનશે, તેને જ તત્ત્વજ્ઞાની-સત્ય તત્ત્વ જાણનાર-કહેવો જોઇએ. તો, હે મુનિ સુવ્રત પ્રભુ! જો આપ કૃપા કરો, તો એવો તત્ત્વ જ્ઞાની થઇને હું આનંદઘન-પદ-મોક્ષ-પ્રાપ્ત કરું. ૧૦

ભાવાર્થ:—આત્મા દોષ વાળો થઇ શકે છે. તેથી કર્મનો બંધ તેને થાય છે. અને દોષોથી રહિત-મુક્ત પણ

થઇ શકે છે. એક જ આત્મામાં આ બે બાબત કેવી રીતે ઘટી શકે ? એ સમજવાને આત્મ દ્રવ્યના સ્વભાવઃ તથા ગુણઃ કેવા છે ? તેનો વિચાર કરી જોવાથી તેનું સમાધાન મળી શકે છે.

જ્યારે આત્માનો વિચાર કરવા બેસીએ છીએ, ત્યારે જગત્માં અનેક વિચારકો આત્માનું જુદું જુદું સ્વરૂપ કહે છે. પરંતુ એ એકેય ઘટતું નથી તો સાચું સ્વરૂપ કેવું છે ? તે નક્કી કરી લેવું જોઈએ.

કોઈ "આત્માને નિર્લેપ બંધન રહિત માને છે." તો, તેને બંધનથી છોડાવવા કોઇ પણ પ્રકારની પ્રવૃત્તિ--ક્રિયા કરવાની જરૂર રહેતી નથી. છતાં પોતાના આત્માનો મોક્ષ કરવા માટે પોતાના ધર્મનો અને તેના આચારોનો પ્રચાર કરે છે, અને પોતે કરે છે--આચરે પણ છે. એ રીતે તેની વાતમાં પરસ્પર વિરોધ આવે છે. બંધ રહિત આત્માને છોડાવવા ધર્માનુષ્ઠાનો કરવાની જરૂર નથી. કેમકે--તે પ્રયત્ન નકામો છે

કેટલાક, જગત્માં સ્થાવર રૂપ--જડ પદાર્થોઃ અને ચેતનાવાળા જીવો રૂપ--જંગમ પદાર્થોઃને એક સરખા માને છે. તો પછી જડની જેમ ચેતન પદાર્થોનેય સુખ દુઃખ ન થવાં જોઇએ, અથવા જડને પણ સુખ દુઃખ થવાં જોઈએ. આ રીતે સંકર દોષ લાગે છે.

કેટલાક કહે છે, કે "પરમ બ્રહ્મરૂપ નિત્યજ આત્મા છે." તો, તે નિત્ય પદાર્થોમાં કોઈ ફેરફાર થાય જ નહીં.

છતાં, તેઓ જે ધાર્મિક અનુષ્ઠાનો કરે છે, તે નકામા જવા જોઇએ, અને તે કરવાથી તેને જે આત્માનંદ વિગેરે મળે છે, તે ક્યાંકથી એમને એમ આવી પડેલો હોવો જોઇએ ? એવા બે મોટા દોષો લાગે છે. તેથી, તેના મતે પણ આત્માને બંધઃ અને મોક્ષઃ ઘટી શકે નહીં.

બૌદ્ધ દર્શનના ક્ષણિકમતથી પણ આત્મામાં બંધ અને મોક્ષ ઘટી શકતા નથી. કેમકે બાંધનાર આત્મા નષ્ટ પામ્યો, પછી નવા આત્માનો મોક્ષ કોનાથી ? એક આત્માવિના બન્નેય ઘટી શકશે નહીં. તો પછી ધર્મોપદેશ અને તેના આચારોનો પ્રચાર શા માટે ? તથા તે આચરવાથી ફાયદો પણ શો ? બાંધનાર તેજ ક્ષણે નષ્ટ થયો છે. અને મોક્ષ પામવાના ક્ષણે વિદ્યમાન આત્મા કર્મ બાંધતી વખતે વિદ્યમાન ન હોતો. માટે બંધઃ મોક્ષઃ દુઃખઃ સુખઃ ઘટી શકતા નથી.

"ચાર ભૂત સિવાય પાંચમો આત્મા પદાર્થ જ નથી" એમ નાસ્તિક-ચાર્વાક દર્શન માને છે. પણ જે આંધળો ગાડુંજ જોઇ શકતો નથી, તેનાથી ગાડાનો ઉપયોગ શો થાય? એટલે કે–જે આત્માજ માનતો નથી, તેને આનંદ ખાતર ભોગો ભોગવવાના શા માટે હોય છે ? કોના આનંદ ખાતર ? આત્મા તો નથી. પછી, ભોગો કોને માટે ? છેવટે, મુનિ સુવ્રતસ્વામી કહે છે, કે–વાસુપૂજ્ય સ્વામીના સ્તવનમાં આત્માના સ્વરૂપનો નિર્દેશ કરવામાં આવેલો છે. તે પ્રમાણે– ચેતનામય પરિણામિ નિત્યઃ આત્મામાં જ બધું ઘટી શકે છે. માટે બધી વાગ્જાળ છોડીને રાગદ્વેષ રહિત થવાની પ્રવૃત્તિ

કરવી. એટલે આપો આપ ખરું આત્મ તત્ત્વ જણાશે-અનુભવાશે. અને તત્ત્વજ્ઞાની થવાશે. પરિણામે જે યોગ્ય હશે. તે આપો આપ પરિણામમાં આવી જશે. અને મોક્ષ મળશે

આત્મા મોક્ષ પામે છે. પરંતુ જે આત્મા બંધાય, તેનો મોક્ષ હોય. માટે આત્માનું કેવું સ્વરૂપ હોય તો બંધઃ અને મોક્ષઃ ઘટી શકે ? ધર્મ શો ? અને અધર્મ શો ? તેથી મોક્ષનું સ્વરૂપ ઘટાવવા આત્માના સ્વરૂપની ચર્ચા કરી છે કેમકે-અઢાર દોષ રહિત કેવળજ્ઞાની આત્મા છેવટે તો મુક્ત થઈને સિદ્ધ પરમાત્મા બને છે.

આત્મા છે. આત્મા નિત્ય છે. આત્મા પરિણામી છે આત્માને કર્મોના બંધન વળગે છે. આત્મામાંથી કર્મોના બંધન દૂર થાય છે. આત્મામાં કર્મ બાંધવાના કારણો હોય છે. આત્મામાં તેનાથી મુક્ત થવાના કારણ સંજોગો હોય છે. આત્મા પોતાના કર્મોનો ઉદય ભોગવે છે આત્મા વિભુ છે. આત્મા દેહ પરિમાણ પણ છે આત્મા ગતિ-શીળ છે. અરૂપી છે. અસંખ્યપ્રદેશમય છું. દીવાના પ્રકાશની માફક સંકોચ-વિકાસ પામે છે. અનંત જ્ઞાનઃ અનંત દર્શનઃ અનંત ચરિત્રઃ અનંત વીર્યઃ મય છે. બીજા પણ અનંતગુણોમય છે. આત્માના અનંતગુણો તિરોહિત અને અનંતગણો આવિર્ભૂત હોય છે. આત્મામાં સંસાર યોગ્યતા અને મોક્ષ યોગ્યતા ગુણ છે. અછેદ્યઃ અભેદ્યઃ છે. વર્ણઃ ગંધઃ રસઃ અને સ્પર્શ રહિત છે. અનાદિકાળથી અને અનંતકાળ સુધી રહેશે પોતપોતાની તથા-ભવ્યતાના પરિપાક પ્રમાણે તે જીવે છે. સ્વગુણથી ભિન્નાભિન્નઃ સ્વભાવઃ વિભાવઃ પરિણામે કરી પરિણામિઃ વિગેરે

આત્માનું સ્વરૂપ માનવામાં આવે, તોજ આ જગત્‌માં બનતી ઘટનાઓ ઘટી શકે છે. નહીંતર, ઘટી શકે જ નહીં.

આત્મ પદાર્થ વિષેની જૈન ધર્મની માન્યતા સાંગોપાગ વિજ્ઞાન-શુદ્ધ અને વ્યવસ્થિત છે.

જુદા જુદા વિષયોના જ્ઞાતા વૈજ્ઞાનિક ગણાય. સર્વ વિજ્ઞાનોના સરવાળા રૂપ વિશ્વની સમગ્ર ઘટનાઓનો જ્ઞાતા, વિશ્વ વૈજ્ઞાનિક ગણાય. અને આત્માના જીવન વિકાસમાં તે સર્વનો ઉપયોગ કરવાની ચાવીઓ જાણી ઉપયોગ કરે, તે તત્ત્વજ્ઞાની કહેવાય.

---

૨૧. શ્રી–નમિ-નાથ-જિન–સ્તવન

મોક્ષ અપાવવામાં ખાસ સમર્થ જૈનદર્શનની વિશાળતા:

[અઢાર દોષ રહિત થઇ, કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી, શ્રી તીર્થંકર પરમાત્મા મોક્ષમાં જતાં પહેલાં જગત્‌ના જીવો ઉપર લોકોત્તર-ભાવ--ઉપકાર કરવા માટે ધર્મ-તીર્થની સ્થાપના કરે છે. માટે ધર્મનો ઉપદેશ આપે છે. સર્વજ્ઞોપદિષ્ટ: અબાધિત: તત્ત્વ વ્યવસ્થાથી ભરપૂર: તે જૈન દર્શનરૂપ ધર્મ-તીર્થ કેટલું વિશાળ: સાંગોપાંગ: સાધન-સંપત્તિથી વ્યવસ્થિત: સત્ય અને પરમાર્થ રૂપ: છે? તે આ સ્તવનમાં બતાવેલ છે. એ ધર્મ-તીર્થની મદદથીજ ભૂતકાળમાં અનંત તીર્થંકરો અને બીજા અનંત જીવો મોક્ષમાં ગયા છે. વર્તમાનમાં જાય છે. અને ભવિષ્યમાં અનંતગુણા

તીર્થંકરો અને જીવો મોક્ષમાં જશે. તે મહાતીર્થઃ મહા દર્શનઃની વિશાળતા બતાવે છે. ૨૦ મા સ્તવનમાં બંધ અને મોક્ષ ઘટી શકે, તેવું આત્માનું સ્વરૂપ કેવું હોવું જોઇએ ? તે વિષે જુદા જુદા દર્શનકારોના મતોની એકાંત માન્યતાના દોષો બતાવ્યા છે, છતાં સ્યાદવાદ દૃષ્ટિથી જૈન દર્શનમાં સર્વનુ સ્થાન કેવી રીતે સંગત છે ? તે આ સ્તવનમાં છે.]

(રાગ—આશાવરી "ધનધન સંપ્રતિ સાચો રાજા." એ દેશી)

ષડ્-દરિશણ જિન-અંગ ભણીજે,
ન્યાસ ષડંગ જો સાધે. રે
નમિ-જિન-વરના ચરણ-ઉપાસક
ષડ્-દરિશણ આરાધે. રે ષડ૦ ૧

[ષડ્=છ, દરિશણ=દૃષ્ટિ, મત, દર્શન, જિન-અંગ= જિનેશ્વર દેવનાં અંગોમાં. ભણીજે=કહી શકાય. ન્યાસ= ગોઠવણ. ષડંગ=છ અંગે. સાધે=સાધવા. ઉપાસક=સેવા-કરનારા. આરાધે=સેવે, પૂજે.]

છ અંગોમાં છ દર્શનની સ્થાપના કરીને શ્રી જિનેશ્વર-પ્રભુનાં અંગ રૂપે છયેય દર્શનો કરી શકાશે. અને એ રીતે છ અંગમાં મંત્રાક્ષરાદિકનો ન્યાસ સાધીને શ્રી નમિ જિનેશ્વર પ્રભુના ચરણોની ઉપાસના કરનાર છેવટે છયેય દર્શનનો આરાધક--ઉપાસક બની જાય છે. ૧

નમિ એટલે નમનારા, ચરણ ઉપાસક. એમ નમિ-

નાથમાંના નમિ શબ્દની શ્લેષથી સાર્થકતા સૂચવી છે. તથા ષડંગ-ન્યાસની ધ્યાનની રીત પણ સૂચવી જણાય છે.

એમ કરીને આખા સ્તવનના ભાવનું પહેલીજ ગાથામાં બીજ રૂપ ટુંકામાં સૂચન પણ કરી દીધેલું જણાય છે.

જિન-સુર-પાદ-પ-પાય વખાણું -
 સાંખ્યઃ જોગઃ દોય ભેદે. રે
આતમ-સત્તા-વિવરણ કરતાં
 લહો દુગ-અંગ અ-ખેદે. રે   ષડ્૦ ૨

[જિન-સુરપાદ-પ-પાય=જિનેશ્વર રૂપી કલ્પવૃક્ષના પગ. વખાણું=વર્ણવું, સાંખ્ય=સાંખ્ય દર્શન, જોગ=યોગ દર્શન. આતમ-સત્તા-વિવરણ=આત્મા હોવા ન હોવાનું વિવેચન. દુગ-અંગ=બે અંગો અથવા બીજા સૂત્રકૃતાંગમાં લહો=જાણી શકશો. અ-ખેદે=કંટાળા વિના, સરળતાથી.]

આત્માની વિદ્યમાનતા વિષે વિવરણ કરનારા, સાંખ્ય દર્શનઃ અને યોગ દર્શનઃ દર્શનના એ બે ભેદને જિનેશ્વર રૂપી કલ્પ વૃક્ષના બે પગ તરીકે વર્ણવાય છે. માટે, એ બે અંગો ખેદ વિના સરળતાથી જિનેશ્વર પ્રભુને ઊભા રહેવાના મજબૂત પગ-ઝાડનાં મૂળિયાંની જેમ સમજી લ્યો. અથવા બીજા સૂત્ર-કૃતાંગ અંગમાં આત્મ સત્તા વિષે વિવેચન કરાયેલ છે. તે સાંખ્ય અને યોગ સાથે મળતું છે. તે ખેદ વિના સહેલાઇથી સમજી શકશો. ૨

ઋષભદેવ પ્રભુના પૌત્ર મરીચિ મુનિના શિષ્ય કપિલમુનિ પ્રણિત સાંખ્ય દર્શન આત્મા-પુરુષ માને છે. અને તેનું ખુબ વિસ્તારથી વર્ણન કરે છે. કર્મ-પ્રકૃતિ-તેની સાથે જોડાયેલી છે. જેથી, તે પુરુષ સાંસારિક ભાવમાં રાચે છે,

કનકોપલવત્ પયડી-પુરુષ તણી રે જોડી અનાદિ સ્વભાવ ”
સ્તવન છઠું

એજ રીતે પંતજલિ મુનિ પ્રણિત યોગ દર્શન આત્માને કેવળજ્ઞાન પ્રાપ્ત કરાવી મુકત કરી મોક્ષમાં પહોંચાડવામાં મદદ કરવા યોગની અનેક પ્રક્રિયાઓ બતાવે છે. યમઃ નિયમઃ આસનઃ પ્રાણાયામઃ પ્રત્યાહારઃ ધારણાઃ ધ્યાનઃ અને સમાધિઃ એ આઠ અંગોનું વિવેચન કરે છે.

ભેદઃ અ-ભેદઃ સુગતઃ મિમાંસકઃ
જિન-વર-દોય-કર-ભારી. રે
લોકા-ડ-લોક અવલંબન ભજિયે
ગુરુ-ગમથી અવધારી. રે   ષડ્૦ ૩

[ભેદ=નાશ. જુદાપણું. અભેદ=એકતા. સુગત=બૌદ્ધ દર્શન. મિમાંસક= જૈમિનીય દર્શન-પૂર્વ મિમાંસા. વેદાંત દર્શન-ઉત્તર મિમાંસા. ભારી=મોટા લોકા-ડ-લોક= લોક અને અલોક. અવલંબન=ટેકો. ભજિયે=સેવીએ. ગુરુગમથી=ગુરુ પાસેથી મળેલી સમજણપૂર્વક. અવધારી= સમજીને.]

ભેદવાદી બૌદ્ધઃ અને અભેદવાદી મીમાંસક-ઉત્તર મીમાંસક-વેદાન્તઃ એ બેના મત ગુરુ ગમથી સમજશો, તો

લોક અને અલોકના આધાર ભૂત હોવાથી તે બન્નેય દર્શનો શ્રી જિનેશ્વર દેવના મોટામાં મોટા બે હાથ છે, માટે તેને પણ તે રીતે સમજીને ભજવા જોઈએ જ. ૩

બૌદ્ધો દરેકે દરેક વસ્તુને વિશેષ માને છે. અને ક્ષણિક માને છે. અને વેદાંત એક રૂપ: અભેદરૂપ: અને સદા નિત્ય: જગત્ માને છે. એ બન્નેય માન્યતાઓ એકાન્ત રૂપ હોવાથી ખોટી ઠરે છે, પરંતુ શ્રી જિનેશ્વર પ્રભુના અંગ તરીકે ગણુવાથી તે બન્નેય વાત બરાબર વિશ્વમાં ઘટે છે. જગત્‌માં એવો કોઈ પણ પદાર્થ નથી, કે જેમાં ઉત્પત્તિ: વ્યય: અને સ્થિરતા: એ ત્રણ તત્ત્વ ન હોય. દીવાથી માંડીને આકાશ સુધીના લોકાલોકના તમામ પદાર્થોમાં એ ત્રણ તત્ત્વો છે. દીવો થાય છે, અને ઠરી જાય છે, છતાં પરમાણુ રૂપે સ્થિર છે. આકાશ નિત્ય છે. પણ તેમાં અવકાશ દાન પર્યાય દરેક વસ્તુ ॰ર ઉપજે છે, અને મટે છે. માટે, ઉત્પતિ અને નાશ એ બૌદ્ધોનો મત: તથા નિત્યપણું એ વેદાંતનો મત: એ બન્નેય જૈન દર્શનમાં બરાબર ઘટે છે આખી વિશ્વ વ્યવસ્થા તેને આધારેજ રહેલી છે.

લોકાયતિક: કૂખ જિનવરની.
અંશ વિચારી જો કીજે. રે
તત્ત્વ–વિચાર–સુધા-રસ–ધારા
ગુરુ–ગમ–વિણ કિમ પીજે? રે ષ૦ ૪

[લોકાયતિક-ચાર્વાક દર્શન કૂખ=પેટ. અંશ=વિભાગ. વિચારી=વિચાર કરીને. તત્ત્વવિચાર-સુધા-

રસ-ધારા=તત્ત્વ વિચાર રૂપ અમૃત રસની ધારા. ગુરુગમ-વિણુ=ગુરુએ કરાવેલા માર્ગ દર્શન વિના.]

અંશતી-નયની દૃષ્ટિથી વિચાર કરીએ, તો લોકાયતિક-ચાર્વાકદર્શન પણ શ્રી જિનેશ્વર દેવનું કૂખ-પેટ ગણવું પડશે. ગુરુ મહારાજા એ કરાવેલા માર્ગ દર્શન વિના, તત્ત્વ વિચાર કરવાથી પ્રાપ્ત થતી અમૃત રસની ધારાનો પ્રવાહ કઈ રીતે પી શકાય? "નાસ્તિક દર્શન પણ શ્રી જૈન દર્શનનું અંગ છે." એ વાત ગુરુગમ વિના શી રીતે સમજી શકાય? ૪

ચાર્વાક દર્શન તદ્દન સામાન્ય બુદ્ધિના જીવને "ચાર ભૂત છે" એટલા પૂરતા પ્રાથમિક કોટિના તત્ત્વજ્ઞાનના વિચાર તરફ પણ સાધકને દોરવવામાં મદદ કરે છે. તત્ત્વજ્ઞાનનું સ્થૂલ કલેવર તે દર્શન જિજ્ઞાસુ સામે રજુ કરે છે. પછી જેમ જેમ જિજ્ઞાસુ સાધકની જિજ્ઞાસાવૃત્તિ આગળ આગળ વધતી જાય, તેમ તેમ વધુ ઊંડો તત્ત્વજ્ઞાનમાં ઉતરીને છયેય દર્શનોનું સ્વરૂપ અને તેથી ઉત્પન્ન થતું તત્ત્વજ્ઞાન સમજે. અને છેવટે, અતિ સૂક્ષ્મતર જૈનદર્શન સમજીને પાકો તત્ત્વ-જ્ઞાની થઈ શકે છે. એમ તત્વજ્ઞાન પ્રાપ્ત કરવાની પૂર્વ ભૂમિકા રૂપે પ્રાથમિક પગથિયારૂપ-સ્થૂલ-ખોખારૂપ-પેટફળ-કોઠારૂપ ચાર્વાક દર્શન પણ જૈન તત્વજ્ઞાનનું અંગ બને છે. પરંતુ આ સમજ ગુરુ-ગમની મદદથી નયવાદનું જ્ઞાન કરીને મેળવી શકાશે. તે વિના નહીં મળી શકે.

જૈનઃ જિનેશ્વર-વર-ઉત્તમ-અંગ
અંતરંગઃ બહિરંગેઃ. રે

અક્ષર–ન્યાસ–ધરા આરાધક
આરાધે ધરી સંગે. રે   ષડ્૦ ૫

[જૈન=જૈનદર્શન. ઉત્તમ-અંગ=માથું, અંતરંગ=અંદરનું. બહિરંગ=બહારનું, અક્ષર-ન્યાસ-ધરા=અક્ષરોની સ્થાપના ધારણ કરનારા. આરાધક=આરાધના--ભક્તિ કરનારા.]

પ્રસિદ્ધ જૈન દર્શન તે શ્રી જિનેશ્વર પ્રભુનું બહારથી અને અંદરથી ઉત્તમાંગ છે. એટલે કે બહારથી મસ્તક છે. અને અંદરથી ઉત્તમ શ્રેષ્ઠ અંગ છે. એ દર્શનનો સંગ કરીને આરાધક એવા **અક્ષર ન્યાસ ધરા**–શરીરના જુદા જુદા અંગો ઉપર અક્ષરના ન્યાસ કરીને ધ્યાન કરનારા ચૌદ પૂર્વધર અને ગણધર ભગવંત જેવા યોગી પુરુષો એ મહા ધ્યાનનીસાધના કરી શકે છે. એ મહાધ્યાન જૈન દર્શન વિના કયાંય નથી. ૫

જૈન દર્શન વિના--ચૌદ પૂર્વોના જ્ઞાન વિના–એ મહા ત-ત્વનું જ્ઞાન જગત્માં સંભવિત નથી, અને ધ્યાન એટલે આત્માની ધ્રુવતા સંભવિત નથી. કેમકે–એ વાત બીજા કોઈ પણ ઠેકાણે નથી. માટે, તે જેમ બહારથી બુદ્ધિગ્રાહ્ય વિશાળ તથા જ્ઞાનમય દર્શન છે. તેમજ અંદરથી તેના બાળ જીવથી માંડીને પરમ યોગી સુધીના આચારો–અનુષ્ઠાનો–વિગેરે આત્મ વિકાસના સંખ્યાતીત ઉપાયોના ખજાના રૂપ એ દર્શન છે. તેથી તેના સંબંધથી મહાઆરાધકો મહા ધ્યાન કરી શકે છે.

જિન-વરમાં સઘળાં દર્શન છે.
દર્શને જિન-વર ભજના. રે
સાગરમાં સઘળી તટિની સહી.
તટિનીમાં સાગર-ભજના. રે પ૦ ૬

[ભજના=હોય કે ન હોય સાગર=સમુદ્ર સહી= નક્કી, જ. તટિની=નદી.]

એ રીતે, જેમ સમુદ્રમાં બધી નદીઓ સમાય જ છે, પણ નદીમાં સમુદ્ર હોય કે ન પણ હોય. તે પ્રમાણે શ્રી જિન-વર [ભાષિત દર્શન]માં સઘળાંયે દર્શનો આવી જાય છે, અને બીજાં દર્શનોમાં જિનવર-જૈન દર્શન હોય, કે ન પણ હોય. ૬

કેમકે—બીજા દર્શનો એક એક વાતની મુખ્યતાએ રચાયેલા છે. ત્યારે જૈનદર્શન વિશ્વની તમામ વસ્તુઓનું સ્યાદ્વાદ દૃષ્ટિથી અવલોકન કરીને નિરુપણ કરનાર હોવાથી અનેક દૃષ્ટિ બિન્દુઓથી સિદ્ધ થતી અનેક પ્રકારની વ્યવ-સ્થિત તત્ત્વ દૃષ્ટિ બતાવનાર હોવાથી તેમાં સઘળાંયે દર્શન સમાય છે. પરંતુ, તે જૈનદર્શન બાકીના દર્શનોમાં અંશતઃ દેખાય છે, પણ સંપૂર્ણ ન દેખાય, એ સ્વાભાવિક છે. જ્યાંસુધી સમ્યક્ત્વ પ્રાપ્ત ન થયું હોય, ત્યાંસુધી કોઇપણ સંપ્રદાય કે દર્શન મારફત જીવ અંશથી જૈન ધર્મની આરા ધના કરે છે. ત્યાર પછી સર્વાંશે જૈન દર્શનની આરાધના પ્રાપ્ત થાય છે.

જિન-સ્વરૂપ થઈ જિન આરાધે,
તે સહી જિન-વર હોવે. રે

ભૃંગી ઈલિકાને ચટકાવે,
તે ભૃંગી જગ જોવે. રે પ૦ ૭

[ભૃંગી=ભમરી. સહી=ચોક્કસ. ઇલિકા=ઈયળ. ચટકાવે=કરડે.]

જેમ પ્રાથમિક દશાના ભમરીના ઈયળ રૂપ બચ્ચાંને ભમરી પોતાના ડંખથી ડંખ મારે છે, ત્યારે તે ઈયળ તે ભમરીના ધ્યાનમાં લીન થઇને જેમ કાળાંતરે ભમરીરૂપે બહાર નીકળે છે, એટલે પછી "ઈયળ રૂપાંતર પામીને એકવીશ દિવસે ભમરી થઈ જાય છે." એવું લોકમાં કહેવામાં આવે છે, તે પ્રમાણે જે જિન સ્વરૂપ થઈને-તન્મય થઇને જિનેશ્વર દેવની આરાધના કરે, તે ચોક્કસ જિનેશ્વર થાય જ. ૭

સર્વ દર્શનમય જિનેશ્વર થવા માટે જિનરૂપ થઈને જિનેશ્વરનું ધ્યાન કરવું જોઈએ. ધ્યેયઃ ધ્યાનઃ અને ધ્યાતાઃ એકરૂપે-અભેદ રૂપે થાય, ત્યારે તે ધ્યાતા આત્મા પણ જિનેશ્વર બની જાય છે. પોતાના આત્માને જે જે રૂપે ભજશે, તે તેરૂપે થશે. અહીં **સમાપત્તિ** નામના યોગના પ્રકારની સૂચના છે.

ચૂર્ણિઃ ભાષ્યઃ સૂત્રઃ નિર્યુકિતઃ
વૃત્તિઃ પરંપર-અનુભવઃ રે
સમય-પુરુષનાં અંગ કહ્યાં એ.
જે છેદે, તે દુર્ભવ. રે પ૦ ૮

[ચુર્ણિ=પ્રાકૃત ભાષામાં ટીકા. ભાષ્ય=સંક્ષેપમાં સૂત્રનો

અર્થ. સૂત્ર=મૂળ સૂત્ર, નિર્યુક્તિ=પદોના અક્ષરો છુટાપાડી અર્થ કરનારી વિવેચના. વૃત્તિ=સંસ્કૃતમાં ટીકા. પરંપર-અનુભવ=ગુરુ-શિષ્યની પરંપરાથી ચાલ્યો આવતો અનુભવ. સમય-પુરુષ-શાસ્ત્ર રૂપી પુરુષ. છેદે=નાશ કરે, વિપરીત પ્રતિપાદન કરે, તેનો અપલાપક. દુર્ભવ=દુર્ભવ્ય, પાપી.

ચૂર્ણિ: ભાષ્ય: સૂત્ર: નિર્યુક્તિ: વૃત્તિ: અને ગુરુ-શિષ્યની પરંપરાથી ચાલ્યો આવતો અનુભવ : એ છયેય જૈન શાસ્ત્ર-પ્રવચન-સમયરૂપી પુરુષનાં છ અંગો છે. તેમાંના એકનો પણ ઉચ્છેદ કરે, એકને પણ ન માને, તે દુર્ભવ્ય-મહાદોષિત-થાય છે, અથવા જે છેદે, તેનું ખંડન કરે, તેનું ન માને, તે દુર્ભવ્ય જેવો માનવો. ૮

૧ પ્રભુ મુખથી અર્થ ગંભીર વાણી સાંભળી ગણધર ભગવંતો જે શાસ્ત્રો ગુંથે, તે, અને બીજા સુવિહિત સંપૂર્ણ દશ પૂર્વધર સુધીના પુરુષો જે જે જિનાગમાનુસાર ગુંથે, તે સૂત્ર કહેવાય આગમ કહેવાય. એવા આજે ૪૫ આગમો વિદ્યમાન છે. પૂર્વે ૮૪ હતાં.

૨ સૂત્રોના ભાવ અને રહસ્યનું વિશાળતાથી પૃથક્કરણ કરનારી વિવેચન પદ્ધતિને નિર્યુક્તિ કહેવામાં આવે છે. તેવી ભદ્રબાહુ સ્વામિની કરેલી આવશ્યક સૂત્ર વિગેરે સૂત્રો ઉપરની દશનિર્યુક્તિઓ મળે છે.

૨ સૂત્ર અને નિર્યુક્તિના ભાવ સમજાવનાર વિવેચન પદ્ધતિને ભાષ્ય કહેવામાં આવે છે. તેવાં ભાષ્યો ઘણાં છે.

૪ સૂત્રઃ નિર્યુક્તિઃ અને ભાષ્યઃ એ ત્રણેયને પ્રાકૃત ભાષામાં ટુંકામાં સમજાવનાર ચૂર્ણિ કહેવાય છે. આવશ્યક ચૂર્ણિઃ નંદિચૂર્ણિઃ વિગેરે ઘણી ચૂર્ણિઓ છે.

૫ ઉપર જણાવેલા પાંચેયને વિસ્તારપૂર્વક સરળતાથી સમજાવનાર વિવેચનાને વૃત્તિ-ટીકા કહેવાય છે. તેવી વૃત્તિઓ અનેક છે.

૬ જૈન દર્શનને લગતી ઘણી ખરી બાબતો ઉપર જણાવેલા પાંચેય પ્રકારના ગ્રંથોમાં આવે છે, તે ઉપરાંત, ગુરુપરંપરાથી કર્ણોપકર્ણ ચાલી આવતી વાતો, અનુભવ, વૃદ્ધોનો અનુભવઃ અને તેને લાગતું વાઙ્મય એ સઘળા જૈન દર્શન-જૈન શાસ્ત્રોના મુખ્ય વિભાગો છે. તે સઘળાને યથાયોગ્ય માન આપવું જ જોઈએ

જગત્‌માં એવું કોઇ પણ-જ્ઞાન-વિજ્ઞાનઃ વિજ્ઞાન નથી, કે જેનો વિચાર એ છ અંગોમાં ન આવતો હોય.

મુદ્રાઃ બીજઃ ધારણાઃ અક્ષરઃ
  ન્યાસઃ અર્થ--વિનિયોગેઃ રે
જે ધ્યાવે, તે નવિ વંચીજે
  ક્રિયા--અવંચક-ભોગે. રે ૫૦ ૯

[મુદ્રાઃ=આકૃતિ. બીજ=મંત્ર બીજ. ધારણા=એક જાતનું ધ્યાન અક્ષર-ન્યાસ=અક્ષરોની સ્થાપના અથવા અક્ષર=અક્ષરો ન્યાસ=સ્થાપના. વિનિયોગે=જોડાણકરીને ધ્યાવે=ધ્યાન ધરે. નવિ વંચીજે=ન છેતરાય ક્રિયા-અવંચક=ક્રિયા-ઽ-વંચક નામનો યોગ. ભોગે=ભોગવટો.

હસ્તાદિકની મુદ્રા, બીજ રૂપ ૐ વિગેરે મંત્રાક્ષર : તેની ધારણા--તેના ઉપર ચિત્તની એકાગ્રતા મંત્રની સાથે બીજા કેટલાક અક્ષરો : તે સર્વની પણ હૃદયાદિકમાં યોગ્ય ઠેકાણે ધ્યાન વખતે ન્યાસ-સ્થાપના, અને તેના અર્થનો વિનિ-યોગ-સંબંધ કરીને, એ છ રીતે જ ધ્યાન ધરે, તે કદી સંસાર વર્ધક કષાયાદિકથી ઠગાય નહીં. અને ક્રિયા–ઽ–વંચક નામના યોગનો ભોક્તા થાય.

૧૦ મી કડીમાં જણાવ્યા પ્રમાણે ગુરુગમ વિના મુદ્રા-દિકથી ધ્યાનની પ્રક્રિયા કરી શકાય તેમ નથી. માટે, ક્રિયા-અવંચક અવશ્ય યોગાવંચક ગુરુ સમાગમી હોય જ. અને ક્રિયા-ઽ-વંચક યોગની સિદ્ધિ પામેલ જીવ અવશ્ય ફળાવંચક યોગ પામે જ. ૯

શ્રુત–અનુસાર વિચારી બોલું.
"સુ–ગુરુ તથા–વિધ ન મિલે. રે
કિરિયા કરી નવિ સાધી શકિયે."
એ વિષ-વાદ ચિત્ત સઘલે. રે પ૦ ૧૦

[શ્રુત=શાસ્ત્ર તથા વિધ=તેવા પ્રકારના વિષવાદ= ખેદ ચિત્ત=મનમાં સઘલે=દરેક ઠેકાણે.]

આ બધી વાત હું શ્રુત–આગમ–શાસ્ત્રોને અનુસારે કહું છું "મને પોતાને એ ધ્યાન ધરવાનો તેવા પ્રકારનો ગુરુગમ મળ્યો નથી; તેથી ક્રિયા કરીને એ ધ્યાનથી સાધવા યોગ્ય

સાધના અમે સાધી શકતા નથી." એ સઘળી બાબતનો અમારા મનમાં ઘણો વિખવાદ—ખેદ છે. અમારો સંસાર હજુ કેટલો બધો બાકી હશે ? કે જેથી અમને હજુએ સામગ્રી પ્રાપ્ત થઈ નથી. તેથી અમારા મનમાં ભારે ચિંતા છે." ૧૦

પંચમ કાળમાં શ્રુત થોડું, તેના જ્ઞાતા થોડા, તેનો યોગ પણ ક્વચિત્ થાય. કેટલીક આમ્નાયો કાળ દોષે લોપ પામી ગઈ છે. તેનો ગુરુ—ગમ મળવો જ મુશ્કેલ છે. કે જેના અનુભવનો સીધો લાભ મળે. એવા વિષમ કાળમાં અમો આવી પડયા છીએ. આપના કાળે ક્યાં રખડતા હોઈશું ? નહીંતર તો, આપની પાસેથી બધું જાણીને સાધના કરત. પરંતુ કમનસીબે વિષમ કાળમાં અમો આવી પડયા છીએ. છતાં, શાસ્ત્રોનો કાંઇક ટેકો છે. તથા બીજા ઘણાં સાધનો હજુ મળે છે. એટલો સંતોષ છે. બાકી તુરત મોક્ષ નથી મેળવી શકતા કેમકે તથા પ્રકારની સામગ્રી મળતી નથી. તેમજ લાયકાત પણ હજી તેવી પ્રાપ્ત થઈ નથી. એ વિગેરેનો ખેદ થાય છે. કેમકે—ઉંચા પ્રકારના ત્રણેય અવંચક યોગોની યથાવિધિ—સંપૂર્ણ પ્રાપ્તિ થઈ શકી નથી

તે માટે ઉભા કર જોડી,
જિન—વર આગળ કહિયે. રે
"સમય—ચરણ—સેવા શુદ્ધ દેજો
જિમ આનંદ—ઘન લહિયે. રે ૫૦ ૧૧

[સમય=શાસ્ત્ર અથવા તે મારફત પરમાત્મા. આનંદ—ઘન=મોક્ષ. લહિયે=મેળવીએ.]

તે માટે નિરાશ ન થતાં, નામઃ સ્થાપના અને દ્રવ્ય જિનેશ્વર પ્રભુનો યોગ પૂર્વના પુણ્યના બળથી પામીને શ્રી જિનેશ્વર આગળ હાથ જોડીને ઊભા રહીને કહીએ છીએ, કેઃ– "હે જિનેશ્વર દેવ! જે રીતે અમને આનંદ ધન–મોક્ષ મળે, તે પ્રમાણે આપનાં દર્શન, શાસ્ત્ર, આગમ-પ્રવચનની શુદ્ધ સેવા કરી શકીએ, તેવી સામગ્રી આપજો."

ફ્લાવંચક યોગની માંગણી કરવામાં **યોગાવંચક** અને **ક્રિયાવંચક** એ બે યોગની માંગણી આવી જ ગઈ. ૧૧

૬ ગાથા સુધીમાં છ દર્શનની જૈન દર્શનમાં ઘટના કરી, પછી ૭–૮–૯–૧૦ ગાથામાં જૈનદર્શનની પ્રાપ્તિથી કેવી રીતે આત્મ વિકાસ થાય? તે બતાવેલ છે. એટલે આ સ્તવનમાં, માત્ર જૈનદર્શનમાં છ દર્શનજ ઘટાવ્યાં છે, એટલું જ નથી. પરંતુ ૭ મી ગાથાથી જૈન દર્શન મોક્ષ પ્રાપ્ત થવામાં કેવી રીતે ઉપયોગી થાય છે? અથવા તે પ્રબળ નિમિત્ત કેવી રીતે છે? તે બતાવેલ છે. શાસ્ત્રાભ્યાસ, તેની વફાદારી, આજ્ઞાનું પાલન, શ્રુતધરપણુંઃ ધર્મ અને શુક્લ ધ્યાન! ભેદ ધ્યાનઃ અભેદ ધ્યાનઃ અને છેલ્લે મોક્ષ પ્રાપ્તિઃ તેમાં જૈનદર્શન કેટલો ભાગ ભજવે છે? તે બતાવેલ છે.

ભાવાર્થઃ—જૈન દર્શન છયેય દર્શનના સમૂહ રૂપ છે. અને એ વાત તેનાં–સૂત્રઃ નિર્યુક્તિઃ ભાષ્યઃ ચૂર્ણિઃ વૃત્તિઃ અને ગુરુ–પરંપરાથી ચાલ્યા આવતા અનુભવઃ રૂપ છ અંગવાળા તેના શાસ્ત્રો જોવાથી બરાબર સમજાય તેમ છે. જૈનશાસ્ત્રોમાં નિપુણ અક્ષર સંભિન્ન લબ્ધિવાળા પુરુષો

બીજ: મુદ્રા: ધારણા: અક્ષર: તેના ન્યાસ–યોગ્ય સ્થાને ધ્યાન વખતે સ્થાપના: તથા અર્થનું જોડાણ: એ છ રીતે શ્રુતની મદદથી શુક્લ ધ્યાનના પ્રથમ બે પાયાનું ધ્યાન કરીને પૂરા ક્રિયાઅવંચક યોગી બને છે. જૈન દર્શન વિના પૂરા યોગી ન બની શકાય.

જો કે, આ ધ્યાન કેવી રીતે થાય છે? તેની માહિતી સ્તવનકારને નથી. પણ તે ન હોવાની ખામી તેમને ભારે ખટકે છે. તેની તેના હૃદયમાં બળતરા થાય છે

સાંખ્ય: યોગ: નૈયાયિક: વૈશેષિક: પૂર્વ મીમાંસા–જૈમિની દર્શન: અને ઉત્તર મીમાંસા–વેદાન્ત દર્શન: એ છ દર્શનો વેદને અનુસરનારા હોવાથી વૈદિક દર્શનો કહેવાય છે.

બૌદ્ધ: અને જૈન: એ બે પણ સ્વતંત્ર આસ્તિક દર્શનો છે. અને તે બન્નેયના શાસ્ત્રો પણ જુદા છે. લોકાયતિક–ચાર્વાક દર્શન નાસ્તિક દર્શન ગણાય છે, અને તે પ્રત્યક્ષ પ્રમાણને જ તથા બહાર દેખાતી વસ્તુઓને જ માને છે.

આસ્તિક દર્શનની વ્યાખ્યા એ છે, કે–"આત્મા અને તેને પરલોક તથા મોક્ષ છે." એમ માનીને આધ્યાત્મિક વિકાસને જીવનનો આદર્શ માનીને માનવી જીવન માટે આધ્યાત્મિક સંસ્કૃતિ રચે, તેને ટેકો આપે, અને તેનું રક્ષણ કરે, તે આસ્તિક માર્ગાનુસારી અને માર્ગસ્થ કહેવાય. આધ્યાત્મિક–જીવન–સંસ્કૃતિને ન માને, ન ટકાવે, ને તેને ધક્કો લગાડે, તે નાસ્તિક, મહામિથ્યાત્વી, જડવાદી કહેવાય.

પરંતુ, આ સ્તવનમાં છ દર્શન બીજી રીતે આપેલાં છે. સાંખ્ય, યોગ, મીમાંસક, બૌદ્ધ, જૈન અને લોકાયતિક,

નૈયાયિક અને વૈશેષિકને સાંખ્ય કે યોગમાં, અને વેદાંતને મીમાંસકમાં લઇ લીધા છે. અથવા યોગ દર્શનને સાંખ્યમાં ગણીને, યોગ એટલે નૈયાયિકઃ એવો પણ અર્થ ટબામાં કરેલો છે.

જૈન દર્શન બધી રીતે ઉત્તમ અંગ રૂપ છે. તથા શુક્લ ધ્યાનના પહેલા બે પાયાનું ધ્યાનઃ એ જૈન દ્વાદશાંગીના ધારક હોય, તે જ કરી શકે છે--બીજા કરી શકતા નથી.

બીજા દર્શનો જુદા જુદા એક એક વિજ્ઞાન રૂપ છે, ત્યારે જૈન દર્શન સકળ વિજ્ઞાનોના સરવાળા રૂપ તત્ત્વજ્ઞાનમય દર્શન છે ત્રણુ કાળમાં તેવું કોઇ પણ દર્શન ઉત્પન્ન થયું નથી. વિદ્યમાન નથી ઉત્પન્ન થઇ શકશે પણ નહીં. જૈન દર્શન જગતનું અનેક દૃષ્ટિથી નિરુપણ કરે છે. તેથી તેમાં છ કરતાં પણ સંખ્યાબંધ-દર્શનો દૃષ્ટિઓ સમાતી હોવાથી સેંકડો બલ્કે સંખ્યાબંધ દર્શનોના સમૂહ રૂપ છે. જૈન દર્શનના અભ્યાસીઓને આ વાત સ્પષ્ટ થયા વિના રહેતી નથી.

આ સ્તવનમાંઃ—(૧) શ્રી જિનેશ્વર દેવના ઉપદેશમાં છ દર્શન ઘટાવ્યાં છે. (૨) જૈન શાસ્ત્રો રૂપ સમય પુરુષ–શાસ્ત્રરૂપ–પુરુષનાં ચૂર્ણિ વિગેરે છ અંગો બતાવીને, તેની પ્રામાણિકતાનો ખ્યાલ આપ્યો છે (૩) છ રીતે ધ્યાન પ્રક્રિયા બતાવી છે. અને (૪) એ છ ધ્યાન પ્રક્રિયા કરતી વખતે શરીરનાં કયા કયા અંગોમાં કયા કયા મંત્રાક્ષરો અને તેની સાથેના બીજા અક્ષરો નિયુક્ત કરવા ? તેનું વર્ણન

કર્યું નથી, પણ સૂચના કરી છે. (૫) સર્વ ધ્યેયોમાં "જિનવર ધ્યેય તરીકે ખૂબ ઉત્તમ છે" એમ સૂચના કરી છે.

આ સ્તવનમાં નીચે પ્રમાણે છ છ બાબતો આવેલી છે.

છ અંગોઃ—બે પગ: બે હાથ: એક પેટ: એક માથું.

છ દર્શનોઃ—સાંખ્ય: યોગ: બૌદ્ધ: મીમાંસક: ચાર્વાક: અને જૈન:

છ ધ્યાનના અંગોઃ—મુદ્રાઃ બીજ મંત્રઃ ધારણાઃ મંત્રાક્ષર શિવાયના બીજા અક્ષરોઃ તેના ન્યાસઃ, અર્થ.

પ્રવચનના છ અંગોઃ—સૂત્રઃ નિર્યુક્તિઃ ભાષ્યઃ ચૂર્ણિઃ વૃત્તિઃ અને પરંપરાનો અનુભવઃ

કોઈપણ સાધક આત્મા કોઈ પણ દર્શનનો આશ્રય લઈને પોતાના આત્માની પ્રગતિ ધીમે ધીમે સાધતો સાધતો આગળ વધે. તેમાં પણ અંશથી જૈન દર્શનોક્ત વિકાસ માર્ગની સેવા આવી જાય છે. એ રીતે આગળ વધતાં વધતાં છયેય દર્શનો કે બીજા જે જે સંપ્રદાયો હોય. તેમાંથી પસાર થતો થતો જૈન દર્શનમાં પ્રવેશ કરે. ત્યાં સમ્યક્ત્વઃ નવતત્ત્વનો બોધઃ દેશ વિરતિઃ સર્વ વિરતિઃ પ્રાપ્ત કરે. સૂત્ર નિર્યુક્તિઃ ભાષ્યઃ ચૂર્ણિઃ વૃત્તિઃ અને પરંપરાના અનુભવને અનુસરીને જિનાજ્ઞાનું પાલન કરી. તીર્થંકર પ્રભુની આજ્ઞાને આધીન રહી, આગળ વધતાં પૂર્વધર અને દ્વાદશાંગી ધારક થઈ, જિનસ્વરૂપ થવા માટે મુદ્રાઃ બીજઃ ધારણાઃ અક્ષરઃ ન્યાસઃ અને અર્થઃ એ સર્વનો વિનિયોગ કરી ધ્યાન કરે. અને એ રીતે જૈન શાસ્ત્રો મારફત જિનેશ્વર દેવનું ધ્યાન કરે. જિનેશ્વર પ્રભુના

ધ્યાન ઉપરથી તેમની સાથે પોતાના આત્માની અભેદતા ધ્યાવે, તે પછી પોતાના આત્માનું દ્રવ્યઃ ગુણઃ પર્યાયના ભેદથી ધ્યાન કરે. પછી ગુણ અને પર્યાયનો દ્રવ્યમાં અભેદ કરીને ધ્યાન કરે. જ્ઞાનઃ દર્શનઃ ચારિત્રઃ વીર્યઃ વિગેરે આત્માના અનંત ગુણોના જુદા જુદા ધ્યાનની જરૂર રહેતી નથી. એમ અભેદ ધ્યાનથી–નિર્વિકલ્પ ધ્યાનથી આત્મામાં સ્થિરતા પ્રાપ્ત થઇ જાય છે. એ રીતે પરંપરાએ જે આત્મા એક વખત કોઇપણ સંપ્રદાય કે ધર્મની ક્રિયા અનુષ્ઠાન કરીને પ્રગતિ કરતો હતો. તે આત્મા બીજા બધા આલંબનો છોડીને પોતે જ ધ્યેયઃ ધ્યાતાઃ અને ધ્યાનઃ સ્વરૂપ બની જાય છે. એટલે પરમાત્મા રૂપ–જિનેશ્વર રૂપ બની જાય છે. પછી તેને કોઇ પણ વસ્તુની અપેક્ષા રહેતી નથી. પોતાના જ્ઞાનાદિક ગુણોથી પણ અભેદ સ્વરૂપમાં આવી જાય છે. આ રીતે શાસ્ત્રજ્ઞાન અને તેની આજ્ઞા અનુસાર આચરણરૂપ વચનાનુષ્ઠાનને આધારે પરંપરાએ નિર્વિકલ્પ દશા પ્રાપ્ત થતાં આત્માજ પરમાત્મ રૂપ–જિન સ્વરૂપ બને છે. સમાપત્તિ યોગ પ્રાપ્ત થાય છે. આ રીતે છ દર્શનઃ તેનો જૈન દર્શનમાં સમાવેશઃ જૈન દર્શનના મહા પ્રવચનના છ અંગોઃ તેમાં બતાવેલા ધ્યાનનાં છ અંગોઃ તેની મદદથી આત્મા પરમાત્માના ધ્યાનથી પરમાત્મા રૂપ બની જાયઃ જેમ ભમરીના ચટકાથી ઇયળમાંથી તેનું ધ્યાન ધરતાં ધરતાં ભમરી બની જાય, તેમ. અને એ રીતે ક્રિયા અવંચક યોગ સિદ્ધ થતાં મોક્ષરૂપ ફળાવંચક યોગ સિદ્ધ થાય છે, સિદ્ધ સમાપત્તિ યોગ પ્રાપ્ત થાય. આ સ્તવનમાં આટલું

બધું રહસ્ય સૂચિત કરેલું જોઈ શકાય છે. ઉપર જણાવેલા ચાર પ્રકારના છ છ અંગોની એવી વિવેચના ગુંથી છે, તે ઉપરથી આ રહસ્ય ધ્વનિત થાય છે.

---

૨૨. શ્રી-નેમિ-નાથ-જિન-સ્તવન

ધ્યાતા અને ધ્યેયની એકતાઃ સાચી પ્રેમિકાના વિરોધાભાસથી પ્રાથમિક ઠપકાઃ

[ધ્યેય અને ધ્યાતાની લગભગ એકતાનું વર્ણન આ સ્તવનમાં છે. તીર્થંકરરૂપી ધ્યેય માત્ર નિમિત્ત રૂપ જ જણાય છે. છેવટે તો પોતાનો આત્માજ પોતાના ધ્યેયરૂપ છે. તેથી ધ્યાતા રાજીમતી ધ્યેયરૂપ નેમિનાથ પ્રભુની પહેલાં જ મોક્ષમાં પહોંચી જઇ શક્યા છે. ધ્યાતા પણ ધ્યેયની પહેલાં જ ધ્યેયરૂપ બની જાય છે. બાહ્ય ધ્યેય પણ નિમિત્ત માત્ર હોય છે. ખાસ ધ્યેય તો ધ્યાતા પોતે જ છે. સ્વાત્મ શિવાયના સર્વ ધ્યેયો પર–સમયરૂપ છે. પરિણામે –પરની લેશ પણ છાયા વિના કેવળ સ્વશકિતથીજ આત્મા સ્વ–સ્વરૂપસ્થ થાય છે.]

[રાગઃ મારૂણીઃ " ધણુરા ઢોલા " એ દેશી.]

અષ્ટ-ભવાંતર વાલહી. રે
 તું મુજ આતમ–રામ. મનરા વ્હાલા !
મુગતિ–સ્ત્રીશું આપણે રે
 સગપણ કોઇ ન કામ. મન૦ ૧

[અષ્ઠ=આઠ. ભવાંતર=ભવોમાં, વાલહી=વ્હાલી આતમ-રામ=આત્મામાં રમનારો. હૃદયથી પ્રીય. મનરા= મનમાંના વ્હાલા=વ્હાલા, પ્રિય, કામ=કામનું, પ્રયોજન.]

મુક્તિ સ્ત્રી સાથે તમારે સગપણ બાંધવાનું કાંઇ પણ પ્રયોજન મને જણાતું નથી. કેમકે-પાછળના આઠ ભવો સુધીમાં દરેક ભવમાં હું તારી વ્હાલામાં વ્હાલી પત્ની હતી, અને તું મારો વ્હાલામાં વ્હાલો પ્રાણ—આતરામ હતો. આ ભવમાં પણ તમો મારા વ્હાલા છો. તો હવે, મુક્તિ સ્ત્રી સાથે સગપણ બાંધવાનું શું કામ છે ? બસ, કશુંયે કામ નથી જ.

વિરોધનો પરિહાર: મારા જેવી આઠ ભવથી વ્હાલી પ્રેમિકા કરતાં તમારું મન હવે મોક્ષ તરફ ગયું છે. તેથી આપ ખરેખર મોક્ષગામી પરમાત્મા છો. ૧

નેમિ એટલે ચક્રની ધરી પણ થાય છે. તેથી શ્રી નેમિનાથ ભગવાનનું નામ અને ધ્યાનમાં તેઓ ધ્યેય તરીકે—નેમિ તરીકે—કેન્દ્ર તરીકે હોવાથી બંનેય રીતે શ્લેષથી સાર્થકતા બતાવી છે.

ઘર આવો હો વાલિમ ! ઘર આવો.
મારી આશાના વિશરામ ! મન૦
રથ ફેરો, હો સાજન ! રથ ફેરો
સાજન ! મારા મનોરથ સાથ. મન૦ ૨

[વાલિમ=વાલમ, વ્હાલા, આશાના વિશ્રામ= આશાના વિસામા, આશા પૂરી કરનારા, સાજન=સજ્જન

સાજન, સ્વજન, મારા અંગતજન. મનોરથ=આશા, મનના રથ, અભિલાષા, ઈચ્છા.]

માટે, હે મારા સાજન ! મારા મનોરથની સાથે તમારો રથ પાછો ફેરવો, પાછો ફેરવો. અને વ્હાલા ! હે મારી આ-શાના વિસામા ! ઘેર આવો રે ! ઘેર આવો. જેથી આપની પત્ની થવાના ભાંગી પડેલા મારા મનોરથો ફરીને પાછા સંધાઇ જાય, ચાલ્યા ગયેલા મારા મનોરથો તમારા રથના પાછા ફરવા સાથે ફરીથી પાછા ફરે, અને સફળ થાય-મારી આશાઓ સફળ થાય અને મને વિસામો મળે. તમો મારા સાજન—સ્વજન છો. આટલું કરો. આટલું જરૂર કરો. આમ રાજુલના હૃદયનો ચિત્કાર કવિ પોકારે છે.

વિરોધનો પરિહાર: મારી આશા પૂરવાને બદલે તમે મોક્ષ મેળવવાના તમારી પોતાની અભિલાષા પૂરી કરવા અહીંથી રથ વાળીને ચાલ્યા જાઓ છો. મારા એકલાના કુટુંબી જન મટીને વિશ્વના સાજન બનવા જાઓ છો. અહો તમારાં વ્હાલ કેટલા બધા વિશાળ છે ? ૨

"નારી પખો શ્યો નેહલો રે ?"
સાચ કહે જગ—નાથ !. મન૦
ઇશ્વર અરધાંગે ધરી રે
તું મુજ ઝાલે ન હાથ. મન૦ ૩

[નેહલો=પ્રેમ. સાચ=સાચું. ઇશ્વર=મહાદેવ અર-ધાંગે=અરધે શરીરે.]

હે જગન્નાથ! સાચું કહે! શું તારા દિલમાં એમજ છેને? કે–"માત્ર બૈરીના એક તરફી પ્રેમની શી કિંમત છે?" પરંતુ વ્હાલા! તને માલૂમ છે, કે નહીં? ઇશ્વરે–મહાદેવે–તો આખું અરધું શરીર સ્ત્રીનું ધારણ કરેલું છે. તેથીજ તો તેનું નામ **અર્ધનારીશ્વર** કહેવાય છે. ત્યારે તું તો મારો હાથ પણ પકડતો નથી. તો શરીરે લગાડવાની તો વાત શી? તારા અંગનો અરધો ભાગ આપીને મને અરધી ભાગીદાર અર્ધાંગના બનાવવાની તો આશા જ મારે કયાંથી રાખવી? તમારા દિલની કેટલી કઠોરતા છે? અરેરે! અને તારે કહેવાવું છે જગન્નાથ. તારે મને શોકમાં ડુબતી નથી બચાવવી. તેમજ મારો હાથ પણ નથી પકડવો. તો જો તું મારો નાથ થઇ શકતો નથી, તો પછી જગન્નાથ શાનો થવાનો?

વિરોધનો પરિહારઃ મહાદેવ જેવા મહાદેવ ગણાતા દેવને પોતાનું અરધું શરીર સ્ત્રીને વશ કરવું પડયું છે. ત્યારે તમે તો સ્ત્રીનો હાથ પણ ઝાલતા નથી. તેથી તમે જ ખરેખરા વીતરાગ જગન્નાથ મહાદેવ છો. ૩

પશુ–જનની કરુણા કરી રે,
  આણી હૃદય વિચાર. મન૦
માણસની કરુણા નહીં. રે
  એ કુણ ઘર–આચાર? મન૦ ૪

[આણી=લાવી. કુણ=કયા]

પણ તમારા આવા આચાર કોના ઘરના છે ? તેની સમજણ જ પડતી નથી. હૃદયમાં ખૂબ વિચાર લાવીને પશુડાઓ જેવાં હલકાં પ્રાણીઓ ઉપર પણ તમે દયા વર્ષાવી નાંખી. ત્યારે માણસ જેવા માણસ તરફ ધ્યાન પણ આપતા નથી. દયાનો તો તમારામાં છાંટોયે નથી. હાય રે ! હાય !

વિરોધનો પરિહારઃ પશુઓ ઉપર પણ દયા છે, અને માનવો ઉપર પણ દયા છે. પણ તેમાંના કોઈની તરફ રાગનું આકર્ષણ નથી. સર્વ જીવો ઉપર ભાવ દયા ધરાવો છો. રાગમાં આસકત ન હોવાથી આપ ખરેખરા દયાળુ વીતરાગ દેવ છો. ૪

પ્રેમ–કલ્પ–તરૂ છેદિયો. રે
 ધરિયો જોગ–ધતૂર. મન૦
ચતુરાઈરો કુણ કહો રે
 ગુરુ મી લિયો જગ–સૂર ? મન૦ ૫

[પ્રેમ–કલ્પ–તરૂ=પ્રેમરૂપી કલ્પવૃક્ષ. યોગ=જોગ, ત્યાગ. ધતૂર=ધતુરો. ચતુરાઈરો=ચતુરાઈનો [રો–છઠ્ઠીનો વિભક્તિ મારવાડી ભાષાનો પ્રત્યય) જગ-સૂર=જગતમાં સૂર્ય સમાન, અથવા શૂરો.]

તમે પ્રેમરૂપી કલ્પવૃક્ષ કાપી નાખ્યું, અને યોગ–ત્યાગ રૂપી ધતૂરો પકડી લીધો. આવી ચતુરાઇ કરવાનું શીખ-

વનાર કહો તો ખરા, દુનિયામાંથી તમને એવો કોણ શૂરો અથવા જગત્‌માં સૂર્ય સમાન ગુરુ મળી આવ્યો? જેણે આવી અવળી શિખામણ તમને આપી!!

વિરોધનો પરિહાર: દુન્યવી પ્રેમ રૂપી ધતૂરો તમે કાપી નાંખ્યો અને યોગરૂપી કલ્પવૃક્ષનો તમે આશ્રય લીધો. તેથી ખરેખર, તમને જગત્‌માં સૂર્ય સમાન મહા ચતુર કોઇ ગુરુ દુનિયામાંથી મળી ગયેલા લાગે છે. પ્રેમ તો સહુ કરે છે, પણ જોગ ધરવો જ જગત્‌માં કઠણ છે. તે કામ તમે ઉપાડયું છે. ને પાર પાડયું છે. માટે તમારી શૂરવીરતા જેટલી વખાણીએ તેટલી ઓછી છે. તે બતાવનાર કોઇ ગુરુ તમને મળેલ હોય, તો તેને પણ ધન્યવાદ છે. ૫

મારું તો એમાં કાંઇ નહીં. રે
  આપ વિચારો રાજ ! મન૦
"રાજ-સભામાં બેસતાં રે
  કિસડી બધસી લાજ? મન૦ ૬

[કિસડી=કેટલી, કેવીક. બધસી=વધશે. લાજ=આબરુ]

પરંતુ, હે મહારાજ ! મારું તો એમાં કાંઇયે ગયું નથી કે જવાનુંયે નથી. મારો પ્રેમ તો એમ પણ અખંડ જ રહેવાનો છે. પણ તમો પોતે જ તમારો તો વિચાર કરો

કે–રાજસભામાં બેસતાં આપની પોતાની આબરુ કેવી રીતે વધશે ? રાજસભામાં વાંઢા માણસની આબરુ શી ?

વિરોધનો પરિહારઃ ખરેખર, રાજસભામાં વાંઢા મા-માણસની આબરુ ગણાતી નથી. પરંતુ દેવાદિકની બનેલી બાર વર્ષાદાઓમાં સમવસરણ વચ્ચે જ્યારે આપ બિરા-જશો, ત્યારે એક બ્રહ્મચારી તરીકેની આપની આબરુ ત્રણ લોકમાં અને ત્રણ ભુવનમાં પ્રસરશે. આપ ખરેખરા ત્રિભુવન પૂજ્ય ત્રિભુવનરાજ બનશો. ૬

પ્રેમ કરે જગ–જન સહુ, રે
નિરવહે તે ઓર. મન૦
પ્રીત કરીને છોડી દે, રે
તેહ શું ન ચાલે જોર. મન૦ ૭

[નિરવહે=નિભાવે, ઓર=કોઇક બીજા, વિરલા. જોર=બળ.]

પ્રેમ કરનારા તો જગત્માં ઘણાયે માણસો પડ્યા છે. પણ તેને નભાવનાર કોઈ ઓર–વિરલાજ હોય છે. પ્રીત કરીને છોડી દિયે, તેની સાથે કાંઇ જોર ચાલી શકતું નથી. કેમ કે–તે તો મનોમનની વાત છે. તેને કાંઇ બહારની વસ્તુ સાથે સંબંધ નથી હોતો. એટલે તેમાં બહારના નિમિત્તનું જોર શું ચાલે ?

વિરોધનો પરિહારઃ આપે મારી સાથે આઠ ભવ સુધી

પ્રીતિ કરીને હવે છોડી દીધી હોય એમ દેખાય છે. કેમકે—તેનો નિર્વાહ તમો કરતા દેખાતા નથી. તેથી તમારી સાથે મારું કાંઈ દુન્યવી જોર ચાલી શકતું નથી. મારું—ભાવ—બળ તમારી સાથેની કાયમી પ્રીતિ સંબંધ જોડી રાખવાનું બળ—મોક્ષમાં બતાવીશ. બીજી રીતે, મુક્તિ સ્ત્રી સાથે પ્રીતિ કરીને અનંત કાળ તક તમે નભાવવાના છો. માટે તમારી એ પ્રીતિ પણ વિરલજ છે. કેમકે—તમે પ્રીતિ કરીને છોડી દેવાના નથી. પરંતુ અનંતકાળ સુધી નભાવવાના જ છો. ૭

જો મનમાં એહવું હતું. રે
નિસપતિ કરત ન, જાણ. મન૦
નિસપતિ કરીને છાંડતાં, રે
માણસ હુવે નુકસાણ. મન૦ ૮

[નિસપતિ=નિસ્બત. પ્રેમ. નુકસાણુ=હાનિ.]

જો તમારા મનમાં આવું જ હતું, ને તે જો મેં પહેલાંથી જ જાણી લીધું હોત, તો તમારી સાથે નિસ્બત—પ્રેમ કરત જ નહીં. "પણ કોઇની સાથે આમ નિસ્બત—પ્રેમ કર્યા પછી તેને છોડી દેવામાં તો તે માણસને નુકશાન જ થાય." એ વાત તમારા ધ્યાનમાં કેમ આવતી નથી ?

વિરોધનો પરિહારઃ "તમો પણ દુન્યવી પ્રેમ કરનારા જ છો." એવો મારો ભ્રમ હવે ભાંગી ગયો છે. તમારું વિશ્વવાત્સલ્ય હવે હું સમજી શકી છું. તેથી જો કે-દુન્યવી

દૃષ્ટિથી મને નુકશાન થયું છે, પણ પારમાર્થિક દૃષ્ટિએ મોટામાં મોટો ફાયદો એ થયો છે, કે–મારા અંતર ચક્ષુઓ ખુલવાનો પ્રસંગ મને આવી મળ્યો છે. ૮

દેતાં દાન સંવત્સરી, રે
 સહુ લહે વંછિત–પોષ. મન૦
સેવક વંછિત નવિ લહે. રે
 તે સેવકનો દોષ. મન૦ ૯

[વંછિત–પોષ=ઇચ્છિતમાં વધારો]

અરે ! પ્રભો ! આપે સાંવત્સરિક–એક વર્ષ સુધી–વાર્ષિક દાન આપ્યું, ત્યારે દરેક લોકો મનમાની વસ્તુઓ પૂરતી રીતે પામ્યા છે. ત્યારે, હુંતો તમારો સેવિકા છતાં, મનના માન્યા એવા તમને હું મેળવી શકતીજ નથી. તો શું મારો સેવકનોજ તેમાં કાંઇ દોષ હશે જ કે ? કે આપની ઉદારતાનોયે દોષ હશે?

વિરોધનો પરિહારઃ વાર્ષિક દાન વખતે હું આપની પાસેથી મન માન્યું-દુન્યવી ધન મેળવી શકી નથી. પરંતુ આત્મિક ધન-મનમાન્યા પ્રમાણે ઠેઠ મોક્ષમાં લઈ જઈ શકે તેટલી હદ સુધીનું-આપની તરફથી પામી શકી છું. અને તેથી મને આપની સેવાનો અપૂર્વ લાભ મળ્યો છે. માટે હું સાચી સેવિકા–પ્રેમિકા છું. આપ સાચા દાનેશ્વરી માલિક છો.૯

સખી કહે–"એ શામળો" રે
 હું કહું–"લક્ષણ–સેત." મન૦

"ઇણુ લક્ષણ સાચી સખી. રે"
આપ વિચારો હેત. મન૦ ૧૦

[લક્ષણ-સેત=લક્ષણ સહિત, સુલક્ષણો, લક્ષણ વંત, હેત=હેતુપૂર્વક.]

મને યાદ છે, કે-આપ જાન જોડીને પધાર્યાં, ત્યારે મારી સખી કહેતી હતી, કે–"પરણવા આવતો આ તારો વર તો શામળો–કાળો છે. માટે કલખણો છે, તો સંભાળજે–ચેતજે."

ત્યારે મેં કહ્યું હતું, કે "નહીં, નહી! શામળો છે, માટેજ સુલક્ષણો છે, સખિ! પરંતુ "પરણવા આવીને અધવચે ભાગી જવાનાં તમારા આવાં લખણોથી તો મારી સખી જ સાચી ઠરે છે." હે પ્રભો! આપ પોતે જ આ વાત હેતુપૂર્વક બરાબર વિચારી જુઓને! આપને પણ મારી સખી સાચી જ જણાશે.

વિરોધનો પરિહારઃ સખી જુઠી હતી. હું સાચી ઠરી છું. આપ ખરેખર મહા પુરુષનાં એક હજાર ને આઠ લક્ષણોએ કરીને શોભો છો. જેથી જગત્પૂજ્ય મહા પુરુષ થઇ ચૂકયા છો. કાર્ય કારણનો હેતુવાદથી વિચાર કરતાં એજ વાત બરાબર ઘટે છે. જેવાં આપનાં લક્ષણ હતાં, તેવીજ સફળતા બરાબર આપને મળી છે. ૧૦

રાગી શું રાગી સહુ. રે
વૈરાગીશ્યો રાગ ? મન૦

રાગ વિના કિમ દાખવો રે
મુગતિ–સુંદરી–માગ ? મન૦ ૧૧

[રાગી=પ્રેમી. દાખવો=બતાવો. માગ=માર્ગ]

તમે કહેશો, કે–"રાગીની સાથે તો દુનિયામાં દરેક માણસ રાગ–પ્રેમ કરે છે, પણ હું વૈરાગીની સાથે તારેરાગ શી રીતે થાય?" એ વાત તમારી સાચી છે. પણ તમો તે વળી વૈરાગી શાના?

કેમકે–જો તમારા મનમાં રાગ ન હોત, તો મુક્તિ-સુંદરીની પાસે જવાનો માર્ગ તમો શા માટે દુનિયાને દાખવી–બતાવી રહ્યા છો? માટે જરૂર તમો રાગી તો છો જ. માત્ર, મારા ઉપર તમારે રાગ કરવો નથી. માટે ખોટા ખોટા વૈરાગી બની બેઠા છો, ને બ્હાના કાઢો છો.

વિરોધનો પરિહારઃ હું દુન્યવી રાગવાળી છું, તેથી વૈરાગી સાથે દુન્યવી મારો પ્રેમ હવે સંભવશે નહીં. એ તો ખરૂં. પણ તમારા આત્માની મુક્તિ તરફ-આત્મ ગુણોના સહજ વિકાસ તરફ સહજ વૃત્તિછે. તેને ઉપચારથી સાચો રાગ કહીએ, તો તે સાચી રાગિણી તરફ જ તમારો સાચો રાગ બંધાય તે સહજ છે. મુકિતનો રાગી, તેજ દુનિયાનો વૈરાગી. અને દુનિયાની સ્ત્રીનો રાગી, તે મુકિત સુંદરીનો વૈરાગી. દુનિમાંથી વૈરાગી, તે મુકિત સ્ત્રીનો રાગી. ૧૧

એક–ગુહ્ય ઘટતું નથી. રે
  સઘળો યે જાણે લોક. મન૦
" અનેકાન્તિક ભોગવો. રે
  બ્રહ્મચારી ગત–રોગ. "   મન૦ ૧૨

[ગુહ્ય=ગુપ્તવાત. અનેકાન્તિક=(૧) અનેકાન્તિક, અવસ્થા, (૨) અનેકાન્તિક–વ્યભિચાર નામનો હેત્વાભાસ. ગત–રોગ=નીરોગી]

સઘળાયે લોકો એ જાણે છે, કે–તમે અનેકાન્તિકને ભોગવો છો. એટલે કે–તમે વ્યભિચારી છો, અને વળી નીરોગી એવા આ જન્મ–મરણ બાળ બ્રહ્મચારીયે ગણાવો છો. આ શું? તમારી આ ગુપ્ત વાત સમજાતી જ નથી.

વિરોધનો પરિહારઃ તમો આચારથી આ જન્મ–મરણ શુદ્ધ અખંડ બ્રહ્મચારી છો અને સર્વથા નિરોગી છો. એ વાત ખરી છે, અને વિશ્વ પ્રસિદ્ધ છે. લોકો તમને અનેકાન્તિક ભોગવનારા તરીકે ઓળખે છે. પરંતુ તેથી વ્યભિચારી તરીકે તમને ઓળખવાની જરૂર નથી, પરંતુ, એક પદાર્થમાં સંભવતા ધર્મોનું પ્રતિપાદન કરનાર સિદ્ધાંતરૂપ-સ્યાદ્વાદ સિદ્ધાંતમય આપ છો, અને તેનું પ્રતિપાદન કરો છો. જે ગુણ રૂપ છે. લોક વ્યવહારમાં માણસ બહારથી બ્રહ્મચારી ગણાતો હોય, અને શરીરથી નિરોગી દેખાતો હોય, છતાં તે ખાનગી રીતે પર-સ્ત્રી -ગામી-વ્યભિચારી હોય, તો તે તેની ગુહ્ય વાત-ગુપ્ત વાત ગણાય છે, અંગત ગુપ્ત વાત ગણાય છે. એટલે કે-" તમે અનેકાન્તિક

હોવાથી વ્યભિચારી છો, એવી તમારી ગુપ્ત વાત જણાય છે. અને તમને અનેકાંતિક તરીકે વળી આખું જગત્ જાણે છે." એમ ગુપ્ત વાત સહુ જાણે છે, પછી તે ગુપ્ત શાની ?

આમ **અનેકાંતિક** શબ્દના બે પ્રસિદ્ધ અર્થ ઉપરથી વિરોધ ઉભો કર્યો છે, અને ઠપકો આપવામાં શબ્દછળનો **રાજીમતીજી** ઉપયોગ કરે છે. **અનેકાન્તિક ભોગવનારી એટલે** ૧ સ્યાદ્વાદી ૨ બીજો અર્થ–વ્યભિચાર નામના હેત્વાભાસવાળા–વ્યભિચારી. ૧

જિણ જોણે તુમને જોઉં, રે
તિણ જોણે જુવો રાજ ! મન૦
એક–વાર મુજને જુવો. રે
તો સીજે મુજ કાજ. મન૦ ૧૩

[જિણ=જે. જોણે=જોણે, દૃષ્ટિએ. સીજે=સફળ થાય.]

દુન્યવી પ્રેમ ભરી જે દૃષ્ટિથી હું તમને જોઈ રહી છું, તેજ દૃષ્ટિથી હે મહારાજ ! આપ મને જુવો ! બસ ! એક વાર મને એ દૃષ્ટિથી જુઓ ! તો, તમને મેળવવાના મારાં બધાંયે કામ–અભિલાષ–મહેનત સફળ થઇ જાય. તેટલાથી જ મારા મનોરથ પૂરા થયાનું માની લઈશ. હવે, બધુંયે જવા દઇને માત્ર આટલી છેલ્લી એકજ માગણી કરું છું. તે સ્વીકારો તો પણ બસ છે, વ્હાલા પ્રાણ !

વિરોધનો પરિહાર: પણ તમે મને એ દૃષ્ટિથી એક

વાર પણ હવે જુઓ જ શાના: જો એમ એક વાર પણ કરો તો તમારા વીતરાગ પણામાં મોટામાં મોટી ખામી આવે, તેમાં મોટું ગાબડું પડી જાય. તે તમો કરોજ નહીં, તેની મને ખાતરી છે. આપ પૂરેપૂરા વીતરાગ દેવ છો, એ વાત નક્કી છે. એમાં જ તમારી સફળતા છે, અને તમારા જેવા સાથેના સંબંધમાં મારી પણ પૂરેપૂરી સફળતા છે. ૧૩

મોહ-દશા ધરી ભાવના. રે
ચિત્ત લહે તત્ત્વ-વિચાર. મન૦
"વીતરાગતા આદરી રે
પ્રાણ-નાથ! નિરધાર." મન૦ ૧૪

[ભાવના=વિચારણા, લહે=સ્વીકારે. હવે, વીતરાગતા=વીતરાગપણું, પ્રાણનાથ=પ્રાણના નાથ. સંપૂર્ણ માલિક નિરધાર=ચોક્કસ.]

અત્યાર સુધી જે બધું મેં કહ્યું, તે મેં આજ સુધી મોહ દશાની ભાવનાને પકડી રાખી હતી, તેને આધારે કહ્યું છે. પરંતુ, હવે મારું મન તત્ત્વવિચાર કરે છે, તો, હવે તેને જણાય છે, કે—"હે પ્રાણનાથ! આપે ખરેખરી વીતરાગતા ધારણજ કરી લીધી છે. આપ સાચા વીતરાગ છો.

સર્વ વિરોધોનો એકજ પરિહાર: આપની બધી વાત મને વિપરીત જ લાગતી હતી. મારો આત્મા મોહદશાથી ઘેરાયેલો હતો. પરંતુ આપની બધી વાત હવે આપની વીત-

રાગતા સાથે સંગત હોવાથી બધીયે મને સંગત લાગે છે, અને મારી વાત વિપરીત હતી. હવે મને કાંઇ પણ વિરોધ જણાતો નથી જ. એમ ચિત્તથી કબૂલ કરું છું. કેમકે-હવે મારા ચિત્તમાં તત્ત્વ વિચાર જાગ્યો છે. ૧૪

સેવક પણ તે આદરે, રે
તો રહે સેવક-મામ. મન૦
"આશય સાથે ચાલિયે. રે
એ હિ જ રૂડું કામ." મન૦ ૧૫

[મામ=મર્યાદા. આબરુ. આશય=સ્વામિના મનોગત ભાવ.]

હવે, જવાબદારી મારી ઉપર આવી પડે છે, કે-મારો આત્મા આપનો સેવક છે. તેથી આપ માલિક જે કરો, તે મારે પણ કરવું જ જોઇએ. અને તેમ કરવામાં આવે, તોજ સેવકની સેવક તરીકેની આબરુ-મર્યાદા સચવાય. કેમકે-જગત્-માં કહ્યું છે, કે-"સેવકે માલિકના આશય-મનોવૃત્તિ પ્રમાણે બરાબર ચાલવું જોઇએ. તો જ તેણે સારામાં સારું કામ કર્યું ગણાય." માટે મારી ફરજ છે, કે-મારે પણ આપની જેમ હવે વીતરાગતા સિદ્ધ કરવી જોઇએ. ૧૫

ત્રિ-વિધ-યોગ ધરી આદર્યો રે,
નેમ-નાથ-ભરતાર. મન૦
ધારણ: પોષણ: તારણો: રે
નવ-રસ મુગતા-હાર. મન૦ ૧૬

ત્રિવિધ યોગ (૧) મનઃ વચનઃ કાયાઃની પ્રવૃત્તિ. (૨) યોગાવંચકઃ ક્રિયાવંચકઃ ફળાવંચકઃ એ ત્રણ પ્રકારના યોગ. અથવા ઇચ્છાયોગઃ શાસ્ત્રયોગઃ અને સામર્થ્યયોગઃ ધારણ= ધારણ કરવું, આશ્રય આપવો. પોષણ=નભાવવું, પોષણ કરવું, સહાયક થવું, તારણો=પાર પહોંચાડવું, સંસાર સમુદ્ર તરાવવો. નવ-રસ=શૃંગાર વિગેરે નવ રસ. શૃંગારઃ હાસ્યઃ કરુણઃ રૌદ્રઃ વીરઃ ભયાનકઃ અદ્ભુતઃ બીભત્સઃ શાંતઃ એમ નવ રસ છે મુગતા-હાર=મોતીનો હાર.]

હું આપની સાચી સેવિકા છું. તેની ખાત્રી એ છે, કે-"મેં આપ **નેમિનાથ** પ્રભુને મનઃ વચનઃ કાયાઃ એમ ત્રણેય યોગથી ભરતાર તરીકે—માલિક તરીકે સ્વીકાર્યા છે, મારા મનઃ વચનઃ કાયાઃના આપ માલિક છો, આપની માલિકીમાંથી મારું કાંઇ પણ બચતું નથી. આપ મારા સર્વથા માલિક છો. મને આશ્રય આપવો, મારો નિભાવ કરી મારું પોષણ કરવું અને મારો ઠેઠ સુધી નિસ્તાર કરવો, એ બધું આપનું જ કામ છે. શૃંગાર વિગેરે નવેય રસોનું મારામાં ધારણ કરાવવામાં પોષણ કરાવવામાં અને તેમને પાર પહોંચી જવામાં પણ આપનોજ આશરો છે. આપજ મારા હૈયાના મોતીના હાર છો.

આપ મારા માલિક છો. મારી ફરજ આપના આશય સાથે ચાલવાની છે. માટે હવે યોગાવંચકઃ ક્રિયાવંચકઃ ફલા-વંચકઃ એ ત્રણેય પ્રકારના યોગના વિકાસ માટે પણ મેં આપ **નેમિનાથ** પ્રભુને જ મારા માલિક બનાવ્યા છે. આપ

દીક્ષા આપીને આશ્રયે રાખી, મને ધારણ કરો, સંયમમાં માર્ગ દર્શન કરાવી મારા સંયમનું પોષણ કરો, અને છેવટે સંસાર સમુદ્રથી તારીને મારો નિસ્તાર કરો.

દીક્ષા આપવાથી અને આપ સદ્‌ગુરુનો યોગ મળવાથી મને યોગાવંચક યોગની સિદ્ધિ થાય છે. સંયમમાં પોષણ આપવાથી મારામાં ક્રિયાવંચક યોગની સિદ્ધિ થાય છે. અને સંસાર સમુદ્રથી તારવાથી મોક્ષરૂપ ફળ મળવાથી મારો ફળાવંચક યોગ સિદ્ધ થાય છે.

જે એક વખત મારા શૃંગાર આદિ રસના પોષક હતા, તે હવે શાંત રસના પોષક બનો, અને મોતીના હારની માફક સદા ધ્યેય તરીકે મારા દિલમાં વસો. ૧૬

કારણ–રૂપી પ્રભુ ભજ્યો. રે
ગણ્યો ન કાજ–અ–કાજ. મન૦
કૃપા કરી મુજ દીજીએ રે
આનંદ–ઘન પદ–રાજ. મન૦ ૧૭

[કારણ-રૂપી=નિમિત્ત રૂપે. આનંદ-ઘન-પદ-રાજ =મોક્ષનું રાજ્ય.]

માત્ર નિમિત્ત તરીકે, ગણીને જેમ રાજીમતીએ અનન્ય ભાવે આત્મ સમર્પણ કરીને શ્રી નેમિનાથ પ્રભુની સેવા કરી, ત્યારે કોઇપણ કાર્ય કે અકાર્યનો વિચાર કર્યો નથી–કરવાનો પણ ન હોય. માત્ર પ્રભુમાં જ તન્મયતા રાખવાની હોય, તે

રાખી છે, ને મોક્ષ પ્રાપ્ત કરેલ છે. હું પણ કાર્યાકાર્યનો વિચાર કર્યા વિના માત્ર અનન્ય ભાવે આપને ભજવા ઇચ્છું છું, તો કૃપા કરીને સ્તવનકાર કે સ્તવનાકાર કહે છે, કે—મને પણ હે પ્રભો! આનંદ–ઘન–પદ–રાજ–મોક્ષનું રાજ્ય આપશો.

જે નેમિનાથજીને મન વચન કાયાથી પોતાના ભરતાર માનીને પોતાના નવેય રસના ધારકઃ પોષકઃ અને તેની પરાકાષ્ઠાએ પહોંચાડનાર હૈયાના હાર તરીકે માન્યા હતા. તેને જ પોતાના આત્મ વિકાસમાં માત્ર નિમિત્ત તરીકે સ્વીકારીને શ્રી રાજીમતીજી જેમ નેમિનાથ પ્રભુની પહેલાંજ મોક્ષ પામ્યા, તેમ મને પણ કૃપા કરીને મોક્ષ આપજો. ૧૭

ભાવાર્થ—શ્રી નેમિનાથ પ્રભુના જીવન રૂપી આકાશમાં રાજીમતી રૂપી વિજળી ખૂબ ચમકે છે. આઠ ભવ સુધીનો તેમની સાથેનો પત્ની તરીકેનો સંબંધ: અને એક મહા પવિત્ર સમર્થ આર્ય સ્ત્રી તરીકેની તેની બાહ્યાભ્યંતર લાયકાતઃ જોતાં, તેના આત્માની પણ ભવ્યતા ઘણી જ વિશાળ છે, તેની પવિત્રતા અને સામર્થ્ય પણ અગાધ છે. આઠ ભવની પ્રીતિ છેલ્લા ભવમાં પણ ખૂબ સરસ નભાવવામાં આવે છે, અને તે ઠેઠ સુધી પણ તે જુદીજ રીતે. તેમનાજ હાથે દીક્ષા લેવાં છતાં તેમનાથીયે પહેલાં મોક્ષમાં ચાલ્યા જવા સુધીની તૈયારી કરવામાં તેમના આત્માના અગાધ-સામર્થ્યની તૈયારી જણાઈ આવે છે. એટલે એ સુંદર પરિણામને દૃષ્ટિ સામે રાખીને ભક્તના–તેમાંયે એક વખતની પત્ની-પ્રેમિકા-નારીના

પ્રભુને પ્રેમમય ઠપકારૂપે આ સ્તવન ભારે રસ ઉત્પન્ન કરીને આખરે શાંત રસમાં પરિણામ પામેછે. રાજીમતીના હ્રદયની પ્રેમભરી ચીસો, વિનવણીઓ, આરજુ, ઠપકા રજુ કરીને સ્તવનકારે હદ કરી છે. આખું સ્તવન લગભગ વિરોધાભાસથી ભરપૂર છે. દુન્યવી પ્રેમમાંથી પલટાઈ જઈને પારમાર્થિક પ્રેમથી–સમાપત્તિથી પરમાત્મભાવ સાથે અભેદ-વૃત્તિનો પ્રકાર આ સ્તવનમાં સ્પષ્ટ કર્યો છે.

શ્રી નેમિનાથ પ્રભુ ધ્યેય છે. શ્રી રાજીમતીજી ધ્યાતા છે, છતાં શ્રી નેમિનાથ પ્રભુની પહેલાં જ શ્રી રાજી-મતીજી મોક્ષમાં ચાલ્યા ગયા. આ એમ સૂચવે છે, કે– " દરેક આત્મા સ્વતંત્ર છે, તે દરેકની તથાભવ્યતા પણ અલગ અલગ હોય છે. અને પોતાના સ્વતંત્ર પ્રયાસથી સ્વ–સમય–નિષ્ઠાથી જ મોક્ષ પ્રાપ્ત કરે છે. પ્રભુ–દેવઃ ગુરુઃ ધર્મઃ વિગેરે બાહ્ય નિમિત્તો હોય છે, તેનું બળ અમુક હદ સુધી જ અસર કરે છે પછી તે કારણ–સામગ્રી કારણ તરીકે રહેતી નથી. " આત્મા આત્માવડે આત્મભાવ પ્રાપ્ત કરે છે. " એ રહસ્યાત્મક સિદ્ધાંત તરી આવે છે. કારણ-રૂપી પ્રભુ ભજ્યો. આ શબ્દોમાં ઉપરના સિદ્ધાંતનો ધ્વનિ ગુંજતો સંભળાય છે.

૨૩. શ્રી–પાર્શ્વ–નાથ–જિન–સ્તવન.

શરીર–પ્રમાણ–આત્માની વિભુતા–લોકાક–લોક–સર્વ દ્રવ્યઃ ક્ષેત્રઃ કાળઃ ભાવઃમાં વ્યાપકતા.

આત્માના સર્વજ્ઞપણાની શકિતઃ

[તીર્થંકર ભગવાન્ કેવળજ્ઞાન પામી સર્વજ્ઞ બન્યા હોય છે. પરંતું શરીર પ્રમાણુ જેટલા એક ક્ષેત્રમાં રહેલો સર્વજ્ઞ આત્મા ત્રણુ કાળના અને લોકાક લોકનાં સઘળાંયે દ્રવ્ય અને પર્યાયો રૂપ જ્ઞેયોને કઇ રીતે જાણી શકે ? એ પ્રશ્ન ઉભો થાય છે. માટે આત્મ—દ્રવ્યને નૈયાયિકોની જેમ "સર્વ વ્યાપક માનવું જોઈએ." અથવા "બીજા દ્રવ્યો સાથે પરસ્પર પરિણુમન પામે છે." એમ માનવું જોઈએ. તે સૂક્ષ્મ પ્રશ્નઃ અને તેનું સૂક્ષ્મ સમાધાનઃ આ સ્તવનમાં કરવામાં આવેલું છે.]

[રાગ સારંગ રસિયાની દેશી.]

ધ્રુવ-પદ-રામી ! હો સ્વામિ ! માહરા.
નિઃકામી ! ગુણરાય ! સુ–જ્ઞાની !
નિજ-ગુણ-કામી હો પામી તું ધણી,
ધ્રુવ-આરામી હો થાય. સુ–જ્ઞાની ! ૧

ધ્રુવ–પદ=આત્મ–પ્રદેશોમાં કશીયે ચંચળતા વગરના આત્માની તદ્દન સ્થિર અવસ્થા. ધ્રુવ–પદ–રામી=શૈલેશીકરણુ કરી, નિશ્ચળ થઈ રહેલો આત્મા મોક્ષમાં એકજ ઠેકાણે રહે છે. તેથી ધ્રુવ–પદ–સ્થિર–સ્થાનમાં રમણુતા કરતા સ્વામિ=

બીજા આત્માઓને સ્થિર-ધ્રુવ બનાવવામાં નિમિત્તભૂત થતાં હોવાથી, તેવા આત્માઓના સ્વામી. નિઃકામી=કશીયે ઇચ્છા વગરના. નિષ્કામી. ગુણ-રાય=ગુણોના ભંડાર નિજ-ગુણ-કામી=પોતાના જ આત્મિક ગુણો મેળવવાની-સંપૂર્ણ વિકસિત કરવાની ઇચ્છાવાળા પામી=પ્રાપ્ત કરી, મેળવી ધ્રુવ-આરામી =ધ્રુવ પદમાં આરામ લેનારા, આનંદ લેનારા. લીન.]

પોતાના નિત્ય અને એક સ્થાને રહેલા નિશ્ચલ આત્મ સ્વરૂપમાં રમણ કરનારા ધ્રુવપદરામી હે મારા સ્વામિ પાર્શ્વ-નાથ પ્રભો! આપ તદ્દન નિષ્કામી અને ગુણોના ખજાના રૂપ છો, તેથી જે આત્માની ઈચ્છા પોતાના આત્મના સઘળાયે ગુણોમાં રમણતા કરવાની થાય, તે જો આપની પાસે આવે, અને આપને મળે, તો તે પણ ધ્રુવ-આરામી ધ્રુવપદમાં આરામી થઈ જાય છે. આપ પોતે ધ્રુવ પદમાં રમણ કરનારા છો, અને બીજાને પણ ધ્રુવપદમાં રમણ કરાવી શકો છો. ૧

પાર્શ્વનાથ પ્રભુનું પ્રાકૃત ભાષામાં નામ પારસનાથ-થાય છે. પારસનો અર્થ પારસમણિ પણ થાય છે. જો તે લોઢાને અડકે, તો તુરત લોઢાનું સોનું થઈ જાય છે. તે પ્રમાણે ઈતર સંસારી જીવો રૂપી જે જે લોઢાના કટકાને સોનું થવાની ઈચ્છા થાય, તો પારસમણિ જેવા આપને પ્રાપ્ત કરે, આપનો સ્પર્શ કરે,-તો તે પણ સુવર્ણ થઈ જાય છે, એટલે કે-એ આત્મા પણ આપની જેમ ગુણોનો રાજા બની જાય છે.

આ રીતે, પારસમણિ અને પારસનાથ એ બન્નેય શબ્દોની સાર્થકતા પારસ શબ્દમાં રહેલા શ્લેષથી કરવામાં આવેલી છે.

અને તે વાત, આત્માનો જ્ઞાનગુણ માત્ર અમુક ક્ષેત્રમાં રહેલા આત્મામાં જ હોય છે, છતાં તે ગુણ, સકળ-જ્ઞેયોને સ્પર્શીને દરેક વિષયોને આત્માને જાણવા લાયક બનાવી દે છે, તેથી જ તે જાણી શકાય છે-જાણી લેવામાં આવે છે, આત્માના જ્ઞાનગુણનો સ્પર્શ થતાંની સાથેજ વિશ્વ સમસ્ત જ્ઞેય બની જાય છે. નહીંતર, કોઇ પણ જ્ઞેયજ બની શકે નહીં. કાંઈ પણ જાણી શકાય નહીં, જગત્‌માં અંધકાર જ રહે. જડ પારસમણિ પત્થરનો કોઈ પણ ગુણ બીજા પદાર્થોને પોતાના જ્ઞેય તરીકે બનાવી શકતો નથી. ત્યારે, આત્મા પોતાના જ્ઞાન ગુણના સંપર્કથી જગત્‌ના સઘળા પદાર્થોને જ્ઞેય તરીકે બનાવી મૂકે છે. અને તેથી દરેક પદાર્થનું સ્વરૂપ જણાવા માંડે છે. એટલે જ્ઞાન ગુણને, અને તેની મારફત આત્માને પણ, પારસમણિ સાથે ઘટાવ્યો છે. ઉપરાંત, છેલ્લી ગાથામાં પારસમણિ કરતાં યે તેની વિશેષ વિશેષતા પણ બતાવી છે.

સર્વ-વ્યાપી કહે સર્વ-જાણગપણે,
પર-પરિણમન-સ્વરૂપ સુજ્ઞાની !
પર-રૂપે કરી તત્ત્વપણું નહીં,
સ્વસત્તા ચિદ્-રૂપ સુજ્ઞાની ! ૨

[સર્વ-વ્યાપી=લોક અને અલોક તથા ત્રણેય કાળમાં વ્યાપેલો. સર્વ-જાણગ-પણે=સર્વને જાણનાર હોવા તરીકે. પર-પરિણમન-સ્વ-રૂપ=બીજા રૂપે પરિણામ પામવાને

સ્વરૂપે. થયો. પરરૂપે પરિણામ પામવાના ગુણવાળો થયો. પર-રૂપે કરી=બીજા રૂપે થવામાં. તત્ત્વપણુ=સ્વ-તત્ત્વપણું, પોતાપણું. સ્વ-સત્તા=પોતાની સ્વરૂપે સત્તા. ચિદ્-રૂપ= ચેતના રૂપ છે.]

સર્વ વ્યાપકતા વિષેના પ્રશ્નનો ઉપક્રમ

આત્મા સર્વ જ્ઞેય પદાર્થને જાણનારો હોવાથી, આત્માને વિભુ તરીકે-સર્વ વ્યાપી-લોકાલોક અને ત્રિકાળ વ્યાપી કહ્યો છે, સર્વ કાળ અને સર્વ ક્ષેત્ર વ્યાપી કહ્યો છે. પરંતુ આત્મા સ્વદ્રવ્યથી તો લોકાલોક વ્યાપી નથી, તથા ત્રણ કાળમાં પણ સર્વવ્યાપી નથી. શરીર પ્રમાણ પ્રાયઃજ હોય છે.

ઠીક, સર્વને જાણનાર તરીકે, આત્માને સર્વ વ્યાપી માનવા છતાં, ગુણ અને ગુણીનો અભેદ માનવાથી " જ્ઞાનઃ તેજ આત્મા. " એમ માનવું પડશે. એમ માનીએ, તો જ આત્માનો જ્ઞાન ગુણ વિભુ હોવાથી આત્મા પણ વિભુ થાય. પરંતુ, એમ કરવા જતાં, જેમ તે પોતાના આત્માને જાણે, તે પ્રમાણે પોતાના સિવાયના પર-બીજા-જ્ઞેયોને પણ તેણે જાણવા પડશે. અને જાણે પણ છે. તેથી તે દરેક જ્ઞેય રૂપે જ્ઞાનને-આત્માને પણ થવું પડશે. તેથી આત્માનું પર રૂપે પરિણમન થયું; એમ થવાથી-પર-સ્વરૂપે પરિણમન થવાથી-પર રૂપે આત્મા બનશે. અને એમ, પર-રૂપે થશે, તો સ્વતત્ત્વપણું તો રહેશે નહીં.

અને " આત્મા તો સ્વચેતના ગુણની સત્તાએ જ સ્વ-

સ્વરૂપેજ સત્ છે. અને પરરૂપે અસત્ છે" એટલે કે—સ્વદ્રવ્યઃ સ્વક્ષેત્રઃ સ્વકાળઃ અને સ્વભાવઃની અપેક્ષા એ આત્મા સ્વ—સ્વરૂપે છે. પરદ્રવ્યઃ પર ક્ષેત્રઃ પરકાળઃ અને પર સ્વભાવની અપેક્ષાએ તેને સ્વપણું નથી, પરંતુ, તે તો બધું પરપણું છે. તો એ બે વાત કેમ ઘટશે ? પરપણું પામ્યા વિના સર્વજ્ઞપણું કેમ ઘટે ? સર્વજ્ઞપણું હોય તો પરપણું પામ્યા વિના કેમ રહે ? આ વાંધો આવશે, તેનું કેમ ? ૨

> જ્ઞેય અનેકે હો જ્ઞાન-અનેકતા,
> જલ-ભાજન-રવિ જેમ. સુજ્ઞાની !
> દ્રવ્ય—એકત્વ પણે ગુણ—એકતા,
> નિજપદ રમતા હો ખેમ સુજ્ઞાની ! ૩

[જ્ઞેય=જાણવા યોગ્ય પદાર્થો. જ્ઞાન—અનેકતા=જ્ઞાનનું અનેકપણું. ભાજન=વાસણ. રવિ=સૂર્ય. જલ—ભાજન—રવિ=પાણીના વાસણમાં પડેલું સૂર્યનું પ્રતિબિંબ. દ્રવ્ય—એકત્વપણે=દ્રવ્ય એક હોય તોજ. નિજ—પદ=પોતાના સ્વરૂપમાં. ખેમ=કુશળતા. સ્વ સ્વરૂપમાં ટકી શકે.]

એજ પ્રશ્ન દ્રવ્યઃ ક્ષેત્રઃ કાળઃ અને ભાવઃથી જુદી જુદી રીતે સ્પષ્ટતાથી સમજાવે છેઃ—

તેમાં પ્રથમઃ દ્રવ્થી સ્વ—પરપણું સમજાવે છેઃ—

જેમ સૂર્ય એક છતાં પાણીના ભરેલા જુદા જુદા વાસણોમાં જુદો જુદો પ્રતિબિંબરૂપે દેખાય છે, તેથી સૂર્ય ઘણા હોવાનો ભાસ થાય છે, તે જ પ્રમાણે જુદા જુદા જ્ઞેયોને

જાણતી વખતે એકજ જ્ઞાન ગુણ જુદા જુદા અનેક જ્ઞેયોરૂપે પરિણમે છે, તેથી જ્ઞાન પણ અનેક થશે. અને તેથી આત્મા પણ અનેક થશે.

કેમકે—દ્રવ્ય એક રહે, તો જ ગુણોની એકતા ટકી શકે, અને ત્યારે જ તે આત્મા સ્વસ્વરૂપમાં રમણતા ક્ષેમ કુશળતાથી કરી શકે. નહીતર, પર-સ્વરૂપમાં રમણતા આવી પડે, તો સ્વ-રમણતાની ક્ષેમકુશળતા રહી શકે નહીં. માટે, અનેક જ્ઞેયોપણે આત્મા પરિણમવો ન જોઇએ. નહીંતર એક સ્વદ્રવ્ય, સ્વરૂપ આત્મા રહેશે નહીં.

અનંત જ્ઞેયોને જાણવાથી તે જ્ઞેયોરૂપે પરિણમન પામનાર જ્ઞાન ગુણ પણ અનંત–અનેક થઈ જાય. એ રીતે, એક આત્મા પણ એકજ રહે." એમ કહી શકાય નહીં. અને એ રીતે આત્માને પરદ્રવ્ય સ્વરૂપે પરિણમવું પણ પડેજ. તો પણ તેની સ્વરમણતાની ક્ષેમકુશળતા શી રીતે ગણાય? એક આત્મા અનેક થાય. અને સ્વસ્વરૂપમાં રહેલો આત્મા પરરૂપે થાય. આ બે વાંધા ઉભા થાય. ૩

પર–ક્ષેત્રે ગત–જ્ઞેયને જાણવે,
પર–ક્ષેત્રે થયું જ્ઞાન. સુજ્ઞાની
"અસ્તિપણું નિજ ક્ષેત્રે" તુમે કહ્યો,
નિર્મલતા ગુમાન? સુજ્ઞાની! ૪

[**પરક્ષેત્રે-ગતજ્ઞેય**=પોતાના ક્ષેત્ર સિવાયના બીજા ક્ષેત્રમાં રહેલ જ્ઞેયપદાર્થ. **પર ક્ષેત્રે**=બીજાના ક્ષેત્રનું. **અસ્તિ-**

પણું=વિદ્યમાનપણું, હોવાપણું, નિર્મળતા-ગુમાન=નિર્મળતાનું અભિમાન. નિર્મળ હોવાની માન્યતા.]

ક્ષેત્રથીઃ

સ્વક્ષેત્રમાં રહેલો આત્મા પરક્ષેત્રમાં રહેલા જ્ઞેયને જાણવા જાય, તો આત્માનું જ્ઞાન પરક્ષેત્રી થઇ ગયું.

અને આપ તો "સ્વક્ષેત્રે દ્રવ્યનું અસ્તિપણું" કહો છો, અને "પરક્ષેત્રે તો નાસ્તિપણું" કહો છો. છતાં, આત્મા આ રીતે બીજાના ક્ષેત્રમાં જાય, તો સ્વરમણતારૂપ નિર્મળતાનું અભિમાન-બડાઇ-તે શી રીતે રાખી શકશે? પરક્ષેત્રમાં જવાથી સ્વક્ષેત્ર સાથે વ્યભિચાર થયો. તો પછી નિર્મળતાનું અભિમાન કેમ રાખી શકાય? જ્ઞેયોના ક્ષેત્રો અનેક, પરજ્ઞેયો રૂપે આત્મા પરિણામ પામે, આમ એક આત્મા અનેક ક્ષેત્રરૂપ થાય અને તેને પર રૂપે પરિણમવું પડે. ૪

જ્ઞેય-વિનાશે હો જ્ઞાન વિનશ્વરુ,
કાળ પ્રમાણે રે થાય સુજ્ઞાની!
સ્વ-કાળે કરી સ્વ-સત્તા સદા,
તે પર-રીતે ન જાય સુજ્ઞાની! ૫

[વિનશ્વરુ=નાશ પામે. કાળ-પ્રમાણે=સમયરૂપ વર્તમાન કાળની પેઠે. સ્વ-સત્તા=પોતાની વિદ્યમાનતા. પર-રીતે=પરકાળે.]

કાળથીઃ-

જેમ જેમ સમયે સમયે વર્તમાન પર્યાય ચાલ્યો જાય, અને નવો નવો સમય આવે, તેમ તેમ નવા નવા અનંત

જ્ઞેય પર્યાયો આવે, આ પ્રમાણે અમુક એક સમયનો જ પદાર્થ તે કાળે સ્વ છે. બીજા સમયના કાળની અપેક્ષાએ એ પદાર્થ જ પર છે. એમ વિચાર કરતાં, સ્વકાળ નાશ થયો, કે તે જ્ઞેય પણ તેની સાથે જ નાશ પામે. અને જ્ઞેય નાશ પામે, એટલે જ્ઞાન પણ નાશ પામેજ. અને જ્ઞાન નષ્ટ થયે દ્રવ્યનું સ્વરૂપ પણ નષ્ટ થાય.

કેમકે—પદાર્થની કાળથી સ્વ—સત્તા તો સ્વકાળે જ છે. તે પરકાળમાં કેમ જઇ શકે? ન જ જાય. આત્માની નાશવંતતાઃ અનેકતાઃ અને પર—સ્વરૂપતાઃ એમ ત્રણ દોષ લાગુ પડે છે. ૫

પર—ભાવે કરી પરતા પામતાં,
 સ્વ—સત્તા—થિર—ઠાણ. સુજ્ઞાની !
આત્મ—ચતુષ્કમયી પરમાં નહીં,
 તો કિમ સહુનો રે જાણ સુજ્ઞાની ! ૬

[**પર-ભાવે કરી**=પરના—બીજા દ્રવ્યોના ભાવ, **પરતા પામતા**=બીજાપણે થઇ જવાથી, **સ્વ-સત્તા થિર-ઠાણ**=સ્વસત્તામાં સ્થિર સ્થાન, પોતાની સત્તામાં—પોતાના ભાવમાં જ બરાબર સ્થિરતા. **ચતુષ્કમયી**=દ્રવ્યઃ ક્ષેત્રઃ કાળઃ ભાવઃ રૂપી ચોકડી. **પરમાં**—બીજામાં.]

ભાવથી—

એજ પ્રમાણે પર—સ્વભાવોનું—બીજા પદાર્થના ગુણોનું-પર્યાયોનું જ્ઞાન કરતી વખતે આત્મા પરસ્વભાવપણું

પામી જાય. ખરી રીતે તો, સ્વસ્વભાવમાં પોતાની સત્તા સ્થિર હોઈ શકે, તેજ સ્વભાવે સ્વ-સત્તા છે. પર-સ્વભાવે તો પોતે નથી જ, નજ હોઈ શકે પોતે પરસ્વભાવે પણ હોય, તો પોતે પર બની જાય, સ્વભાવમાં ન રહે.

ચારેય પ્રશ્નોનો ઉપસંહાર:—

આ રીતે પોતાના આત્માના જ સ્વદ્રવ્યઃ સ્વક્ષેત્રઃ સ્વકાળઃ અને સ્વભાવઃ એ આત્મ-ચતુષ્ક, પોતા સિવાયના બીજા આત્મા અને પરમાણ્વાદિક પદાર્થોમાં સંભવે નહીં તો પછી, તમે એક આત્માને સર્વજ્ઞેયનો જાણકાર તરીકે કહો છો, તો તે શી રીતે ઘટી શકે છે? એ પ્રશ્ન ઉભો રહે છે.

કાં તો "આત્મા પર રૂપે પણ બને." અથવા "સર્વનો જાણ ન બની શકે." એમાંથી એક રસ્તો છે. બીજો રસ્તો નથી. ૧. આત્માદિ દ્રવ્ય સ્વસ્વરૂપમાં જ રહે, અને પરરૂપે ન થાય, તથા ૨. સ્વ અને પર એવા સર્વ જ્ઞેયના જાણકાર થવું, એ બે એકીસાથે બની શકે જ નહીં. કેમ બની શકે?

"તો કેમ સહુનો રે! જાણ?" આ પ્રશ્નનું બીજ શ્રી **વીશ-વીશી પ્રકરણમાં કેવળજ્ઞાન વીશીમાં** સંક્ષેપથી જણાય છે:—

जीवो य ण सव्व-गओ ता तद्धम्मो कहं भवइ बाही ?।
कहं वाऽलोओ (ए) धम्मा-ऽऽइ विरहऔ (हिए) गच्छइ अणन्ते । १८ । १८

અર્થઃ જીવ જ્યારે સર્વ ગત-સર્વ વ્યાપક નથી, તો તેનો ધર્મ [જે જ્ઞાન] તે બહાર [તે આત્માથી પણ બહાર] કેમ હોઈ શકે ? અથવા, ધર્માસ્તિકાયાદિકથી રહિત અનંત અલોકમાં પણ તે કેમ જઈ શકે ? કેમકે-એક આત્માનું કેવળજ્ઞાન લોક અને અનંત અલોકને પણ જાણે તો છે. તો એ નિયત સ્થળમાં રહેલા એક આત્માનો જ્ઞાનગુણ લોકની બહાર, ધર્માસ્તિકાયાદિક ગતિમાં સહાયક જ્યાં નથી, એવા અનંત અલોકમાં તો શી રીતે જઇ શકે ? શી રીતે ગતિ કરી શકે ?"

એ રીતે પ્રશ્ન છે. ૬

અગુરૂ-લઘુ નિજ ગુણને દેખતાં,
દ્રવ્ય સકલ દેખંત સુજ્ઞાની !
સાધારણ ગુણની સાધર્મ્યતા,
દર્પણ-જલને-દૃષ્ટાંત સુજ્ઞાની ! ૭

[અગુરુ-લઘુ=દરેક દ્રવ્યમાં અગુરુ-લઘુ નામનો અગમ્ય ગુણ હોય છે. દેખંત=દેખે છે. સાધારણ-ગુણ=સર્વ દ્રવ્યોમાં જે રહે, તે. સાધર્મ્યતા=એક સરખાપણું. દર્પણ-જલ-દૃષ્ટાંત=આરિસાઃ અને પાણીઃનો દાખલો.]

પ્રશ્નનું સમાધાનઃ-જેમ દર્પણમાં પ્રતિબિંબ ઝીલવાનો ગુણ છે, તે પ્રમાણે પાણીમાં પણ પ્રતિબિંબ ઝીલવાનો ગુણ છે. તેથી પોતાનામાં રહેલા ગુણ બીજામાં છે. એટલે પાણીમાં અને દર્પણમાં પ્રતિબિંબ ખેંચવાનો ગુણ એક સરખો થયો. એક પદાર્થનું પ્રતિબિંબ દર્પણમાં પડે છે. તો તેજ પદાર્થનું પ્રતિબિંબ પાણીમાં પણ તેવીજ રીતે પડે

છે. એ દૃષ્ટાંત મુજબ સરખાપણાને લીધે એકમાં પડતા પ્રતિબિંબની રીત ઉપરથી બીજામાં પડતા પ્રતિબિંબનો ખ્યાલ આવી શકે છે. જેમ જળમાં પ્રતિબિંબ પડે, તેમજ દર્પણમાં પણ પડે છે." એમ સમજી શકાય છે.

એ પ્રમાણે, આત્મ-દ્રવ્યમાં પોતાના ષડ્ગુણ હાનિ અને ષડ્ગુણ વૃદ્ધિ પામતા અને ષડ્ ભાગ હાનિ અને ષડ્ભાગ-વૃદ્ધિ પામતા પોતાના—અનંત સ્વ-અગુરુ-લઘુ—પર્યાયોછે. તેવા બીજા જ્ઞેયોને પણ અ-ગુરુ-લઘુ-પર્યાય હોય છે. માટે જેમ પોતાના અનંત અ-ગુરુ લઘુ—પર્યાયોને પોતે જાણે છે-તે પ્રમાણે—સમાનતાને ધોરણે—બીજાના અ-ગુરુ-લઘુ અનંત પર્યાયોને પણ તે ઉપરથી તે જાણી શકે છે. માટે સર્વનો જાણ—સર્વજ્ઞ તરીકે જ્ઞાન-ગુણની અપેક્ષાએ આત્મા સ્વઃદ્રવ્યઃ ક્ષેત્રઃ કાળઃ અને ભાવઃની જેમ, પરઃ દ્રવ્યઃ ક્ષેત્રઃ કાળઃ અને ભાવઃ જાણી શકે છે. અને એ અપેક્ષાએ સર્વજ્ઞ તથા સર્વ-વ્યાપક બની શકે છે.

આત્માના જ્ઞાન ગુણની શકિત જ લોકાલોકના ત્રણેય કાળના સર્વભાવોને જાણવાના પરિણામ સ્વરૂપે છે. તે ગુણની લાયકાત જ એવી છે, તેથી કોઇ પણ દ્રવ્ય : ક્ષેત્ર : કાળ : અને ભાવઃમાં રહેલા સર્વ જ્ઞેયને કેવળજ્ઞાની આત્મા જાણી શકે છે, સ્વરૂપ નિયત તે આત્માનો જ્ઞાન એ તદ્ગ્રહણ પરિણામ રૂપ : ધર્મ છે. પરંતુ ઉપરના પ્રશ્નનો આ મોઘમ જવાબ

થાય છે. જિજ્ઞાસુને વિશેષ વિસ્તૃત જવાબ જાણવાની ઈચ્છા રહે છે. તે વિના જિજ્ઞાસુઓને પૂરો સંતોષ થશે નહીં.

"સ્વ-અગુરુ-લઘુ-પર્યાય પ્રમાણે સ્વેતર દ્રવ્યોનાં અગુરુ લઘુ પર્યાયોને કેવળજ્ઞાની પ્રભુ સાધારણ ગુણોની સાધર્મ્ય-તાથી જાણે" એમ કહીએ, તો વચ્ચે અનુમાન પ્રમાણ આવી જાય છે. અનુમાન પ્રમાણ તો પરોક્ષ જ્ઞાન છે ત્યારે કેવળ જ્ઞાન તો પ્રત્યક્ષ પ્રમાણ રૂપ છે એ કેવી રીતે બંધ બેસતું થાય? કેવળ જ્ઞાનની શકિત જ એ એવી છે કે-સ્વને અનુમાન વિના જાણે છે. તેમ પરને પણ અનુમાન વિના સાધર્મ્યતાના સ્વભાવે જાણી શકે છે. એ સમાધાન સંભવે છે.૭.

શ્રી-પારસ-જિન પારસ-રસ-સમો,
પણ ઇહાં પારસ નહી. સુજ્ઞાની!
પૂરણ-રસીયો હો નિજ-ગુણ-પરસનો,
આનંદ-ઘન મુજમાંહી સુજ્ઞાની! ૮

[પારસ-રસ-સમો=પારસ મણિના રસ-ગુણ જેવો. રસિયો=રસ યુક્ત રસિક. નિજ-ગુણ-પરસન્ન=પોતાના ગુણોમાં મગ્ન, આત્મ સ્વરૂપમાં સ્થિત સ્વસ્થ. સંભવે છે.]

જેમ પારસમણિના રસનો-પારસમણિનો-સ્પર્શ થતાં જ બીજાને પારસમણિ રૂપે કરી નાખે છે. તેમ શ્રી પાર્શ્વનાથ પ્રભુ પારસમણિના રસ જેવા છે, છતાં તે પારસમણિ નથી. અહીં, તેના પારસ-સ્પર્શ રૂપે વિચાર કરવામાં આવ્યો નથી.

કેમકે–પારસનાથ પ્રભુ તેના કરતાંયે ક્યાંયે વિશેષ છે. પોતાના આત્મગુણમાં સદા પ્રસન્ન રહેતા હોવાથી તે પૂરેપૂરા રસિક છે, એટલે આનંદઘન–આત્માનો આનંદ મારામાં જ છે.

સ્વ–દ્રવ્યઃ ક્ષેત્રઃ કાળઃ અને ભાવઃમાં છે. પર–દ્રવ્યઃ ક્ષેત્રઃ કાળઃ અને ભાવઃમાં નથી. આત્મા આત્મનિષ્ઠ સ્વ-નિષ્ઠ છતાં સર્વજ્ઞ છે. એ આત્મદ્રવ્યની વિશિષ્ટતા છે, અને લોકસિદ્ધ છે.

ભાવાર્થ:—સંખ્યાત ગુણ વૃદ્ધિ, અસંખ્યાત ગુણ વૃદ્ધિ, અનંત ગુણ વૃદ્ધિઃ સંખ્યાત ભાગ વૃદ્ધિ, અસંખ્યાત ભાગ વૃદ્ધિ, અનંત ભાગ વૃદ્ધિ–એ પ્રમાણે સંખ્યાતગુણ હાનિ, અસંખ્યાતગુણ હાનિ, અનંત ગુણ હાનિ; સંખ્યાત ભાગ હાનિ, અસંખ્યાત ભાગ હાનિ, અનંત ભાગ હાનિ–એ પ્રમાણે છ વૃદ્ધિઃ અને છ હાનિઃ પામતા દરેકે દરેક આત્મામાં અનંત અનંત અ-ગુરુ લઘુ નામના વાણીને અગોચર એવા પર્યાયો દરેક ક્ષણે થયા જ કરે છે. તેમાં આત્મ-રમણતા થવાથી તેને પોતાની અંદરના અનંત જ્ઞેયોનું જ્ઞાન થાય છે, તેવા બીજા દ્રવ્યોમાં પણ અનંત અનંત અ-ગુરુ લઘુ પર્યાયો હોય છે. તેથી તેનું પણ સાધર્મ્યતાથી જ્ઞાન થતું હોવાથી આત્મા સર્વજ્ઞ બની શકે છે.

સારાંશ એ છે, કે–અપેક્ષાએ આત્મા ધ્રુવ છતાં અપે-ક્ષાએ અધ્રુવ પણ છે. અપેક્ષાએ સ્વ દ્રવ્યઃ ક્ષેત્રઃ કાળ; અને ભાવ મય છતાં, અપેક્ષાએ પર દ્રવ્યઃ ક્ષેત્રઃ કાળઃ અને ભાવઃ મય પણ છે. તેથી સિદ્ધશિલામાંજ રહ્યા રહ્યા કશીયે પ્રદે-

શોની ચંચળતા કર્યા વિના ધ્રુવ રૂપ અને સ્વ-પ્રદેશ ક્ષેત્ર-વ્યાપી હોવા છતાં, અનંત જ્ઞેયોના જ્ઞાન રૂપ અ-ગુરુ-લઘુ-પર્યાયોની ઉથલ પાથલને હિસાબે આત્મા અધ્રુવ પણ છે. અને સર્વ વ્યાપી પણ છે. એમ માનવાથી આત્મ દ્રવ્યને સર્વ વ્યાપી માનવામાં જે જે દોષો બતાવ્યા, તે તે દોષો લાગતા નથી. અને જ્ઞાન ગુણથી આત્મા સર્વ વ્યાપી હોવામાં હરકત આવતી નથી. સ્યાદ્વાદ વિના આ વાત ઘટી શકે નહીં. આ તત્ત્વ આ સ્તવનમાં સુંદર રીતે સમજાવ્યું છે.

આ સ્વ-પર દ્રવ્યનું જ્ઞાન કેમ થાય છે? તે દૃષ્ટાંતથી વિશેષ ઘટાવી શકાશે.

એક માણસને શત્રુંજય તીર્થની યાત્રા કરવા જવું છે. પરંતુ તે ભૂલથી શત્રુંજય તરફ જતા વાહનને બદલે ગીરનારજી તીર્થ તરફ જતા વાહનમાં બેસી જાય, તો તે શત્રુંજય તીર્થે વખતસર પહોંચી શકે નહીં. કેમકે—વાહન દ્રવ્ય જુદું હતું. શત્રુંજય તીર્થે જવાનું સ્વદ્રવ્ય નહીં, પણ તેના કરતાં ગીરનારજી તીર્થે જવાનું પર દ્રવ્યઃ હાથ લાગી ગયું. જેથી શત્રુંજય તીર્થે વખતસર ન પહોંચાયું.

બીજો માણસ તે વાહન શત્રુંજય તીર્થની પાસે જ્યાં સ્થિર રહે, તે જગ્યાએ ન જતાં ભૂલથી એકાદ ગાઉ આગળ કે પાછળ શત્રુંજય તીર્થ જનારા વાહનની પાસેથી પસાર થાય, તો પણ તે શત્રુંજય તીર્થે જઈ શકે નહિં. કેમકે-વાહનમાં બેસવાનું ક્ષેત્ર નહોતું, બેસનારની બેસવાની ઇચ્છા છે. પાસે ભાડાના પૈસા છે, વાહન પણ એ જ છે. છતાં બેસવાની જગ્યાએ બરાબર ન પહોંચવાથી બેસાયું નહીં, તે

જગ્યાથી દૂર એક ગાઉ વહેલામાં વહેલા જઇને તેનો આવવાનો વખત સાચવીને આવવાના જ રસ્તામાં આગળના ભાગમાં કોઇ જઇને બેસે, તો પણ તે વાહનમાં તેને બેસવા ન મળે, કેમકે-ત્યાં યોગ્ય ક્ષેત્ર નથી હોતું ત્યાં તેને વાહનમાં ચડવા દેવામાં આવતો નથી.

એજ પ્રમાણે-વાહન ઉપડી જતાં જ એક પળનાજ વિલંબે બેસવાની તેજ જગ્યા ઉપર માણુસ આવે, છતાં એક પળનો પણ વિલંબ કરેલો હોવાથી, શત્રુંજય તીર્થે જવાના વાહનમાં બેસી શકાય નહીં. કેમકે-તે વાહનમાં બેસવાનો પરકાળ થઈ ગયો. શત્રુંજય તીર્થે જવાનું તે વાહન કાળથી રહ્યું નહીં. બરાબર વખતસર યોગ્ય જગ્યાએ આવી પહોંચ્યા વાહન પણ શત્રુંજય તીર્થ તરફ જવાનું નક્કી છે. જલ્દી પહોંચાડે તેમ છે. પણ ભાડાના પૈસા અગાઉથી રોકડા આપવા પડે છે. ભાડાના રૂપિયા પાંચ થાય છે. પણ બેસનારની પાસે રૂા. ૪-૧૫-૧૧ છે. એક પાઇ જ માત્ર ઓછી છે. બસ, તે માણુસ તે વાહનમાં બેસી શકશે નહીં. કેમકે-બેસવાની સામગ્રી-ભાવ-નથી. પોતાની તબિયત નરમ ગરમ થઇ આવી-ચકરી આવી, કોઇને કાંઈ અયોગ્ય સંજોગો-ભાવ-આવી પડયા, તે પર ભાવ થયા. કાર્ય બનશે નહીં.

દરેક પદાર્થના અનંત ધર્મો હોય છે. તે દરેકનાં દ્રવ્ય ક્ષેત્રઃ કાળઃ ભાવઃ હોય છે. તેના પણ અનંત ભેદો પડે છે. નાના મોટા ચડતા ઉતરતા દરજ્જા ઓચ્છાંશ વધતાંશ વિગેરે અનંત પ્રકારો પડે છે. તે ગણી શકાતા નથી. તો

પણ અ-ગુરુ-લઘુ-પર્યાય નામે ષડ્ગુણ હાનિ વૃદ્ધિથી સમજાવી શકાય છે. અગુરુ લઘુ પર્યાયો બુદ્ધિ ગમ્ય કરતાં શાસ્ત્રાજ્ઞા-ગમ્ય ખાસ છે. તેની વિશેષ સમજ કર્મ પ્રકૃતિ પંચસંગ્રહમાંથી શાસ્ત્રીય પદ્ધતિથી મેળવવી.

---

૨૪. શ્રી-મહાવીર-વર્ધમાન-જિન-સ્તવન.

ક્ષાયિક વીર્યવંત હોય, તે આત્મા વીર-મહાવીરઃ નિરાવલંબન યોગઃ શૈલીશીકરણઃ

[નિયત-સ્થાનસ્થ કેવળજ્ઞાની પરમાત્માનું સર્વ-જ્ઞેયોની સાથેના ક્યા સંબંધે સર્વજ્ઞપણું અને સર્વવ્યાપીપણું હોય છે? તે બતાવ્યા પછી, અયોગી ભગવાનનું ક્ષાયિકવીર્ય કેવી રીતે સંપૂર્ણ પ્રગટ થાય છે? તે આત્મિક વીર્યનું સુંદર સ્વરૂપ આ સ્તવનમાં બતાવવામાં આવેલું છે. આત્મ ધર્મની પ્રીતિથી માંડીને ઠેઠ મોક્ષાવસ્થા સુધીનું જરૂરી જરૂરી વર્ણન ૨૪ સ્તવનોમાં પૂરૂં કરવામાં આવ્યું છે.

આત્માના અન્તિમ વિકાસ સુધીનું વર્ણન પૂરું થાય છે. એટલે આ સ્તવનમાં વિકાસની છેલ્લી ભૂમિકાનું વર્ણન છે.]

વીરજીને ચરણે લાગું,
  વીર પણું તે માગું રે,
મિથ્યા-મોહ-તિમિર-ભય ભાગુ,
  જિત-નગારુ વાગ્યું રે. વીર૦ ૧

[વીરપણું=શૂરવીરપણું, ચરણે લાગું=પાયે લાગું, પ્રણામ કરું મિથ્યા=મિથ્યાત્વ. મોહ=કષાયો. તિમિર= અંધારું અંધકાર. ભાગું=ભાગી ગયું. જિત-નગારું=વિજય ભેરી, વિજય ડંકો.]

શ્રી મહાવીર વર્ધમાન પરમાત્માને ચરણે લાગીને પડીને, તેમણે બતાવેલી શૂરવીરતા હું તેમની પાસે માગું છું. તેઓશ્રીએ શૂરાતનપણું બતાવીને મિથ્યાત્વ અને કષાયો-રૂપી ભયંકર અંધકારના હુમલાને ભગાડેલ છે, અને જગત્માં વિજય ડંકો વગાડયો છે.

[મને પણ આપશ્રીના ચરણે વળગવાથી—આપશ્રીની મદદથી-શૂરપણું માગવાની મેળવવાની ઇચ્છા થઇ, તેથી મારા મિથ્યાત્વ અને કષાય વિગેરેના ભયંકર હુમલા ભાગવા લાગ્યા છે. અને વિજય નગારું વાગવું શરૂ થયું છે. તે ભયો સંપૂર્ણ ભાગી જશે, એટલે બરાબર વિજયનગારું ગાજી ઉઠશે.] ૧

વીર્યવંત હોય, તે વીર. અને વીરોમાં પણ શ્રેષ્ઠ, તે મહાવીર. વીરતામાં વીર્યની મુખ્યતા છે-વીર્ય ઉપર વીર-તાનો આધાર હોય છે. તેથી વીર્ય પ્રેરિત વીરતાની અને મહાવીરઃ નામની સાર્થકતા શ્લેષથી સ્પષ્ટ રીતે જ કરી બતાવી છે.

છઉમ-ત્થ—વીર્ય લેશ્યા—સંગે,
અભિસંધિ—જ મતિ—અંગે રે.

સૂક્ષ્મ-સ્થૂલ-ક્રિયાને રંગે,
યોગી થયો ઉમંગે રે. વીર૦ ૨

[છઉમત્થ-વીર્ય=છદ્મસ્થ-અસર્વજ્ઞ-દશામાં-મોહથી ઘેરાયેલી અવસ્થામાં-રહેલા જીવનું વીર્ય-બળ. લેશ્યા-સંગે=કૃષ્ણાદિક દ્રવ્ય લેશ્યાનો સંબંધ હોય, ત્યાં સુધી અભિસંધિ-જ=અભિસંધિ-નિમિત્ત-ખાસ પ્રયત્નથી ઉત્પન્ન થયેલ. મતિ-અંગે=વિચાર પૂર્વક, ઇરાદા પૂર્વક. સૂક્ષ્મ-સ્થૂલ-ક્રિયાને=બારીકમાં બારીકઃ અને સારી રીતે જણાઇ આવે તેવી વધુ પડતી સ્થૂલ મન વચન અને કાયાની પ્રવૃત્તિના. રંગે=રંગમાં, લહેજતમાં. યોગી=મનઃ વચનઃ કાયાઃના યોગવાળો. ઉમંગે=મોહજન્ય આનંદથી-ઉત્સાહથી-સ્વેચ્છાથી-ઉમળકાથી-ઉલ્લાસથી.]

લેશ્યાયુક્ત-છદ્મસ્થ જીવનું મતિ અંગે-એટલે ઇરાદા પૂર્વકના પ્રયત્નને લીધે-જે બળ-વીર્ય પ્રવર્તે, તેનું નામ **અભિસંધિ-જ યોગ** કહેવાય છે.

અને ખાસ પ્રકારના પ્રયત્ન વિના સ્થૂલઃ કે સૂક્ષ્મઃ મન વચન કાયાની પ્રવૃત્તિના રંગે જીવના પ્રયત્ન ચાલે, તે **અનભિસંધિજ વીર્ય** કહેવાય. એ રીતે લેશ્યાના બળથી રંગમાં આવીને આત્મા મોહજન્ય ઉલ્લાસથી યોગી-મનઃ વચનઃ કાયાઃ મારફત પ્રવર્તતા બળવાળો બન્યો હોય છે, મન; વચનઃ કાયાઃની સ્થૂલઃ અને સૂક્ષ્મઃ પ્રવૃત્તિઓના રંગથી રંગાય છે, અને મોહના ઉત્સાહમાંને ઉત્સાહમાં યોગોને આધીન થઇ યોગી-

મનઃ વચનઃ કાયાંની પ્રવૃત્તિવાળો બને છે. અથવા કર્મો સાથેના સંબંધવાળો થાય છે. ૨

અસંખ્ય-પ્રદેશે વીર્ય-અસંખ્યે,
યોગ-અસંખિત કંખે રે,
પુદ્ગલ-ગણ તેણે લે સુ-વિશેષે,
યથા-શકિત-મતિ લેખે. રે વીર૦ ૩

[યોગ=મનઃ વચનઃ કાયાઃ મારફત પ્રવર્તતું-જણાતું આત્માનું બળ. કંખે=કાંક્ષિત છે, શાસ્ત્રમાં ગણાવેલ છે. પુદ્ગલ-ગણ=કર્મ પરમાણુઓની બનેલી કાર્મણ વર્ગણાઓના જત્થા. સુ-વિશેષે=ખૂબ ખૂબ વધારે વધારે. યથા-શક્તિ-મતિ-લેખે=શક્તિ=પ્રયત્ન અને મતિ=ઇરાદો. અધ્યવસાય-સ્થાનોના પ્રમાણમાં, તેને હિસાબે.]

કોઇ પણ એક આત્માને અસંખ્ય આત્મ પ્રદેશો હોય છે. દરેક આત્મ પ્રદેશમાં અસંખ્ય આત્મિક વીર્યના અંશો હોય છે. તે આત્મિક વીર્યના અસંખ્ય અસંખ્ય અંશોનું યોગ-સ્થાનક હોય છે. એવા યોગ સ્થાનકો શાસ્ત્રમાં અસંખ્ય બતાવેલા છે.

જીવના પ્રયત્ન અને અધ્યવસાય સ્થાનક પ્રમાણે-અભિસંધિને બળે તે તે યોગ સ્થાનક વડે જીવ વધારે વધારે કાર્મણ વર્ગણા રૂપ પુદ્ગલોના જત્થા પોતાના આત્મામાં ખેંચે છે-પોતાનામાં મિશ્રિત બનાવે છે. આ યોગ સ્થાનકો

જીવને નવાં નવાં કર્મો બંધાવે છે, અને જેમ યોગ્યસ્થાનક વધારે વધારે તીવ્ર, તેમ તેમ કર્મના જત્થા પણ વધુને વધુ જીવ લે છે. ૩

ઉત્કૃષ્ટે વીર્ય-નિવેશે,
 યોગ-ક્રિયા નવિ પેસે રે
યોગ તણી ધ્રુવતાને લેશે
 આતમ-શકિત ન ખસે રે. વીર૦ ૪

[ઉત્કૃષ્ટે=વધારેમાં વધારે. વીર્ય-નિવેશે=વીર્યના પ્રદેશોમાં. યોગ-ક્રિયા=મનઃ વચનઃ કાયાઃના યોગની પ્રવૃત્તિ ધ્રુવતા=નિશ્ચળતા. લેશે=લેશ માત્ર. આતમ-શકિત=આત્માની શક્તિ, આત્માનું વીર્ય. ખેસે=ખેસવે. ખસે.]

જેમ જેમ આત્મા સ્વતંત્ર રીતે સ્વવીર્ય હસ્તગત કરતો જાય છે, અને છેવટે વધારેમાં વધારે સ્વવીર્ય તેને પ્રાપ્ત થાય છે, ત્યારે તેના પ્રદેશમાં મનઃ વચનઃ કાયાઃના યોગોની પ્રવૃત્તિ પ્રવેશ કરી શકતી નથી. એટલે કે-જેમ જેમ આત્મા ગુણસ્થાનકો ઉપર ચઢતો જાય છે, તેમ તેમ તેનું વીર્ય વધતું જાય છે, અને છેવટે જ્યારે, વીર્ય વધીને ઉત્કૃષ્ટ હદે પહોંચી જાય છે, ત્યારે-મનઃ વચનઃ કાયાઃના યોગની પ્રવૃત્તિ તદ્દન મંદ પડી જાય છે, ને છેવટે નાબુદ પણ થઈ જાય છે. આ એક વિચિત્ર ઘટના બને છે. અર્થાત્ તે બળ મનઃ વચનઃ અને કાયાઃ મારફત વેરાતું-વેડફાતું હોય છે, તે બંધ પડીને આત્મસ્થ-સ્થિર થતું જાય છે.

વળી જેમ જેમ મનઃ વચનઃ કાયાઃના યોગો સ્થિર થતા જાય છે, અને છેવટે તદ્દન સ્થિર થઇ જાય છે, ત્યારે તેને આત્માની વીર્ય–શક્તિ–બળ જરા પણ ખસેડી શકતી નથી. ડગાવી શકતી નથી. આત્મા યોગોને પકડી રાખી શકતો નથી.

પરિણામે, આત્મા અને મનઃ વચનઃ કાયાઃના પરમાણુના જત્થાઓ સદાને માટે છુટા પડી જાયછે, મનઃ વચનઃ કાયાઃના પુદ્ગલો પુદ્ગળ રૂપે સ્થિર રહે છે, તેને આત્માનું વીર્ય કાંઈ અસર કરી શકતું નથી. એટલે કે–છેવટે, તે ત્રણની મારફત કાંઈ પણ પ્રવૃત્તિ કરતું નથી. આ બીજી વિચિત્ર ઘટના બને છે. અર્થાત્, આત્મા પુદ્ગળોથી તદ્દન છુટો પડી જતો હોવાથી તેનો મનઃ વચનઃ કાયાઃ રૂપે બનાવી ઉપયોગ કરી શકતો નથી.

ઉત્કૃષ્ટ વીર્યને યોગો અસર કરી શકે નહી, અને યોગોની ઉત્કૃષ્ટ સ્થિરતાને ઉત્કૃષ્ટ વીર્ય પણ ડગાવી શકે નહીં. બન્નેય સદાને માટે છુટા પડી જાય છે, એ ગાથાનો સાર છે. ૪

કામ–વીર્ય–વશે જિમ ભોગી,
તિમ આતમ થયો, ભોગી રે.
શૂરપણે આતમ–ઉપયોગી,
થાય તેહ અ–યોગી રે વી૦ ૫

[કામ–વીર્ય–વશે=મૈથુનપૂર્વક વિષય સુખ ભોગવ-

વામાં ઉપયોગી વીર્યને લીધે. ભોગી=ભોગો ભોગવનાર. આતમ-ઉપયોગી=આત્મામાં ઉપયોગવંત. આત્માના વિકાસના પ્રયત્નમાં લીન. અ-યોગી=મનઃ વચનઃ કાયાઃના યોગો રહિત. ચૌદમે ગુણ સ્થાનકે રહેલા જીવોઃ અને સિદ્ધ પરમાત્મા.]

મૈથુનપૂર્વક વિષયસુખ ભોગવવામાં ઉપયોગી વીર્યને લીધે જેમ કોઇ પણ જીવ ભોગો ભોગવનાર—ભોગી—બને છે, તે જ પ્રમાણે મનઃ વચનઃ કાયાઃ મારફત પ્રવર્તતા આત્માના બળ—વીર્યને લીધે આત્મા ભોગી એટલે સંસારી થયો છે. સંસારમાં ભ્રમણ કરે છે, અને સંસારમાં સંસારનાં સુખ દુઃખોનો ભોગવનાર ભોકતા થયો છે.

પરંતુ, જ્યારે એજ આત્મા શૂરાતન લાવીને, પોતાના આત્માના ઉપયોગમાં તલ્લીન થાય છે, ત્યારે તે **અયોગી** થઇ જાય છે. શૈલેશીકરણસ્થ બની સિદ્ધ પરમાત્મા બને છે.

વિરોધનું સ્પષ્ટીકરણઃ

આત્મા ઉપયોગી હોય તો યોગી થાય, પણ અ—યોગી શી રીતે થાય? એ વિરોધ આવે છે. અયોગી થાય છે, એટલે મન વચનઃ કાયાઃના યોગો રહિત થાય છે.

તથા અયોગી થતાં પહેલાં આત્મા યોગી હતો, તે ભોગી કેમ થાય? એ પણ બીજો વિરોધ છે. પરંતુ, યોગી-મનઃ વચનઃ કાયાની પ્રવૃત્તિ રૂપ યોગોને લીધે યોગી થાય

છે. અને એ રીતનો યોગી થવાથી કર્મો બાંધીને–સાંસારિક ભાવો પામીને–આત્માને પોતાના કરેલાં તે સર્વ કર્મો ભોગવવાં પડે છે તેથી તેનો ભોકતા–ભોગી–થાય છે. આ રીતે બન્નેય વિરોધોના પરિહારો–ઉકેલો થાય છે.

અહીં ત્રણ પ્રકારનાં વીર્ય બતાવ્યાં છે.—૧ મૈથુન-પૂર્વક વિષયસુખ ભોગવવામાં ઉપયોગી થાય, તે સાતમી ધાતુરૂપ શારીરિક વીર્યઃ જેને લીધે પ્રાણી કામ-વાસનાથી વાસિત થઈ મૈથુન સુખ ભોગવે છે. ભોગી થાય છે. (૨) મનઃ વચનઃ કાયાઃના યોગ મારફત ભોગવાતું આત્માનું બળ. તેને લીધે કર્મો બાંધીને આત્માને સાંસારિક અવસ્થા ભોગવવી પડે છે. અનાદિ કાળથી મોક્ષમાં ન જવાય, ત્યાં સુધી દેવઃ નારકઃ તિર્યંચઃ મનુષ્યઃ સ્ત્રીઃ પુરુષઃ નપુંસકઃ વિગેરે રૂપે થવું પડે છે, અને વિવિધ રીતે સંસારમાં રખડવાનું થાય છે. સંસાર ભોગવવો પડે છે, ને એ રીતે આત્મા ભોગી થાય છે. (૩) ત્રણેય યોગો નબળા પડવાથી અને રત્નત્રયોની આરાધનાથી વીર્યાન્તરાય કર્મનો સર્વથા ક્ષય થવાથી મેરૂ પર્વત–વિશ્વોને ઉથલાવી પાડવા જેવું જે ક્ષાયિક ભાવે અક્ષય આત્મિક વીર્ય પ્રગટ થાય છે, તે. જેને લીધે આત્મા શૈલેશી–મેરુપર્વત જેવો સ્થિર અને નક્કર બની જાય છે. અયોગી–મનઃ વચનઃ કાયાના યોગો વગરનો થઇ સ્થિર વીર્યવંત બને છે.

૧ એક વીર્ય કામભોગી બનાવે છે, ૨ બીજું વીર્ય સંસાર ભોગવાવે છે. ૩ જું વીર્ય આત્માને અયોગી બનાવી મુક્ત અને સ્થિર—નક્કર બનાવે છે. ૫

"વીર પણું તે આતમ-ઠાણે."
જાણ્યું તુમચી વાણ્યે રે.
ધ્યાન-વિન્નાણે શક્તિ-પ્રમાણે
નિજ-ધ્રુવ-પદ પહિચાણે. રે વી૦ ૬

[**વીરપણું**=વીરતા, શૌર્ય. **આતમ-ઠાણે**=આત્મામાં છે, આત્મ-સ્થાનની વસ્તુ **છે**. **તુમચી**=તમારી. **વાણ્યે**=વાણી વડે, ઉપદેશ વડે. **ધ્યાન-વિન્નાણે**=ધ્યાનના વિજ્ઞાન વડે, ધ્યાનના શાસ્ત્રીય જ્ઞાનવડે **શક્તિ-પ્રમાણે**=પોતાની જેવી શક્તિ, પોતાની શક્તિનો જેટલો વિકાસ. તે પ્રમાણે **નિજ-ધ્રુવ-પદ**=પોતાની સ્થિરતા, ધ્રુવતા, સ્થિરપદ, વીર્યનું બળ. **પહિચાણે**=જાણી શકે છે. ઓળખી શકે છે.]

" વીરપણાનું પ્રયોજક પ્રેરક-વીર્યનું ખરૂં મૂળ સ્થાન તો આત્મા જ છે. " આ વાતની ખબર આપના શિવાય કોઇ પણ વિદ્વાને જગત્‌ને આપી નથી. આ વાત જગત્ આપની વાણીથી—ઉપદેશથી—જ જાણી શકેલ છે. જેમ જેમ ધ્યાનમાં શાસ્ત્રીય વિજ્ઞાનનો આધાર લઇને, પોતાની શક્તિ પ્રમાણે આત્મા આગળ વધે છે, તેમ તેમ પોતાના આત્મામાં કેટલી ધ્રુવતા—સ્થિરતા—વીર્ય-સામર્થ્ય—પ્રાપ્ત થયેલ છે? તે પોતાના ધ્યાનના જ્ઞાનથી જીવ ઓળખી શકે છે. ૬

ધ્યાન-વિજ્ઞાન એટલે યોગના આઠ અંગો છે. તેના નામઃ-- યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ. આ પ્રમાણે **પતંજલિ યોગસૂત્રમાં** આપેલા છે. અને તેની વ્યાખ્યાઓ પણ આપેલી છેઃ-

યમ એટલે વ્રતો. **નિયમ** એટલે વ્રતોને સહકારી જીવનચર્યા **આસન** એટલે પદ્માસનાદિક યોગાસનો. મુદ્રા વિગેરે. **પ્રાણાયામ** એટલે રેચકઃ પૂરકઃ અને કુંભક કરીને પવનની ગતિ ઉપર કાબૂ મેળવવો. **પ્રત્યાહાર** એટલે ઈન્દ્રિયો ઉપર કાબૂ મેળવવો. **ધારણા** એટલે કોઇપણ વસ્તુ ઉપર એકાગ્ર થવાની ટેવ કેળવવી. **ધ્યાન** એટલે કોઇપણ વસ્તુનું એકાગ્રતાથી અમુક વખત સુધી ધ્યાન કરવું. અને **સમાધિ** એટલે દુનિયાના બાહ્ય વ્યવહારોથી પર થઇને ધ્યાન સૃષ્ટિમાં સ્વેચ્છાથી રમણતા કરવાની શક્તિ પ્રાપ્ત થવી, તે.

જૈન દર્શનમાં પણ આજ આઠ અંગો બતાવ્યા છે. પરંતુ તેની વ્યાખ્યા તદ્દન જુદી છે. તે આ પ્રમાણે છેઃ--

યમ--અહિંસા અને સત્ય વિગેરે વ્રતોને યથા શક્તિ અમલમાં મૂકવાં અને ત્રણ ઇચ્છાયમાદિક યમોનો અમલ કરવાની ઇચ્છા રાખવી. **નિયમઃ** પાંચ પ્રકારનાં છે. શૌચ, સંતોષ, તપ. સ્વાધ્યાય અને પરમાત્મ પ્રણિધાન. **આસનઃ** આત્મ કલ્યાણના પ્રયત્નોમાં વધારે સ્થિરતા. **પ્રાણાયામઃ** પ્રાણ કરતાં પણ દેવઃ ગુરુઃ ધર્મઃ ને વધુ વ્હાલા ગણે, ધર્મ માટે પ્રાણનો ત્યાગ કરે. પણ પ્રાણ ખાતર દેવઃ ગુરુઃ ધર્મઃનો ત્યાગ ન કરે, એવી વૃત્તિ. **પ્રત્યાહાર** ઈન્દ્રિયો ઉપર કાબૂ, ઉપરાંત ધર્મ ઉપર આવી પડતાં વિઘ્નોને હઠાવવમાં તત્પરતા. **ધારણાઃ** ચિત્તની સ્થિરતામાં સારો વધારો.ચપળતાનો ત્યાગ થાય. **ધ્યાનઃ**પરમાત્મા વિગેરે ધ્યેયની મદદથી જેમ બને તેમ મન વચન અને કાયારૂપ યોગોના વ્યાપારો રોકીને આત્મા સ્થિર થતો જાય, તેથી પોતાનું બળ-વીર્ય-પ્રાપ્ત થતું જાય. તેવો પ્રયત્ન કરવો. **સમાધિ** સ્વસ્વરૂપમાં સ્થિતિ જેમ

અને તેમ આત્મ પ્રદેશોની સ્ફૂરણામાં એકદમ ઘટાડાથી માંડીને તદ્દન ઘટાડા સુધીની સ્થિતિ-અયોગી અને સિદ્ધાવસ્થા સુધી પહોંચી, સં-પૂર્ણ આત્મ-વીર્યને આત્મસ્થ કરવું. તે. એકદમ આત્માએ મેરુ પર્વતની માફક સ્થિર થઇ જવું, તે.

આ રીતે વિચાર કરતાં, જેમ જેમ આત્મા **ધર્મધ્યાન** અને **શુક્લ ધ્યાન**ના પગથિયા ચડતો જાય તેમ તેમ તેનો આત્મા સ્થિર થતો જાય, મનઃ વચનઃ કાયાઃ મારફત વેરાતું આત્માનું બળ-વીર્ય-આત્મ-નિષ્ઠ થતું જાય આત્માની સ્થિરતા તે ધ્યાન. આ પ્રમાણે જૈન ધ્યાન પ્રક્રિયાથી ધ્યાન કરતો આત્મા ધ્યાનના બળ પ્રમાણે પોતાની નિજ-ધ્રુવતા-ધ્રુવપદ-સ્થિરતા પોતાને કેટલી પ્રાપ્ત થયેલ છે ? તે પોતે સમજી શકે છે.

વૈદિક દર્શનમાં પતંજલિના યોગસૂત્ર વિગેરેમાં તથા **બૌદ્ધગ્રન્થોમાં** ધ્યાનના પ્રકારો વિસ્તારથી બતાવ્યા છે; પરંતુ, આ રીતે "**સ્થિરતા અને વીર્ય શક્તિ** મન : વચનઃ કાયાઃ દ્વારા જે બહાર દેખાય છે, તે આત્માની વસ્તુ છે." એ કોઇએ બતાવેલ **નથી.** તે કેવળ **જૈન દર્શનમાંથીજ** જાણવા મળેછે. આ પણ જૈનદર્શનની વિશિષ્ટતા છે. **તેમાં શ્રી આનંદઘનજી મહારાજ** પોતાની સમ્મતિ બતાવે છે, અને "એ વાત જૈન દર્શન સિવાય બીજે નથી." એ સત્યનો એટલી જ મક્કમતાથી ઉચ્ચાર કરે છે.

આલંબન-સાધન જે ત્યાગે,
પર-પરિણતિને ભાગે રે
અક્ષય-દર્શન-જ્ઞાન-વૈરાગ્યે
આનંદ-ઘન પ્રભુ જાગે રે   વી૦ ૭

[**આલંબન-સાધન**=ટેકો લેવામાં મદદગાર અથવા ત્રણ યોગ. તે રૂપ સાધનનું આલંબન કે ટેકો. **પર-પરિ-**

ણુતિ=પર રૂપે પરિણુમવાનું તે. વૈભાવિક ભાવે પરિણુમવું. ભાગે=ભગાડે છે. અક્ષય=સાદિ અનંત ભાંગે ઉત્પન્ન થયા પછી, કદિ નાશ ન પામે તેવા–અનંતકાળ સુધી ટકે તેવા. વૈરાગ્ય=ચારિત્ર. આનંદ-ઘન-પ્રભુ=અનંત વીર્યના આનંદના સમૂહરૂપ પ્રભુ. જાગે=સદા જાગ્રત્ રહે છે. સર્વજ્ઞઃ સર્વદર્શીઃ અને શૈલેશી અવસ્થા રૂપ ચારિત્રમયઃપણે સદા જાગતા રહે છે]

બાહ્ય જીવન જીવવામાં ટેકા રૂપ થતા-મદદગાર થતા-મનઃ વચનઃ અને કાયાઃરૂપ બહારનાં આલંબનોનો જે આત્મા અક્ષય દર્શનઃ જ્ઞાનઃ ચારિત્રઃની મદદથી ત્યાગ કરે છે. તેની પર પરિણુતિ–વૈભાવિક ભાવ–ભાગી જાય છે–નાશ પામે છે. અને તે આનંદઘન પ્રભુ આનંદમય પરમાત્મા આદિ અનંત દર્શનઃ જ્ઞાનઃ અને ચારિત્રઃ વડે સદા જાગતા જ રહે છે. સિદ્ધ પરમાત્મા રૂપે અરૂપી-દિવ્ય આત્મ જ્યોતિર્મય સદા દીપતા રહે છે. ૭

ભાવાર્થ—શ્રી વીર ભગવાન્ વીર હતા.

વીર્યવાન્ હોય, તે વીર કહેવાય. જગતમાં તો શરીરે બળવાન-વીર રસ યુક્ત-હોય તે વીર કહેવાય છે. શત્રુઓ ઉપર વિજય મેળવે, અને વિજય મહોત્સવ ઉજવે, તે વીર કહેવાય છે.

ત્યારે પરમાત્મા શ્રી મહાવીર દેવે કોઈપણુ શત્રુ રાજા સાથે લડાઇ કરીજ નથી. કોઈ પણુ દેશ જીતીને કોઇ પણુ

જાતનો વિજય મેળવ્યો નથી, છતાં તેમનું નામ એકલું વીર જ નહીં, પરંતુ મહાવીર શા ઉપરથી પાડવામાં આવ્યું હશે ? વળી, કેટલાક માણસોનું નામ તેની ફૈબાએ મહાવીર પાડયું હોય છે, છતાં તેઓમાંના ઘણા નામ સિવાય મહાવીર નથી હોતા. વળી પ્રભુનું નામ તો વર્ધમાન કુમાર છે. પરંતુ ઇન્દ્ર સહિત દેવોએ વીરતા ગુણની પરીક્ષા કરીને આપેલી મહાવીર એવી તેઓની પદવી છે, પણ નામ નથી. તો આવી પદવી પ્રાપ્ત કરવામાં તેમણે શી મહાવીરતા કરી બતાવી હતી ?

તે પ્રશ્નના જવાબરૂપે "વીરતા–મહાવીરતા દુનીયાની વીરતા અને મહાવીરતા કરતાં જુદી જ જાતની છે." એમ જૈનશાસ્ત્રનો આધાર લઈને આ સ્તવનમાં સાબિત કરી આપ્યું છે.

માનવી વિગેરે પ્રાણીઓના શરીરના બળનું મુખ્ય પ્રેરક જો કે સુંદર આરોગ્ય અને શરીરનાં બીજાં સુતત્વો યથાયોગ્ય રીતે સપ્ત ધાતુનું પોષણ-વ્યવસ્થા વિગેરે હોય છે. પરંતુ, તેની પાછળ જે અપૂર્વ ઉત્સાહ, માનસિક શૌર્ય વિગેરે જણાય છે, તેમાં શારીરિક બળ પાછળ આત્માનું બળ પણ હોય છે. તે આત્મિક વીર્ય છે. શારીરિક બળના વેગનો આધાર તેના ઉપર પણ હોય છે. સુક્ષ્મદૃષ્ટિથી વિચાર કરતાં કોઈ પણ વિચારક કે સંશોધકને આ વાત સાચી લાગ્યા વિના રહેશે નહિં.

આત્માના ઉત્સાહમાં શરીરમાંના જ્ઞાનતંતુઓ, મગજ, મન, હૃદય, રોમાંચ, લોહીની સ્ફૂર્તિ વિગેરે જરૂર મદદ કરે

છે, પરંતુ, એ બધાયને પ્રેરણાનો પ્રવાહ તો ઠેઠ આત્મામાંથી જ મળે છે. માટે વીર્યનો મૂળ ઝરો તો આત્મા જ છે.

શારીરિક અલ્પશક્તિવાળા છતાં કેટલાક માણસો મહાન કામો કરી નાંખે છે. ત્યારે કેટલાક શારીરિક બળના પૂરવઠાવાળા માણસો હતાશ થઇ નાના કામોમાં પણ પાછા પડીને હઠી જાય છે. માટે "શરીરની પાછળ પણ કોઇ જુદું જ બળ કામ કરે છે." એમ કબૂલ કર્યા વિના ચાલશે જ નહીં. અને તે આત્મિક બળ છે, આત્મિક વીર્ય છે. લોકો સપ્ત ધાતુગત શુક્ર ધાતુને વીર્ય કહે છે. પરંતુ, તે તો આત્મિક વીર્યનું બાહ્ય વાહન છે. તેથી વાસ્તવિક આત્મિક વીર્યના અર્થમાં વીર્ય શબ્દ પ્રવૃત્ત છે. છતાં બાહ્ય દૃષ્ટિથી—ઉપચારથી—શુક્ર ધાતુ વીર્ય ગણાય છે. લોક પ્રસિદ્ધ વ્યવહારમાં ભૂલથી વીર્ય શબ્દનો મુખ્ય અર્થ તે મનાઈ ગયો છે. આત્માનું વીર્ય પ્રગટ થવાનું વ્યવહારુ—બાહ્ય મુખ્ય કેન્દ્ર શુક્ર ધાતુ છે. એટલે તેમાં ઉપચાર થાય, તે યોગ્ય છે. અને આત્મજ્ઞાન વગરના જીવોને બહારથી બળના પ્રતીક તરીકે એજ પદાર્થને ઓળખાવવામાં વધારે ઔચિત્ય છે. કેમકે—આત્મિક વીર્યને બહાર પ્રગટ થવા માટે તેની સાથે મુખ્ય સંબંધ છે. તેથી ઉપચાર સંગતતો છેજ. પરંતુ, તે ઉપચાર છે. વાસ્તવિક અર્થ નથી.

તે આત્મિક વીર્ય સમગ્ર વિશ્વને ઉથલાવી નાંખી શકાય તેના કરતાંયે વધારે સામર્થ્યશીલ હોય છે. પરંતુ, તે કર્મોથી ઢંકાયું હોય છે. અને જેટલું ઢંકાયું નથી હોતું, તેટલું મનઃ વચનઃ કાયાઃ મારફત વેર વિખેર રીતે ખાવાઃ પીવાઃ

જવાઃ આવવાઃ વિગેરે કામોમાં આત્મા વાપરે છે. અને જ્યારે તે સમગ્ર આત્મનિષ્ઠ થઈને-કર્મોના આવરણ રહિત થઈને આત્મામાં સમગ્રપણે છલછલી ઉઠે છે, ત્યારે તે આત્માને તેવી કોઈપણ પ્રવૃત્તિ કરવાનું પ્રયોજન નથી હોતુંઃ અને તેનો ઉપયોગ કરવા શરીર વિગેરે બાહ્ય સામગ્રીની પણ જરૂર હોતી નથી. જેમ જેમ વીર્યાન્તરાદિક કર્મોનો ક્ષયોપશમ વધે છે, તેમ તેમ પહેલાં તો અનુક્રમે વધતું જાય છે, અને જ્યારે સમગ્ર વીર્યાન્તરાય કર્મોનો ક્ષય થાય છે, ત્યારે ક્ષાયિક ભાવે અક્ષય વીર્ય પ્રગટે છે. અને આત્મા સ્થિર-સ્થિર થતા થતા તદ્દન સ્થિર થઇ જાય છે. શૈલેશ-મેરુપર્વત-જેવો સ્થિર નક્કર બની જાય છે.

આવી શૂરવીરતા પરમાત્મા મહાવીરદેવ વિગેરેએ મેળવી હોય છે, તેથી તેઓ મોહઃ મિથ્યાત્વઃ અજ્ઞાનઃ સંસારમાં ભ્રમણઃ જન્મઃ જરાઃ મરણઃ રોગઃ શોકઃ વિગેરેને ભગાડે છે અને આત્માના સંપૂર્ણ વિજય ડંકા વગાડે છે. આવી શૂરવીરતા રત્નત્રયી-શુદ્ધ દર્શનઃ જ્ઞાનઃ અને ચારિત્રઃની રસાયણ માત્રા રૂપ ઓષધનું પાન કરીને, કોઈ પણ આત્મા જગાડી શકે છે.

સંસારસ્થ જીવોને વીર્ય બે રીતે પ્રવર્ત્તે છેઃ (૧) એક તો આપણા આત્મપ્રદેશો રાત દિવસ પ્રતિક્ષણે ઉથલપાથલ થયા જ કરતા હોય છે, જેને અંગે શરીરના જ્ઞાનતંતુઓમાં અને તેથીજ લોહીના ફરવામાં કાંઈક સ્થૂલરૂપે જણાય છે, અને છાતીમાં હૃદયમાં, તથા નાડીમાં તેના ધબકારા સારી રીતે જણાય છે. આ સ્ફૂરણોને લીધેજ ખોરાકમાંથી

રસ, તથા લોહીથી માંડીને ઠેઠ શુક્ર અને ઓજસ્ સુધીની ધાતુઓ બને છે. એકમાંથી બીજીમાં સંક્રમણ થયાજ કરે છે, એક બીજા ધાતુના રોગો એક બીજા ધાતુમાં સંક્રમણ પામ્યા કરે છે. એક બીજાના વિકારો અનુલોમ અને પ્રતિ લોમપણે સંક્રમ્યા જ કરે છે.

ઉંઘતી વખતે શાંત–મૌન બેઠા હોઇએ, તો પણ આ બધી પ્રવૃત્તિઓમાં સહજ પ્રવર્તતા યોગને અનભિસંધિ-જ યોગ કહેવાય છે. અને ઇરાદાપૂર્વક કોઇ પણ પ્રકારનો ખાસ પ્રયત્ન કરવામાં આવે, કાંઈ ઉપાડવામાં આવે, દોડવામાં આવે, કાંઈ ખેંચવામાં આવે, બોલવામાં આવે, મનન કરવા, વિચારવા, સ્મરણ કરવા કે ચિંતન કરવામાં મનને ખૂબ અથવા પરાણે લગાડવામાં આવે, તો તે ત્રણેય પ્રકારનો અભિસંધિજયોગ કહેવાય છે. એ બન્નેય પ્રકારના યોગથી નિરંતર ઓચ્છા વધતા પ્રમાણમાં આત્મા સાથે કર્મ બંધાયા જ કરે છે. સહજ પ્રવર્તતો યોગ તે અનભિસંધિજઃ અને ખાસ પ્રયત્નથી પ્રવર્તે, તે અભિસંધિજ યોગઃ કોઈપણ *ઠેકાણે અભિસંધિજ યોગ ઉત્પન્ન થાય*, ત્યારે તો આખા આત્મામાં તેની થોડી ઘણી અસર થાય છે. કેમકે–આત્માના તમામ પ્રદેશો સાંકળની જેમ પરસ્પર જોડાયેલા છે. એટલે હાથવતી ભાર ઉંચકતી વખતે પણ પગમાં તેનું જોર જાય છે. તેમજ પગમાં કાંટો વાગે છે, ત્યારે મોઢામાંથી અરેરાટી નીકળી જાય છે.

પંચમ કર્મગ્રન્થ વિગેરેમાં પહેલા ગુણસ્થાનકથી ચૌદમા ગુણસ્થાનક સુધીમાં થતા અસંખ્ય યોગ સ્થાનક

બતાવ્યા છે. યોગ સ્થાનકમાં પણ જઘન્યઃ મધ્યમઃ અને ઉત્કૃષ્ટઃ એવા ભેદો બતાવ્યા છે. અને जोगा पयडी पएसं એ પદથી એમ સમજાવ્યું છે, કે—

' યોગ સ્થાનકના બળથી આત્મામાં કર્મના પ્રદેશ અને પ્રકૃતિ બંધાય છે," અને તે ન હોય ત્યારે એક પણ કર્મ આત્માને ચોંટી શકતું નથી.

આ રીતે મનઃ વચનઃ કાયાઃના યોગોને લીધે આત્મા યોગી–અયોગી કહેવાય છે.

મોક્ષ સાથે જોડે, તેવા રત્નત્રયીના સાધનોનો આત્મા ઉપયોગ કરે છે, ત્યારે પણ તે યોગી–જોગી મહારાજ–કહેવાય છે. અને છેવટે, અયોગી–ત્રણ યોગો રહિત થઈ મોક્ષમાં જાય છે.

એટલે, જૈનશાસ્ત્રમાં યોગ શબ્દ ખાસ કરીને બે અર્થમાં વપરાયેલો છે. મનઃ વચનઃ અને કાયાઃના યોગથી આત્મા સંસાર ઉભો કરે છે, તેથી પણ તે યોગી કહેવાય છે. અને રત્નત્રયીના સહકારથી યમાદિ અષ્ટાંગયોગ તથા બીજા આત્મ–વિકાસના સંવરઃ નિર્જરાઃના પ્રેરક પ્રયત્નો પણ યોગ કહેવાય છે, અને તેથી પણ યોગી કહેવાય છે. તેથી આ બે શબ્દોની ભ્રાન્તિ ન થાય, માટે આ સ્પષ્ટીકરણ કરવામાં આવેલું છે.

મન વિગેરે ત્રણ યોગોનો સંબંધ ઘટતો જાય, તેમ તેમ આત્મ સંબંધ–વિકાસરૂપ યોગ વધતો જાય, અને જેમ તે ત્રણનો યોગ–વધતો–ઘટતો જાય, તેમ તેમ મનાદિક થોડા વધતા ઘટતા જાય.

જેમ જેમ મનાદિકના યોગનું બળ ઘટે, તેમ તેમ આત્મિક વીર્ય વધતું જાય. એ સમજ્યા પછી, ૪ થી ગાથા બરાબર સમજાશે. પાંચમી ગાથા પણ આગળ બરાબર સમજાવી છે. આ રીતે આ સ્તવનમાં આત્મિક વીર્ય અને વીરતાની સુંદર ચર્ચા કરી છે.

"વીર્ય વિષેની આવી તાત્ત્વિક વાત જૈન દર્શન સિવાય જગતના બીજા કોઇ પણ સાહિત્યમાં સીધી કે આડકતરી રીતે તથા સ્પષ્ટ અને વ્યવસ્થિત રીતે જણાતી નથી." એમ શ્રી આનંદ ઘનજી મહારાજ કહે છે. આ નવીનતા છે. તે તેમણે "વીરપણું તે આતમ ઠાણે, જાણ્યું તુમચી વાણે. રે" આ પદોથી જણાવેલ છે.

જૈન ધર્મ ઉપર શ્રદ્ધા કરીને તેને આશ્રય લેનારાઓને "કાંઇ પણ ગુમાવવાનું નથી હોતું." પરંતુ, "તેમના ભલાને માટે તેને ઉત્તમોત્તમ-વિશિષ્ટતમ સંયોગોની પ્રાપ્તિ થાય છે." એમ સમજવું.

જ્યારે, આત્મા ખૂબ શક્તિશાળી-સંપૂર્ણ વિકસિત. વીર્યવાળો-બને છે, ત્યારે તેને કાયાદિક યોગની ક્રિયા અસર કરી શકતી નથી. અને આઠ રુચક પ્રદેશો તો અયોગી હોવાથી, સદાય કર્મના આવરણ રહિત જ રહે છે.

શ્રી કેવળી ભગવંતો પણ કાયાદિકની પ્રવૃત્તિ વિહાર વિગેરેમાં કરતા હોય છે. દેશના વખતે વચનયોગની પ્રવૃત્તિ કરતા હોય છે, તથા અનુત્તર વિમાનવાસી દેવોને દ્રવ્ય-મનથી ઉત્તર દેવામાં મનની પ્રવૃત્તિ કરતા હોય છે. પરંતુ

તે વખતે તે યોગો તદ્દન નિર્બળ સ્થિતિમાં હોય છે. આત્મબળ જ વધી ગયું હોય છે. અને છેવટે, તે નિર્બળયોગો પણ સર્વથા ચાલ્યા જાય છે, અને સંપૂર્ણ આત્મ વીર્ય ખીલી ઉઠે છે. આત્મ પ્રદેશોને ચંચળ બનાવનારા કાયાદિકના ત્રણ યોગો ચાલ્યા જવાથી આત્મ પ્રદેશો મેરુપર્વતની માફક સ્થિર થઈ જાય છે. તે પ્રમાણે સ્થિર ટકી રહેવામાં આત્માનું શુદ્ધ અનંત વીર્ય જ કારણભૂત છે. તે ન હોય, તો આત્મા અનંતકાળ સુધી સ્થિર રહી શકે જ નહીં.

આ રીતે જ્યારે આત્મા સ્વવીર્ય બળથી બળવાન્ બને છે, ત્યારે તેને શુભ યોગની મદદથી પ્રવૃત્તિ–સંવરઃ અને નિર્જરાની પ્રવૃત્તિ રૂપ બાહ્ય આલંબનરૂપ સાધનની મદદ લેવાની જરૂર પડતી નથી. આઠમે ગુણઠાણેથી ધર્મસંન્યાસ એટલે કે–ધાર્મિક અનુષ્ઠાનોનો ત્યાગ કરવાનો હોય છે. અને ૧૩મા ગુણ સ્થાનકના છેલ્લા અંતમુહૂર્તમાં ઉત્પન્ન થતા આયોજીકરણથી ત્રણ યોગનો ત્યાગ કરવા રૂપ યોગ સંન્યાસ કરવાનો હોય છે. આ રીતે તે આલંબન રૂપ સાધનોનો શુકલ ધ્યાનના બળથી ત્યાગ કરતો જાય, તેમ તેમ એક રીતની સ્વપરિણતિ છતાં વૈભાવિક દશા ભોગવા માંડે છે. એટલે આત્મા અચળ–સ્થિર–ધ્રુવ બની જાય છે. આત્મ–પ્રદેશો બધા સ્થિર થઇ જાય છે. પણ આત્મ–પ્રદેશો ચળવિચળ બિલ્કુલ થતા નથી હોતા.

આમ થવા છતાં મુક્ત આત્મા બીજા દર્શનકારોની માન્યતા મુજબ પત્થર રૂપ–જ્ઞાન રહિત–બની જતો નથી–

શૂન્યરૂપ બની જતો નથી. પાણીમાં પાણી ભળે અને પોતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ ગુમાવી દે, તેમ પરમાત્મામાં ભળી જઈને પોતાનું વ્યક્તિત્વ સર્વથા ગુમાવી દેતો નથી. પરંતુ સિદ્ધ શિલા ઉપર બીજા સિદ્ધ આત્માઓ સાથે ભળી જવા છતાં પોતાના આત્મ પ્રદેશોરૂપ સ્વતંત્ર દ્રવ્ય સાદિ અનંતકાળ સુધી ઓછી વધતી પોતાની ક્ષેત્ર અવગાહના રૂપ ક્ષેત્રમાં અને તથાભવ્યતાદિકને યોગે પ્રગટ કરેલા પોતાનાજ જ્ઞાનાદિક અનંત ગુણો રૂપી ભાવોથી પોતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ જાળવી રાખે છે. અને અક્ષય દર્શનઃ જ્ઞાનઃ તથા ચારિત્રઃ વિગેરે ગુણોથી સદા જાગ્રતઃ સર્વજ્ઞ ભાવે–મુક્તઃ સ્વરૂપે જાગ્રત રહે છે. જરાક પ્રમાદ કે એવું કાંઇ આવી પડે, તો પાછો તે આત્મા સંસારમાં આવી પડે પણ તેમ બનવાનું કાંઇ કારણ જ નથી હોતું.

એ રીતની સદાકાળની જાગૃતીમાં પણ તે આત્માને સ્વ-આત્મિક બળનો સહજ રીતે ઉપયોગ કરવાનો હોય છે.

સિદ્ધની શોભા શી કહું ?

સિદ્ધ જગત શિર શોભતા, રમતાં આતમરામ–
લક્ષ્મી-લીલાની લહેરમાં સુખિયા છે શિવ-ધામ. સિદ્ધ૦

[વીરવિજય મહારાજ]

સ્તવનકારના આશયથી વિરુદ્ધ જૈનશાસ્ત્રના આશયોથી વિરુદ્ધ, ગેર સમજથી, અજ્ઞાનથી, ભ્રાન્તિથી, કોઇ પૂર્વ ગ્રહથી, અલ્પ બુદ્ધિથી, કે કોઈ બીજી રીતે જે કાંઈ અયથાર્થ સ્વરૂપે લખાયું હોય, તો તે નિમિત્તે થયેલા દુષ્કૃત્યો મિથ્યા

થાઓ, મિથ્યા થાઓ. આવી ભાવના સાથે વિજ્ઞપ્તિ કરૂં છું, કે તે અને બીજી જે જે ખામીઓ હોય. તે સર્વે સુજ્ઞો સુધારી લેશે. અને હવે પછીની આવૃત્તિમાં રહેવા ન પામે, માટે, મારું ધ્યાન ખેંચશે, એવી અભ્યર્થના સાથે વિરમું છું.

પ્રભુદાસ બેચરદાસ પારેખના સ્વાભ્યાસના પરિણામ સ્વરૂપ: શબ્દાર્થ; ગાથાર્થ, ખાસ સમજ, ભાવાર્થ અને ખાસ વિશેષ ભાવાર્થ સાથે શ્રી આનંઘન ચોવીશીની પ્રમોદા નામની સંક્ષિપ્ત વિવેચના સંપૂર્ણ.

"આશય આનંદઘન તણો, અતિ ગંભીર ઉદાર.
બાલક બાહુ પસારી, જિમ કહે ઉદધિ વિસ્તાર.
[ટબાકાર-જ્ઞાન-સારજી મહારાજ.]

અર્થ ભાવાર્થ સહિત

આનંદઘન ચોવીશી

સમાપ્ત.

ઉપસંહાર

૧. સ્તવનકારનું લક્ષ્ય:

૧. બહિરાત્મભાવથી પર થઇ ચૂકેલા સ્તવનકાર શ્રી આનંદઘનજી મહારાજાએ પરમાત્મ સ્વરૂપ તીર્થંકર પરમાત્માઓના વિશુદ્ધ આત્માનું આદર્શ તરીકે અવલંબન લઇ, પોતાના અંતરાત્મરૂપ આત્માને તેવો પરમાત્મા બનાવવા, તેમની સાથે તદાકારતા અનુભવવાને માર્ગે પ્રયાણ કરવાનો પ્રયત્ન આ સ્તવનોની રચના દ્વારા કર્યો છે.

૨. દરેક સ્તવનની લગભગ પહેલી અને કોઇ ઠેકાણે પહેલી બે કડી દ્વારા તીર્થંકર પરમાત્માના પરમાત્મ–સ્વરૂપ–આત્માના ગુણો સાથે, તેના લોક પ્રસિદ્ધ નામની વિશિષ્ટતા સાંકળી લઈ આત્માના યાને તીર્થંકર પરમાત્માના વિશિષ્ટ આત્મ–ગુણોની વર્ણના કરી, અભિમુખતા ઉત્પન્ન કરે છે. પ્રાયઃ કરીને નામ ભેદ છતાં દરેક તીર્થંકર પરમાત્માની સ્તવના તેમના સર્વાભિન્ન–પરમાત્મ ભાવને લક્ષ્યીને જ કરવામાં આવી છે. શ્રી નેમિનાથ પ્રભુના સ્તવનમાં વ્યક્તિગત જીવનની વિસ્તૃત ઝાંખી થાય છે, પરંતુ, તે તો વિરોધનું ઉત્પાદન કરી પરિહારમાં તો છેવટે પરમાત્મ સ્વરૂપની જ સ્તવના પરમાર્થથી છે.

અંતતઃ તો સર્વત્ર નિશ્ચય નયથી સ્વાત્મભાવની જ સ્તવના કરી છે. સત્ય વાત એ છે, કે–સાધક પણ પોતે જ પોતાના આત્માને સ્તવી શકે, અને "સ્તવ, સ્તુત્ય ને સ્તોતા

એકજ રૂપ છે, તેવો અનુભવ ઉપજાવી શકે" તો જ તીર્થંકર પ્રભુની સ્તવના પણ સાર્થક થાય છે.

૩. પ્રાયઃ કરીને છેલ્લી કડીમાં આત્માની વિકાસ ભૂમિકાઓને અનુરૂપ આત્માના જુદા જુદા ગુણોની પ્રાપ્તિ અને છેવટે આનંદઘન રૂપ મોક્ષની પ્રાપ્તિને લગતી પ્રાર્થના હોય છે. આનંદઘન પોતેઃ મોક્ષઃ પરમાત્મ-ભાવઃ શૈલેશીસ્થઃ આત્માઃ સ્વાત્માઃ તીર્થંકર પરમાત્માઃ નૈગમનયે આનંદઘન મય સર્વ આત્માઓઃ આધ્યાત્મિક વિકાસક ભૂમિકાઓઃ સિદ્ધાત્માઓઃ વિગેરે આનંદઘન પદથી સૂચિત કરેલાં છે.

૪. વચ્ચેની ગાથાઓમાં આત્માના વિકાસને લગતા જે ગુણની વર્ણના કરવાની હોય છે, તેનું સ્વરૂપ બતાવવામાં આવેલું હોય છે.

૫. પોતાના બનાવેલા સ્તવનોનો પ્રભુની સ્તવના કરવામાં ઉપયોગ કરનાર અન્ય સાધક આત્માના હૃદયમાં પણ ભાવના જાગ્રત થાય, ને તેની સાથે સાથે, પ્રત્યેક સ્તવનો મારફત સમજાવવાના આત્મવિકાસના દરજ્જાઓ-ભૂમિકાઓનો પણ ભાસ થતો જાય, અને રાગઃ શબ્દ રચનાઃ વિગેરે પણ તેમાં પૂરતો સહકાર આપી શકે, તેવી ખૂબી રાખવામાં સ્તવનકારે સુંદર કુશળતા બતાવી છે.

૬. સાથે સાથે જ, જૈન દર્શનના શાસ્ત્રોમાં વર્ણવાયેલા આત્મવિકાસના જુદા જુદા દરજ્જાઓ-ભૂમિકાઓનું ક્રમશઃ સ્વરૂપ સમજાવવાનો-અને તે સંક્ષેપમાં છતાં વિશિષ્ટ રૂપમાં સમજાવવાનો સ્તવનકારનો ઉદ્દેશ છે. તે પણ બરાબર સિદ્ધ કરવામાં આવેલો છે.

૭. માનો કે-લગભગ ૨૦૦ કડીનો એક વિકાસ-ક્રમનો વ્યવસ્થિત ગ્રંથ હોય, તેવી આ સ્તવનોની વિશિષ્ટતા છે. માત્ર, સ્તવનાઓ જ નથી (૧) સ્તવનાઓ કરવાની કારણુતઃ પણ, સ્તુત્ય આત્મા તે તે દરજ્જે ચડીને ઠેઠ વિકાસ ભૂમિની પરાકાષ્ઠા-મોક્ષ-સુધી પહોંચેલા હોય છે, તે પણ બતાવી છે. એરીતે (૨) સ્તવના કરતાં કરતાં જે આત્મા તે તે ભૂમિકાઓનો સ્પર્શ કરીને ઠેઠ સુધી પહોંચી શકે, તે જ ઉદ્દેશ તેનુ સ્તવન કરવાનો હોય છે, અને (૩) સ્તવનકાર અને સ્તવનારઃ આત્માઃ પણ સ્તવન યોગ્ય બની શકે છે. તે (૪) તથા તે વિષયની સમજાવટ માત્ર-વિષયનું નિરુપણ માત્ર-કરનાર ગ્રંથ તરીકે નહી, પરંતુ સ્તવન રૂપ આરાધનાના પ્રકારના અવલંબન સાથે, તે સર્વ તરફ સાધકોનાં ચિત્તને આકર્ષિત કરવાની વિશિષ્ટ સંયોજના પણ છે.

એ સર્વ આ સ્તવનોમાં સ્તવનકારે અનુલક્ષિત કરેલા જણાઈ આવે છે.

૮. સ્તવનકાર માત્ર ગ્રંથ રચના જ કરે છેઃ કેવળ વિષય નિરુપણ જ કરે છેઃ પરમાત્માના ગુણો ગાવાની અન્ય સાધકોને સગવડ જ આપે છેઃ એ રીતે નહીં, પરંતુ પોતે પણ એક તન્મય હાર્દિક સાધક છેઃ પોતાના આત્માનો વિકાસ કરવાની તાલાવેલી અનુભવતો આત્મા છેઃ એ રીતે સ્વાત્મ કલ્યાણની ભાવનાના એક વિશિષ્ટ સાધન તરીકે પરમાત્માના ભાવ પૂર્વકના સ્તવનને માનીને તેવી મનોવૃત્તી સાથે સ્તવનોની રચના કરી હોય, એમ સ્પષ્ટ જણાઇ આવે છે.

૯. સ્તવનકારનો આત્મા કઇ ભૂમિકા ઉપર હશે ? તેની કલ્પના કરવી બહુજ મુશ્કેલ કામ છે: છતાં, તે અચૂક આત્માર્થી જીવ તો છે જ. ધર્મનાથ સ્વામિના સ્તવન સુધીમાં અપ્રમત્ત ભાવના મુનિ મહાત્માઓના સ્વરૂપ સુધીનું આત્મ વિકાસનું ભાન કરાવ્યું છે. આ પાંચમા આરામાં વધુમાં વધુ ૭ મા અપ્રમત્ત સર્વ વિરતિ સંયમ ગુણ સ્થાનક સુધી ચડી શકાય છે. હવે, એ મર્યાદામાં પણ કઇ ભૂમિકા સુધીમાં નિશ્ચયથી આનંદઘનજી મહારાજશ્રીનો આત્મા હશે ? તે ચોક્કસ કહેવું મુશ્કેલ છે; છતાં સમ્યક્ત્વ–ચતુર્થ ગુણ સ્થાનકની નિશ્ચયથી પ્રાપ્તિ હોવામાં શંકા જણાતી નથી.

દેશ વિરતિ: પ્રમત્ત સર્વવિરતિ: અને અપ્રમત્ત સર્વ-વિરતિ એ ત્રણ ગુણસ્થાનકોમાંની કઇ ભૂમિકાને નિશ્ચયથી તેમનો આત્મા સ્પર્શી શકયો હશે ? તે ચોક્કસ કહી શકાતું નથી.

છતાં, સંસારભાવથી તેમની ઉદાસીનતા: આત્મ રમણતા: તત્પરતા: સંયમમાં પ્રીતિ: તલ્લીનતા: તન્મયતા: પરમાત્મભાવ પામવાની નિરંતર તમન્ના: તેમને વ્યવહારથી તો સર્વ વિરતિની સ્પર્શના પામેલા આત્મા: કહેવામાં હરકત જણાતી નથી.

૨. સ્તવન બોલનારનું લક્ષ્ય:

૧. " બહિરાત્મ ભાવથી પર થઇ, અંતરાત્મ ભાવમાં સ્થિર થઇ, પરમાત્મ સ્વરૂપ થવાની ઇચ્છાવાળો આત્મા

પરમાત્મ સ્વરૂપ તીર્થંકર પરમાત્માઓનું આલંબન લઈ, પોતે કઇ વિકાસ ભૂમિકાઓ ઉપર ચડીને પરમાત્માભાવ પામી શકે ? ”

૨. આવી જિજ્ઞાસાવાળો આત્મા આ સ્તવનોના પ્રભુ સન્મુખના પાઠથી જે અનન્યલાભ ઉઠાવી શકે, તેવો લાભ બીજા ઉતરતી કક્ષાના જીવો ન ઉઠાવી શકે, એ સ્વાભાવિક છે. [આ પ્રભુની સ્તવન કરનારની વિશિષ્ટ યોગ્યતા વિષે શ્રીમદ્ હરિભદ્રસૂરિ વિરચિત લલિત વિસ્તરાનો પ્રાથમિક ભાગ-પ્રસ્તાવના-જોવી.]

૩. છતાં, જૈન શાસ્ત્રોક્ત વિશાળ આત્મ વિકાસનો ક્રમ પદ્ધતિસર સમજાવવાને આ બસો કડી એટલે સમુદ્રને વાટકીમાં સમાવવા બરાબર થાય. વિશેષમાં, પ્રત્યેક વિકાસ ભૂમિકાના વિશિષ્ટ ખાસ મુદ્દાઓને એવી ખૂબીથી સમાવ્યા છે, કે-પ્રથમના પ્રીતિયોગ નામના પગથિયાથી માંડીને ઠેઠ છેવટના શૈલેશીકરણ સુધીના પગથિયા સુધી સાધકની નજર ફરી વળે, અને તેમાંના મુખ્ય મુખ્ય પ્રતીકો પકડી પાડી, પોતે ઈચ્છે, તો ઉપર ઉપરના પગથિયાને આદર્શ રાખીને શક્તિ પ્રમાણે કોઈ પણ આત્મા પોતાને આ કાળે પણ યથાયોગ્ય વિશિષ્ટ પગથિયા સુધી આ ભવમાં પણ લઈ જઇ શકે, તેવી મનોદશા જાગૃત્ કરવા સુધી આ સ્તવનોનો પાઠ સાધકને લઈ જવાને સમર્થ થઇ શકે તેવો છે.

સાધકને માટે આ સ્તવનો યોગાવંચકઃ ક્રિયાવંચકઃ અને અવાંતર તથા પરંપરાએ ફલાવંચકયોગઃ રૂપ બની શકે, તેવી ગોઠવણવાળા છે. વળી; ઈચ્છાયોગઃ

શાસ્ત્રી યોગ: અને અંશત: સામર્થ્યયોગની પ્રાપ્તિ થઈ શકે, તેવા સ્વરૂપે પરિણમે, તેવા છે. પછી, સ્તવન બોલનારની જેવી વિકાસ ભૂમિકા.

૪. સામાન્ય જનસમાજનો આ સ્તવનોમાં મતિ પ્રવેશ ઘણો દુર્લભ જણાય છે. ખાસ અભ્યાસીની મદદથી અભ્યાસ કર્યા વિના, આ સ્તવનોના ભાવ સમજવા ઘણા મુશ્કેલ છે.—બલ્કે સમજી શકાય તેવા નથી, છતાં લલકારીને સ્તવન બોલનારના મ્હોંમાંથી કેટલાક એવા શબ્દો જ એવી ખૂબીથી નીકળે, કે કેમ જાણે, તેના આત્માને સ્પર્શ કરતા હોય, તેવો બોલનારને અને સાંભળનારને ભાસ થાય તેવી રચના સ્તવનોની હોવાથી, કોઇ પણ ભૂમિકાના સાધકને બોલવા ગમે, યાતો કોઈ પણ બોલે, તો તે સાંભળનાર શ્રોતાને સાંભળવા પણ ગમે, તેવાં છે.

૫. આનંદઘનજી મહારાજ: અને સાધક આત્મા: જાણે કે—પરમાત્મા સાથે મન મોકળું મૂકીને વાતો કરતો હોય, કાલાવાલા કરતો હોય, પ્રીતિના ઠપકા આપતો હોય, સ્રીરૂપે, પુત્રરૂપે, સેવકરૂપે, મિત્ર રૂપે, ગરજાઉ રૂપે, અભેદ રૂપે-એકાકાર રૂપે, પતિને: માલિકને: શોધનાર રૂપે: એમ અનેક રીતે આ સ્તવનોમાં દેખાવ દે છે.

૩. આત્મવિકાસનો ક્રમ

૧. જો કે, અવ્યવહાર રાશિ રૂપ નિગોદમાં અનાદિ કાળથી રહેલો ભવ્ય આત્મા ક્રમે ક્રમે તથાભવ્યતાને યોગે વિકાસ સાધતો જ હોય છે. તે આત્માના પતન અને

વિકાસના અનેક નાના મોટા ઉથલા ચાલતા હોય છે, છતાં એકંદર તે વિકાસ તરફ જ આગળ વધતો હોય છે.

૨. જ્યારે તે, સર્વવિરતિ સંયમ સ્વીકારી ક્ષપક શ્રેણિ ઉપર આરોહી કેવળજ્ઞાન પામે છે, ત્યારે તે વિકાસ ક્રમની ઊંચામાં ઊંચી કોટિ સુધી પહોંચી ગયો હોય છે. તે તીર્થંકર રૂપે કે સામાન્ય કેવળી રૂપે વિચરી, અંતે શૈલેશીકરણ કરી, અનંત વીર્યશાળી વીર બની મોક્ષમાં જાય છે.

૩. જે આત્માને, ભૂમિકાની મજબૂત પૂર્વ ભૂમિકા— વધુમાં વધુ અર્ધપુદ્ગલ પરાવર્તન કાળ બાકી હોય, તે આત્મા સમ્યગ્ દર્શન—સમકિત—સમ્યક્ત્વ પામે છે, ત્યારથી ત જીવ માર્ગસ્થ ગણાય છે—તે માર્ગમાં આવી પહોંચ્યો ગણાય છે. સમ્યક્ત્વ એ મોક્ષ નગરમાં જવાના ધોરી માર્ગનો પહેલો દરવાજો છે. તે જીવ માર્ગસ્થઃ માર્ગ પ્રાપ્તઃ ગણાય છે.

૪. તેની પહેલાની ભૂમિકા ઉપર રહેલા જીવ—માર્ગાનુસારી—માર્ગ તરફ જવાને પ્રયાણ કરી ચૂકેલા જીવ ગણાય છે. તેને માર્ગ મળ્યો નથી હોતો, પરંતુ માર્ગ તરફ જવાને તે પ્રયણ કરી ચૂક્યો હોય છે. થોડાકજ ભવોમાં તેને માર્ગની પ્રાપ્તિ થવાની હોય છે. માર્ગાનુસારી જીવોમાં બે પ્રકારના જીવો હોય છે.

૧. સમ્યક્ત્વ કદી પામ્યા ન હોય, પરંતુ હવે ભવિષ્યમાં સમ્યકત્વ રૂપ માર્ગ અવશ્ય પામવાના છે તે.

૨. અને તે ઉપશમ કે ક્ષયોપશમ સમ્યક્ત્વ પામ્યા

પછી પણ પડીને મિથ્યાત્વિ થયેલા હોય, છતાં આધ્યાત્મિક જીવનને હૃદયથી ચાહતા હોય, તેવા પણ સમ્યક્ત્વથી પતિત છતાં માર્ગાનુસારી જીવો હોય, તે.

સમ્યક્ત્વથી પતિત જીવ માર્ગાનુસારી તો હોય જ. તે જીવ કદી ભવાભિનંદી તો ન જ હોય. કેમકે–તેનો સંસાર અર્ધ પુદ્ગલ પરાવર્તનથી અધિક નથી હોતો. જે જીવને સંસાર એક પુદ્ગલ પરાવર્તનથી અધિક હોય, તેજ જીવ ભવાભિનંદીની ગણનામાં ગણાય છે. માટે સમક્તિથી પતિત જીવ અવશ્ય માર્ગાનુસારી ગણાય જ છે.

[૧] દસ કોડાકોડી સાગરોપમે એક ઉત્સર્પિણીઃ અને તેવો જ એક અવસર્પિણીનોઃ કાળ થાય છે; બન્નેય મળીને વીશ કોડા કોડી સાગરોપમે એક કાળચક્ર થાય છે. અનંત કાળચક્રે એક પુદ્ગલ પરાવર્તન થાય છે.

[૨] અનાદિ કાળથી સંસારમાં રખડતો જીવ અનંત પુદ્ગલ પરાવર્તનો પસાર કરે છે. પરંતુ તથાભવ્યતાને યોગે જે કોઇ જીવનો સંસાર માત્ર એકજ પુદ્ગલ પરાવર્તન જેટલો બાકી રહે છે, તે જીવ ચરમાવર્તિ ગણાય છે.

ચરમાવર્તમાં–છેલ્લા પુદ્ગલપરાવર્તનમાં આવેલો જીવ ધર્મને યોગ્ય ગણાય છે. ત્યાંથી તેનો આત્મા સહેજ સહેજ સ્થૂલ ધર્મને યોગ્ય વિકાસ ભૂમિકા સુધી આવી પહોંચ્યો હોય છે. આ પહેલાં તેણે અનંત પુદ્ગલ પરાવર્તનો ભવાભિનંદીપણે પસાર કર્યા હોય છે.

છેલ્લા પુદ્ગલપરાવર્તનમાં આવેલો ભવ્ય જીવ અપુનર્બંધક થાય છે, અને માર્ગાનુસારી પણ બને છે.

અભવ્ય જીવ તો અનંત કાળ રખડે છે, તેને છેલ્લું પુદ્ગલ પરાવર્તન હોતું જ નથી. એટલે, અહીં દરેક વાત ભવ્ય જીવને ઉદ્દેશીને જ થાય છે, એમ સમજવું.

અનપુર્બંધક એટલે, હવે પછી કોઈ પણ વખત મિથ્યાત્વ મોહનીય કર્મ વિગેરેની ઉત્કૃષ્ટ સ્થિતિ તથા ઉત્કૃષ્ટ રસ બાંધશે જ નહી, તેવી આત્મશુદ્ધિવાળો જીવ.

માર્ગાનુસારી એટલે ધર્મને—આત્મ વિકાસને—ચાહનારો જીવઃ આધ્યાત્મિક જીવન પ્રણાલિકાને પસંદ કરનારો જીવઃ કોઇને કોઇ દેવઃ ગુરુઃ ધર્મઃને ભાવથી માનનારો જીવઃ આધ્યાત્મિક વિકાસને ઉદ્દેશીને ઘડાયલી વ્યાવહારિક જીવન પ્રણાલિકા—આર્ય સંસ્કૃતિને ચાહનારો તથા પાળનારો જીવઃ મુખ્યતયા ભારતીય આધ્યાત્મિક આર્ય સંસ્કૃતિને અનુરૂપ—તેના અંગ રૂપ—તેનાથી ફલિત થતા—તેને સાધક—તમામ પ્રકારના રાજકીય, સામાજિક, આર્થિક, કૌટુંબિક, નૈતિક, ધંધાદારી વિગેરે જે જે નાના મોટા જીવન વ્યવહારો હોય, તે સર્વ માર્ગાનુસારી—પણાના પ્રતીકો સમજવાં. જીવનમાં માર્ગાનુસારિતા ઉતારવાનું સાધન તે ભારતની વિશુદ્ધ આર્ય સંસ્કૃતિઃ ઓછે વધતે અંશે આધ્યાત્મિક આદર્શોને આધારે રચાયેલા જગત્માં જે તે વખતે જે કોઈ નામે, જે કોઈ ધર્મ, ચાલતા હોય, તેમાં માનનારાઃ હૃદયથી તેનું પાલન કરવા ઇચ્છનારાઃ કોઇ પણ ભવ્ય જીવ ચરમાવર્તીઃ

અપુનર્બંધકઃ અને માર્ગાનુસારીઃ હોય જ. એમ માનવાને કશી હરકત નથી.

માર્ગાનુસારીતાના પાંત્રીશ બોલ-રૂપ અધિષ્ઠાનો-બતાવ્યા છે, તે ઉપલક્ષણ માત્ર છે. આધ્યાત્મિક સંસ્કૃતિને અનુકૂળઃ પ્રાયઃ કરીને પ્રાથમિક ભૂમિકા રૂપઃ વ્યાવહારિક જીવનના મુખ્ય મુખ્ય પ્રતીક રૂપઃ તેને સમજવાના છે.

ભૌતિકવાદની સંસ્કૃતિને અનુકૂળ વ્યાવહારિક જીવન માર્ગ, તે ઉન્માર્ગાનુસારિતા હોય, એ સ્વાભાવિક છે.

આજનું વિદેશી પદ્ધતિનું શિક્ષણઃ જીવન વ્યવહારોઃ ભાવનાઓ, વાદોઃ ધંધાઃ સમાજ સુધારાઃ વિજ્ઞાનઃ યંત્રવાદઃ વિગેરે ઉન્માર્ગાનુસારી પ્રવૃત્તિ છે, એમ સ્પષ્ટ કરવાની વિશેષ જરૂર રહેતી નથી. આનું પરિણામ એ આવે, કે-તેનાથી માનવ જાતની અને ખાસ કરીને ભારતની મહા-આર્ય પ્રજાની અવનતિ થાય જ. તેમાં કશુંયે આશ્ચર્ય નથી જ. આજે ગમે તેટલી ભૌતિક સાધન સામગ્રી ભારતમાં વધતી જતી હોવા છતાં, આર્ય પ્રજા અંદરથી અવ્યવસ્થિતઃ અનારોગ્યવતીઃ અશાંતઃ અસંતુષ્ટઃ અલ્પાયુષીઃ રોગીઃ માનસિક દુઃખીઃ થતી જાય છે. ઉત્તરોત્તર એવી પરિસ્થિતિમાં વધારો થતો જાય છે, તેને પ્રગતિ માની આજે સર્વ પ્રકારના બળોનો ટેકો મેળવી તેને ખૂબ વેગ અપાઇ રહ્યો છે તેથી દુઃખમાં વધારો થતો રહ્યો છે અને હજુ થયે જ જશે. તેવા સંજોગો છે.

આજના ભૌતિકવાદના પ્રચાર પહેલાં, દરેક સાંસ્કારિક

પ્રજાઓ ભારતની આગેવાની નીચે આધ્યાત્મિક આદર્શોના પાયા ઉપર ઓચ્છે વધતે અંશે રચાયેલા વ્યાવહારિક જીવન જીવતી હતી. ઇસ્લામ અને ખ્રીસ્તીધર્મ પણ એક રીતે આધ્યાત્મિક ભૂમિકા ઉપર રચાયેલ છે. છતાં આજના ભૌતિકવાદીઓ તેનો પોતાના ઉત્કર્ષમાં ઉપયોગ કરી રહ્યા છે. એટલું જ નહીં, પરંતુ ભારતના આધ્યાત્મિક ઉચ્ચ કક્ષાના મહાન્ ધર્મોને પણ જમાનાને અનુરૂપ રૂપાંતર આપવાની યોજનાઓનો પ્રચાર કરીને જાણતાં અજાણતાં જમાનાને અનુસરવાની વાતનો પ્રચાર કરી, તે સ્વરૂપે રૂપાંતર કરી કરાવી ભૌતિકવાદનું અંગ બનાવી રહેલા છે.+

૬. છેલ્લા પુદ્ગલ પરાવર્તનમાં આવેલો જીવ કોઈ પણ દેવઃ ગુરુઃ ધર્મઃ તરફ ભાવથી–પ્રીતિથી જોતો થાય છે.

૭. "કોઈ પણ જીવ એકાએક ભગવાન મળવાથી કે શાસ્ત્રો જાણવાથી કે તપોનુષ્ઠાન કરવાથી કે યોગી થઈ જવાથી મોક્ષ પામીજ જાય છે." એવું નથી. દરેક જીવનો વિકાસ તે તે જીવની તથાભવ્યતા પ્રમાણે ક્રમિક થાય છે. એમને એમ કુદકો મારીને મોક્ષમાં પહોંચી જવાતું નથી. જૈન શાસનમાં વિકાસક્રમ બહુ જ વ્યવસ્થિત રીતે ઝીણવટથી બતાવ્યો છેઃ જેની સૂચના ત્રીજા પ્રભુના સ્તવનમાં સ્પષ્ટ રીતે કરવામાં આવી છે દરેક જીવને આધ્યાત્મિક વિકાસના પગથિયાં ક્રમસર ચડવા પડે છે તે તે

+ વિશેષ સમજવા માટે શ્રી વિશ્વનાથ નું ઈંટરનેશનલ લૉ ઈન ઇન્સેન્ટ ઇંડિયા જુઓ.

જીવન તથા ભવ્યતાને યોગે તે તે પગથિયાં ઉપર ટકવાનો વખત ઓછો વધતો જરૂર લાગે છે, દરેકને સરખોજ વખત લાગે, એમ નથી બનતું. બીજા દર્શનોમાં પણ સામાન્ય રીતે વિકાસક્રમ બતાવેલો જોવામાં આવે છે. પરંતુ જૈન શાસનમાં-વ્યવસ્થિતઃ સ્વષ્ટઃ તે તે ભૂમિકામાં રહેલા વિવિધ જીવોને લગતા કર્તવ્યોઃ તથા ઉચ્ચ ભુમિકાની અત્યન્ત વિશિષ્ટ સ્પષ્ટતા અને પ્રાપ્તિ કરાવી આપતા સચોટ ઉપાયોઃ ફલાવંચકતા—એ જૈનશાસ્ત્રની વિશિષ્ટતા છે.

૮. કોઇ વખત કોઈ દુરાચારી જીવ એકદમ આત્માભિમુખ થઇ-યોગી-ત્યાગી-સંયમી-સાધુ-થઇ-મહાત્મા બની જાય છે. તેનું કારણ, તે જીવ પૂર્વ ભવમાં સાધના કરતો કરતો આટલે સુધી આવ્યો તે હોય છે. વચમાં કાંઈ ભૂલ થવાથી કે કોઈ પાછળની ભૂલનું પરિણામ ભોગવવાનું બાકી હોવાથી તેટલા પૂરતો તે દુરાચારી બને છે. તે વિઘ્નો હઠી જતાં તરત જ તે પોતાની પૂર્વથી વિકાસ ભૂમિકાથી પાછો આગળ વધવા લાગે છે. એટલા જ માટે, જૈન શાસ્ત્રકારો જૈન ઉપદેષ્ટાઓને પ્રથમઃ સર્વ શ્રોતાઓને સર્વ વિરતિનો ઉપદેશ આપવા ફરમાવે છે. ત્યાર પછી, તેને દેશ વિરતિઃ સમ્યક્ત્વઃ માર્ગાનુસારિતાઃ અભવાભિનંદિતાઃનો ઉપદેશ આપવાનું ફરમાવે છે.

૯. આ કારણે, આ સ્તવનોમાં છેલ્લા પુદ્ગલ પરાવર્તમાં પ્રવેશેલા જીવનો વિકાસ કેવા ક્રમે થઇને મોક્ષ સુધી પહોંચે છે, તે ક્રમસર બતાવેલ છે. તેનો સામાન્ય ક્રમ નીચે પ્રમાણે છે. ૨૪ સ્તવનોમાં સામાન્ય રીતે આ સાથેના

ચિત્ર પ્રમાણે આત્મ વિકાસનો ક્રમ બતાવેલ છે. તેનું સંક્ષિપ્ત દિગ્દર્શન અત્રે કરવામાં આવે છે. વિશેષ સમજ સ્તવનોના ભાવાર્થ તથા અર્થથી સમજાશે. વિશેષ જિજ્ઞાસુઓએ તે તે વિષયને લગતા શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજના યોગબિન્દુ, યોગદૃષ્ટિ સમુચ્ચય, ષોડશક, વીશવીશી વિગેરે: તથા શ્રીઉપાધ્યાયજી મહારાજ શ્રી યશોવિજયજી મહારાજની બત્રીશ બત્રીશી: આઠ દૃષ્ટિની સજ્ઝાય: ૩૫૦ ગાથાનું સ્તવન: તથા યોગવિંશીની ટીકા: ષોડશક વૃત્તિ; વૈરાગ્ય કલ્પલતા: શ્રીપાળ રાસ ચોથો ખંડ: વિગેરે ગ્રંથોનો અભ્યાસ શ્રવણ–મનન પૂર્વક કરવો જોઇએ.

ચરમા-ડડવર્તિ નાટક

[એક સૂચક કલ્પના]

[અનાદિ કાળથી અ-વ્યવહાર રાશિમાં રહેલો જીવ વ્યવહાર રાશિમાં આવ્યા બાદ પણ પ્રાયઃ અનંતકાળ સુધી અનેક ભવોમાં ભટકતો ભટકતો સૂક્ષ્મ-નિગોદ પૃથ્વીકાયાદિક એકેન્દ્રિયોમાં-બાદર, નિગોદ તથા પૃથ્વીકાયાદિકમાં ભટકતો ભટકતો બેઈન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિયમાં પસાર થઇ, અસંજ્ઞિ, તથા છેવટે પર્યાપ્ત સંજ્ઞિ પંચેન્દ્રિય-પણું પામતો પામતો આખરે કોઇ ભવ્ય જીવ પોતાની તથાભવ્ય-તાને યોગે ચરમ પુદ્દગલ પરાવર્તમાં પ્રવેશ કરે છે. ચરમ પુદ્દગલ પરાવર્ત એટલે-જે જીવનો મોક્ષ થવાને એકજ છેલ્લું પુદ્દગલ પરાવર્તન કાળ બાકી હોય, તેમાં પ્રવેશ કરી આ વિશાળ જગતના ચોકમાં વિકાસ માર્ગની રંગભૂમિમાં સૌથી પહેલો પ્રવેશ કરે છે

ત્યારે તેની સામે અનેક ધર્મોઃ તેના ઉપદેષ્ટા ગુરુઓ અને તે ધર્મના મૂળ પ્રચારકોઃ સંતઃ મહંતોઃ કે દેવોઃ નજરે ચડે છે. વાસ્ત-વિકરીતે ધર્મ એકજ હોવા છતાં, તથાપ્રકારના સંજોગોને લીધે તથાબુદ્ધિની તરતમતાને લીધે, પોત પોતાની સગવડ અનુસાર જુદા જુદા નામે તેજ મૂળ ધર્મના આછા વધતા ગુણોને આધારે અનેક પ્રકારો પ્રચલિત ધર્મના હોય છે. તે સર્વ તેની નજરે ચડે છે. એટલુંજ નહીં, પરંતુ તે તરફ તે જીવનું મન પણ આકર્ષાય છે. તે સઘળામાંના કોઇને કોઈ તરફ અગમ્ય રીતે તેના હૃદયમાં પ્રીતિ જાગવા લાગે છે. આવી પ્રીતિ જગતમાંના સર્વ જીવોને જાગેજ એમ નથી. પરંતુ જે જીવ ચરમાવર્તમાં પ્રવેશ કરી ચૂકયો હોય, તેને જ એવી હાર્દિક પ્રિતિ જાગે છે-જાગવાની શરૂ-આત થાય છે.

આ પ્રીતિ થવી તેજ મોક્ષમાર્ગની પહેલી રેખા છે. આનંદઘન પદ રેહુ આનંદ-મોક્ષ: રેહ-રેખા પહેલી કક્ષા: પહેલું પગથિયું:

સ્થળ—તિર્યંચ: નારક: દેવ: મનુષ્ય: ગતિ. પરંતુ મુખ્યપણે મનુષ્યગતિ :

કાળ—અનંત ઉત્સર્પિણી અવસર્પિણીમય-છેલ્લું પુદ્ગલ પરાવર્તન.

મુખ્ય પાત્રો—ચરમાવર્તિ ભવ્ય જીવ.

સહકારી પાત્ર—વિવિધ પ્રકારના બીજા જીવો.

અંક ૧ લો:

દશ્ય ૧ લું:

ચરમાવર્તમાં પ્રવિષ્ટ એક કે અનેક જીવોને માર્ગમાં શ્રી આનંદઘનજી મહારાજ કે તેવા કોઈ ગુરુમહારાજ મળે છે. અને ઉપદેશ આપે છે, કે—

"હે ભવ્ય જીવ! દેવ: ગુરુ: અને ધર્મ: ઉપર તને પ્રીતિ થવા લાગી છે, તે તો બહુ જ સારી વાત છે. પરંતુ જો તારે પ્રીતિ જ કરવી હોય, તો-વ્યવહારનયથી: શ્રી ઋષભદેવ પ્રભુના ઉપલક્ષણથી તેના જેવા કોઈ વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર પ્રભુની સાથે કર, અને છેવટે નિશ્ચયનયથી: તારા પોતાના વીતરાગ પરમાત્મા સ્વરૂપ આત્મભાવને જાગ્રત્ કરવા માટે, તારા પોતાના આત્મગુણો ઉપર-આત્મા ઉપર પ્રીતિ કર. સ્વાત્મમાં પ્રીતિમય બની જા.

દુનિયામાં, સગાઈ સગપણની પ્રીતિના અનેક રંગરાગ દેખાય છે, પતિ-પત્ની: પિતા-પુત્ર: તથા અનેક પ્રકારના

સગપણોની પ્રીતિ પ્રસિદ્ધ છે. પત્ની મૃત પતિ સાથે ચિતામાં પ્રવેશ કરે છે. આકરા આકરા તપ કરે છે. માતા પુત્ર ખાતર મૃત્યુને ભેટે છે. એવા એવા દુન્યવી પ્રીતિના અનેક ખેલ જગત્‌માં ચાલે છે. છતાં, તે સર્વ પ્રકારની પ્રીતિ ક્ષણિક અને માત્ર સ્વાર્થ પૂરતી-કામ ચલાઉ જ આખરે સાબિત થઇ છે. લીલામય પરમબ્રહ્મ સાથેની પ્રીતિ પણ તાત્ત્વિક ઠરતી નથી. એ પણ પરમાર્થિક દૃષ્ટિથી વિચારતાં ભ્રમણાત્મક જ ઠરે છે. કેમકે-દરેક જીવ સત્તાએ પરમ બ્રહ્મમય છે. પરમબ્રહ્મ કોઇ જુદી વસ્તુ નથી.

તેનો અર્થ એ નથી કે—" વાસ્તવિક પ્રીતિ જગતમાં સંભવી શકતીજ નથી." જગતમાં વાસ્તવિક પ્રીતિનો પણ અવશ્ય સંભવ છે. તેથી શ્રી વીતરાગ તીર્થંકર પરમાત્મા સાથે વાસ્તવિક પ્રીત જોડીશ, તો તારો નિસ્તાર જલ્દી થશે, અને તને પરમપદ જલ્દી પ્રાપ્ત થશે."

એમ કહી,

આર્ય-મહામાનવપ્રજાના આદિ પિતાના વિશ્વસ્મારક સમાન અનન્ય પવિત્ર ભૂમિ શ્રી શત્રુંજય ગિરિવરના ભૂષણભૂત શ્રી ઋષભદેવ પ્રભુ તરફ આંગળી ચિંધે છે. અને પારમાર્થિક પ્રીતિ કરવા લલચાવે છે.

દૃશ્ય ૨ જું:

પ્રીતિ કરવાની ઈચ્છાવાળો જીવ વધુ આગળ વધી પરમાત્માની પાસે જવા ઝંખે છે. પરંતુ, પહેલાં તો તેમની પાસે જવાનો માર્ગ જ હજુ તેને મળ્યો નથી. તેથી પ્રથમ

જવાના માર્ગની શોધમાં નીકળે છે. સાચો માર્ગ સુઝતો નથી. અને જુદા જુદા માર્ગો તરફ ભટકે છે.

તેને માત્ર પુરુષ પરંપરાને માર્ગ માનનારા મળે છે. માત્ર શાસ્ત્રોને જ પ્રમાણ માનનારા મળે છે, માત્ર તર્કવાદથી તત્ત્વોનો નિશ્ચય કરનારા મળે છે. માત્ર વાગ્ધારાથી ઉપદેશ દેનારા મળે છે, એમ અનેક માર્ગદર્શકો મળે છે. તે દરેકને માર્ગ પૂછે છે, તેમના કહ્યા પ્રમાણે અનેક ભવો સુધી વર્તે છે. છતાં સાચો માર્ગ ન મળવાથી આમથી તેમ ભટકતો જીવ આ દશ્યમાં નજરે પડે છે. છેવટે નિરાશ થતા જીવને ગીતાર્થ ગુરુ પાસે જઇને માર્ગ પૂછવાની ભલામણ કરી, તેવા તરતમ વાસનાથી વિશિષ્ટ ક્ષયોપશમથી વાસિતજ્ઞાની ગીતાર્થ ગુરુ તરફ આંગળી ચિંધે છે. કાળલબ્ધિ પ્રાપ્ત થવાની આશામાં જીવ પોતાની માર્ગ પામવાની ઇચ્છાથી આશ્વાસન પામી, તે ઇચ્છાનો ટેકો લઈ તેને આધારે આગળ વધે છે.

દશ્ય ૩ જું:

માર્ગ શોધવાની તાલાવેલીમાં પડેલો જીવ ભટકતાં ભટકતાં કોઈક આકર્ષક સ્થળમાં લલચાઇ જાય છે. અને એમ માની બેસે છે, કે "વાહ! હવે તો મને સાચો માર્ગ મળી ગયો. જેથી હવે હું ઝટ પરમાત્મા પાસે પહોંચી જઇશ."

ત્યારે તેને વચમાં શ્રીઆનંદઘનજી મહારાજ મળે છે. અને સમજાવે છે, કે "હે બંધો! પરમાત્મા બનવું સહેલું નથી. તે સ્થિતિ, પગથિયાં ચડતાં ચડતાં અનુક્રમે પ્રાપ્ત

થાય છે, કાળ લબ્ધિઃ તથાભવ્યતાનો પરિપાકઃ સમ્યકત્વ, આગમનું શ્રવણ, સદ્દગુરુનો પરિચયઃ આધ્યાત્મિક ગ્રંથોનું શ્રવણ–મનન, નયવાદ સાપેક્ષ સૂક્ષ્મ પરિશીલનઃ વિગેરે ઘણા પગથિયાં ચડવાં પડે છે. પહેલું પગથિયું બીજા પગથિયે ચડવાનું કારણ બને છે. અને બીજું પગથિયું પહેલાનું કાર્ય બને છે. એજ પ્રમાણે બીજું ત્રીજાનું કારણ અને ત્રીજું બીજાનું કાર્ય બને છે. આમ ચડતાં ચડતાં ઉપર જવાય છે. કોઈ કહે, કે—"લે આ માળા જાપ કરવા લાગી જા, લે આ ભભૂત શરીરે ચોળીને તડકામાં બેસી જા, લે આ ભગવાનની સ્તુતિ. લાંબે રાગે ગાવા લાગી જા એટલે તારો આ ભવમાં જ મોક્ષ થઈ જશે." તો તું એવી એવી વાતો ઉપર બહુ વિશ્વાસ મુકતો ના,

પરંતુ વિષયોથી મનની ચંચળતા ન થવા દેતાં, મક્કમતા લાવીને પહેલાં તો તારે નિર્ભય થવું પડશે. ધર્મ અને તેના અંગો તરફ તારે હાર્દિક પ્રેમ ભાવ રાખતા થવું પડશે. એટલું જ નહીં, પરંતુ ધર્મને લગતી પ્રવૃત્તિમાં સતત લાગ્યા રહેવું પડશે, તેથી તને કદી કંટાળો ન આવવો જોઈએ. એટલું થાય, ત્યારે તારે સમજવું, કે "હવે મારામાં ધર્મની લાયકાતની શરૂઆત થઇ."

ભલે, કદાચ તું તે વખતે વિષયોમાં આસક્ત હો, ભલે તને સાચો માર્ગ ન મળ્યો હોય, છતાં તે મેળવવાની તારી તાલાવેલી ચાલુ હોય, અને "વિષયોમાં આસક્તિઃ એ ખરાબ વસ્તુ છે." એમ તને લાગે, તો જ તું ભગવાનનો ભગત બની શકીશ વિષયોની આસક્તિ ખરાબ ન લાગતી હોય, અને ગમે

તેટલી માળાઓ ફેરવીશ, ત્યાં સુધી ભગત ગણાવાની શરૂઆત પણ થશે નહીં. માટે, ભગત બનવું પણ સહેલું નથી. વિષયો તરફની તારી આસક્તિ ભયંકર ભાસશે, ત્યારે જ ભક્ત તરીકેનું તારું પહેલું પગથિયું શરૂ થશે. માટે શ્રીસંભવનાથ પ્રભુની સેવા કર. અને કદાચ તને તે પ્રભુ પ્રાપ્ત ન થાય, ત્યાં સુધી કોઈ પણ દેવઃ ગુરુઃ અને ધર્મઃની સેવા કર, પરંતુ તે વિના ન રહે.

દૃશ્ય ૪ ચોથું:

એ રીતે, ગમે તે દેવઃ ગુરુઃ અને ધર્મઃની સેવા કરતાં ઘણે કાળે જીવના મનમાં પરમાત્માના દર્શન કરવાની, સાચા પરમાત્મ ભાવના દર્શન કરવાની તાલાવેલી જાગે છે. અને "પ્રભુ દર્શન! પ્રભુ દર્શન!!" કરતો ચારેય તરફ ભટકે છે. પરંતુ તેની સામે એવા એવા વિચિત્ર સંજોગો આવે છે, કે તેમે ક્યાંય સંતોષ થતો નથી.

કોઈ કહે છે, કે–"આવ, અમારી પાસે. તને પ્રભુના દર્શન કરાવીશું." જેની જેની પાસે જાય, તે સઘળાયે આમ જ કહેવા લાગે છે. કોઈ તર્કવાદથી પ્રભુનું દર્શન કરાવવાની હામ ભીડે છે. કોઇ તો પૂરી આંખો ખોલાવ્યા વિના જ દર્શન કરાવવાની આશા આપે છે.

પરંતુ, દરેક તરફથી એમ નિરાશા મળ્યા છતાં નાસીપાસ થતો નથી. અને દર્શનની અભિલાષા દિવસે ને દિવસે વધતી જાય છે. છતાં શાસ્ત્રજ્ઞાન ઉપદેશકોની સારી સોબત વિગેરે માટેના પ્રયાસો ચાલુ રાખે છે. પરમાત્માનું દર્શન થવું કેટલું

મુશ્કેલ છે? તેની તેને ઝાંખી થાય છે. છતાં તે સુલભ થાય, તે માટે તેની કૃપાના પાત્ર થવાના પ્રયાસો ચાલુ રાખે છે.

દશ્ય ૫ મું

પરમાત્માનું દર્શન શી રીતે થાય? તે ઇચ્છામાંથી પરમાત્મા કોણ? ક્યાં હશે? તેવી જિજ્ઞાસાવૃત્તિ થાય છે. પોતાના શરીરમાં આત્મા હોવાની તેને ખાત્રી થાય છે. પરંતુ તે પરમાત્મા છે? કે નહીં? તેનો તેને સંશય થાય છે. પરમાત્માના દર્શનની ભૂખ મારા શરીરને લાગે છે? કે મારા દેહમાં રહેલા આત્માને લાગે છે? દરેક પ્રાણીના દેહમાં આત્મા હોવાનું નક્કી થવા છતાં દરેકના આત્મા સરખા જણાતા નથી.

કેટલાક વિષય-કષાયોમાં રચ્યાપચ્યા દેખાય છે. ત્યારે કેટલાક તે છોડીને તેના ઉપર ઘૃણા કરી કોઇ જુદી જ જાતનું જીવન ગાળતા નજરે પડે છે. ત્યારે કેટલાક મહા પુરુષો તરીકે જીવન જીવતા જોવામાં આવે છે. જુદા જુદા આત્માઓની આ તરતમતા જોવામાં આવવાથી, "પોતે કઇ ભૂમિકા ઉપર છે?" તેનું તેને ભાન શરૂ થાય છે. અને "ઉપરની ભૂમિકાઓ ઉપર ચડવા માટે શું કરવું?" તેની જિજ્ઞાસા થવા લાગે છે. આત્માની જુદી જુદી અવસ્થાઓ તરફ તેનો ખ્યાલ જાય છે.

દશ્ય ૬ ઠું

"મારા દેહમાં આત્મા છે. હું આત્મા છું. દેહ જ આત્મા હોય, તો મડદું પણ આત્મા હોઈ શકે. દેહની

મદદ વિના મારો આત્મા કાંઈ પણ બાહ્ય પ્રવૃત્તિ કરી શકતો નથી. માટે દેહમાં આત્મા છે. પરંતુ, તે દેહ કરતાં જુદો છે."

"હું પણ આત્મા છું. અને પરમાત્મા પણ આત્મા છે. તો મારી અને તેની વચ્ચે ફરકનું કારણ શું? તેની શોધ ચલાવવાની શક્તિ આવેલી હોવાથી, તે શોધ પાછળ પડે છે.

પ્રથમ તો શરીરની ચેષ્ટાઓનું પૃથક્કરણ કરે છે, તેમ કરતાં, શરીરની ચેષ્ટા શિવાયની પણ ચેષ્ટાઓ તેને માલુમ પડે છે. એક થાંભલા કે પત્થરની જેમ તેને શરીરની ચેષ્ટાઓ માલુમ પડે છે.

પછી લાભાલાભના વિચારથી પ્રવૃત્તિ અને નિવૃત્તિ કરવાની સમજમાં ઈંદ્રિયોની પ્રવૃત્તિ થતી તેને ભાસે છે. શરીર રસ્તામાં ચાલ્યું જતું હોય છે. પરંતુ સામે મોટી આગના ભડકા જોઇ ત્યાંથી શરીર પાછું વળે છે.

તેનું પૃથક્કરણ કરતાં-ઇંદ્રિયો સાથે સૂક્ષ્મ જ્ઞાનના વાહક શરીરના તંતુઓનું કામ સમજવામાં આવે છે. અને તેનું મથક મગજમાં જણાય છે. મગજ મન સાથે જોડાઇને ઉચિત-અનુચિત સમજીને હુકમો છોડે છે.

તેમ છતાં, બધુંયે મનનું ધાર્યું થતું નથી. આત્માની ઇચ્છા મનનું ધાર્યું કરવાની હોય છે. છતાં થતું નથી. તેનું પૃથક્કરણ કરતાં આત્મા અને મનની વચ્ચે કોઈ વિચિત્ર તત્ત્વનો ભાસ થાય છે. તેનું નામ કર્મ.

આત્માને લાગેલા કર્મો-મન, ઇંદ્રિયો, શરીર વિગેરેની ચેષ્ટાઓ ઉપર અસર કરે છે. એટલુંજ નહી, પરંતુ, તે

સર્વની ઉત્પત્તિમાં પણ એજ મદદગાર હોવાનું લાગે છે. તેના વિના કાંઈ ન થતું હોય, એવો ભાસ થાય છે. કર્મરહિત આત્માઓની પ્રવૃત્તિઓ : અને કર્મ સહિત આત્માઓની પ્રવૃત્તિઓમાં ઘણું જ અંતર દેખાય છે. સકર્મક જીવ કેમ જાણયે વિવિધ પ્રકારની રંગભૂમિઓ ઉપર વિવિધ પ્રકારના નાચ નાચી રહ્યો હોય. પોતાની અને કર્મરહિત પરમાત્માની વચ્ચેનો ભેદ જોવા લાગે છે અને તે ભેદ ભાંગવાની તૈયારી કરવા ઇચ્છે છે.

દશ્ય ૭ મું:

આ દશ્યમાં–જેમ સિંહનું બચ્ચું સિંહ તરીકે જાહેર થવા માટે સિંહની સોબત શોધતું હોય, સિંહના ટોળામાં જવા માટે મહેનત કરતું હોય, તેમ જણાય છે.

એટલે જુદા જુદા નામે જુદા જુદા સ્વરૂપે પરમાત્માને શોધી કાઢવાની મહેનત શરૂ કરે છે. અને માર્ગની નજીક આવવા સુધી પહોંચી જાય છે. છતાં, હજુ તે ધોરી માર્ગને મળનારી બાજુની કેડી ઉપર જ ચાલી રહ્યો છે. ધોરી માર્ગ ઉપર આવી પહોંચ્યો નથી. માર્ગને મળનારી દૂર દૂરની કેડીઓ ઉપરજ હજુ ભટકતો માલુમ પડે છે અને પરમાત્માના જુદા જુદા નામો ઉપરથી પરમાત્માના સ્વરૂપની ઝાંખી કરવાના પ્રયત્નો કરે છે.

અંક ૨ જો:

દૃશ્ય ૮ મું:

માર્ગની નજીક આવી પહોંચતાં જ ઝપાટા બંધ મોક્ષ માર્ગની ઉંચી ધોરી સડક—માર્ગ ઉપર ચડી જાય છે. ને તેને ખુલ્લી હવા, સ્વચ્છ પાણી, તાજો ખોરાક વિ૦ મળવાની શરૂઆત થાય છે. તેની આંખમાં દિવ્ય અંજન અંજાવાથી સામે દૂર દૂર પરમાત્માનો ભવ્ય રાજમહેલ દેખાવા લાગે છે. તેનાથી આકર્ષાઈને તે તરફ જવાની ભોર તાલાવેલી જાગે છે.

પોતે "ક્યાં ક્યાં ભટક્યો?" તેનું સિંહાવલોકન કરતાં, એ દુર્ગચ્છનીય અવસ્થાઓમાં પોતે પસાર થયો, છતાં તેની દુર્ગચ્છા આટલી ન આવી, તેનું તેને હવે આશ્ચર્ય થવા લાગ્યું, કે–"અહો! હું આટલો કાળ આટલા આટલા સ્થળોમાં ભટક્યો, છતાં મને સાચો માર્ગ ત્યાં સુધી મળ્યોજ નહી. પરંતુ, હવે જ માર્ગ મળ્યો. તેમાં હવે ખૂબ વેગથી આગળ વધું, તો ઠીક."

પરંતુ, એ માર્ગમાં આગળ વધવું ક્યાં સહેલું છે? ભોમીયા વિના, યોગ્ય વાહન વિના આગળ કેમ વધાય? તેથી ભોમીયા તરીકે સદ્‌ગુરુઃ અને યોગ્ય વાહન તરીકે સદનુષ્ઠાનો અને મોક્ષમાં જવાની પાકી ચીઠી મૂલ્ય પત્રિકા તરીકે ફળાવંચકપણું તેને મળી ગયેલ છે, તેની મદદથી રાજ્યમહેલ તરફ રાજમાર્ગને રસ્તેજ આગળ વધી રહે છે.

રાજમાર્ગને અનેક રીતે શણગારતો શણગારતો આગળ વધે છે અનેક પ્રકારની શાસન પ્રભાવનાઓ કરતો કરતો માલુમ

પડે છે જિનમંદિરો બંધાવે છે, તેમાં પ્રતિષ્ઠાઓ કરાવે છે. સાધાર્મિક વાત્સલ્ય પ્રવર્તાવે છે, સાધર્મિકોમાં અનેક પ્રકારની લ્હાણીઓ કરે છે, ગુરુઓના સામૈયા, દેવના ઉત્સવો વિગેરેમાં ઉત્સાહપૂર્વક ધસમસીને ભાગ લેતો, તન, મન, ધન, વચનનો તેમ સારામાં સારો ઉપયોગ કરતો જોવામાં આવે છે.

દૃશ્ય ૯ મું:

અહિથી, પરમાત્માના દર્શન, તેમના વચનામૃતોનું શ્રવણ, મનન, નિદિધ્યાસન કરવાની, ધ્યાતા, ધ્યેય અને ધ્યાનની એકતાનતાથી પરમાત્મા સાથે તન્મય થવાની ઈચ્છા જાગ્રત્ થાય છે.

પતિના વિરહથી ગભરાઈને બેહાલ થઇ ગયેલી કાયર પત્ની જેમ વિરહ સહન કરી શકતી નથી, ત્યારે પતિના વસ્ત્રાભૂષણ, રાચરચીલા, વિ૦ પ્રિય વસ્તુઓને જુવે છે, તેને પંપાળે છે, ભેટે છે, તેના મિત્રને, તેની પ્રતિમાને જુવે છે તેની સામે પતિની સાથે વાતચિત કરે, તેમ વાતોચિનો કરે છે ઠપકા આપે છે. બોલાવે છે, હસાવવા પ્રયત્ન કરે છે, મશ્કરી કરે છે તે પ્રમાણે પરમાત્માના વિરહથી કાયર ભક્ત તેની પ્રતિમા મારફત પરમાત્મભાવ સાથે સંબંધ જોડવાની તાલાવેલીમાં પડે છે પરમાત્માની પાછળ સાચો પાગલ બની તેની પ્રતિમા મારફત તેની ભક્તિમાં લીન થાય છે. પોતાના મનોભાવો વ્યક્ત કરે છે, પરમાત્માની પાછળનું એ પાગલપણું સાક્ષાત પરમાત્મા સાથેના વિયોગની અસહ્ય અવસ્થા વ્યક્ત કરે છે.

પોતાના આત્માને પરમાત્મા બનાવવા માટે પોતે પરમાત્મભાવનો અનુભવ કરવા અનેક જિનમંદિરો: અનેક મહાતીર્થ યાત્રાઓ, ઉત્સવો, વિગેરેની ભૂમિકામાંથી પસાર થઇ પરમાત્મભાવ તરફની તાલાવેલી જગાડવાની તક લેતો જોવામાં આવે છે.

દૃશ્ય ૧૦ મું:

સામાન્ય રીતે—આત્મા: અન્તરાત્મા: અને પરમાત્માની તો તેને સમજ પડી ગઇ છે. પરંતુ પોતાનો આત્મા પદાર્થ કેવો છે? તેના શા શા ગુણો છે? તેનું કેવું સ્વરૂપ છે? તેની વિશેષ સમજ મેળવવાના પ્રયાસોમાં પડેલો જીવ આ દૃશ્યમાં જોવામાં આવે છે.

સત્ શાસ્ત્રોનો આધાર લેછે. સત્ શાસ્ત્રોનો અભ્યાસ કરે રે, સાંભળે છે, ગુરુઓના હિતોપદેશ સાંભળવા જ્યાં સગવડ મળે, ત્યાં દોડી જાય છે. “માત્ર કાનની ખરજ મટાડવા કંઇક સાંભળવું એવી ઇચ્છાથી નથી દોડી જતો.” પરંતુ, પરમાત્મ ભાવ પ્રાપ્તિની ઇચ્છા, અને તેના સ્વરૂપની જિજ્ઞાસા શાંત કરવા દોડી જાય છે.

આત્માનું સ્વરૂપ સમજે છે, પરસ્પર વિરુદ્ધ જણાતા તેના ગુણો સાંભળે છે. અને તેનો સાપેક્ષ પરિહાર સમજીને વધારે વ્યવસ્થિત રીતે સમજે છે. પ્રત્યક્ષ: અનુમાન: અને ગુરુ વાક્ય: તથા સ્વાનુભવ: ઉપરથી તેનું મનન કરે છે, તેમાં તેને મુંજવણ થતી નથી. કેમકે–વિવિધ ભંગીથી સ્યાદ્‌-વાદનું જ્ઞાન મેળવવાની શરૂઆત તેણે કરી હોય છે.

એકજ વસ્તુ અનેક સ્વરૂપે કેવી રીતે હોઈ શકે છે? તથા અનેક વસ્તુઓ પણ એક સ્વરૂપે કેવી રીતે હોય છે? તેનું લક્ષ્ય વેધી બાણાવળી ક્ષત્રિયની અદાથી ગુરુ ચરણ પાસે બેસીને તે જ્ઞાન મેળવતો, અને આનંદ તો જોવામાં આવેછે.

દશ્ય ૧૧ મું:

"કોઇ પણ એક વિષયને લગતું વ્યવસ્થિત જ્ઞાન, તે વિજ્ઞાન: તેવા અનેક-અનંત વિજ્ઞાનોના સમૂહરૂપ વિશ્વનું-જગતનું જ્ઞાન, તે વિશ્વજ્ઞાન: વિશ્વમાંના જુદા જુદા વિજ્ઞાનો, અને વિશ્વ સાથે પોતાના આત્માનો સંબંધ: પોતાના આત્માનું સ્વરૂપ: વિજ્ઞાનોમાંના અનેક વિજ્ઞાનો તથા વિશ્વ પોતાના આત્મવિકાસ માટે કયા કયા અને કેવી રીતે હેય: ઉપાદેય: અને ઉપેક્ષ્ય: છે? તે જ્ઞાન, તે તત્ત્વજ્ઞાન.

વિજ્ઞાન અને વિશ્વજ્ઞાન પ્રત્યક્ષાદિક પ્રમાણોથી જુદા જુદા નયોની મદદથી થઇ શકે, પરંતુ તત્ત્વજ્ઞાન સ્યાદ્વાદની મદદ વિના નજ થઇ શકે. સ્યાદ્વાદ એ તત્ત્વજ્ઞાન કરવાની અનન્ય ચાવી છે. સ્યાદ્વાદની મદદ વિના તત્ત્વજ્ઞાન નજ થાય. અને તત્ત્વજ્ઞાનનો અનન્ય પ્રાણ સ્યાદ્વાદ છે. સ્યાદ્-વાદનું જ્ઞાન વાદવિવાદ કરવા, કે કોઇને વાદમાં હરાવવા કે પોતાની ડંકાશ હાંકવા માટે જગતમાં અસ્તિત્વ ધરાવતું નથી. તે માટે તે મેળવવાનું પણ નથી હોતું. પરંતુ પોતાના પરમાત્મ સ્વરૂપ ભાવ અધ્યાત્મ પ્રાપ્ત કરવા માટે સ્યાદ્વાદનું જ્ઞાન જરૂરનું છે." એમ સમજીને તેનું જ્ઞાન પ્રાપ્ત કરે છે.

તત્ત્વજ્ઞાન સમજવાની અનન્ય ચાવીરૂપ સ્વાદ્વાદજ્ઞાનનો રંગ જેમ જેમ ચડતો જાય છે તેમ તેમ-

અનેક સ્વરૂપો અને ચિત્રોથી સુશોભિત અધ્યાત્મના વિશાળ અને ભવ્ય રાજમહેલો, તેમાં પ્રવેશવાના વિવિધ માર્ગો, તેના સુંદર બાગ બગીચાઓ, સુંદર સુંદર મહેલીઓ, આનંદ પ્રમોદના ઉછળતા ફુવારાઓ તેની નજરે ચડે છે. કેમકે–તેની વચ્ચે દૂર દૂર પરમાત્માનો રાજમહેલ દેખાય છે, અને તે તરફ જતાં એક સામાન્ય મુસાફરની જેમ દેશવિરતિ આરાધક થઈને તેની મજા માણવા લલચાય છે. તેથી તેને લગતી અનેક પ્રવૃત્તિઓ બીજા સહકારી પાત્રો સાથે મળીને કરતો જોવામાં આવે છે.

દશ્ય ૧૨ મું:

જેમ જેમ તે પરમાત્મ–ભાવની નજીક જતો જાય છે, તેમ તેમ તેને પોતાના આત્મા વિષેની અનેક જાતની માહિતી-ઓ મળવા લાગે છે. "પોતાનો આત્મા કર્તા છે. સચેતન છે. જ્ઞાનમય છે દર્શનમય છે. ચારિત્રમય છે. નિત્ય છે. અનિત્ય છે. એકરૂપે છે. અનેક પ્રદેશરૂપે અનેક છે. પરિણામી છે, સરૂપ છે. અરૂપ છે. સકર્મ છે. અકર્મ છે." વિગેરે વિગેરે. અનેક સ્વરૂપે આત્માની ચેતનાઓ ભાસવા લાગે છે, અને તેથીજ તેમાં જણાતા દોષો દૂર થઇ શકવાની અને ગુણો પ્રાપ્ત કરવામાં આગળ વધવાની ખાત્રી થાય છે. અને અનેક પ્રયાસોમાં પડે છે. બાર વ્રતો ધારણ કરે છે. ૧૧ પ્રતિમાઓ વહન કરે છે. જંગલમાં ધ્યાનમાં સ્થિર રહે છે. મહા શ્રાવકના વિવિધ કર્તવ્યોનો જીવનમાં અમલ કરે છે. શાસનની પ્રભાવનાઓ કરે છે. ગુરુ ભક્તિ, ત્યાગ, સંયમ, નાના મોટા અભિગ્રહો વિગેરેની

વિવિધ રંગભૂમિઓ ઉપર છુટથી મ્હાલે છે. અનેક ભવોમાં તેને લગતાં અનેક સ્વરૂપો ધારણ કરીને આનંદ માને છે.

ગંભીરતા, સ્થિરતા, પરમાત્મ સમર્પણતા વિગેરે તરફ વિજયી યોદ્ધાની માફક આગળને આગળ વધતો તે આત્મા જોવામાં આવે છે.

અંક ત્રીજો:

દશ્ય ૧૩ મું:

બસ, હવે તો પરમાત્માનો–પરમાત્મ–ભાવનો રાજ-મહેલ નજીક આવી જતો તેને દેખાય છે. તેમ છતાં, હજુ તે તેના બહારના કિલ્લામાં આવે છે. અંદરનો કિલ્લો હજુ દૂર છે. બહારના કિલ્લામાં દાખલ થઇને એકલો અટુલો પણ બહાદુર આત્મા સિંહની ગતિ સમાન ગતિથી નિર્ભય પણે શૌર્યભર્યો દિલથી બહારના કિલ્લામાં પ્રવેશ કરે છે. પરમાત્માનો રાજમહેલ નજીક જોઇ તેમાંપ્રવેશવા પૂરતો લલચાય છે અને આનંદસાગરમાં ગરકાવ થાય છે. પૂર્ણ ભક્તિભાવથી પરમાત્માના ગુણગાન કરવામાં તલ્લીન થાય છે. આટલે સુધી આવી પહોંચવાની પોતાની બહાદુરીથી અત્યન્ત ખુશ થઈ પોતાને ધન્ય માને છે. પોતે આગળને આગળ ચાલ્યો જાય છે. છતાં અનેક વિઘ્નો નડવાની ભીતિ અને શંકા તેને થયા કર્યા છે. તેથી બચાવવા તેમના મ્હેલ તરફ નજર રાખીને કાલાવાલા કરે છે. સાચી ભક્તિ બતાવે છે. તેને વિનવે છે કે, "હે પરમાત્મા! હું સાચો રૂપિયો છું. ખોટો

નથી. મારી ઉપેક્ષા ન કરશો." એમ ભક્તિમાં વિશેષ તલ્લીન થાય છે.

દશ્ય ૧૪ મું:

સાચો હોવા છતાં, ભયોની શંકાથી આગળને આગળ બ્હીતો બ્હીતો ચાલ્યો જાય છે. તેવામાં પરમાત્માનાં મ્હેલ તરફ દોડે છે. પણ ત્યાં પહોંચવું થોડુંક રહેલું છે? તેવામાં કાંઇક પ્રમાદ, ભૂલ, ગફલતમાં રહેવાથી ચારેય તરફથી "હો! હો!" કરતાં જુદા જુદા પ્રમાદ રાક્ષસો તેની સામે હથિયારો લઈને દોડી આવે છે.

આમ પાકો સાધક હોવાની પરીક્ષા આપવા માટેનો વચ્ચે અખાડો આવે છે.

સાધક પૂરો જાગ્રત્ હોવા છતાં, નિદ્રા, વિષય વાસના, એ સર્વના ચાર કષાયો, આઠ મદ, અને ચાર વિકથા તથા સગાં-સંબંધિઓ, બાલબચ્ચાં વિગેરે પરિવાર સાથે નાના મોટા મલ્લો સામે આવીને ખડા થાય છે. અને માર્ગમાં રૂકાવટ કરે છે. તેઓને જીત્યા વિના આગળ વધવું અશક્ય બને છે. એ લડાઇ પણ ઘણા ભવો સુધી ચાલે છે; તેમાં કંઇક પડે છે. આખડે છે. મુંઝાય છે. થાપ ખાય છે. વળી જાગે છે. પાછા પડે છે. કોઈ તો બિચારા ત્યાંથી પાછા વળી જાય છે. અસુવિહિત નવા ગચ્છો; નવા મતો, નવા દર્શનો કાઢે છે ને એ છીંડેથી પાછા ભાગતા દેખાય છે. કોઇ કોઈ તો ખાવાપીવાની લાલચમાં કે માત્ર આજીવિકા ચલાવવા માટે તાબેદાર ગુલામ થઈ બેસે છે. કોઈ કોઈ તો માન પાનથી લોભાઈને

પાછલે બારણેથી આ માર્ગમાંથી નીકળી જાય છે. કોઈ કોઈ તો શાસ્રના જુઠા અર્થ કરીને બારી-બાંકોરામાંથી નીકળીને ભાગી છુટે છે. આમ અનેક પ્રકારની હેરાન ગતિઓથી ભાગી છુટે છે. કદાચ, એ બહારના કિલ્લાની બહાર પણ કોઇ કોઈ તો ભયના માર્યા ભાગીને નીકળી આવે છે. બોલવામાં સમજવામાં અનેક ભૂલો કરે છે. કોઈ કોઈ તો એવા ભાગે છે, કે-માર્ગ પણ ચૂકી જઇને પાછા કેડીઓના માર્ગોમાં આવી જાય છે. અને કેટલાક તો કંઇક કાળ સુધી ગાઢ જંગલોમાં અટવાઈ જાય છે. છતાં, તેઓના મનમાંથી એકવાર જે સુંદર દૃશ્ય જોયું છે, તેની ઝંખના જતી નથી. ઉંડે ઉંડે તેની ઝંખના તો રહ્યા કરે છે, તેથી પાછા ત્યાંને ત્યાં આવી લાગે છે. આખરે રસ્તામાં આનંદઘનજી મહારાજ મળે છે. તેની આગળ પોતાની સ્થિતિનું રોતાં રોતાં વર્ણન કરતા દેખાય છે. આનંદઘનજી મહારાજ તેને સ્વસામર્થ્ય ન ખીલે ત્યાંસુધી જિનાગમ-પ્રવચન-પ્રભુ વચનરૂપી હથિયાર બરાબર પકડી રાખવાની ભલામણ કરે છે. તેમાં જરાપણ ગફલત ન થાય, તેની સાવચેતી રાખવા સમજાવે છે. કેમકે-તેમાં એ મલ્લોને જીતવાના પ્રબળ ઉપાયો બતાવેલા છે. આગળના માર્ગની આંટીઘુંટીમાંથી સીધો માર્ગદર્શક નકશો પણ તેમાં દોરેલો છે. ક્યા ક્યા ગામેથી કેવા કેવા બહાદુર ભોમિયા અને વળાવીયારૂપી ગુરુનો સાથ લેવો ? તેની માહિતી પણ તેમાં આપેલી છે. એમ સૂત્ર અનુસાર શુદ્ધ ચારિત્રમાં સ્થિર રહેવાનો સારભૂત ઉપદેશ આપે છે. તેના ઉપર દૃઢ વિશ્વાસ રાખીને શત્રુ મલ્લોની લાલચમાં પડયા વિના આગળને

આગળ વધવા પ્રયાસ કરવાની ભલામણુને સ્વીકારી ગફલતમાં ન પડતાં સાવચેત થઈ આગળ વધતો જોવામાં આવે છે.

દૃશ્ય ૧૫ મું:

સાવચેતીપૂર્વક દિવ્ય શાસ્ત્રી શસ્ત્રોનો ઉપયોગ કરવામાં ચાલાક શત્રુને જોઈને પેલા મલ્લો હતાશ થતા દેખાય છે. તેઓ મોંમરડીને પોતપોતાને સ્થાને પાછા ફરતા દેખાય છે. તેઓએ ઘેરેલા કર્મોની ઝંઝીરો તુટવા જેવી થઈ જાય છે. કુચ્ચા કુચ્ચા થઇ ગયેલા દોરડાના નબળા બંધનો જેવા કર્મોના બંધનો થઇ જાય છે.

બસ, હવે સતત પરિશ્રમથી આગળ દોડવા ઝુંબેશ ચલાવે છે. આંખમાં ગુરુ પ્રવચનનું દિવ્ય અંજન આંજે છે. તત્ત્વ પ્રીતિનું નિર્મળ શીતળ પાણી પીઇને તાજોમાજો થાય છે. પરમાન્નનું ભાતું સાથે બાંધેલું છે. જગદીશની જ્યોતિથી સામે પરમનિધાન પ્રગટ દેખાય છે. આનંદ આનંદમાં ગરકાવ છે. હૃદયના દિવ્ય ચક્ષુથી મહેલમાં બિરાજમાન મેરુ પર્વત સમાન મહિમાવાળા પરમાત્માના દેદાર દેખાવા લાગે છે, સાથે ગુરુ ગમને મદદમાં રાખીને પરમાત્માની સામે એવો દોડે છે, એવો દોડે છે, કે ઠેઠ ઢુકડો જઇ પહોંચે છે અને પરમાત્માને પોતાના સાચા પ્રેમની ખાત્રી આપે છે. છતાં પરમાત્મા સામે જોતા નથી. પાસે ખેંચી લેતા નથી. એટલે વિનવે છે, કે—

"અહો ! આટલેસુધી આવ્યો છતાં પણ પરમાત્મા હજુ મને બોલાવતા યે નથી. માત્ર દર્શનજ આપે છે. તો, હજુ મારામાં

ખામી લાગે છે. હું તો પરમાત્મા તરફના પ્રેમને લીધે ગાંડો ઘેલો થઇને ભેટવા દોડું છું. પરંતુ, હજુ બન્નેયની પ્રીતિ જામતી નથી, તેમની પ્રીતિ વિના મારી એક તરફી પ્રીતિથી શું ? હજુ મારામાં ખામી છે. પરમાત્મા નીરાગી: અને દ્વંદ્વરહિત છે. ત્યારે હજુ મારામાં મોહના ઝાળાં બાજેલા છે. તો હવે શું થાય ? ઠીક છે. આટલે સુધી આવ્યો છું. તેથી પણ મને ધન્ય છે." ત્યાંથી પાછો ન ફરતાં છેવટે નિર્ણય કરે છે, કે-"કાંઈ નહીં. આજે ભલે આપ મને ન બોલાવો, પરંતુ આપના ચરણ કમળ આગળ ભમરાની પેઠે લીન થઈને બેઠો છું. તમો ઘનનામી છો; એટલે તમારું બિરુદ પાળવા પણ મારી સંભાળ લેવી પડશે." એવી આશાથી સેવામાં લીન થાય છે. અને પરમાત્માની નજીક જઇ પહોંચવાની અણી ઉપર આવવા લાગે છે. એમ અપ્રમત્ત ભાવના સર્વવિરતિ સાધુપણામાં કેટલાક ભવો પસાર થાય છે.

અંક ૪ થો:

દશ્ય ૧૬ મું:

હવે પરમાત્માનો રાજ મહેલ સામેજ છે. કેમકે-તેની નજીક જ આવી પહોંચ્યો છે. તેના ઉપર ચડવાની તૈયારી કરે છે. તેવામાં, તેના ઉપર ચડવાની બે નિસરણીઓ સામેજ દેખાય છે. બસ, ધર્મધ્યાન: અને શકલ ધ્યાન:ના દોરડા પકડીને-સામર્થ્ય યોગનો ટેકો લઈને એક નિસરણી ઉપર ચડવા લાગે છે. પરંતુ ભૂલથી: કે ઉતાવળથી: કે નિર્બળતાથી:

ગુરુની વાત ધ્યાનમાં ન રહી, એટલે સરળ અને નજીકની નિસરણી ઉપરથી ચડવાની શરૂઆત કરે છે.

જેમ જેમ ચડે છે, તેમ તેમ અનહદ આનંદ મળે છે. ધર્માનુષ્ઠોનોના ત્યાગરૂપ ધર્મસન્યાસ કરે છે. વિષય,કષાય, નો-કષાય, વિગેરે દબાઈ જાય છે. આત્મામાં ઠંડક થાય છે. આનંદની લહરીઓ ઉઠે છે. તરંગો શાંત થાય છે. નિર્વિકલ્પતામાં પ્રવેશે છે. સ્વ-પરનો ભેદ ભૂલાવા માંડે છે. દેહ પોષક અને શોષકનો ભેદ ભૂલાઈ જાય છે. સડેડાટ સીડી ઉપર ચડયે જાય છે. આનંદઃ શાંતિઃ સમભાવઃ શમભાવ, વિગેરે સાત્વિક ભાવોનો આનંદ અનુભવાય છે. "એ....પરમાત્માની પાસે પહોંચ્યો! એ....પહોંચ્યો." એવો ભાસ થાય છે. અને એવો ધ્વનિ સંભળાય છે. "બસ, હવે હું પરમાત્મા પાસે આ આવી પહોંચ્યો!" એમ આનંદ વિહ્વળ થઈને કૃત-કૃત્યતા અનુભવે છે. પોતાની જાતને ધન્ય માને છે. અને પોતાની ધન્ય જાતને પોતે પ્રણામ કરે છે. શાંતિના સમુદ્રમાં સ્નાન કરે છે.

દશ્ય ૧૭ મું:

અરે! પણ આ શું? ત્યાંથી ઠેઠ ઉપર જઇને કડડભૂસ કરતો નીચે પટકાય છે. આ સીડી ઉપર ચડવામાં પોતે ભૂલ કરી હતી, તેની તેને સમજ પડી. કે-"આ સીડીનું આખુંયે ચણતરકામ સાવ કાચું છે. અંદર પોલાણો છે. સીડીને કોતરી ખાનારા ભમરા અને ભૂણો બહાર દેખાતા નહોતા, છતાં, અંદર તો હતા જ. આ સીડી ઉપર જે ચડે,

તે પડયા વિના રહેજ નહી. સીડી ઠગવા લાગી કે "કડડ-ભૂસ" નીચે ભાઈસાહેબ ગબડયા.

"અરે! પરમાત્મા! પાછો આપને હવે કયારે ભેટીશ?

આપશ્રી શી રીતે ચડયા હતા? કાતિલ શત્રુઓથી આપ કેમ બચ્યા હતા? મને બચાવો, બચાવો." એમ ચીસ પાડતો નીચે ગબડે છે.

"મને બચાવો, હુ મુંઝાઉં છું. સીડી નીચે છુપાયેલા મોહ મલ્લે લોક માન્યતા અનુસાર કુંથુંવા જેટલા બારીક મારા મન મારફત મને પટકી નાંખ્યો. મને તેનું આશ્ચર્ય નથી, પરંતુ, આપની હજુરમાં, આપના મહેલમાં આવતાં જ મારી આ દશા થાય, તે ખૂબ અસહ્ય છે. આપના સાનિ-ધ્યમાં મને પછાડી નાંખ્યો, રે! પછાડી નાંખ્યો! મનથી છેતરાયો. કાતિલ મનને હું ઓળખીજ ન શકયો. મારા મનમાં ફાંકો હતો, કે—એ બિચારું નપુંસક લિંગી મને પુરુષને શું કરી શકનાર છે? પરંતુ મારા જેવા કંઈક મરદને ધકકે ચડાવે તેવું એ છે, તેની હવે મને ખાત્રી થઇ. તમે તેને શી રીતે હરાવ્યું? મને વિશ્વાસ બેસતો નથી. મારું મન જીતાડી આપો, તો વાત ખરી માનું, તો હે પરમાત્મા! હું ભૂલ્યો. હવે, મને સીધો માર્ગ મળે, તેવી કૃપા કરો." આમ વલ-વલતો, વધુમાં વધુ પાંચવાર ગબડતો ગબડતો નીચે પડતો નજરે પડે છે.

દશ્ય ૧૮ મું:

સ્વ-સમય સ્થિતિ:

ફરીથી ફરતો ફરતો મહેલ સુધી આવી પહોંચ્યો. ગુરુ-ગમ મજબુત રીતે હાથમાં પકડયો. હવે પ્રથમની ઉપશામ

શ્રેણિ નામની સીડી પાસે ગયા વિનાજ બીજી ક્ષયકશ્રેણિ નામની સીડી ઉપર થઈને ઉપર ચઢવા માંડયો. તો એકદમ પરમાત્માના રાજમહેલના ઝરોખાના કઠેડા સુધી જઈ પહોંચ્યો. ઓરડામાં પ્રવેશ કરવાનું જ હવે બાકી છે.

૧ કુટુંબ, કબીલો, માલ મિલ્કત, માન-પાન, રંગ-રાગ અહીં સુધી આવતામાં છુટી ગયા હતા.

૨ વસ્ત્ર, અલંકાર, મોજ-શોખ પણ છુટી ગયા હતા.

૩ દેહનું મમત્વ, ધર્મ-પંથનું મમત્વ પણ છુટી ગયું હતું.

૪ દેવ: ગુરુ: ધર્મ: પરમાત્મા: તરફનું પણ મમત્વ છુટી ગયું હતું.

૫ પોતાના આત્માના જ્ઞાન: દર્શન: ચારિત્ર: વિગેરે અનંત ગુણો તરફની મમતા પણ છુટી જઈ નિર્વિકલ્પ દશા પ્રાપ્ત થઈ ગઇ હતી.

૬ પોતાનો આત્મા પણ પોતાને સર્વગુણોમય અભેદ રૂપે-એક રૂપે ભાસવા લાગ્યો. અલક્ષ્ય આત્મા લક્ષ્ય થવા લાગ્યો.

૭ રાજમહેલના મુખ્ય ઓરડામાંથી પરમાત્મ-ભાવની પ્રભાના પ્રાતિભ જ્ઞાન-અનુભવ જ્ઞાન-અરુણોદયના પ્રકાશનાં કિરણો પોતાની તરફ દોડી આવતા જણાવા લાગ્યા. કેમ જાણ્યે પોતેજ પોતાને પરમાત્મા રૂપ બનતો જોવા લાગ્યો.

૮ આત્માનંદની અપૂર્વ લહરીઓ આવવા લાગી

૯ સ્વ-સમય-સ્વાત્મ-દ્રવ્યની સર્વ શોભા સર્વ ભભક ખીલી ઉઠી. સ્વમાં સ્વસ્થિરતા: નિષ્પ્રકંપતા: પ્રાપ્ત થવા લાગી.

૧૦ સિંહભાવ-પરમાત્મભાવ પ્રગટ થવાની તૈયારી થઇ રહી.
૧૧ મોહ તો ક્યારનો નાશી જઇ ચૂક્યો હતો. પરંતુ તેના મિત્રો જ્ઞાનાવરણીયાદિ પણ હવે ગાંસડા પોટલા બાંધવા લાગ્યા હતા.

૧૨ સ્વાત્મ દ્રવ્ય શિવાય સર્વે પર ભાસવા લાગ્યા હતા. દેવઃ ગુરુઃ ધર્મઃ પણ પર ભાસવા લાગ્યા. બાહ્યની નિમિત્તોથી જાગતા પોતાના દર્શનઃ જ્ઞાનઃ ચારિત્રઃ અને તેના નિમિત્તો પણ પર ભાસવા લાગ્યા. તે સર્વ પર રૂપે પ્રત્યક્ષ થવા લાગ્યા. પર સમય નિવૃત્તિઃ અને સ્વ સમય સ્થિરતા મોટા પાયા પર થવા લાગી.

અંક ૫ મો

દૃશ્ય ૧૯ મું:

વારંવાર દુઃખ આપનારા ૧૮ દોષોરૂપી પ્રતિમલ્લો એક પછી એક રીસાઈને ગભરાઇને, હતાશ થઈને, જેમ જેમ તક મળી ગઇ, તેમ તેમ નાશી છુટ્યા હતા છતાં, અ-સર્વજ્ઞતા, દાનવિઘ્ન, લાભવિઘ્ન, ભોગવિઘ્ન, ઉપભોગવિઘ્ન તથા વિર્યવિઘ્ન, ઇત્યાદિ સાતેક પ્રતિમલ્લો હજુ પાછળ પાછળ ઠેઠ સુધી ચાલ્યા આવતા હતા. તેઓ પણ પાછા વળી ગયા. તેઓને જણાયું કે-“ હવે પરમાત્મા મહારાજા પાસે પહોંચવાની તૈયારીમાં આપણો શત્રુ છે, એટલે હવે આપણું કાંઇ ચાલે તેમ નથી.” એમ ખાત્રી થતાં તેઓ પણ પાછા વળી ગયા.

અને એકદમ ધસીને પરમાત્મના રાજમહેલના મુખ્ય ઓરડામાં જ્યાં પ્રવેશ કર્યો, કે જીવને દિવ્ય ચક્ષુ પ્રાપ્ત થયા, અને પોતેજ પોતાને પરમાત્મા સ્વરૂપે જોઈ શકયો. "પોતેજ પરમાત્મ સ્વરૂપ છે" એમ સમજાયું.

લોકા-ડ-લોકના ત્રણ કાળના સર્વ દ્રવ્ય: સર્વ પર્યાયો: એકી સાથે ભાસી ઉઠયા. કાંઈપણ બાકી રહ્યું નહીં.

અનંત જ્ઞાન: અનંત દર્શન: અનંત ચારિત્ર: અનંત વીર્ય: વિગેરે અનંત ગુણોનો પ્રકાશ ઝગઝગી ઉઠયો.

દશ્ય ૨૦ મું:

આત્માની મોક્ષ-યોગ્યતા:

ધ્યાતા હતા, તેજ હવે ધ્યેય બની ગયા. સ્વયં ધ્યાન રૂપ: નિષ્પ્રકંપરૂપ બની ગયા.

એ રાજ્ય મહેલની ઉપરજ દિવ્ય અગાશીમાં સિદ્ધ પરમાત્માઓ બિરાજમાન હતા. તે સ્થાન દિવ્ય: અખંડ: અક્ષય: અચલ: અરોગ: અનંત: અવ્યાબાધ: અપુનરાવૃત્ત: હતું. તેના ઉપર ચડવાનું બાકી હતું. હજુ મુસાફરી અધુરી હતી. પૂરેપૂરા આનંદના સ્થાનમાં પહોંચવાની તાલાવેલી હતી. પરમ નિર્મળ સમાધિની સીડી ઉપર ચડવાની શરૂઆત કરવા માંડી. આત્મામાં તે પ્રકારની લાયકાત હતી જ. માત્ર પુરુષાર્થનો અમૂક અચૂક હપ્તો હજુ બાકી હતો. નિત્ય: પરિણામી: આત્મદ્રવ્ય શિવાય સંસાર: મોક્ષ: બંધ: ઘટી શકેજ નહીં. એકાંત નિત્ય, એકાંત અનિત્ય, એકાંત બદ્ધ, એકાંતમુક્ત, આત્મામાં સંસાર: કે મોક્ષ ઘટી શકેજ નહીં." આ સત્ય પ્રત્યક્ષ થઈ ચૂકયું હતું.

દૃશ્ય ૨૧ મું:

જૈનશાસનની સ્થાપના:

તીર્થંકર નામ કર્મની મદદથી જગતના જીવોના કલ્યાણ માટે દિવ્ય સમવસરણમાં બીરાજી, અષ્ટપ્રાતિહાર્યયુક્ત થઈ ચોત્રીશ અતિશયો અને પાંત્રીશ વાણીના ગુણોથી યુકત થઈ–મહાજૈન શાસનની સ્થાપના કરવા માંડી.

દેવો, દાનવો આવે છે, સમવસરણ રચાય છે. બાર પર્ષદાઓ આવે છે. ચૈત્ય વૃક્ષ નીચે સિંહાસન ઉપર પરમાત્મા બિરાજે છે. ઉપદેશ વાણી વિસ્તરે છે. ગણધરોની સ્થાપના થાય છે. ત્રિપદી સંભળાવાય છે. દ્વાદશાંગીની રચના થાય છે. વાસક્ષેપ નાંખી અનુજ્ઞા અપાય છે. ચતુર્વિધ સંઘની સ્થાપના થાય છે. શાસન દેવ દેવીની સ્થાપના થાય છે.

પ્રભુ દેવચ્છંદામાં પધારે છે. પ્રથમ ગણધરભગવંત દેશના આપે છે. પર્ષદાઓ પાછી જાય છે. પ્રભુ ધર્મ ચક્રની પાછળ પાછળ નવ સુવર્ણ કમલ ઉપર પગ સ્થાપીને ધર્મ રાજ્યની સ્થાપના કરે છે. આ દૃશ્યમાં અનેક ભવ્ય દૃશ્યો નજરે પડે છે.

કોઇ પણ મત, પંથ, દર્શન, વિજ્ઞાન, વિશ્વજ્ઞાન, તત્ત્વજ્ઞાન, મર્યાદા, સર્વકાળ–સર્વક્ષેત્રના જીવોને ઉપયોગી વિવિધ માર્ગ દર્શન, મહાધ્યાન, મહાયોગ પ્રક્રિયા, ક્રિયા–અવંચક, મહા સાધનાના ઉપાયો, વગેરેથી ભરપૂર અંગ પ્રત્યંગો સહિત–શાસન તથા તેનું માર્ગદર્શક પ્રવચનરૂપી કલ્પવૃક્ષની જગતમાં સ્થાપના કરી, અનંત જીવોને પોતાને રાજમહેલે આવવા માટેનો સગવડથી ભરપૂર આરો બંધાવવા માંડયો.

સંસારરૂપી અગાધ અને ભયંકર સમુદ્રમાં-સર્વ સામગ્રીથી ભરપૂર મહાધર્મ વહાણુ તૈયાર કરીને તરતું મૂક્યું. સમકિતના ઓવારા સાથે તીર્થંકર દેવ અને ગુરુઆજ્ઞાના દોરડાઓથી નાંગરી રાખ્યું.

મોક્ષબંદરના મુસાફરો તેમાં બેસીને યથેચ્છ મુસાફરી કરી જુદા જુદા બંદરે ઉતરતા જાય, માલ ભરતા જાય, ને છેવટે મોક્ષબંદરે પહોંચી જાય, તેવું અપ્રતિહત-અપરાભવનીય શાસન વહાણુ તૈયાર કરી આપ્યું.

દશ્ય ૨૨ મું:

પરમ-વીતરાગ-દશા:

તેની સાથે સાથે વીતરાગ દશા પૂરતી ખીલી ઊઠી, સ્વ-પરનો ભેદ રહ્યો નહીં, મોહ રહ્યો નહીં: મુક્તિ સાથેની પ્રીતિ બંધાઈ ગઇ. પૂર્ણ વીતરાગતા પ્રાપ્ત થવાના દરેક લક્ષણો જણાઇ ગયા. જગત્ જોઇ શકે તેવા ખીલી ઊઠયા.

પાછા ફરવાનું જ નહીં: સોટચનું સોનું ચમકી ઉઠયું. રાજીમતીજીએ પરીક્ષા કરી લીધી, અને પોતે પણ શ્રી નેમિનાથજીની પહેલાં વીતરાગ થઇ મોક્ષે પહોંચી ગયા.

ધ્યાતાએ ધ્યેયની પહેલાં જ સિદ્ધ પરમાત્મા થઇ ફલાવંચક યોગ સાધી લીધો. મોક્ષ પ્રાપ્ત કરવામાં ગુરુ કે શિષ્ય: વીતરાગ કે સરાગ: પતિ કે પત્ની: પિતા કે પુત્ર: વચ્ચેનો કોઇ ક્રમ ટકી શકતો નથી

દશ્ય ૨૩ મું:

સર્વજ્ઞતા

આત્મારૂપી પારસમણિની સહજ અચિન્ત્ય જ્ઞાન શક્તિ જ એવી છે, કે-જે—

૧. પોતે પોતાને પણ જ્ઞેય તરીકે બનાવીને તેનું જ્ઞાન કરે છે. કેમકે—આત્મામાં જ્ઞાનશક્તિ ન હોય, તો તે આત્મા પોતે પણ પોતાને ન જ જાણી શકે.

૨. પોતાના આત્માના જ્ઞાન શિવાયના બીજા પોતાના આત્માના ગુણોને પણ જ્ઞેય તરીકે બનાવી તેનું પણ જ્ઞાન આત્મા કરી શકે છે.

૩. પોતાના આત્મા શિવાયના બીજા આત્માઓ, તેના સર્વ ગુણો, તેના જ્ઞાનગુણ–વિગેરે ને જ્ઞેય બનાવી તેનુ પણ જ્ઞાન આત્મા કરી શકે છે.

૪. પોતાના કે બીજા આત્મા આ શિવાયના જડ પદાર્થો, અને તેના ગુણો, સ્વભાવો, તેને પણ જ્ઞેય બનાવી આત્મા તેનું જ્ઞાન કરી શકે છે

૫. એ સર્વ પદાર્થોના માત્ર વર્તમાનકાળના જ્ઞેયોને જ જ્ઞેય બનાવી જાણી શકે છે, એમ નથી. પરંતુ ત્રણેય કાળના જ્ઞેયોને જાણી શકવાની શક્તિ ધરાવે છે.

૬. પોતાના આત્માના સર્વ દ્રવ્યઃ ક્ષેત્રઃ કાળઃ ભાવઃ ને જ્ઞેય તરીકે પોતાની જ્ઞાનશક્તિથી જાણે છે. સાથે સાથે અન્ય જે જે દ્રવ્યઃ ક્ષેત્રઃ કાળઃ અને ભાવોના અભાવ સ્વરૂપ પોતાનો આત્મા છે. તે સર્વને પણ જ્ઞેય તરીકે બનાવીને તે જ્ઞાનશક્તિથી જાણે છે.

૭. એટલે કે—પોતાના—સ્વદ્રવ્યઃ ક્ષેત્રઃકાળઃ ભાવઃરૂપ પોતાનું ભાવાત્મક અગુરુ-લઘુપર્યાયની સાથે જ જોડાયલા પર દ્રવ્યઃ ક્ષેત્રઃ કાળઃ ભાવઃ ના અભાવરૂપ પોતાના જે

અભાવાત્મક અગુરુલઘુ પર્યાયોને પણ તે જ જ્ઞાન-શક્તિથી જ્ઞેયરૂપ બનાવીને તે જ એક જ સમયે પણ જાણી શકે છે. અને પ્રતિક્ષણે પણ જાણી શકે છે. સામાન્ય નાનું પ્રત્યક્ષ ઉપરથી વિશેષ પ્રત્યક્ષ જ્ઞાન કરી શકે છે.

આવી વિલક્ષણ—અકલ્પ્ય- ચમત્કારિક સર્વજ્ઞતા આત્મા પામે છે. આ સર્વજ્ઞતાશક્તિ આત્મ.માં ન હોય તો વિવિધ પ્રકારનું અગમ્ય પદાર્થોનું આત્માને જ્ઞાન થાય છે, તે ન થતું હોત. આવો સર્વજ્ઞ આત્મા સકળ જીવો, સકળ આત્મા અને સકળ પદાર્થોના ત્રણ કાળના સકળ પર્યાયોની ઉથલ-પાથલનું નાટક પ્રત્યક્ષ સદા જુવે છે.

અંક ૬ ઠ્ઠો:

દૃશ્ય ૨૪ મું:

મહાવીરતા:

જરૂર જણાય તો સમુદ્‌ઘાત કરી બાકીના ચારમાંના ત્રણ કર્મોના ઘણા અંશો દૂર કરી,

છેવટે, પદ્માસન વાળીને આત્મા બેસી જાય છે. મન વચન કાયાની પ્રવૃત્તિ બંધ કરી દે છે. શરીર: મન: અને વચન:ના અણુએ અણુથી આત્મા તદ્દન છુટવા લાગે છે. શરીરની સ્થૂલ તો શું? પરંતુ સૂક્ષ્મમાં સૂક્ષ્મ પણ તમામ પ્રવૃત્તિ બંધ પડવા લાગે છે. નસે નસમાંથી આત્મા છુટો

પડવા લાગે છે. શુક્લ ધ્યાનનો ચોથો પાયો શરૂ થાય છે. આત્મામાંથી તમામ-થોડા-ઘણા રહેલા હોય, તે પણ સર્વે કર્મો ભાગવા માંડે છે. તદ્દન કર્મોરહિત: ચેષ્ટારહિત: સ્થિર આત્મા બની જાય છે.

આત્માના દરેકે દરેક પ્રદેશોમાંથી સ્હેજ પણ ફરકવાનું બંધ થાય છે. આત્મા એકદમ પત્થર જેવો સ્થિર બની જાય છે. અનંત વીર્યમય બની જાય છે. અનાદિકાલથી ભોગવેલો સંસારભાવ ફરીથી ચોંટી ન પડે, માટે તેને દૂર રાખવા માટે અનંત વીર્ય સદા જાગ્રત્ રહે છે. જો તે જાગ્રતીમાં જરાક પણ ખામી આવે, તો સંસાર ભાવ ચોંટ્યા વિના રહેજ નહીં. પણ તેમ કદી બનતું નથી. જો કે શક્તિ ક્રમે ક્રમે ખીલી છે, છતાં હવે સંપૂર્ણ પ્રાપ્ત થએલી હોવાથી સદા જાગ્રત્ બળ સદાને માટે સંસાર અવસ્થાને દૂર રાખે છે. પાસે આવી શકે જ નહીં. તે રીતે અનંત વીર્ય વાપરવું પડે છે. સંપૂર્ણ મહાવીરતા પ્રગટ થાય છે એકદમ જેમ ધનુષ્યમાંથી બાણ છુટે, તેમ શરીરમાંથી છુટીને આત્મા સિદ્ધશિલા ઉપર તેજ સ્થાને ઉપરના ભાગમાં અનંત આત્મ જ્યોતિની જ્યોતિમાં જ્યોતિસ્વરૂપ પોતે પણ ભળી જાય છે.

ભરત-વાક્ય:

આલંબન સાધન જે ત્યાગે,
પર-પરિણુતિને ભાગે. રે
અક્ષય-દર્શન-જ્ઞાન-વૈરાગ્યે
આનંદ-ઘન-પ્રભુ જાગે. રે
વીરજીને ચરણે લાગું.
વીરપણું તે માગું. રે
મિથ્યા મોહ તિમિર ભય ભાગ્યું.
જિત નગારું વાગ્યું. રે
[વિશ્વભરમાં દિવ્ય વાદ્યો વાગે છે.]

અનાદિ કાળની પર-પરિણુતિ ભાગી જાય છે. અનેક આલંબનો લઇ તેને ભગાડવાના ઉપાયો લીધા હતા, તે સઘળા કામ ચલાઉ હતા, તે બધા છુટી જાય છે.

સ્વ-પરમાનંદમાં આત્મા લીન થાય છે. જિત-નગરાં ગાજી ઉઠે છે. મંગળ ગીત ગવાય છે. આના જેવો જગત્‌માં કયો મહોત્સવ હોઈ શકે ?

વિશ્વભરમાં ચેતના સ્ફુરતી ભાસે છે. ત્યાં ગયા પછી આત્મા જડ બની જતો નથી. પણ મહાચેતનરૂપે સદા જાગ્રત રહે છે. એક ક્ષણુ પણ અનંતકાળ સુધીમાં એ જાગ્રતી ઢીલી થતી નથી. નહીંતરતો પાછી પર-પરિણુતિ ક્યાંક ચોંટી જ બેસે. દર્શનઃ જ્ઞાનઃ ચારિત્રઃ તપઃ વીર્યઃ વિગેરે અનંત ગુણો ઝળકી ઉઠે છે. માટે આનંદઘન રૂપ પ્રભુ સદા જાગતાજ

રહે છે. કોઈ પણ એવી ક્ષણ નથી. કોઇ પણ કાળે એવી ક્ષણ નથી આવતી, કે જેમાં એ જાગ્રતી જરા પણ ઢીલી થાય, આ જાગતા પ્રભુ સિદ્ધ સ્વરૂપે જગતૂને મંગળભૂતઃ શરણભૂતઃ પરમાત્મા રૂપે સુખ શાંતિ આપનાર તરીકે અગમ્ય રીતે ઉપકાર કરનાર તરીકેઃ સદા જાગતા રહે છે.

" આનંદ-ઘન-પ્રભુ જાગે. રે "

ઉપસંહાર.

શ્રી આનંદઘનજી મહારાજાએ મીઠીઃ મધુરઃ સાદીઃ અને પ્રાસાદિકઃ ગુજરાતી ભાષામાં આ ચોવીશી રચીને અવધિ કરી છે.

જૈન દર્શનને માન્ય આત્મ વિકાસની સંપૂર્ણ પદ્ધતિ અતિ સંક્ષેપમાં છતાં અતિ ભવ્ય સ્વરૂપમાં જરૂરીઆત પૂરતું લક્ષ્ય ખેંચે તેવી રીતે વર્ણવી બતાવી છે.

તેનો અમે દશ્યના રૂપમાં અતિ સંક્ષેપથી ઉપર નિર્દેશ કરી બતાવ્યો છે. તે સંક્ષેપમાં એટલાજ માટે બતાવ્યો છે કે એક એક દૃશ્યમાં જીવ સંપૂર્ણ રીતે કેવી ભૂમિકા ભજવે છે? તે અને તેની સાથે દરેકેદરેક દશ્યમાં કયા કયા સ્વરૂપના અન્ય પાત્રો જોડાય છે? તથા તે સર્વ અનુકુળ કે પ્રતિકુળરૂપે પોતપોતાની ભૂમિકા કેવી રીતે ભજવે છે? તેના વિશાળ ચિત્રો આપવા જતાં એક મોટો ગ્રંથ થઈ આવે.

તે લાલચ જવા દઈ સામાન્ય સમજથી વાચક મહા

શયો આ ચોવીશીના ભાવોની કાંઈક ઝાંખી કરી શકે, તેવા સ્વરૂપમાં દરેક ભૂમિકાના દશ્યોનો સામાન્ય ચિતાર આપવામાં આવેલો છે.

એટલે કે-વર્તમાન ચોવીશીના એકે એક પરમાત્માનું સ્તવન કરવાનું નિમિત્ત લઈને, શ્રી આનંદઘનજી મહારાજાએ આત્મ વિકાસની તે તે ભૂમિકાનો ચિતાર આપણી સામે રજુ કરીને ભારે વિશ્વોપકાર કરેલો છે.

માત્ર સામાન્ય નિર્દેશ હોવાથી કોઈ શબ્દો કે વિષયો આગળ પાછળ લખાયા હોય, તે ઉપરથી અવ્યવસ્થિત માની લઈને કોઈ મહાશય ટીકા ટીપ્પણ કરવા ઉપર ન ઉતરી પડે, તેવી વિજ્ઞપ્તિ છે.

તેને વ્યવસ્થિત નાટકના રૂપમાં કોઈ ગોઠવવા ઇચ્છે, તો તેમ કરી શકે છે. કેમકે-જુદા જુદા જિજ્ઞાસુઓને ઉદ્દેશીને સાહિત્યની રચના અનેક વિવિધ પ્રકારે સંભવે છે. અને તે પ્રયાસ આદરણીય તથા પ્રશંસનીય પણ છે. વિશેષ જિજ્ઞાસુ મહાનુભાવોએ ઉપમિતિભવ પ્રપંચા તથા વૈરાગ્ય કલ્પલતા વિગેરે ગ્રંથોનું પરિશીલન કરવું.

श्री गौतम स्वामिने नमः

શ્રી આનંદઘન ચોવીશી

સ્તવન ૧ લું. **ગાથા–૨ જી**

૧ પ્રીત સગાઈ—પ્રીતિ માટે સગાઇ.

૨ નિરુપાધિક-સોપાધિક=બાહ્ય સાધનોની અપેક્ષા નહિ રાખતી—બાહ્ય સાધનોની અપેક્ષા રાખતી.

ગાથા ૪ થી

૩ તનતાપ=દેહદાહ, વાસના જન્ય શારીરિક ઉષ્મા.

સ્તવન ૨ જી **ગાથા ૨ જી**

૧ ચરમ–છેલ્લી [અર્થાન્તર]—

સ્તવન ૪ થું **ગાથા ૪ થી**

૧ ઘાતિ ડુંગર=ઘાતિ કર્મ રૂપી ડુંગર [અર્થાન્તર]

૨ સેંશુ=સહ-ગનો અપભ્રંશ—

સ્તવન ૬ ઠું— **ગાથા ૫ મી.**

૧ યુન્જન કરણે=આયુંજી કરણ—તે કરણ કરીને પરમાત્મા પરમ પદને પામ્યા, ને એ રીતે જીવાત્માને પરમાત્મા વચ્ચે અંતર પડયું.

સ્તવન ૧૧ મું. **ગાથા ૬**

૧ લબાસી=વચન માત્ર બોલનાર [અર્થાંતર] લપ્ ધાતુ ઉપરથી બનેલું—

સ્તવન ૧૨ મું.   ગાથા-૧ લી

૧   ઘનનામી=મજબૂત નામવાલા-જેનું નામ કોઈ લોપી ન શકે, એવા નામવાળા [અર્થાંતર]

૨   પરનામી-નામી-નામનાવાળા—ખ્યાત, પ્રસિદ્ધ, પર ઉત્કૃષ્ટ પરનામી. ઉત્કૃષ્ટનામનાવાળા— [અર્થાંતર]

સ્તવન ૧૩ મું   ગાથા ૧ લી

૧. ખેટ = ખે - અટતિ ઇત ખેટ - આકાશ ચારી-ચંચલ. અસ્થિર-કહ્યું ન પાળનાર. વ્યુત્પત્તિ પ્રમાણે નીકળતો અર્થ.

ગાથા ૬ ઠી.

यैः शान्त-राग-रुचिभिः ની છાયા.

ભ૦ स्तो० ગા. ૧૨

સ્તવન ૧૪ મું   ગાથા ૩ જી.

૧. ન લાજે. ક્રિયાપદ રાખીને અર્થ ઘટાવવો. લાજતા નથી

ગાથા ૫ મી

૨ છાર = છો - ચુનાનું પ્લાસ્તર તે અતિશે લીસું હોવાથી તેના ઉપર કરેલું લીંપણ ટકતું નથી.

[અર્થાંતર]

સ્તવન ૧૭ મું   ગાથા ૨ જી

૧. સાપખાયે—સાપકરડે = મારવાડમાં કરડવા અર્થમાં ખાય એ શબ્દપ્રયોગ હજુ પણ પ્રચલિત છે. સાપ કરડે એમાં એના મોંમાં કાંઇ આવતું નથી.

[અર્થાંતર]

સ્તવન ૨૧ મું

બે પગ— યોગ ને સાંખ્ય.
બે હાથ— સૌગત ને મીમાંસક
ઉદર— ચાર્વાક
મસ્તક— જૈન

આ પ્રમાણે છએય દર્શનોની અંગોમાં વ્હેંચણુ કરી છે. તેમાં તાત્ત્વિક દૃષ્ટિએ યોગ અને સાંખ્યને પગ-ચરણ કહ્યા છે પગ ઉપર ઊભા રહેવાય છે, ઉક્ત બન્નેય દર્શનોની વિચારણા —જેટલી વાસ્તવિક છે, તેના ઉપર જ દર્શનો સ્થિર રહે છે. એ વિચારણાને જો દૂર કરીએ, તો દર્શનો પગ વગરના-પંગુ બની જાય મીમાંસક અને સૌગત સંચાલન-પ્રવૃત્તિ ઉપર વધૂ પડતો ભાર આપનારા છે. એને હાથની ઉપમા બંધ બેસતી છે.

પેટને પ્રવૃત્તિ કે પરિણામની કાંઈ પડી નથી. પણ દરેક અવયવને ઊંચા નીચા કરી મૂકવાનું કાર્ય તે કરે છે, ચાર્વાક દર્શનની એ સ્થિતિ છે.

ઉત્તમાંગ તરીકે જૈન દર્શન છે.

એ પક્ષપાત તરીકે નહિં, પણ વાસ્તવિકપણે- લાગે એવું છે.

સ્તવન ૨૨ મું. ગાથા ૧૦ મી.

૧ લક્ષણ સેત-લક્ષણે શ્વેત. અર્થાત્ ઉજ્જવળ લક્ષણવાળા.
[અર્થાંતર]

શુદ્ધિ પત્રક

	લીટી	અશુદ્ધ	શુદ્ધ
ટાઇટલ	૬	સંક્ષિપ્ત-વિવેચના	સંક્ષિપ્ત પ્રમોદા નાનની વિવેચના યુક્ત
મંગલમ્	૬	પ્રમોદો	પ્રમોદા
૩	૧૩	સ ગ	સંગ
	૫	ક હિયે	કહીયે
૫	૭	,,	,,
૯	૫	સમક્તિ	સમકિત
૧૧	૨૦	છતાં તે	છતાં તે સાધક
૧૩	૧૬	આંખે	આંખો
૧૫	૪	ાવરલા	વિરલા
૧૯	૮	કેવળ જ્ઞાનનો	કેવળ જ્ઞાનિનો
૨૦	૧૧	સંભવનાથ	સંભવનાથ
,,	૧૭	આરોચક	અ-રોચક
૨૧	૪	ભૂમિકારૂપ અંભય : પ્રાથમિક	પ્રાથમિક ભૂમિકારૂપ અ-ભય:
,,	૮	ત્યારે સમ્યક્ત્વ થાય.	ત્યારે પાંચમી દૃષ્ટિમાં સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે
,,	૯	તાથા રે	તથા-રે
,,	૧૫	ભવ પરિણુતિ	તથા-ભવ-પરિણુતિ
,,	૧૫	તથા ભવ્યત્વ	તથાભવ્યત્વ
,,	૨૧	ભવ સ્થિતિ	તથાભવસ્થિતિ
૨૨	૧૩	શાસ્ર	શાસ્ત્ર
૨૩	૯	નિજ-મન-	નિજ-મત

,,	૧૦	પૂર્વીના	પૂર્વના
,,	૨૨	રસ રૂપ	રસ–રૂપ
૨૪	૭	ચન્દ્રપ્રભુ	ચન્દ્રપ્રભ–પ્રભુ
,,	૨૩	સમકિત	સમકિત
,,	૨૩	સમ્યગૂ	સમ્યગૂ
૨૫	૧	પુદ્ગલ	પુદ્ગલ
,,	૩	જીવનનું	જીવનું
,,	૮	કાળાનીરે પછી	પછી
,,	૧૭	ધામિક	ધાર્મિક
,,	,,	ચારી સંજીવની	ચારિ સંજીવની ચાર
,,	૨૦	,,	,,
૨૬	,,	વની ન્યાય	વની ચાર ન્યાય
૨૭	૨	ધુર,	ધુર
૨૮	૬	સેવાની	સેવા કરવાની
,,	૯	દ્રવ્યથી	દ્રવ્યનિક્ષેપાથી
૭	૧૫	પરતુ	પરંતુ
૨૯	૨૦	તે જુદું જુદું	તે સૂર્ય અને ચન્દ્રના પ્રકાશનું જુંદું જુંદું
૩૨	૨	અમૃત	અમૃત
,,	૭	ખડા છે	ખડા થાય છે.
,,	૧૭	હે પ્રબો	હે પ્રભો !
૩૩	૧૭	શાસ્ર	શાસ્ત્ર
૩૬	૧	ભરપૃર	ભરપૂર
૪૪	૧૨	ખુબ	ખૂબ
૪૫	૮	બતવેલ	બતાવેલ
,,	૧૫	સ્થિતિરૂપે	સ્થિતિરૂપે

૪૬	૧૧	તેલ	તલ
,,	૨૩	પુરુષને	પુરુષનો
૪૭	૧૦	સવર	સંવર
૪૯	૬	અનુકુળતા	અનુકૂળતા
૫૦	૧૦	પરધાના	પરધાન
,,	૧૪	હૃષિકેશ	હૃષિકેશ
૫૧	૨	પૂલ	પુલ
૫૩	૭	,,	,,
૫૪	૧૮	શાસ્ત્રોની	શાસ્ત્રોની
,,	૨૩	સુચના	સૂચના
૫૫	૧	પકવાન	પક્વાન્ન
,,	૧	મિઠાઇ	મીઠાઈ
૫૮	૧૧	સમુચ્છિંમ	સમૂચ્છિંમ
,,	,,	પ્રાતભાસ	પ્રતિભાસ
૫૯	૮	વિણું	વિણુ
,,	૧૦	વસે	સેવ
,,	૧૧	વીણુ	વિણુ
૬૧	૬	પુરવામાં	પૂરવામાં
,,	૯	અને	ભૂત
,,	૧૦	પણ	માટે
,,	૨૦	પામ્યો ગણાય	પામ્યો ગણાય. એટલે કે—અનંત કાળે મળેલા સદ્ગુરુના યોગનો લાભ ઉઠાવવામાં તત્પર રહેવું.
૬૨	૬	શ્રી	૯ શ્રી
,,	૧૪	પૂજાની	પૂજાના

૬૪	,,	ધુપ	ધૂપ
૬૪	૨૩	ધુપ	ધૂપ
૬૫	૧૬	ઉત્તમ સામગ્રી	ઉત્તમ પ્રકારની ધર્મ-સામગ્રી
,,	૧૮	ફુલ	ફૂલ
૬૭	૨	યોગી	ભોગી
,,	૪	સ્વયંપાલન	સંયમ પાલન
૬૭	૧૫	૭	૭

પ્રતિપત્તિપૂજા=अविकलाप्तोपदेशपालना । पुष्पा-ऽमीष-स्तोत्र-प्रतिपत्ति-पूजानां यथोत्तरं प्राधान्यम् । देशविरतौ चतु-र्विधा, सरागसर्वविरतौ तु स्तोत्र-प्रतिपत्ति-रूपे द्वे उप शान्त-मोहादौ पूजा-कारके प्रतिपत्तिः । ललितविस्तरा **उत्तराध्ययन** સૂત્રના ૨૫મા સમ્યકૃત્વ પરાક્રમ નામના અધ્યયનમાં (અર્થથી) ચાર પ્રકારની પૂજા બતાવી હોવાનું ટબાકાર જ્ઞાનસાગર મહારાજ જણાવે છે.

૬૯	૮	હર પ્રકાર	દરેક પ્રકારે
૬૯	૧૨	સંગનું	સંગને
૬૯	૧૫	લોકત્તર	લોકોત્તર
,,	૨૦	ત્રણ ભુવનની	ત્રણ ભુવનની ઋદ્ધિનું સમર્પણ કરવાથી પણ ન્યુનતા જણાય તેવા.
૭૦	૬	સમજવા	સમજવાથી
,,	૮	મંગલીક	માંગલિક
૭૩	૧૨	ઉગ્રતા	ઉગ્ર તાલાવેલી
૭૪	૧	વં	સર્વ
૭૭	૧	ખુબી	ખૂબી
૮૨	૧૨	અનુષ્ઠાન	અધિષ્ઠાન

૮૩	૧૦	ધ્યાનમ	ધ્યાનમાં
૮૭	૧૮	અધ્અત્મ	અધ્યાત્મ
૮૯	૯	પુદ્દગલ	પુદ્ગલ
૯૧	૨૦	ચુકે	ચૂકે
૯૨	૧૮	દ્રવ્ય	દ્રવ્ય
૯૬	૮	તીર્થંકદેવ	તીર્થંકરદેવ
૧૦૧	૭	સમ્યકૂત્વ	સમ્યકૃત્વ
૧૦૩	૩	રંજ	રંજક
૧૦૪	૨	૧૨ ગુ	૧૨ માગુ
૧૦૪	૪	સયો	સયોગિ
૧૦૫	૨૦	અનેકતા	અનેકાંત
૧૦૬	૧૦	નાગરિક	નારકાદિક
૧૦૭	૨૦	જુઠો	જૂઠો
	૧૯	જાપ	જાય
૧૧૧	૬	નયત	નિયત
૧૧૫	૩	અપ્રમત	અપ્રમત્ત
૧૧૫	૧૦	ક્ષી મોહિલી	ક્ષીણુ મોહીના
૧૧૬	૮	લેશ્યથી	શ્લેષથી
,,	૧૪	મમ–રહસ્ય	મર્મ–રહસ્ય
૧૨૦	૨૧	માતા:–	માતઃ
૧૨૧	૨	માન	માનસ
૧૨૪	૧૩	હોવાયો	હોવાથી
૧૨૯	૮	નિદલી	નિર્દંભી
૧૨૯	૧૫	સત્વિક	સાત્ત્વિક
૧૩૨	૧૧	ન કારવું	નકારવું
૧૩૩	૧૨	ચિહનો	ચિહ્નો

૧૩૫	૧૬	શાઓ	શાઅ
૧૩૮	૨	ગણે	સમ ગણે
,,	૬	ભજ–જલ	ભવ–જલ
૧૪૦	૧૧	અમીત	અમિત
૧૪૧	૬	વિસ્તાર	વિસ્તર
,,	૧૯	કે	તે
૧૪૩	૨	શારીકાદિ	શરીરાદિ
,,	૧૭	"એમ પ્રભુ–સુખ	એમ "પ્રભુ મુખ
૧૪૪	૨૦–૨૧	કુંથુ જિન મનડુ કિમહિ ન બાજે ? હો ! કુંથુજિન	મનડું કિમ હિ ન બાજે ? હો ! કુંથુંજિન । મનડું કિમહિન બાઝે ?
૧૪૫	૧	કિમહુ	કિમહિ
	૨	બાદાય	બાધ્ય
	૧૦	ઉપાય	ઉપયોગ
૧૫૧	૨૦	ભલામણુ	ભલામણુ
૧૫૨	૧૮	પરમાણુઓ	પરમાણુઓ
૧૫૪	૧૪	વૈભાવિસ્વ	વૈભાવિકસ્વ
૧૫૭	૧	મુખ્યતાઓ	મુખ્યતાએ
,,	૧૪	આપેક્ષા	અપેક્ષા
૧૬૦	૬	નિશ્ચયથી નયથી	નિશ્ચયનયથી
,,	૧૯	શ્રણિ	શ્રેણિ
૧૬૧	૧	કહે છે	કરે છે
૧૬૨	૧૭	તે	તે છે.
૧૬૪	૨૨	જન શાસનને	જૈન શાસનને
૧૬૯	૯		
૧૭૧	૧૬	અને	એને

		જાગર	ઉજાગર
		કરસાવી	ધુરસાલી (હસ્ત લિખિત પત્રમાં પાઠ છે. ટબામાં ધુરસાલી-રીસાલી અર્થ લખ્યો છે.)
૧૮૦	૨	દર્શન કરોની	દર્શનકારોની
,,	૫	પરમાર્થિક	પારમાર્થિક
૧૮૮	૯	આવી જાય છે.	આવી જાય છે,
૧૯૧	૧૭	છું	છે.
,,	૨૧	અનંત ગણો	અનંત ગુણો
૧૯૫	૧૧	મિમાંસક	મીમાંસક
૨૦૨	૧૦	લાગતું	લગતું
૨૦૮	૧	ખ્યોયોમાં	ખ્યેયોમાં
,,	૯	અગો	અંગો
૨૦૯	૨૧	ખ્યાન	ખ્યાન
૨૧૬	૫	ત્ર્યાદા	પર્ષદા
,,	૧૨	તેહ શું ન ચાલે જોર.	તેહ શું ચાલે ન જોર.
૨૨૧	૨	લોક	લોગ
૨૪૨	૧૧	શત્રુજય	શત્રુંજય
,,	૧૫	,,	,,
૨૪૬	૫	કુષ્ણાદિક	કૃષ્ણાદિક
૨૪૮	૪	ઉત્કૃષ્ટે વીર્ય નિવેશે. ઈત્યાદિ ગાથાને સ્થાને	ઉત્કૃષ્ટિ ક્રિયા નય દેશે યોગ ક્રિયા નવિ પેસે. રે દ્રવ્ય તણી ધ્રુવવતાને લેશે. મૂલ શક્તિ

			ન ખેસે રે. (અર્થ: આત્મા જ્યારે ઉત્કૃષ્ટ એટલે શુદ્ધ ક્રિયા નયથી દેશથી ક્રિયા અવંચક યોગમાં પ્રવેશે છે, ત્યારે–મન–વચન અનેકાયાના યોગોની ક્રિયા તેમાં પેસતી નથી. અને દ્રવ્ય જે આત્મા દ્રવ્ય, તે ધ્રુવ હોવાથી મૂળ શકિત લેશ માત્ર પણ ખસતી નથી.) (આ પ્રમાણે હસ્ત લિખિત પ્રતિના પાઠ પ્રમાણેનો અર્થ થાય છે.)
૨૪૮	૨૨	તે	જે
૨૫૮	૬	વીર્યાન્તરાદિક	વીર્યાન્તરાયાદિક

પંડિત પ્રભુદાસ બેચરદાસ સંપાદિત

અન્ય પુસ્તકો.

કરેમિભંતે સૂત્ર

કર્મવિચાર

તિલકમંજરી

જીવનવિકાસ

પ્રાકૃત પ્રવેશિકા

પ્રાકૃત વ્યાકરણ

મંડનગ્રંથસંગ્રહ

અનેકાંતવાદપ્રવેશ

તત્વાર્થસૂત્ર

દ્રવ્યગુણપર્યાયરાસ

સિદ્ધહેમરહસ્યવૃત્તિ

કલ્પસૂત્ર સુબોધિકા સંક્ષેપ

વિગેરે વિગેરે